ISSN-0971-8397

# યોજના

સપ્ટેમ્બર ૨૦૧૮ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૩૦

વિશેષાંક

## રોજગાર અને સ્વરોજગાર





# પ્રધાનમંત્રી જણાવે છે
# આર્થિક એકમો દ્વારા સશક્તિકરણ

સરકાર દ્વારા રોજગાર સંબંધિત યોજનાઓની કેટલીક નવી પહેલ હાથ ધરવામાં આવી છે. ૨૧મી સદીની જરૂરિયાતો અનુસાર માનવ સ્રોતોના વિકાસ માટે તાલીમ આપવામાં આવી રહી છે. આપણાં યુવાનો સ્વતંત્ર બનવા જોઈએ, તેને રોજગારી મળવી જોઈએ, તે રોજગારી પૂરી પાડનાર પણ બનવા જોઈએ.

(વર્ષ ૨૦૧૭ના સ્વાતંત્ર્ય દિન પ્રસંગે રાષ્ટ્રને સંબોધન)

આપણે યુવાનોના કૌશલ્યો અને ક્ષમતાઓ ઉપર ભરોસો રાખી રહ્યા છીએ. ઉદ્યમના માધ્યમ થી સક્ષમ બનાવવા વિશ્વાસ રાખીએ છે. ઈનોવેશન અને એકમો ફૂલે ફાલે તેવું વ્યવસ્થાતંત્ર ઉભુ થાય કે જેમાં આપણી ભૂમિ નવા મોટા વિચારો માટેનું ઘર બની શકે અને માનવતામાં પરિવર્તન લાવી શકે.

(મિઝોરમમાં તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ટ્યુરિયલ હાઈડ્રો ઈલેક્ટ્રીક પાવર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરતાં)

યુવાનો માટે નવી તકો સર્જવામાં આવી રહી છે, જેમાં કૌશલ્ય વિકાસથી માંડીને ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતામાં આપણાં યુવાનો દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યાં છીએ. એ સમય હવે પાકી ગયો છે કે એવી સિસ્ટમ ઉભી કરવામાં આવે કે જેમાં વિકાસની સૌથી નવી તકો 'ન્યૂ ઈન્ડિયાના યુવાનોને' તે ૧૮ વર્ષના થાય કે તુરત જ ઉપલબ્ધ બને.

(તા.૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજની મન કી બાત)

આપણે કૌશલ્ય વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને આગળ ધપી રહ્યાં છીએ. એવી ખાત્રી રાખવામાં આવી છે કે યુવાનો શિક્ષણ મેળવવાની સાથે સાથે કૌશલ્યવાન બને. સ્કિલ ઈન્ડિયા મિશન હેઠળ લાખો યુવાનોને તાલીમ આપવામાં આવી છે. આપણે આપણાં યુવાનોને સર્જકો બનાવવા માંગીએ છીએ. તે ઈનોવેટ કરી શકે તેવા યંગસ્ટર હોવા જોઈએ.

(નેશનલ યુથ ડેઃ ૧૨ જાન્યુઆરી, ૨૦૧૮)

Follow us on Facebook - https://www.facebook.com/pages/Yojana-Journal

ISSN-0971-8397

www.yojana.gov.in

સપ્ટેમ્બર-૨૦૧૮

# યોજના

વિકાસને સમર્પિત

*Let noble thoughts come to us from all sides*
*Rig Veda*

વર્ષ : ૪૬ અંક : ૬ સળંગ અંક : ૮૧૩ કિંમત: ₹ ૩૦

મુખ્ય તંત્રી : દીપિકા કચ્છલ
વરિષ્ઠ તંત્રી : નવલસંગ પરમાર
તંત્રી : જે. એસ. પટેલ

છૂટક નકલ : ₹ ૩૦-૦૦,
વાર્ષિક લવાજમ : ₹ ૨૩૦-૦૦,
બે વર્ષ : ₹ ૪૩૦-૦૦,
ત્રણ વર્ષ : ₹ ૬૧૦-૦૦.

લવાજમની રકમ "S.B.I. A/C. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે.

લવાજમ માટે "yojanagujarati@gmail.com" પર e-mail કરવો, માર્ગદર્શિકા અને સબસ્ક્રિપ્શન ફોર્મ માંગવું.
સાથે તમારું પૂરું નામ, સરનામું, પીન કોડ, ઈમેલ-આઈ.ડી., મોબાઈલ નંબર મોકલવા.

યોજના ગુજરાતીનું લવાજમ ઑનલાઈન ભરી શકાશે :

(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana

(2) http://yojana.gov.in/

(3) http://publicationsdivision.nic.in/Subscription.aspx

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER : The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps / flags, photos & design are only indicative. They do not reflect the political map or legal representation of the flag of India / any other country. The readers are requested to verify the claims made in the advertisements regarding career guidance books / institutions. YOJANA does not own responsibility regarding the contents of the advertisements.*

www.publicationsdivision.nic.in
@DPD_India

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯.
ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯.
E-mail : yojanagujarati@gmail.com
કુલ પાના : ૭૬

લવાજમ અંગેની માહિતી શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૨ થી સાંજના ૪ વાગ્યા સુધી ફોન નંબર ૦૭૯-૨૬૫૮૮૬૬૯ ઉપર મળશે.

## વિષયસૂચિ

**ભરોસાપાત્ર રોજગારી ડેટા : વર્તમાન સમયની માંગ**
રાજીવ કુમાર....૫
**પેરોલ રિપોર્ટિંગનો ઉપયોગ**
ટી.વી. મોહનદાસ પાઈ અને યશ બૈદ....૧૦
**ભારતમાં રોજગારી : સુધરતું ચિત્ર**
સુરજીત એસ. ભલ્લા....૧૬
**ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતા : રોજગારી માટેનાં મહત્વનાં પરિબળ**
અમિતાભ કાંત....૧૯
**રોજગારીને ગતિ આપતું ભારતીય અર્થતંત્ર**
બિબેક દેબ્રોય....૨૪
**આજીવિકા વિકાસ અને વૈવિધ્યીકરણ**
અમરજીત સિંહા....૨૬
**શહેરી વિસ્તારોમાં આજીવિકાની તકો ઉભી કરવી**
દુર્ગા શંકર મિશ્રા....૩૧
**રોજગાર સર્જનની ઝડપ વધારવા**
એચ. એલ. સામરિયા....૩૮
**ભારતના ૩ 'ઈ'નું સંધાન**
મનીષ સબરવાલ....૪૩
**વસતિ વિષયક લાભોનો ઉપયોગ કરવો**
કે.પી. ક્રિશ્નન....૪૮
**મુદ્રા : માઈક્રો એન્ટરપ્રેન્યોરશીપ અને રોજગારીમાં વિકાસનું ઈંધણ**
રાજીવ કુમાર....૫૬
**MSMEs: વૃદ્ધિ અને રોજગારીના નવા એન્જીન**
અરૂણ કુમાર પાંડા....૬૨
**માર્ગ વિકાસ : અપ્રત્યક્ષ રોજગારીની તકો**
યુધવીર સિંઘ મલિક....૬૭
**ભારતીય શ્રમ બજારનાં વિવિધ પરિમાણો**
પ્રવિણ શ્રીવાસ્તવ....૭૦

## ટાઈટલ

**વડાપ્રધાનની વાતચીત**....૨
**વડાપ્રધાનની વાતચીત**....૭૫

## તંત્રીલેખ

# યોજના

## રોજગાર ક્ષેત્રનું ચિત્ર




ભારત આજે આંતરરાષ્ટ્રીય સ્તરે માત્ર ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકે જ નહીં, પણ ગતિશીલ માનવ સંસાધન સમૂહ તરીકે પણ ગૌરવભર્યું સ્થાન ધરાવે છે. મોટા ભાગની વિકસીત દુનિયા જ્યારે વધતી ઉંમર ધરાવતા લોકોની વસતિ તરીકે આગળ વધી રહી છે ત્યારે ભારત વર્ષ ૨૦૨૨ સુધીમાં દુનિયાના સૌથી યુવાન દેશ તરીકે ઉભરી રહ્યો છે. આ યુવાદળ કે જે ભારતની કુલ વસતિનો ૪૦ ટકા હિસ્સો ધરાવે છે તે અત્યંત ગતિશીલ અને ધબકતો સમૂહ છે અને સાથે સાથે દેશનું અત્યંત મૂલ્યવાન માનવ સંસાધન છે. આ પ્રતિભાવાન સમૂહની રોજગાર પાત્રતા એક પછી એક સરકારો માટે ભારે ચિંતાનો વિષય બની રહી છે.

આઝાદી પૂર્વે ભારત મુખ્યત્વે એક ખેતીપ્રધાન અર્થતંત્ર હતું અને મોટા ભાગની વસતિ કૃષિ પ્રક્રિયાઓ સાથે સંકળાયેલી હતી. આમ છતાં, વીતેલાં વર્ષોમાં આધુનિકીકરણ અને ઔદ્યોગિકીકરણનું પરિબળ ગતિશીલ બન્યું છે. તાજેતરના સમયની વાત કરીએ તો હાલમાં સ્વ-રોજગારને પ્રોત્સાહન આપવાનો અભિગમ રહ્યો છે. સરકારનો પ્રયાસ ઉદ્યોગસાહસિકોને વધુ તકો પૂરી પાડવાનો છે.

નેશનલ યુથ ડે પ્રસંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ''આપણે યુવાનોને નોકરીઓ શોધનાર નહીં પણ નોકરીઓ સર્જનાર બનાવવા માંગીએ છીએ''. ભારતનું અર્થતંત્ર ખૂબ અનોખી લાક્ષણિકતા ધરાવે છે, ઔપચારિક- બિન ઔપચારિક, કુશળ- બિન કુશળ, ગ્રામ્ય- શહેરી, ખેતીલક્ષી- બિન ખેતીલક્ષી જેવા ઘટકો એક સાથે અસ્તિત્વ ધરાવે છે. રોજગારીની જરૂરિયાત પૂર્ણ કરવાના કોઈપણ પ્રયાસમાં આ તમામ ઘટકોનો સમગ્રપણે વિચાર કરવો જરૂરી બની રહે છે. એક તરફ જ્યારે બિન- કુશળ શ્રમિક સમુદાયને કૌશલ્ય પૂરૂ પાડવાની જરૂર છે, તો બીજી તરફ બિન- ઔપચારિક ક્ષેત્રના કામદારોને ઔપચારિક માળખામાં લાવવાની પણ જરૂર છે. ગામડાંઓમાં મોટા ભાગની સર્વિસીસમાં ખેતી મહત્વનો ભાગ ધરાવે છે ત્યારે અને ગ્રામ્ય વિસ્તારના શહેરો તેમની આવકનું નોંધપાત્ર પ્રમાણ ગ્રામ્ય વિસ્તારોમાંથી મેળવે છે ત્યારે એગ્રી-ક્લિનિક્સ, એગ્રી-બિઝનેસ સેન્ટર, નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન વગેરે દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં બિન ખેતી ક્ષેત્રે રોજગારીને ભારે વેગ પ્રાપ્ત થયો છે.

એમએસએમઈ એ એક એવું ક્ષેત્ર છે કે જે માત્ર સ્વ-રોજગાર જ નહીં, પણ રોજગારી ઉભી કરવાની તકો પણ ધરાવે છે. જ્યારે હસ્તકલા અને હાથ વણાટના ઘણાં એમએસએમઈ ઘટકો શ્રમ પ્રચૂર છે તેથી તે રોજગારીનું નિર્માણ કરવાની ક્ષમતા ધરાવે છે. નેશનલ મેન્યુફેક્ચરીંગ પોલિસીના અંદાજ મુજબ આ ક્ષેત્ર વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦૦ મિલિયન લોકોને રોજગારી પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે. આથી સરકાર પણ આ ક્ષેત્રને આંત્રપ્રિન્યોરશીપ સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, PMEGP, સ્કીમ ફોર ફંડ ફોર રિજનરેશન ઓફ ટ્રેડિશનલ ઈન્ડસ્ટ્રીઝ (SFURTI), ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ વગેરે દ્વારા સહયોગ પૂરો પાડવાનો કેન્દ્રિત અભિગમ ધરાવે છે.

એકંદરે શહેરોમાં નોકરીઓનું ચિત્ર બદલાઈ રહ્યું છે અને ઈ-કોમર્સ, આઈટી, ડેટા એનાલિસીસ, ફાયનાન્સ, સર્વિસ સેક્ટર વગેરેમાં ઉદ્યોગસાહસિકતાની તકો ઉપલબ્ધ બની છે. મુદ્રા, અટલ ઈનોવેશન મિશન, સ્કીલ ઈન્ડિયા, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન, કૌશલ્ય, ફાયનાન્સ, મંજૂરીઓ વગેરે યુવાનો માટે આસાનીથી પોતાનો બિઝનેસ શરૂ કરી શકે તેવી સ્થિતિ આસાન અને અર્થક્ષમ બનાવવાનું કામ કરી રહ્યા છે.

સ્વ-રોજગાર માટે ઉદ્દીપક વાતાવરણ શરૂ કરવાની સાથે સાથે સરકાર બેરોજગારોને રોજગારી આપવા માટે માલિકોને વેતન સબસીડીઝ, EPFO અને ESIC માં સબસીડી દ્વારા યોગદાન વગેરે વડે પ્રોત્સાહન પૂરું પાડી રહી છે. PMRCY હેઠળ સરકાર કર્મચારીઓની પેન્શન યોજનામાં માલિકના હિસ્સામાં ટકાવારી ચૂકવે છે. આ ઉપરાંત તાજેતરમાં વિવિધ સ્તરે જે વિકાસ યોજનાઓ શરૂ કરવામાં આવી છે તે દ્વારા બેરોજગાર વસતિને જંગી હિસ્સાને આડકતરી રોજી પૂરી પાડી રહી છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, સ્માર્ટ સીટીઝ, AMRUT હુન્નર સે રોજગાર તક વગેરે એવા કેટલાક પ્રોજેક્ટ છે કે જે દ્વારા રોજગારીની ઉત્પાદનલક્ષી તકો ઉભી થઈ છે. આ આંકડાઓનો રોજગારીના ઔપચારિક ડેટામાં ક્યાંય સમાવેશ કરાયો નથી, પરંતુ તે રોજગારીના નિર્માણમાં મોટો હિસ્સો ધરાવે છે તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી. ઘેર ઘેર સર્વેક્ષણ કરીને વધુ ભરોસાપાત્ર ડેટા પ્રાપ્ત કરવાનો પ્રયાસ શરૂ થઈ ચૂક્યો છે. આ ડેટા એક વખત પૂર્ણ થઈ જશે એટલે આ પ્રકારની પહેલના પરિણામોની ખાત્રી થશે.

આધુનિક અર્થતંત્રની સફળતાને દેશની રોજગારીની સ્થિતિ સાથે સીધો સંબંધ છે. સંપૂર્ણ રોજગારી એ એક એવી આર્થિક સ્થિતિ છે કે જેમાં તમામ ઉપલબ્ધ શ્રમ સ્રોતોનો ઉપયોગ શક્ય હોય તે રીતે ખૂબ જ કાર્યક્ષમ રીતે કરવામાં આવે છે. રોજગારીના ક્ષેત્રે તાજેતરમાં જે ઉછાળો આવ્યો છે તેમાં ભારત પાછળ રહેશે નહીં.

# ભરોસાપાત્ર રોજગારી ડેટા : વર્તમાન સમયની માંગ

**રાજીવ કુમાર**



નવી રોજગારી માટે આપવામાં આવતી નોકરીઓ અને તેના પર આપવામાં આવતું વળતર આપણા યુવા નોકરી વાંચ્છુકોની મહત્વાકાંક્ષાઓને સંતોષે તેવા નથી હોતા. આ બાબત અવારનવાર સરકારી અથવા જાહેરક્ષેત્રની નોકરીઓમાં પ્રતિત થાય છે પરંતુ તેને દેશમાં બેરોજગારીની સંખ્યાનું અર્થઘટન કરવા માટે રજૂ ન કરવા જોઈએ.

ભારતની યુવા અને વધી રહેલી વસતિ માટે ખૂબ જ વિપુલ પ્રમાણમાં રોજગારીની તકો ઉભી કરવાની જરૂરિયાત છે. તેમાં એવી સારી ગુણવત્તાની નોકરીઓની પણ જરૂરિયાત છે જે તેમની મહત્વાકાંક્ષાઓ પૂર્ણ કરી શકે. આથી, રોજગારી અથવા બેરોજગારીની સ્થિતિનો મુદ્દો ભારતમાં સૌથી વધુ ચર્ચાનો વિષય બને તે સામાન્ય બાબત છે.

જોકે, આ સૌથી વધુ જરૂરિયાતની ચર્ચા ત્રણ વાસ્તવિકતાઓથી સમિતિ થઈ જાય છે. સૌથી પહેલી વાત એ કે અંદાજે ૮૦ ટકા રોજગારી બિનસંગઠિત ક્ષેત્રોમાં છે જે તેના પ્રકારના કારણે, માપવી મુશ્કેલ છે. બીજી વાત કે, નવા અર્થતંત્રને આગળ ધપાવવા માટે વર્તમાન સરકાર દ્વારા કરવામાં આવતા પ્રયાસોથી બિનસંગઠિત ક્ષેત્રોમાં રોજગારીની કેટલીક વધારાની તકો ઉભી થઈ છે. તે બાબતને પણ કોઈપણ સત્તાવાર ડેટા અનુમાનોમાં સમાવી લેવામાં આવી નથી. ત્રીજી વાત કે, નવી રોજગારી માટે આપવામાં આવતી નોકરીઓ અને તેના પર આપવામાં આવતું વળતર આપણા યુવા નોકરી વાંચ્છુકોની મહત્વાકાંક્ષાઓને સંતોષે તેવા નથી હોતા. આ બાબત અવારનવાર સરકારી અથવા જાહેરક્ષેત્રની નોકરીઓમાં પ્રતિત થાય છે પરંતુ તેને દેશમાં બેરોજગારીની સંખ્યાનું અર્થઘટન કરવા માટે રજૂ ન કરવા જોઈએ.

ભારતનું અર્થતંત્ર સંતુલિત વિકાસપથ પર છે જેને આગામી વર્ષોમાં દેશના ઝડપથી વધી રહેલા યુવા વર્ગને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવીને આ સ્થિતિમાં જ જાળવી રાખવું પડશે. અમારી દલીલ એ છે કે, હાલમાં ઉપલબ્ધ છે તે વર્તમાન ડેટા, અચૂક પણે એવું તથ્ય સુચિત કરે છે કે, કાર્યદળમાં વધારાના લોકોનો થતો ઉમેરો સમાવી લેવા માટે અર્થતંત્રએ પુરતી સંખ્યામાં રોજગારીની તકો ઉભી કરી છે. જોકે, કદાચ તેમાં હજી પણ અગાઉના વર્ષોમાં બેરોજગાર રહી ગયેલા યુવાનોના વિપુલ બેકલોગને દૂર કરવાની કાળજી લેવામાં આવી નથી.

**ભરોસાપાત્ર રોજગારી ડેટા**

ભારતમાં રોજગારીમાં વધારો અથવા ઘટાડો થવા અંગે હાલમાં ચાલી રહેલી ચર્ચા

**ભારતના વર્તમાન સમયના વસતિ વૃદ્ધિના દર અનુસાર, અંદાજે ૧૦-૧૨ મિલિયન લોકો દર વર્ષે નોકરીના બજારમાં નવા ઉમેરાય છે. મહિલા શ્રમિકદળની ૨૭-૩૦ ટકા જેટલી ઓછી સહભાગીતાને ધ્યાનમાં રાખતા (જે ચિંતાની બાબત છે) દર વર્ષે આશરે ૮ મિલિયન જેટલા કુલ નોકરી વાંચ્છુકો હોય છે. આ પોતાની રીતે, નવી રોજગારીની તકો સર્જવા માટે એક પ્રચંડ મોટી સંખ્યા છે.**




ભરોસાપાત્ર ડેટાના અભાવે વાસ્વતમાં હાસ્યાસ્પદ થઈ રહી છે. સરકારના વિવિધ મંત્રાલયો દ્વારા હાથ ધરવામાં આવતા રોજગારી સર્વેક્ષણો રોજગારી સંબંધિત ડેટા મેળવવા માટે સૌથી ભરોસાપાત્ર સત્તાવાર સ્રોત ગણવામાં આવે છે.

નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (NSSO), MOSPI (સ્ટેટિસ્ટિક્સ અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલય) દ્વારા હાથ ધરવામાં આવતો રોજગારી – બેરોજગારી સર્વે ભારતમાં કૃષિ ઉદ્યોગ, સર્વિસ વગેરે સહિત લગભગ તમામ ક્ષેત્રોમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કુલ લેબર ફોર્સ (શ્રમિકોની સંખ્યા)નો વ્યાપક ચિતાર આપતો વિસ્તૃત સર્વે છે. આ સર્વે છેલ્લે નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ માટે હાથ ધરવામાં આવ્યો હતો. આમ, આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ કે આ ડેટા છ વર્ષ કરતા વધુ જુનો છે.

લેબર બ્યૂરો (શ્રમ બ્યૂરો) દ્વારા હાથ ધરવામાં આવતો વાર્ષિક શ્રમ સર્વે વર્ષ ૨૦૧૫ - ૧૬ માટે કરવામાં આવ્યો હતો, માટે તે પણ થોડા અંશે જુનો કહી શકાય. આથી, છેલ્લા ૩ થી ૪ વર્ષ માટે ખરેખર કોઈ ભરોસાપાત્ર ડેટા ઉપલબ્ધ છે તેમ કહી શકાય નહીં. શ્રમ બ્યૂરોનો સૌથી તાજેતરનો ત્રિમાસિક રોજગારી સર્વે સૌથી છેલ્લે વર્ષ ૨૦૧૭ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં હાથ ધરવામાં આવ્યો હતો જેમાં, માત્ર ૮ ક્ષેત્રો[1] આવરી લેવામાં આવ્યા છે અને તેમાં અર્થતંત્રના ૧૫ ટકાથી ઓછો હિસ્સો આવરી લેવામાં આવ્યો છે અને આદર્શપણે જોવામાં આવે તો દેશમાં તાજેતરમાં નોકરીઓની જે સ્થિતિ છે તે આ ડેટામાં પ્રતિબિંબિત થતી નથી.

**રોજગારી ડેટા**

છેલ્લા બે વર્ષમાં, સરકારી રોજગારી ડેટામાં ખાલી જગ્યા CMIE-BSE દ્વારા ભરવામાં આવે છે જેઓ ત્રિવાર્ષિક રોજગારી રિપોર્ટ્સ તૈયાર કરી રહ્યા છે. CMIE પદ્ધતિ વિશે સુરજિત ભલ્લા અને તીર્થ દાસે તેમની વિગતવાર ટિપ્પણીમાં (જુઓ ભલ્લા અને દાસ, 'ભારતમાં નોકરીઓ વિશે તમે જે જાણવા માંગો છો પરંતુ પૂછવામાં ગભરાતા હતા તે બધુ જ' જુલાઈ ૨૦૧૮[2]) મુદ્દો ઉઠાવ્યો તે અનુસાર CMIE ડેટા તમામ પ્રકારની સમસ્યાઓથી ભરેલા છે, જે તેને થોડા સ્વતંત્ર બનાવી દે છે. ઉદાહરણ તરીકે, ભલ્લા અને દાસના જણાવ્યા અનુસાર CMIE ડેટામાં દર્શાવ્યું છે કે મહિલા શ્રમિકોની ભાગીદારીનો દર વર્ષ ૨૦૧૪માં ૨૬.૪ ટકા હતો તે વર્ષ ૨૦૧૭માં ઘટીને ૧૧.૭ ટકા સુધી આવી ગયો છે. મહિલા એલઈએફ દરોમાં આટલો તીવ્ર પ્રમાણમાં ઘટાડો તદ્દન માન્યામાં ન આવે તેવો છે. CMIE ડેટાની આવી અસંગતતાઓ અને તેમના રોજગારી અથવા બેરોજગારી સંબંધિત અનુમાનો થોડા બિનભરોસાપાત્ર લાગે છે.

**ખૂબ જ વ્યાપક પ્રમાણમાં ડેટા તફાવતોને ધ્યાનમાં રાખતા, વર્ષ ૨૦૧૭માં ભારતમાં રોજગારીના ડેટાની સ્થિતિની સમીક્ષા કરવા માટે નીતિ આયોગના ભૂતપૂર્વ વાઈસ ચેરમેન, પ્રોફેસર અરવિંદ પનઘડિયાના વડપણ હેઠળ એક ટાસ્કફોર્સની રચના કરવામાં આવી હતી. આ ટાસ્કફોર્સ દ્વારા જુલાઈ ૨૦૧૭માં રોજગારી ડેટા મામલે વાર્ષિક સર્વે હાથ ધરવાની ભલામણ કરવામાં આવી હતી.**

ખૂબ જ વ્યાપક પ્રમાણમાં ડેટા તફાવતોને ધ્યાનમાં રાખતા, વર્ષ ૨૦૧૭માં ભારતમાં રોજગારીના ડેટાની સ્થિતિની સમીક્ષા કરવા માટે નીતિ આયોગના ભૂતપૂર્વ વાઈસ ચેરમેન, પ્રોફેસર અરવિંદ પનઘડિયાના વડપણ હેઠળ એક ટાસ્કફોર્સની રચના કરવામાં આવી હતી. આ ટાસ્કફોર્સ દ્વારા જુલાઈ ૨૦૧૭માં રોજગારી ડેટા મામલે વાર્ષિક સર્વે હાથ ધરવાની ભલામણ કરવામાં આવી હતી. આ સર્વે દરેક પરિવાર આધારિત સર્વે રહેશે જેના પર હાલમાં કામગીરી ચાલી રહી છે. રોજગારી સંબંધે NSSO નો પહેલો અહેવાલ વર્ષ ૨૦૧૯ના પૂર્વાર્ધમાં જાહેર થવાની અપેક્ષા છે. આ અહેવાલ એક વખત ઉપલબ્ધ થઈ જાય તે પછી, તેના આધારે ભારતમાં નોકરીઓની વર્તમાન સ્થિતિ

સંબંધિત તમામ બિનજરૂરી ચર્ચાઓ અને અનુમાનો પર પૂર્ણવિરામ લાગી જશે.

**રોજગારી નિર્માણઃ અનુમાનો**

**પેરોલ રિપોર્ટિંગઃ**

ભારતમાં પહેલી જ વખત, પેરોલ રિપોર્ટિંગની દિશામાં પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે[3], જે ઔપચારિક નોકરીઓની સંખ્યા માપવા માટે હોય છે અને માસિક ધોરણે તેમાં વધારો પણ થાય છે. સમગ્ર ભારતમાં ઔપચારિક ક્ષેત્રમાં EPFO (એમ્પલોઈ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન અર્થાત્ કર્મચારી ભવિષ્ય નિધી સંગઠન) પેરોલના ડેટા અનુસાર સપ્ટેમ્બર ૨૦૧૭થી એપ્રિલ ૨૦૧૮ સુધીમાં દેશમાં નવી ૪૧ લાખ ઔપચારિક નોકરીઓ ઉભી થઈ છે. અગાઉ EPFO ડેટા અને ESIC અને NPS ડેટાનો સંયુક્તપણે અભ્યાસ હાથ ધરીને, ઘોષ એન્ડ ઘોષ દ્વારા અનુમાન કરવામાં આવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬ – ૧૭ દરમિયાન દેશના અર્થતંત્રમાં અંદાજે ૭૦ લાખ નવી નોકરીઓનો ઉમેરો થયો હતો. આ લેખકો, આ પ્રોજેક્ટ માટે નીતિ આયોગ સાથે સંકળાયેલા હતા, અને તેમણે રોજગારી મેળવનારા સૌથી યુવા શ્રેણીના કર્મચારીઓ

**છેલ્લા ચાર વર્ષના સમયગાળામાં માત્ર કેબના વ્યવસાયમાં જ ૨.૨ મિલિયનથી વધુ લોકોને રોજગારીની તકો મળી છે. અર્બન ક્લેપ અને ક્વિકર સર્વિસ જેવી વિવિધ સેવાઓ આપતી કંપનીઓમાં વ્યક્તિગત ધોરણે તેમના પોર્ટલ પર વિવિધ સેવાઓ આપતા ૨.૫ મિલિયનથી વધુ પ્રોફેશનલ્સ નોંધાયા છે જેઓ વિવિધ મેટ્રો શહેરોમાં સેવાઓ આપે છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ(CA), કંપની સેક્રેટરીઓ, વકીલો અને અન્ય પ્રોફેશનલ્સ કે જેઓ દર વર્ષે વર્ક ફોર્સમાં જોડાય છે, તેમની સંખ્યા કમસેકમ હજારોમાં હોય છે, તેઓ પણ તેમના આસિસ્ટન્ટ અને અન્ય સેવાઓ આપવા માટે બીજા લોકોને નોકરીએ રાખતા હોય છે. આ આંકડાઓની પણ ક્યાંય ગણતરી કરવામાં આવતી નથી. તેઓ પણ અર્થતંત્રમાં ઉમેરાયેલી નવી નોકરીઓની સંખ્યામાં ઉમેરો કરશે.**

પૂરતા તેમના અનુમાનો સિમિત રાખીને અને કોઈપણ પ્રકારે ગણતરીમાં બેવડાય નહીં તેનું પૂરતું ધ્યાન રાખીને ચોખ્ખો વધારો કેટલો થયો તે દર્શાવવા માટે પ્રયાસ કરવાાં આવ્યો હતો અને ખૂબ જ કાળજી લીધી હતી. માત્ર EPFO માટે જ વર્ષ ૨૦૧૭ – ૧૮માં ૫.૫ મિલિયન નોકરીઓ સર્જાઈ હતી જે અગાઉના વર્ષ ૨૦૧૬ – ૧૭માં ૪.૫ મિલિયન હતી. તથ્ય એ છે કે, EPFO ડેટા, તેની રચના થઈ ત્યારથી અત્યાર સુધીમાં પહેલી વખત નિયમિત ધોરણે જાહેર કરવામાં આવે છે, જેમાં સપ્ટેમ્બર ૨૦૧૭ થી માર્ચ ૨૦૧૮ સુધીના સમયગાળામાં ૪.૧ મિલિયન નવી નોકરીઓની વૃદ્ધિનો અંદાજ મૂકવામાં આવ્યો છે. આ અનુમાન ઘોષ એન્ડ ઘોષ દ્વારા કરવામાં આવેલા અનુમાનને પુનઃદૃઢ કરે છે. ઔપચારિક ક્ષેત્રને પેરોલ રિપોર્ટિંગ દ્વારા આવરી લેવામાં આવે છે જ્યારે, બિનસંગઠિત ક્ષેત્રમાં પણ નવા પ્રકારની રોજગારીઓના નિર્માણ સંબંધિત સંખ્યાબંધ સાફલ્યગાથાઓ નોંધવામાં આવી છે. નીચે દર્શાવ્યા અનુસાર આ ક્ષેત્રમાં પણ તાજેતરમાં સારી એવી વૃદ્ધિનો ટ્રેન્ડ જોવા મળ્યો છે.



**બિનસંગઠિત ક્ષેત્ર**

ભારતમાં શ્રમ દળ (લેબર ફોર્સ)ના લગભગ ૮૦ ટકા હિસ્સો બિનસંગઠિત ક્ષેત્રોમાં આવી જાય છે – વર્તમાન સરકાર અને નવા અર્થતંત્ર દ્વારા કેટલીક એવી પધ્ધતિઓ (રીતો) તૈયાર કરવામાં આવી છે જેના આધારે આ ક્ષેત્રમાં રોજગારીની કેટલી તકો સર્જાઈ રહી છે તેનું અનુમાન લગાવવામાં મદદ મળી શકે છે. નવા અર્થતંત્રમાં મેમ્બરશીપ આધારિત રોજગારી સર્જાઈ છે જેમ કે, ઓલા અથવા ઉબેરમાં ડ્રાઈવર તરીકે રોજગારી અથવા ફ્લિપકાર્ટ, એમેઝોન, સ્નેપડીલ જેવી કંપનીઓમાં ડિલિવરી પ્રોફેશનલ અથવા અર્બન ક્લેપ, ક્વિકર સર્વિસ વગેરે જેવી કંપનીઓમાં હોમ સર્વિસ તરીકે રોજગારી. આ પ્રોફેશનલ્સ આ કંપનીઓમાં કામ કરતા ઔપચારિક પ્રોફેશનલ્સ કરતા અલગ હોય છે, આથી

તેમને કોઈપણ સત્તાવાર અથવા ઔપચારિક રોજગારી અનુમાનોમાં સમાવી લેવામાં આવતા નથી.

આપણે અહીં કેટલાક ઉદાહરણો જોઈ શકીએ છીએ. ભારતમાં કાર્યરત કેબ (ટેક્સી) ભાડે આપવાની સેવા ઓલા પાસે વર્ષ ૨૦૧૪ના નવેમ્બર મહિનામાં ૨૦ શહેરોમાં ૩૭,૦૦૦ રજિસ્ટર્ડ પાર્ટનર ડ્રાઈવર્સ હતા જે માર્ચ ૨૦૧૮માં સમગ્ર ભારતના ૧૧૦ શહેરોમાં વધીને ૧ મિલિયનથી વધુ રજિસ્ટર્ડ ડ્રાઈવર કરતા પણ વધી ગયા. સાથે સાથે, વૈશ્વિક સ્તરે કાર્યરત કેબ (ટેક્સી) ભાડે આપવાની સેવા આપતી કંપની ઉબેર ભારતના શહેરોમાં ૧.૨ મિલિયનથી વધુ રજિસ્ટર્ડ પાર્ટનર ડ્રાઈવર્સ ધરાવતી હતી. છેલ્લા ચાર વર્ષના સમયગાળામાં માત્ર કેબના વ્યવસાયમાં જ ૨.૨ મિલિયનથી વધુ લોકોને રોજગારીની તકો મળી છે. અર્બન ક્લેપ અને ક્વિકર સર્વિસ જેવી વિવિધ સેવાઓ આપતી કંપનીઓમાં વ્યક્તિગત ધોરણે તેમના પોર્ટલ પર વિવિધ સેવાઓ આપતા ૨.૫ મિલિયનથી વધુ પ્રોફેશનલ્સ નોંધાયા છે જેઓ વિવિધ મેટ્રો શહેરોમાં સેવાઓ આપે છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ(CA), કંપની સેક્રેટરીઓ, વકીલો અને અન્ય પ્રોફેશનલ્સ કે જેઓ દર વર્ષે વર્ક ફોર્સમાં જોડાય છે, તેમની સંખ્યા ઓછામાં ઓછી હજારોમાં હોય છે, તેઓ પણ તેમના આસિસ્ટન્ટ અને અન્ય સેવાઓ આપવા માટે બીજા લોકોને નોકરીએ રાખતા હોય છે. આ આંકડાઓની પણ ક્યાંય ગણતરી કરવામાં આવતી નથી. તેઓ પણ અર્થતંત્રમાં ઉમેરાયેલી નવી નોકરીઓની સંખ્યામાં ઉમેરો કરશે.

ગુડ્સ રોડ ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં વર્ષ ૨૦૧૩માં માલ પરિવહનની ૮.૧ મિલિયનથી વધુ ટ્રકો નોંધાઈ હતી. તેમાં દર વર્ષે અંદાજે ૦.૭ મિલિયન નવી ટ્રકોનો ઉમેરો થાય છે અને તે હિસાબે હાલના સમયમાં ભારતના માર્ગો પર ૧૨ મિલિયનથી વધુ ટ્રકો દોડી રહી છે. અમારી જાણ અનુસાર, ટ્રકના આ ઉદ્યોગમાં નોકરી મેળવનારાઓમાંથી કોઈપણ લોકોને રોજગારીના ડેટામાં સમાવી લેવામાં આવ્યા નથી. તે જ પ્રમાણે, ઓટોરીક્ષા ડ્રાઈવરો અર્ધ-શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પરિવહન ક્ષેત્રમાં જોડાયેલા હોય તેમની પણ ગણતરી કરવામાં આવતી નથી. આ અનૌપચારિક ક્ષેત્રમાં સંકળાઈને રોજગારી મેળવતા તમામ લોકોને ધ્યાનમાં રાખતા માત્ર આ ક્ષેત્રમાં જ સરળતાથી રોજગારી મેળવનારા લોકોની સંખ્યા ૧૨ થી ૧૫ મિલિયનના આંકડાને પાર કરી જાય.

આ જ બાબત રસ્તાની બાજુએ બેસીને પાથરણાઓ પર ચીજવસ્તુઓ વેચતા ફેરિયાઓ, પ્રવાસન સાથે સંકળાયેલા કામદારો, ગ્રામીણ વિસ્તારોમાં બજારોમાં સ્વ-રોજગારી મેળવનારા લોકો, રેકડી ચલાવનારા અને તેને લગતા અન્ય કામકાજો જેવા અનૌપચારિક ક્ષેત્રોમાં સંકળાયેલા લોકોને ધ્યાનમાં લેતા અનેક વખત પુનરાવર્તિત થઈ શકે છે. ટૂંકમાં કહીએ તો, આ અનૌપચારિક ક્ષેત્રો અથવા આવરી લેવામાં ન આવ્યા હોય તેવા ક્ષેત્રોમાં જ્યાં સુધી સારા અનુમાનો કરવામાં આવે ત્યાં સુધી, છેલ્લા ચાર વર્ષમાં દેશમાં નોકરીઓના નિર્માણ બાબતે અથવા રોજગારીની સ્થિતિ વિશે કોઈપણ તારણ પર આવવું થોડુ ભ્રામક પુરવાર થશે.

ઉપર દર્શાવેલા પુરાવાઓના આધારે અમારા અનુમાનો, એવું દર્શાવે છે કે છેલ્લા બે વર્ષમાં દેશમાં લગભગ ૭ થી ૮.૫ મિલિયન નવી નોકરીઓનું નિર્માણ થયું હોવું જોઈએ. ઉપર ચર્ચા કરી તેમ વર્ક ફોર્સ સંબંધિત ચોખ્ખી અભિવૃદ્ધિ સમાવવા માટે આ પુરતું છે.

**સફળતાની વાત**

- લુધિયાણાની મહિલા નિવેદિતા માત્ર એક સિલાઈ મશીન સાથે તેનો પોતાનો ગારમેન્ટનો વ્યવસાય ચલાવતી હતી. મુદ્રા લોન લીધા પછી, તેણે ૧૦ સિલાઈ મશીન ખરીદી વ્યવસાયમાં વિસ્તરણ કર્યું અને તેમના વિસ્તારમાં ૧૦ જણાને નોકરી આપી.
- કોલકાતાની કાકોલી ઘોષે લેબોરેટરી કાચ બનાવવાના તેના પારિવારિક વ્યવસાયમાં વિસ્તરણ માટે મુદ્રા લોન લીધી અને હાલમાં તેના વિસ્તારમાં ૫ વ્યક્તિને રોજગારી આપી છે.
- લખનૌની અંજલી બંસલે રેસ્ટોરન્ટ શરૂ કરવા માટે તેના અંગત રોકાણમાં મૂડી વધારવા મુદ્રા લોન લીધી અને હાલમાં તેણે ૧૨ લોકોને રોજગારી આપી છે.
- અનવર અલી અગાઉ શણ વણાટના કારીગર તરીકે કામ કરતા હતા અને પોતાનો ક્રાફ્ટ મિટિરિયલ બનાવવાનો વ્યવસાય શરૂ કરવા માટે તેમણે મુદ્રા લોન લીધી. હાલમાં તેમણે અન્ય ત્રણ વ્યક્તિને નોકરીએ રાખ્યા છે.

### સ્વ રોજગારી

વધુમાં, સ્વરોજગારી મેળવનારા લોકોની સંખ્યાનું પણ એક પરિબળ ધ્યાનમાં લેવા જેવું છે કારણ કે છેલ્લા ચાર વર્ષમાં આવા લોકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વર્તમાન સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી મુદ્રા લોન સમગ્ર ભારતમાં ઉદ્યોગ સાહસિકોને સ્વ રોજગારી તરફ આગળ વધવામાં તેમજ નવા લોકોને નોકરીએ રાખવામાં મદદ કરતી મુખ્ય યોજનાઓ પૈકી એક છે. મુદ્રામાં લોનની ત્રણ શ્રેણી આવરી

લેવામાં આવે છે. જેમકે, (i) શીશુઃ રૂપિયા ૫૦,૦૦૦ સુધીની લોન આવરી લેવામાં આવે છે ; (ii) કિશોરઃ રૂપિયા ૫૦,૦૦૦ થી રૂપિયા ૫ લાખ સુધીની લોન આવરી લેવામાં આવે છે અને ; (iii) તરુણઃ રૂપિયા ૫ લાખથી વધુ અને રૂપિયા ૧૦ લાખ સુધીની લોન આવરી લેવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૧૨.૨૭ કરોડ લોન આપવામાં આવી છે. આ માટે રૂપિયા ૬ લાખ કરોડથી વધુની ચુકવણી કરવામાં આવી છે. તેમાંથી ૭૪ ટકા એટલે કે, ૯ કરોડ લોન ધારણો મહિલાઓ છે. નવા લોન ધારકોની સંખ્યા અંદાજે ૨૬ ટકા એટલે કે ૩.૨૫ કરોડ જેટલી વધશે તેવું અનુમાન છે. આ દરેક લોનના કારણે તેમના વિસ્તારમાં નવી રોજગારીની તક ઉભી થઈ છે.

આ ઉદાહરણો પરથી સ્પષ્ટ જોઈ શકાય છે કે, મુદ્રા લોન સંખ્યાબંધ નોકરીઓના નિર્માણમાં મદદ કરે છે અને દરેક વ્યવસાયોમાં નવી નોકરીઓની સંખ્યામાં તફાવત હોય છે. જોકે, આપણે દ્રઢપણે એવું અનુમાન લગાવી શકીએ છીએ કે આ દરેક લોનથી સરેરાશ એક રોજગારીનું નિર્માણ થયું જ છે. 'કિશોર અને તરૂણ' હેઠળ લેવામાં આવેલી મોટી લોન માટે, નવી સર્જાયેલી નોકરીઓની સંખ્યા ચોક્કસપણે એકથી વધુ જ હોય. જો આપણે દરેક મુદ્રા લોન દીઠ માત્ર એક જ નોકરીનું સર્જન થયું હોવાનું સિમિત અનુમાન લગાવીએ અને ફરી વખત લોન લેનારાથી નવી નોકરીનું નિર્માણ નથી થયું તેવું માની લેવામાં આવે તો પણ માત્ર મુદ્રા લોન યોજનાનાં કારણે જ ૬ કરોડ એટલે કે ૬૦ મિલિયન જેટલી નવી નોકરીઓનું સર્જન થયું હોવાનો અંદાજ લગાવી શકાય. અગાઉ આપવામાં આવેલા અનુમાનોમાં અથવા અનૌપચારિક ક્ષેત્રોમાં સર્જાયેલી નોકરીઓમાં જો આ આંકડા ઉમેરવામાં આવે તો, આપણે બહુ સારી રીતે એવા તારણ પર આવી શકીએ કે છેલ્લા ચાર વર્ષમાં રોજગારીના સર્જનમાં ધરખમ વધારો થયો છે અને વર્ક ફોર્સમાં નવા ઉમેરાતા લોકોની તુલનાએ નોકરીઓની સંખ્યા ઓછી નથી. ખરેખર તો, છેલ્લા ચાર વર્ષમાં અર્થતંત્ર અગાઉનો બેરોજગારીનો બેકલોગ (પડતર સંખ્યા) દૂર કરવામાં ખૂબ સારી રીતે કામ કરી શક્યું છે.

શ્રમ બજારમાં માંગ અને પૂરવઠાનું આ સંતુલન કદાચ અર્થતંત્રમાં વાસ્તવિક પગાર દરોની હિલચાલમાં સૌથી શ્રેષ્ઠ પ્રતિબિંબિત થયું છે. નોકરીઓ/ કૌશલ્યો સંબંધિત માંગના સંબંધમાં કામદારો/કૌશલ્યોને એકરૂપ કરવામાં આવે તો ચોક્કસપણે આપણે વાસ્તવિક વેતનોમાં ઘટાડો જોઈ શકાય છે. કમનસીબે, અહીં ફરી ડેટાનો જ પ્રશ્ન છે કારણ કે, શહેરી ક્ષેત્રના પગાર ધોરણો સંબંધિત કોઈ જ ડેટા ઉપલબ્ધ નથી. જોકે, શ્રમ બ્યૂરો દ્વારા કૃષિ અને બિન કૃષિ કામકાજોમાં વર્ષ ૨૦૧૪ – ૨૦૧૮ સુધીના વાર્ષિક સરેરાશ દૈનિક વેતન દરો આપવામાં આવ્યા છે. આના પરથી પ્રતિત થાય છે કે બિન કૃષિ કામકાજો (ગ્રામીણ વિસ્તારોમાં)માં વાસ્તવિક વેતન (પુરુષ કામદારો માટે) ખાસ કરીને સુથારીકામ, લુહારી કામ, વણાટકામ વગેરે સહિતની તમામ શ્રેણીમાં વધ્યું છે. માત્રને માત્ર પ્લમ્બરોના વાસ્તવિક વેતનમાં ખૂબ જ નજીવો ઘટાડો જોવા મળ્યો છે. ચણતર, લુહાર, સુથાર, સફાઈ કામદારો અને હસ્ત બનાવટની ચીજોના કામદારોમાં ૯ થી ૧૦ ટકા જેટલો થોડો વધારો જોવા મળ્યો છે. સ્પષ્ટપણે, અને વિરોધાભાસી વાતોથી વિરુદ્ધ આપણે માની શકીએ કે, ગ્રામીણ ભારતમાં બેરોજગાર લોકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો નથી.

હું ચોક્કસપણે કહીશ કે, વાસ્તવિક વેતનમાં વૃદ્ધિનો આ ટ્રેન્ડ શહેરી વિસ્તારોમાં રોજગારીઓ અને નોકરીઓમાં હજી પણ વૃદ્ધિ બતાવશે. નોકરી વગરની વૃદ્ધિની તમામ વાતો અને ઉલ્લેખો અથવા અસંતોષકારક રોજગારી નિર્માણની વાતો કરનારાઓ, અચુક પણે તેમની પદ્ધતિની ફેર સમીક્ષા કરવી જોઈએ અથવા કમસેકમ NSSO રોજગારી સંબંધે પરિવારો આધારિત સર્વેના પરિણામો જાહેર કરે ત્યાં સુધી તેમની ટિપ્પણી રોકી રાખવી જોઈએ.

**એન્ડ નોટ્સઃ**

૧. ઉત્પાદન, બાંધકામ, ટ્રેડ, ટ્રાન્સપોર્ટ, શિક્ષણ, સ્વાસ્થ્ય, એકોમોડેશન અને રેસ્ટોરન્ટ તેમજ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઈટી) અથવા બિઝનેસ પ્રોસેસિંગ આઉટસોર્સિંગ (બીપીઓ)

૨. http://eacpm.gov. in/wp-content/uploads/2018/07/ all-you-wanted-to-know-about-employment-in-India-EACPM-omega-July-9-2018.pdf પરથી મેળવેલ.

૩. ભારતમાં પેરોલ રિપોર્ટિંગ તરફ, પલક ઘોષ અને સૌમ્ય કાંતિ ઘોષ, જાન્યુઆરી ૨૦૧૮. http://www.iimb. ac.in/ user/165/pulak-ghosh પરથી મેળવેલ.

લેખક ભારત સરકારના
નીતિ આયોગના વાઈસ ચેરમેન છે.
**E-mail:** vch-niti@gov.in

# પેરોલ રિપોર્ટિંગનો ઉપયોગ

ટી.વી. મોહનદાસ પાઈ
યશ બૈદ



ભારતમાં રોજગારી નિર્માણ અંગેના કોઈ જ વ્યાપક ડેટા ઉપલબ્ધ નથી. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ બેંગલોરના પ્રોફેસર પલક ઘોષ અને એસબીઆઈના મુખ્ય આર્થિક સલાહકાર ડૉ. સૌમ્ય કાંતિ ઘોષ દ્વારા રિપોર્ટ કરવામાં આવેલા 'ટુવર્ડ્સ અ પેરોલ રિપોર્ટિંગ ઈન ઈન્ડિયા' (ભારતમાં પેરોલ રિપોર્ટિંગ તરફ)માં પહેલી વખત ઔપચારિક ક્ષેત્રમાં રોજગારીના આંકડા સામે આવ્યા છે. ઘોષના રિપોર્ટ પછી NSSO દ્વારા રિપોર્ટ આપવામાં આવ્યો હતો કે, તેમના ઉંચા અનુમાનો દ્વારા, દેશમાં રોજગારીની સ્થિતિને પુરતા પ્રમાણમાં રજૂ કરી શકાતી નથી. આમ, દેશમાં નોકરીઓની સ્થિતિ નક્કી કરવા અને રિપોર્ટ કરવા માટે સારી તંત્રપ્રણાલી વિકસાવવાની જરૂરિયાત ઉભી થઈ.

સારી શરૂઆત કરવા માટે જોબ માર્કેટમાં માનવશ્રમમાં થતી વૃદ્ધિનું વિશ્લેષણ કરવું જોઈએ. વર્ષ ૧૯૯૧, ૨૦૦૧ અને ૨૦૧૧માં થયેલી વસતિ ગણતરીના ડેટાને ધ્યાનમાં રાખીને, ઘોષ દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટમાં ટાંકવામાં આવ્યું હતું કે ૨.૫ કરોડ બાળકોનો દર વર્ષે જન્મ થાય છે. આ હિસાબે જોવામાં આવે તો ૨.૫ કરોડ લોકો દર વર્ષે ૨૧ વર્ષની વયે પહોંચે છે અને આગામી ૨૦ વર્ષ સુધી આ ક્રમ ચાલતો રહેશે.

આ ૨.૫ કરોડ લોકોમાં શ્રમ સહભાગીતાનો દર અંદાજે ૬૦ ટકા છે એટલે કે ૧.૫ કરોડ લોકો દર વર્ષે માનવ શ્રમદળમાં ઉમેરાય છે. ઉપરાંત, વર્ષ ૨૦૧૬ -૧૭ માટે AISHE (ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન) રિપોર્ટમાં ટાંકવામાં આવ્યું હતું કે, દર વર્ષે દેશમાં ૮૮ લાખ સ્નાતક વિદ્યાર્થીઓ પાસ થઈને બહાર આવે છે. આ વસતિ વિષયક આંકડાઓમાં, ડ્રોપ આઉટ દર (જેઓ નોકરી નથી ઈચ્છતા) અંદાજે ૨૫ ટકા આંકવામાં આવે છે.

ઔપચારિક અને અનૌપચારિક ક્ષેત્રોથી, ભારતમાં દર વર્ષે ૧ કરોડથી વધુ રોજગારીનું નિર્માણ થાય છે. રોજગારીના પરિદૃષ્યનું સંપૂર્ણ ચિત્ર સુધારેલા માહિતી રિપોર્ટિંગ માપદંડો પર વિશાળ ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરીને મેળવી શકાય.

**કોષ્ટક - ૧**

| દર વર્ષે જન્મતા બાળકોની અંદાજિત સંખ્યા | એકમ | દર વર્ષે ઉમેરાયેલા બાળકોની ચોખ્ખી સંખ્યા |
|---|---|---|
| વસતિ ગણતરી વર્ષ ૧૯૯૧ | લાખ | ૨૫૩ |
| વસતિ ગણતરી વર્ષ ૨૦૦૧ | લાખ | ૨૪૮ |
| વસતિ ગણતરી વર્ષ ૨૦૧૧ | લાખ | ૨૫૨ |

**કોષ્ટક - ૨**

| ભારતીય માનવશ્રમની ગતિવિધિઓ | એકમ | ૨૦૧૭ |
|---|---|---|
| ઉપર દર્શાવેલા અંદાજ અનુસાર દર વર્ષે યોગ્યતા પ્રાપ્ત શ્રમદળ | લાખ | ૨૫૦ |
| શ્રમ બજારમાં સ્વૈચ્છિક બિન સહભાગીઓ (૪૦ %) | લાખ | -૧૦૦ |
| **દર વર્ષે માનવશ્રમમાં ચોખ્ખા કુલ યોગ્યતા પ્રાપ્ત સહભાગીઓ** | લાખ | ૧૫૦ |
| | લાખ | |
| વર્ષ દીઠ ગેરેંટી (કુલ વધવાપાત્ર લાયક માણસો) | લાખ | ૮૮ |
| ડ્રોપ આઉટ દર (૨૫%) | લાખ | -૨૨ |
| માનવશ્રમમાં દર વર્ષે ઉમેરાતા લાયક માણસો | | ૬૬,૦૦,૦૦૦ |
| દર વર્ષે બિન-સ્નાતક/બિન-લાયક કામદાર (૧૫૦ લાખ-૬૬ લાખ માંથી) | | ૮૪,૦૦,૦૦૦ |

જેથી આપણને દર વર્ષે માનવ શ્રમદળમાં ઉમેરાતા લાયકાત ધરાવતા લોકોની વૃદ્ધિના દરની ગણવામાં મદદ મળે છે એટલે કે દર વર્ષે ૬૬ લાખ લોકોનો વધારો થાય છે. શ્રમદળમાં ઉમેરાતા બિન-સ્નાતકોનો ગુણોત્તર જોવામાં આવે તો ૮૪ લાખનો ઉમેરો થાય છે.

જો પરિભાષા પ્રમાણે જોવામાં આવે તો ભારતમાં નોકરીઓ, ઔપચારિક અને અનૌપચારિક એમ બે શ્રેણીમાં વહેંચાયેલી છે. ઔપચારિક નોકરીઓ એટલે એવી નોકરી કે જેમાં સામાજિક સુરક્ષા આવરી લેવામાં આવે છે. ભારતમાં સામાજિક સુરક્ષા ત્રણ સંગઠનો દ્વારા ઉપલબ્ધ કરવામાં આવે છે. આ સંગઠનો EPFO, ESIC, અને NPS (NPS સરકારી કર્મચારીઓ માટે છે) છે. ઔપચારિક નોકરીઓની સ્થિતિનો ડેટા જાણવા માટે EPFO અને ESIC સૌથી શ્રેષ્ઠ સ્રોત છે, જેમાં ૨૦ અને ૧૦થી વધુ કર્મચારીઓની નિયુક્તિ કરતા અનુક્રમે ૧૯૦ અને ૯૦ ઉદ્યોગો આવરી લેવામાં આવ્યા છે. EPFO અને ESIC દ્વારા છેલ્લા છ મહિનાના ડેટા જાહેર કરવામાં આવ્યા છે અને ઘોષ રિપોર્ટમાં તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. માર્ચ ૨૦૧૮ સુધીની સ્થિતિ અનુસાર, તેમના તારણોમાં જાણવા મળ્યું હતું કે, EPFO સાથે વધુ ૫૫ લાખ નોકરીઓની નોંધણીમાં વધારો થયો હતો અને ESIC માં ૯ લાખ વધુ નોકરીઓ ઉમેરાઈ હતી જ્યારે NPS માં ૭ લાખ નોકરીનો ઉમેરો નોંધાયો છે. આથી, વર્ષ ૨૦૧૭-૧૮માં વધતા સામાજિક સુરક્ષા કવરેજ અનુસાર ઔપચારિક ક્ષેત્રમાં નવી ૭૧ લાખ નોકરીઓનું સર્જન થયું છે. આ ડેટા ખુબ સારી રીતે તૈયાર કરવામાં આવ્યા છે અને વર્ષ ૨૦૧૮ આગળ વધે તેમાં તેમાં નોકરીમાં વૃદ્ધિ સાથે સામાન્ય ફેરફાર જોવા મળશે. જોકે, ઔપચારિક ક્ષેત્રમાં દર વર્ષે ૭૦ લાખ નોકરીઓનું સર્જન થાય છે તેવું માની લેવા માટે આ સલામત ડેટા છે કારણ કે આ ડેટા માસિક યોગદાન અને પેરોલ આધારિત છે.

આપણે સામાજિક સુરક્ષાની સંભાવનાની બહારની વસતિના સભ્યોને પણ અચુક ધ્યાનમાં લેવા જોઈએ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વકીલો અને ડૉક્ટર્સ જેવા પ્રોફેશનલ્સમાં નોકરીઓનું સર્જન થતા રોજગારી વધી છે અને આપણી ગણતરીમાં તે અભિન્ન હિસ્સો હોવો જોઈએ. ICAI (ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા) અનુસાર વર્ષ ૨૦૧૭માં માનવ શ્રમદળમાં નવા ૧૬,૯૭૦ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સનો ઉમેરો થયો હતો અને અંદાજે ૫,૬૨૪ લોકોએ પોતાની દુકાન (ઓફિસ) ખોલીને પ્રેક્ટિસ શરૂ કરી છે. વસતિના આ વિભાગ દ્વારા સર્જવામાં આવેલી કુલ નોકરીઓ પ્રોફેશનલ્સ દ્વારા નવી પ્રેક્ટિસ શરૂ કરવા માટે નિયુક્ત કરવામાં આવતા વધારાના માનવ સંસાધનો માટેનું પરિબળ છે.

આ બાબત ડૉક્ટરો અને વકીલોને પણ લાગુ પડે છે, કારણ કે બંનેએ વર્ષ ૨૦૧૭માં માનવ શ્રમદળમાં અંદાજે ૮૦,૦૦૦ લોકોનો ઉમેરો કર્યો છે. આ પ્રોફેશનલ્સ દ્વારા ઉભી

**કોષ્ટક - ૩**

| યોજના | FY ૨૦૧૮ | દર વર્ષે સર્જાયેલી નોકરી |
|---|---|---|
| ઈપીએફઓ | ૫૫,૦૦,૦૦૦ | |
| એનપીએસ | ૭,૦૦,૦૦૦ | |
| ઈસીએસ | ૯,૦૦,૦૦૦ | |
| સંગઠિત ક્ષેત્રમાં કુલ સર્જાયેલી નવી નોકરી | | ૭૧,૦૦,૦૦૦ |

**કોષ્ટક - ૪**

| ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ | FY ૨૦૧૬ | FY ૨૦૧૭ | દર વર્ષે સર્જાયેલી નોકરી |
|---|---|---|---|
| નવા ICAI સંભ્યોની સંખ્યા ૨૦૧૬-૨૦૧૭ | | ૧૬,૯૭૦ | |
| ભારતમાં પ્રેક્ટિસ કરતી કંપનીઓની સંખ્યા (હેડક્વાર્ટર અને શાખા) | ૭૯,૯૯૩ | ૮૫,૬૧૭ | |
| ૨૦૧૬-૨૦૧૭ માટે નવી ઉમેરાયેલી ભાગ લેનાર કંપનીઓ | | ૫,૬૨૪ | |
| દર વર્ષે સર્જાયેલી સ્ટાફ નોકરીઓ | | ૧,૧૨,૪૮૦ | |
| | | | ૧,૧૮,૧૦૪ |
| **મેડિકલ પ્રોફેશનલ્સ** | | **FY ૨૦૧૭** | **દર વર્ષે સર્જાયેલી નોકરી** |
| કુલ ડૉક્ટર | | ૨૫,૨૮૨ | |
| કુલ ડેન્ટલ સર્જન | | ૫૩,૪૭૩ | |
| કુલ છYUSH ડૉક્ટર | | ૨,૨૦૦ | |
| ૨૦૧૬-૧૭માં કુલ મેડિકલ પ્રોફેશનલ્સ | | ૮૦,૯૫૫ | |
| વર્ષ ૨૦૧૬-૧૭ માટે નવી પ્રેક્ટિસનો ઉમેરો (@૬૦%) | | ૪૮,૫૭૩ | |
| દર વર્ષે સર્જાયેલી સ્ટાફ નોકરીઓ | | ૨,૪૨,૮૬૫ | |
| | | | ૨,૯૧,૪૩૮ |

| વકીલો | | FY ૨૦૧૭ | દર વર્ષે સર્જાયેલી નોકરી |
|---|---|---|---|
| નવા વકીલો (UG) | | ૬૭,૯૭૩ | |
| નવા વકીલો (PG) | | ૧૧,૩૮૭ | |
| નવા વકીલો | | ૭૯,૩૬૦ | |
| પ્રેક્ટિસ કરતા અન્ડર ગ્રેજ્યુએટ (૬૦% સહભાગીતા માનીને) | | ૪૦,૭૮૪ | |
| પ્રેક્ટિસ કરતા પોસ્ટ ગ્રેજ્યુએટ (૮૦% સહભાગીતા માનીને) | | ૯,૧૧૦ | |
| દર વર્ષે કુલ નવી પ્રેક્ટિસ | | ૪૯,૮૯૩ | |
| દર વર્ષે સર્જાયેલી સ્ટાફ નોકરીઓ | | ૧,૪૯,૬૮૦ | |
| | | | **૧,૯૯,૫૭૪** |
| ૨૦૧૬-૧૭ માં પ્રોફેશનલ્સ દ્વારા રોજગારી સર્જન થઈ કે છે (કન્સલ્ટન્ટ, કોસ્ટ એકાઉન્ટન્ટ્સ વગેરે સિવાય) | | | **૬,૦૯,૧૧૬** |

કરવામાં આવતી પ્રેક્ટિસમાં તેમને જરૂર પડતા આનુષંગિક સ્ટાફ (ક્લાર્ક, અર્ધ કાયદાકીય અને નર્સ વગેરે)ની સંખ્યાનો સરવાળો કરવામાં આવે તો, અમે એવા સારાંશ કાઢ્યો છે કે, અનૌપચારિક ક્ષેત્રમાં આ ત્રણ પ્રકારના પ્રોફેશનલ્સ દ્વારા અંદાજે ૬ લાખથી વધુ નોકરીઓનું યોગદાન આપવામાં આવ્યું છે. અન્ય આવા પ્રકારના પ્રોફેશન્સ તેમજ કન્સલ્ટન્ટ દ્વારા આપવામાં આવતી રોજગારીના આંકડાઓ હજી આમાં ઉમેર્યા નથી.

વધુમાં, આ ત્રણ પ્રકારના પ્રોફેશનલ્સ દ્વારા સર્જવામાં આવેલા કુલ નોકરીના સ્ટોકની સંખ્યા ૧.૦૮ કરોડ છે, જેમાં કોષ્ટક ૫ અનુસાર દરેક સીએ પ્રેક્ટિસ દીઠ ૨૦ નોકરી, મેડિકલ પ્રેક્ટિસ દીઠ ૩ નોકરી અને કાયદાની દરેક પ્રેક્ટિસ દીઠ ૩ નોકરી સર્જાતી હોવાનું માનવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના દ્વારા કૌશલ્ય વિકાસ માટે લેવામાં આવતા પગલાં અને રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ કોર્પોરેશન દ્વારા આપવામાં આવતા ડેટા પણ કોષ્ટક નંબર ૬માં ઉલ્લેખ કરેલો છે. તેમનાથી અગાઉના વર્ષમાં સફળતાપૂર્વક ૫ લાખ નોકરીઓનું સર્જન થયું હતું પરંતુ તેને કદાચ અન્ય ઔપચારિક અથવા અનૌપચારિક ક્ષેત્રમાં અન્ય શ્રેણીની ગણતરી માટે ધ્યાનમાં લેવાઈ છે.

**કોષ્ટક - ૫**

| ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ | FY ૨૦૧૭ મુજબ | નોકરીનો સ્ટોક |
|---|---|---|
| ભારતમાં પ્રેક્ટિસ કરતી કંપનીઓની સંખ્યા (હેડક્વાર્ટર અને શાખા) | ૮૫,૬૧૭ | |
| સર્જાયેલી સ્ટાફ નોકરીઓ (@૨૦ પ્રેક્ટિસ દીઠ) | ૧૭,૧૨,૩૪૦ | |
| | | ૧૭,૯૭,૯૫૭ |
| **મેડિકલ પ્રોફેશનલ્સ** | **FY ૨૦૧૭ મુજબ** | **નોકરીનો સ્ટોક** |
| કુલ ડૉક્ટર | ૧૦,૪૧,૩૯૫ | |
| કુલ ડેન્ટલ સર્જન | ૨,૫૧,૨૦૭ | |
| કુલ AYUSH ડૉક્ટર | ૭,૭૩,૬૬૮ | |
| કુલ મેડિકલ પ્રોફેશનલ્સ @૬૦% સહભાગીતા | ૧૨,૩૯,૭૬૨ | |
| સર્જાયેલી સ્ટાફ નોકરીઓ (@૫ ડૉક્ટર અને ડેન્ટલ સર્જન પ્રેક્ટિસ દીઠ) | ૩૮,૭૭,૮૦૬ | |
| સર્જાયેલી સ્ટાફ નોકરીઓ (@૨ AYUSH ડૉક્ટર પ્રેક્ટિસ દીઠ) | ૯,૨૮,૪૦૨ | |
| | | ૬૦,૪૫,૯૭૦ |
| **વકીલો** | **FY ૨૦૧૭ મુજબ** | **નોકરીનો સ્ટોક** |
| કુલ નવી પ્રેક્ટિસ દર વર્ષે | ૪૯,૮૯૩ | |
| કુલ પ્રેક્ટિસ (૧૫ x વાર્ષિક વધારાની ધારણા) | ૭,૪૮,૪૦૧ | |
| સર્જાયેલી સ્ટાફ નોકરીઓ (@૩ પ્રેક્ટિસ દીઠ) | ૨૨,૪૫,૨૦૩ | |
| | | **૨૯,૯૩,૬૦૪** |
| પ્રોફેશનલ્સ દ્વારા સર્જાયેલો રોજગારીનો કુલ સ્ટોક (કન્સલ્ટન્ટ, કોસ્ટ એકાઉન્ટન્ટ્સ વગેરે સિવાય) | | **૧,૦૮,૩૭,૫૩૧** |

**કોષ્ટક - ૬**

| PMKVY અને NSDC | | FY ૨૦૧૭ | દર વર્ષે સર્જાયેલી નોકરી |
|---|---|---|---|
| **PMKVY અને NSDC ના ભાગરૂપે તાલિમ આપવામાં આવેલ લોકોની કુલ સંખ્યા** | | ૧૦,૧૮,૫૭૨ | |
| નિયુક્તની ટકાવારી (૪૯%) | | ૪,૯૯,૧૦૦ | |
| **PMKVY ના કારણે નોકરીનું સર્જન** | | | ૪,૯૯,૧૦૦ |

**કોષ્ટક - ૭**

| શ્રેણી અનુસાર વાહનોનું વેચાણ | | FY ૨૦૧૮ | દર વર્ષે સર્જાયેલી નોકરી |
|---|---|---|---|
| વેચાયેલા કોમર્શિયલ વાહનો (ચોખ્ખી નિકાસ) | | ૭,૫૯,૫૮૬ | |
| રિપ્લેસમેન્ટ દર (૨૫%) | | -૧,૮૯,૮૯૭ | |
| | | ૫,૬૯,૬૯૦ | |
| **સર્જાયેલી નોકરીઓ (દરેક વાહન દીઠ સરેરાશ ૨ રોજગારી ક્ષમતા)** | | | ૧૧,૩૯,૩૭૯ |
| | | | |
| વેચાયેલા થ્રી વ્હીલર્સ (ચોખ્ખી નિકાસ) | | ૨,૫૪,૬૯૬ | |
| રિપ્લેસમેન્ટ દર (૧૦%) | | -૨૫,૪૭૦ | |
| | | ૨,૨૯,૨૨૬ | |
| **સર્જાયેલી નોકરીઓ (દરેક વાહન દીઠ સરેરાશ ૧.૫ રોજગારી ક્ષમતા)** | | | ૩,૪૩,૮૪૦ |
| | | | |
| વેચાયેલા પેસેન્જર વાહનો (ચોખ્ખી નિકાસ) | | ૨૫,૪૦,૬૭૮ | |
| રિપ્લેસમેન્ટ દર (૨૦%) | | -૫,૦૮,૧૩૬ | |
| | | ૨૦,૩૨,૫૪૨ | |
| **સર્જાયેલી નોકરીઓ (દરેક વાહન દીઠ સરેરાશ ૦.૨૫ રોજગારી ક્ષમતા)** | | | ૫,૦૮,૧૩૬ |
| **ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં સર્જાયેલી નોકરીઓ, ૨૦૧૭- ૧૮** | | | ૧૯,૯૧,૩૫૪ |

ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં ખૂબ જ વિપુલ સંખ્યામાં અનૌપચારિક રોજગારીનું સર્જન થાય છે. આ ક્ષેત્ર પોતાની માલિકીનું વાહન ધરાવતી કોઈ વ્યક્તિ અથવા નાની કંપની દ્વારા બનેલું હોય છે. સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચર્સ (SIAM) દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા ડેટા વિવિધ પ્રકારના વાહનો દ્વારા અલગ કરાયેલા છે. આ ડેટા આપણને કોમર્શિયલ વાહનોના વેચાણ અને નિકાસની સંખ્યા બતાવે છે જેમાંથી વ્હીલ અને પેસેન્જર વાહનોની શ્રેણીઓ છે. આ દરેક વાહન માટે જો રોજગારીની ક્ષમતા કોમર્શિયલ વાહન દીઠ ૨ ધારવામાં આવે અને દર થ્રી-વ્હીલર દીઠ ૧.૫ તેમજ દરેક પેસેન્જર વાહન દીઠ ૦.૨૫

(દર ૪ કારમાંથી ૧) ધારવામાં આવે છે. આના પરથી એવા તારણ પર આવી શકાય કે, ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર દર વર્ષે અંદાજે ૨૦ લાખ નોકરીઓના સર્જનનું યોગદાન આપે છે. આ આંકડો મોટાભાગે રોજગારી સર્વેક્ષણો અને રિપોર્ટ્સ દ્વારા ધ્યાનમાં લેવામાં આવતો નથી. આ નોકરીઓ અનૌપચારિક ક્ષેત્રમાં આવશે કારણ કે આ વાહનો મૂળરૂપે કોઈ કંપની નહીં પરંતુ વ્યક્તિની માલિકીના હોય છે. આ એ તથ્યને ટેકો આપે છે કે, EPFO અને ESI ડેટા કોઈપણ મોટા માપદંડમાં આ નોકરીઓ બતાવતા નથી.

ભારતમાં કોમર્શિયલ વાહનો – ટ્રકો, LMV (ગુડ્સ), LMV (પેસેન્જર), બસો અને ટેક્સીઓ – મૂળભૂતરૂપે દરેક વાહન દીઠ ૨ નોકરીનું સર્જન કરે છે. વર્ષ ૨૦૧૬- ૧૭માં આનો કુલ સ્ટોક (નોકરીની સંખ્યા) અંદાજે ૨.૨૫ કરોડ હતો. આથી, ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં નોકરીનો સ્ટોક ભારતમાં વર્તમાન સમયમાં અંદાજે ૩.૬ કરોડ છે.

અનૌપચારિક નોકરીઓના સર્જનમાં યોગદાન એ આ વિશ્લેષણની સંભાવના

**કોષ્ટક - ૮**

| ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ કુલ રોજગારી સ્ટોક ૨૦૧૬-૨૦૧૭ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ઝોન | રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ | ટ્રકો | LMV (ગુડ્સ) | બસો | ટેક્સી | LMV (પેસેન્જર્સ) | કુલ ટ્રાન્સપોર્ટ |
| ઉત્તર | પંજાબ | ૪૮૪,૨૯૧ | ૧૪૬,૪૨૩ | ૫૮,૨૫૨ | ૩,૧૨૭ | ૬૨૭,૯૪૬ | **૧,૩૨૦,૦૩૯** |
| | ઉત્તર પ્રદેશ | ૨૭૭,૬૨૭ | ૩૪૨,૧૬૦ | ૬૪,૮૯૨ | ૧૧૨,૨૭૬ | ૨૯૯,૮૫૧ | **૧,૦૯૬,૮૦૬** |
| | હરિયાણા | ૩૮૬,૧૧૭ | ૧૯૯,૨૨૬ | ૫૬,૫૪૯ | ૬૮,૫૮૩ | ૧૮૭,૫૧૯ | **૮૯૭,૯૯૪** |
| | જમ્મુ અને કાશ્મીર | ૫૦,૫૩૦ | ૮૨,૮૦૪ | ૩૧,૫૬૫ | ૪૧,૪૮૩ | ૨૧,૭૮૧ | **૨૨૮,૧૬૩** |
| | હિમાચલ પ્રદેશ | ૭૭,૮૭૨ | ૬૯,૨૩૪ | ૨૨,૮૫૩ | ૩૪,૭૦૬ | ૩,૯૫૩ | **૨૦૮,૬૧૮** |
| | ઉત્તરાંચલ | ૭૩,૯૨૯ | ૪૪,૦૧૮ | ૫,૫૭૦ | ૪૮,૧૮૭ | ૨૫,૫૭૯ | **૧૯૭,૨૮૩** |
| | દમણ અને દીવ | ૪,૭૭૮ | ૧,૯૯૦ | NA | ૭૪ | ૧,૩૦૫ | **૮,૧૪૭** |
| | આંદામાન અને નિકોબાર ટાપુઓ | NA | NA | ૧,૧૦૬ | ૪૮૯ | ૪,૯૩૧ | **૬,૫૨૬** |
| | દિલ્હી | ૬૫૩,૫૦૨ | NA | ૯૭,૦૬૫ | ૧૩૨,૯૬૭ | ૬૭૩,૩૪૨ | **૧,૫૫૬,૮૭૬** |
| | મેઘાલય | ૧૫,૪૨૬ | ૧૨,૬૫૪ | ૫,૬૬૮ | ૨૪,૧૭૨ | ૨૧,૯૩૯ | **૭૯,૮૫૯** |
| | ઝારખંડ | ૬૯,૧૨૪ | ૧૬૨,૧૨૨ | ૭૫,૬૩૬ | ૧૬,૮૩૭ | ૧૫૩,૩૩૨ | **૪૭૭,૦૫૧** |
| | પશ્ચિમ બંગાળ | ૪૮૧,૮૮૦ | NA | ૩૫,૩૬૯ | ૧૨૮,૩૦૮ | ૭૦,૦૧૦ | **૭૧૫,૫૬૭** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઓરિસ્સા | ૧૬૯,૩૨૪ | ૧૬૫,૮૫૮ | ૨૬,૧૫૦ | ૧૧૫,૧૩૯ | ૧૩૯,૭૩૨ | ૬૧૬,૨૦૩ |
| | બિહાર | ૧૦૬,૯૩૩ | ૫૫,૭૪૪ | ૩૨,૯૪૦ | ૯૭,૭૦૩ | ૨૭૬,૦૪૨ | ૫૬૯,૩૬૨ |
| | અસમ | ૧૪૭,૩૫૫ | ૧૧૯,૧૭૫ | ૨૪,૯૯૩ | ૫૯,૧૭૪ | ૧,૦૯,૨૧ | ૪૫૯,૭૧૮ |
| | નાગાલેન્ડ | ૧૪૧,૬૬૩ | ૨૩,૯૭૮ | ૬,૧૩૧ | ૯,૩૨૪ | ૧૯,૮૩૨ | ૨૦૦,૯૨૮ |
| | ત્રિપુરા | ૯,૦૯૫ | ૧૧,૫૨૫ | ૩,૦૫૧ | ૧૨,૫૪૨ | ૨૬,૩૪૦ | ૬૨,૫૫૩ |
| | મિઝોરમ | ૫,૮૭૭ | ૨૫,૫૬૮ | ૧,૩૦૬ | ૧૧,૩૬૩ | ૫,૧૩૦ | ૪૯,૨૪૪ |
| | મણીપુર | ૧૮,૩૭૪ | ૨,૬૧૯ | ૩,૮૨૫ | ૧૦,૪૮૦ | ૫,૫૪૭ | ૪૦,૮૪૫ |
| | સિક્કિમ | ૪,૦૧૮ | ૧,૫૯૧ | ૪૧૭ | ૧૪,૦૨૮ | NA | ૨૦,૦૫૪ |
| પૂર્વ | અરુણાચલ પ્રદેશ | ૯,૫૭૩ | NA | NA | NA | NA | ૯,૫૭૩ |
| | મહારાષ્ટ્ર | ૪૪૫,૩૭૦ | ૯૯૨,૮૫૬ | ૧૪૨,૯૮૯ | ૩૪૩,૬૫૯ | ૭,૧૦,૬૦ | ૨,૬૩૪,૯૩૪ |
| | ગુજરાત | ૪૦૧,૫૩૪ | ૬૭૭,૯૫૧ | ૮૯,૩૫૩ | ૧૨૩,૫૩૨ | ૫૫૧,૪૩૪ | ૧,૮૪૩,૮૦૪ |
| | રાજસ્થાન | ૫૬૯,૩૬૪ | ૧૦૮,૭૪૨ | ૧૦૭,૯૫૯ | ૧૪૧,૧૪૬ | ૧૯૪,૫૧૬ | ૧,૧૨૧,૭૨૭ |
| | ચંદીગઢ | ૧,૯૨૬ | ૯,૪૧૪ | ૨,૯૨૦ | ૮૬૮ | ૭,૬૮૬ | ૨૨,૮૧૪ |
| પશ્ચિમ | દાદરા અને નગર હવેલી | ૨,૯૮૪ | ૪,૦૧૯ | ૪૨૩ | ૨ | ૪૯૬ | ૭,૯૨૪ |
| | તમિલનાડુ | ૫૭૧,૪૩૯ | ૪૨૭,૩૨૯ | ૧૮૬,૧૮૨ | ૩૯૯,૬૬૯ | ૪૦૪,૩૭૭ | ૧,૯૮૮,૯૯૬ |
| | કર્ણાટક | ૩૦૭,૮૪૦ | ૪,૦૮,૦૫ | ૯૨,૬૦૨ | ૨૯૪,૬૮૪ | ૪૫૧,૯૮૦ | ૧,૫૫૫,૧૧૧ |
| | તેલંગાણા | ૬૧૫,૪૨૦ | NA | ૫૧,૭૪૨ | ૧૨૪,૮૩૦ | ૩૪૪,૯૯૩ | ૧,૧૩૬,૯૮૫ |
| | કેરળ | ૪૦૫,૬૯૯ | ૩,૨૬,૩૦ | ૩૦,૧૯૫ | ૭૭,૪૪૮ | ૩૫૬,૪૯૫ | ૧,૧૯૫,૮૬૭ |
| | આંધ્ર પ્રદેશ | ૧૬૨,૬૯૪ | ૨૧૧,૧૬૮ | ૪૪,૪૮૨ | ૮૨,૧૯૦ | ૪૯૭,૬૧૦ | ૯૯૮,૧૪૪ |
| | ગોવા (સી) | ૪૪,૨૧૯ | ૧૮,૪૧૬ | ૧૧,૭૩૩ | ૧૯,૩૫૦ | ૪,૪૩૩ | ૯૮,૧૫૧ |
| | પોંડીચેરી | ૧,૧૪૩ | ૧૧,૩૨૫ | ૨,૭૨૨ | ૫,૧૨૪ | ૬,૯૫૨ | ૨૭,૨૬૬ |
| દક્ષિણ | લક્ષદ્વીપ | NA | ૧,૦૮૨ | NA | ૨૫૦ | ૭૫૦ | ૨,૦૮૨ |
| મધ્ય | મધ્યપ્રદેશ | ૨૦૯,૨૭૫ | ૨૬૬,૨૭૪ | ૪૭,૮૮૪ | ૧૯,૯૭૫ | ૧૨૭,૪૮૭ | ૬૭૦,૮૯૫ |
| | છત્તીસગઢ | ૧,૨૯,૪૭ | ૯૫,૪૨૮ | ૬૩,૮૨૯ | ૨૩,૬૦૧ | ૪૦,૭૩૩ | ૩૫૨,૬૩૮ |
| કુલ ટોટલ | | **૭,૦૫૫,૨૪૨** | **૫,૦૨૪,૭૨૮** | **૧,૪૨૮,૩૫૩** | **૨,૫૯૭,૨૯૦** | **૬,૩૭૩,૧૩૪** | **૨૨,૪૭૮,૭૪૭** |

સ્રોત:

ટ્રાન્સપોર્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર મંત્રાલય સાથે સંયુક્ત રીતે રાજ્યોના ટ્રાન્સપોર્ટ વિભાગો વચ્ચે ત્રિકોણીય સહસંબંધ, excellence4u દ્વારા એસ્ક્ટ્રાપોલેટ કરેલ

પરિવહન ઉદ્યોગ કુલ નોકરીનો સ્ટોક (૨૦૧૬-૧૭)

## કોષ્ટક - ૯

| | ટ્રકો | LMV (ગુડ્સ) | બસો | ટેક્સીઓ | LMV (પેસેન્જર્સ) | કુલ ટ્રાન્સપોર્ટ |
|---|---|---|---|---|---|---|
| વાહન દીઠ સર્જાયેલી નોકરીઓ ધારણા કરીને | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | |
| વાહન દીઠ નોકરીઓ | ૧,૪૧,૧૦,૪૮૪ | ૧,૦૦,૪૯,૪૫૬ | ૨૮,૫૬,૭૦૬ | ૫૧,૯૪,૫૮૦ | ૧,૨૭,૪૬,૨૬૮ | ૪,૪૯,૫૭,૪૯૪ |
| ૨૦% ના દરે પડી રહેલા વાહનો ધારણા કરીને | -૨૮,૨૨,૦૯૭ | -૨૦,૦૯,૮૯૧ | -૫,૭૧,૩૪૧ | -૧૦,૩૮,૯૧૬ | -૨૫,૪૯,૨૫૪ | -૮૯,૯૧,૪૯૯ |
| ટ્રાન્સપોર્ટેશન ઉદ્યોગમાં કુલ નોકરીનો સ્ટોક (૨૦૧૬-૧૭) | ૧,૧૨,૮૮,૩૮૭ | ૮૦,૩૯,૫૬૫ | ૨૨,૮૫,૩૬૫ | ૪૧,૫૫,૬૬૪ | ૧,૦૧,૯૭,૦૧૪ | ૩,૫૯,૬૫,૯૯૫ |

## કોષ્ટક - ૧૦

| ક્ષેત્ર | | દર વર્ષે નવી નોકરી |
|---|---|---|
| **ઔપચારિક ક્ષેત્રોમાં સર્જાયેલી કુલ નવી નોકરીઓ (EPFO, NPS, ESIC)** | | ૭૧,૦૦,૦૦૦ |
| સીએ, વકીલો અને મેડિકલ પ્રોફેશનલ્સ | ૬,૦૯,૧૧૬ | |
| અન્ય પ્રોફેશનલ્સ | ૩,૦૦,૦૦૦ | |
| ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર | ૧૯,૯૧,૩૫૪ | |
| અનૌપચારિક ક્ષેત્રમાં સર્જાયેલી કુલ નવી નોકરીઓ | ૨૯,૦૦,૪૭૦ | |
| વર્ષ દીઠ સર્જાયેલી કુલ નોકરીઓ | ૧,૦૦,૦૦,૪૭૦ | |

## કોષ્ટક - ૧૧

| યોજના | | કુલ સ્ટોક |
|---|---|---|
| **EPFO** (શૂન્યેતર) | | ૬,૦૦,૦૦,૦૦૦ |
| સરકારી પેરાસ્ટેટલ | | ૨,૫૦,૦૦,૦૦૦ |
| **ESIC** | | ૧,૦૦,૦૦,૦૦૦ |
| સંગઠિત ક્ષેત્રમાં સર્જાયેલી કુલ નવી નોકરીઓ | | ૯,૫૦,૦૦,૦૦૦ |

**કોષ્ટક - ૧૨**

| ક્ષેત્ર | | કુલ નોકરીનો સ્ટોક |
|---|---|---|
| ઔપચારિક ક્ષેત્રોમાં કુલ નોકરીનો સ્ટોક (EPFO, GPF, ESIC) | | ૯,૫૦,૦૦,૦૦૦ |
| પ્રોફેશનલ્સ | ૧,૦૮,૩૭,૫૩૧ | |
| ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર | ૩,૫૯,૬૫,૯૯૫ | |
| અનૌપચારિક ક્ષેત્રમાં કુલ નોકરીનો સ્ટોક | ૪,૬૮,૦૩,૫૨૬ | |
| નોકરીઓનો કુલ સ્ટોક | ૧૪,૧૮,૦૩,૫૨૬ | |

ઉપરાંત અન્ય સંખ્યાબંધ સ્ત્રોતોનું પરિબળ છે. જોકે, ટૂંકાણ અને તર્ક ખાતર, અમે માત્ર એવું અનુમાન લગાવ્યું છે કે, પ્રોફેશનલ અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રો દ્વારા આપવામાં આવતી રોજગારી સામાજિક સુરક્ષા દ્વારા આવરી લેવામાં આવતી નથી. આ ક્ષેત્રોમાંથી જ દર વર્ષે અંદાજે ૨૯ લાખ રોજગારીનું સર્જન થાય છે. એકંદરે જોવામાં આવે તો, ઔપચારિક અને આ અનૌપચારિક ક્ષેત્રોથી, ભારતમાં દર વર્ષે ૧ કરોડથી વધુ રોજગારીનું નિર્માણ થાય છે. જોકે આ વિધાન હજી પણ અપૂરતું કહી શકાય કારણ કે કેટલાક અનૌપચારિક ક્ષેત્રો અને MSME ને આ ગણતરીમાં આવરી લેવામાં આવ્યા નથી. રોજગારીના પરિદૃષ્યનું સંપૂર્ણ ચિત્ર સુધારેલા માહિતી રિપોર્ટિંગ માપદંડો પર વિશાળ ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરીને જ મેળવી શકાય. આ લેખમાં

અમે દર વર્ષે હેતુપૂર્ણ રીતે રોજગારીના પરંપરાગત પ્રવાહને નક્કી કરવા માટે પ્રોફેશનલ્સ અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રના કેટલાક સુનિયોજિત હિસ્સા સુધી જ સિમિત રહ્યા છીએ.

વધુમાં, ભારતમાં કુલ સક્રીય માનવ શ્રમદળ વિવિધ અભ્યાસોમાં અંદાજે ૫૦ કરોડ હોવાનું અનુમાન (NSSO ૨૦૧૨ના આધારે અનુમાનિત) છે. વર્લ્ડ બેંકના જણાવ્યા અનુસાર, આ નોકરીઓના સર્જનમાં કૃષિનું યોગદાન અંદાજે ૪૩ ટકા છે, આમ ઉદ્યોગ અને સેવાઓમાં અંદાજે ૨૮.૫ કરોડ લોકો આવે છે. તેમાંથી, આપણે રૂઢિવાદી રીતે માની શકીએ કે, કોષ્ટક ૧૧ અનુસાર ૯.૫ કરોડ લોકો ઔપચારિક રોજગારીમાં છે. આ કારણે ભારત વિશ્વમાં ઔપચારિક નોકરીઓના સર્જનમાં ચીન અને યુ.એસ. પછી ત્રીજા ક્રમે આવે છે.

જો ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર અને પ્રોફેશનલ્સ દ્વારા સર્જાયેલી નોકરીઓને આપણે ધ્યાનમાં લઈએ તો તેમાં ૪.૭ કરોડ સુધીની વૃદ્ધિ થઈ શકે છે. મતલબ કે, અનૌપચારિક ક્ષેત્રોમાં અન્ય ન આવરી લેવાયેલા ક્ષેત્રોના બાકીના ૧૪.૩ કરોડ કર્મચારીઓ, સર્વે દ્વારા બેરોજગારી માટે સમયાંતરે સમાયોજિત કરવાની જરૂર પડે છે.

આ વિશ્લેષણો એ તથ્ય સ્પષ્ટ કરે છે કે, ભારતમાં, ખરેખર તો, નોકરીના સર્જનની સમસ્યા જ નથી, પરંતુ વેતનની સમસ્યા છે. ઓછુ વેતન (દર મહિને અંદાજે રૂપિયા ૧૫ - ૨૦ હજાર), ખાસ કરીને અનૌપચારિક અર્થતંત્રમાં હોવાથી, દેશના લોકો આરામદાયક અને ઉત્પાદનક્ષમ જીવન જીવી શકતા નથી. સારી નોકરીના સર્જનની દિશામાં પ્રયત્નો હાથ ધરવાની જરૂર છે જેમાં વધુ સામાજિક સુરક્ષા કવરેજ અને બહેતર ડેટા એકત્રિકરણ હોવું જોઈએ જેથી યોગ્ય નીતિઓ ઘડી શકાય.

ભારતમાં રોજગારીની સ્થિતિ જાણવા માટે ડેટાનો અભાવ હોવાની સમસ્યા છે તે એક મહત્વની બાબત છે. સરકાર પાસે રહેલા સાચા ડેટા સાથે, ઘોષ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે, 'પેરોલ રિપોર્ટિંગ'ના સુનિયોજિત અભિગમનો ઉપયોગ કરીને આ ડેટાને વધુ સ્પષ્ટ અને ગોઠવેલો કરી શકાય છે અને મૂલ્યવાન આંતરિક બાબતો પણ બહાર લાવી શકાય છે.

સૌથી મહત્વની વાત કે, આ વિવાદિત ડેટા સાબિત કરે છે કે, બેરોજગારીમાં થઈ રહેલી વૃદ્ધિના દાવા તદ્દન પાયાવગરના સંપૂર્ણ ખોટા છે. ભારતના અર્થતંત્રએ ૧૯૯૧ થી ૨૦૧૮ સુધીમાં ૮.૭ ટકાના વાર્ષિક દરે નોંધપાત્ર પ્રગતિ કરી છે અને ભારતનું અર્થતંત્ર આ સમયમાં USD ૨૭૫ Bn થી USD ૨.૬ Tn સુધી પહોંચી ગયું છે. આવી પ્રગતિ નોકરી વગરનો વિકાસ ન હોઈ શકે. ઉપરાંત, ભારતનો વર્તમાન જીડીપી વિકાસ ૭.૫ ટકાના વાર્ષિક દરે થાય છે જે દર વર્ષે ઓછામાં ઓછા ૨.૫ – ૩ ટકાના દરે નોકરીઓની વૃદ્ધિના દરમાં ચોક્કસપણે યોગદાન આપે છે. આપણા વડાપ્રધાને જણાવ્યું તેમ, આપણે વધુ બહેતર જોબ ડેટા (નોકરીઓના ડેટા)ની જરૂર છે જેથી નોકરી વગરના વિકાસની માત્ર કાગારોળ કરવાના બદલે વધુ ઔપચારિક નોકરીઓના સર્જનની દિશામાં સારી નીતિ ઘડવા માટે ધ્યાન આપી શકાય.

ટી.વી. મોહનદાસ પાઈ, ચેરમેન
મણીપાલ ગ્લોબલ એજ્યુકેશન
**E-mail :**
mohan.pai@manipalglobal.com
યશ બૈદ 3one4 Capital ના રિસર્ચ વિભાગના વડા છે.
**E-mail :**
yashbaid@3one4capital.com

## વર્તમાન સ્થિતિ

# ભારતમાં રોજગારી : સુધરતું ચિત્ર

**સુરજીત એસ. ભલ્લા**




વર્તમાન સરકારે તેની રોજગારી વિસ્તારતી નીતિઓ તરફ દોરી જતા કેટલાક સુધારા હાથ ધર્યા છે. દા.ત. માર્ગ બાંધકામ પ્રવૃત્તિ (શ્રમ પ્રચૂર પ્રવૃત્તિ) ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને મુદ્રા યોજનાની પહેલ (નાના ઉદ્યોગસાહસિકો માટે ધિરાણની જોગવાઈ), નવા કર્મચારીઓને નોકરીએ રાખતા માલિકોને વેતન સબસીડી (પ્રોવિડંડ ફંડમાં માલિકના હિસ્સામાં સરકારનું યોગદાન) નો સમાવેશ થાય છે.

આ અભ્યાસ લેખ એ તાજેતરમાં તીર્થ દાસ અને મેં હાથ ધરેલાં ભારતમાં રોજગારીની સ્થિતિ અંગે કેટલાંક સંશોધનોની ટૂંકો સારાંશ છે. અમને જણાયું છે કે વર્ષ ૨૦૧૭-૧૮માં રોજગાર મજબૂત વૃધ્ધિ આશરે ૧૩ મિલિયન નોકરીઓ સાથે મજબૂત રહી છે. કેટલીક નીતિઓ જે આ વૃધ્ધિ તરફ દોરી ગઈ હોઈ શકે છે તે અંગે અમે અહીં ચર્ચા કરવાનું પસંદ કરીશું. જે કેટલીક કદ બહારની (દેખીતી રીતે) રોજગાર વૃધ્ધિ નાણાંકીય વર્ષ ૨૦૧૮માં થઈ છે તે એ હકીકતને કારણે થઈ હોઈ શકે છે કે અગાઉના વર્ષના રોજગારનું સ્તર સામાન્ય કરતાં ઓછુ રહ્યું હતું. સતત બે દુષ્કાળ અને મહત્વના બે આર્થિક સુધારા (નોટબંધી અને જીએસટી) ને કારણે આવું બન્યું હોઈ શકે છે.

અહીં હવે પછી હું રોજગાર સંબંધે કેટલાક સવાલોના જવાબ આપવાનો પ્રયાસ કરીશ.

**રોજગારીનો અંદાજ**

છેલ્લા ૪ વર્ષમાં રોજગાર નિર્માણની સ્થિતિ અંગે ભારે અનિશ્ચિતતા પ્રવર્તે છે. આ અનિશ્ચિતતા ઉભી થઈ તેનું કારણ રોજગાર અંગે મોટા પાયે NSSO (નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન) સર્વેક્ષણના અભાવે હતો. આવું છેલ્લું સર્વેક્ષણ વર્ષ ૨૦૧૧-૧૨માં યોજાયું હતું. NSSO સર્વેક્ષણ એ ભારત માટે ગોલ્ડ સ્ટાન્ડર્ડ છે.

આવા મહત્વના વિષય અંગે આંકડાઓનો અભાવ એ કમનસીબ બાબત છે. કેન્દ્ર સરકારે આ સમસ્યા પારખી છે અને ઓક્ટોબર ૨૦૧૮ થી શરૂ કરીને શહેરી વિસ્તારોમાં મોટા પાયે ત્રિમાસિક સર્વેક્ષણ અને ગ્રામ્ય વિસ્તારોમાં વાર્ષિક ધોરણે સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું છે.

NSSO સર્વેક્ષણ સામાન્ય રીતે દર પાંચ વર્ષે હાથ ધરવામાં આવે છે. NSSO સર્વેક્ષણ માટે મુલાકાતો જુલાઈ ૨૦૧૭ થી જૂન ૨૦૧૮ સુધીમાં પૂર્ણ થઈ છે. એવું શક્ય બની શકે છે કે આ સર્વેક્ષણના પ્રાથમિક પરિણામો કેલેન્ડર વર્ષ ૨૦૧૮ના અંતે પ્રસિધ્ધ કરવામાં આવશે ત્યાં સુધી આ અંગેની ચર્ચા ''ખાનગી'' અંદાજોને આધારે થતી રહેશે, જે રોજગાર સુધારા, મેક્રો પ્રવૃત્તિઓ વગેરે ઉપર આધારિત હશે.

**ભારતમાં રોજગાર વૃધ્ધિ- ઐતિહાસિક રેકોર્ડ**

ભારતમાં ઓછામાં ઓછુ વર્ષ ૨૦૦૪-૦૫ સુધી ''મજબૂત'' ધોરણે રોજગાર નિર્માણ થયું ન હતું. વર્ષ ૧૯૯૯-૨૦૦૦ અને વર્ષ ૨૦૦૪-૦૫માં નોકરીઓ વાર્ષિક ૨.૪ ટકાના ઝડપી દરે વધી હતી અથવા સરેરાશ વાર્ષિક નોકરી પ્રાપ્તિ ૯.૭ મિલિયન નોકરીઓની રહી હતી. જીડીપીની વૃધ્ધિ સરેરાશ ૫.૬ ટકા રહી હતી.

NSSO ડેટાની સાથે સાથે (૨૦૦૪-૦૫ થી ૨૦૧૧-૧૨) જીડીપી વૃધ્ધિની સરેરાશ એકંદર કરતાં વધુ રહી હતી. ૭.૮ ટકાનો એકંદર વાર્ષિક વૃધ્ધિ દર (CAGR) રહ્યો હતો. આમ છતાં ૭ વર્ષના ગાળામાં કુલ નવી નોકરીઓ માત્ર ૧૧ મિલિયન જેટલી વધી હતી.

વર્ષ ૨૦૧૧-૧૨ પૂર્વેના ગાળામાં એવા કેટલાક પરિબળો કાર્યરત હતા, જે ''મજબૂત'' રોજગાર નિર્માણની વિરૂધ્ધમાં

દલીલો દર્શાવતા હતા. આ ગાળાના પ્રથમ બે વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૪-૧૫ અને વર્ષ ૨૦૧૫-૧૬ દુષ્કાળના વર્ષ હતા. ૧૫૦ વર્ષના ઈતિહાસમાં માત્ર પાંચમી વાર દુષ્કાળ નોંધાયો હતો. દુષ્કાળ આર્થિક વિકાસને ઉદ્દીપક બનતા નથી અને ખેતી લક્ષી (ગ્રામ્ય) રોજગાર માટે પણ ઉદ્દીપક હોતા નથી.

વિતેલાં આ બે વર્ષમાં હવામાન સામાન્ય રહ્યું હતું પણ મહત્વના બે સુધારા હાથ ધરવામાં આવ્યા હતા. (નોટબંધી અને જીએસટી) બંને સુધારાની કેટલાંક ઉદ્દેશો હતા. મુખ્યત્વે તો સીધા કરવેરા ભરપાઈ કરવા ઉપર તેની નોંધપાત્ર અસર થઈ હતી. નોટબંધી અને આડકતરા વેરાનું એકત્રીકરણ (જીએસટી) આ બંને સુધારાના કારણે કેટલીક અનિયમિતતાઓ ઉભી થઈ હતી અને આ કારણે જ ટૂંકા ગાળા માટે આર્થિક વિકાસ અને રોજગાર નિર્માણને અસર થઈ હતી.

વર્તમાન સરકારને એક ખંડિત બેંકીંગ વ્યવસ્થાનો વારસો મળેલો છે. નૉન-પર્ફોર્મિનીંગ એસેટસ એક દાયકામાં સૌથી ઉંચે ગઈ છે અને સરકારી માલિકીની બેંકોમાં આ પ્રમાણ ૮ ટકા જેટલું રહ્યું છે. આ ઉપરાંત બેંકીંગ ક્ષેત્રે જે સુધારા થયા તે ટૂંકા ગાળામાં વૃધ્ધિમાં વધારો કરી શકે તે પ્રકારના ન હતા. આખરે જાણે કે વૃધ્ધિને ઘટાડનારા પરિબળો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ ન હતા અને ભારતિય અર્થતંત્ર એ વર્ષ ૨૦૧૪ પછી રિયલ પોલિસી રેટમાં સૌથી મોટો વધારો જોયો હતો. મે, ૨૦૧૪માં મોનેટરી પોલિસીનો રેપો રેટ ૮ ટકા હતો. CPI ફૂગાવાનો દર ૮.૩ ટકા એટલે કે રિયલ પોલિસી રેટ કરતાં (માઈનસ) -૦.૩ ટકા હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે રિયલ પોલિસી રેટ ૨.૫ ટકા હતો, જે નાણાંકીય વર્ષ ૨૦૦૫માં રેપો વ્યવસ્થા અમલમાં આવી તે પછી સૌથી ઉંચો જોવા મળ્યો હતો. નાણાંકીય વર્ષ ૨૦૦૫ (જ્યારે રિયલ પોલિસી રેટ ૨.૫ ટકા હતો) માં ત્યારે તે વિશ્વમાં (બ્રાઝિલ અને રશિયા પછી) ત્રીજા નંબરનો સૌથી ઉંચો દર હતો.

**નોકરીઓની આવશ્યકતા**

રોજગારીના દરનું સાતત્ય જાળવી રાખવા માટે ઘણીવાર જે નોકરીઓની સંખ્યા જરૂરી ગણાય છે તે માટે ૧૦ થી ૧૨ મિલિયનની રોજગારીને યોગ્ય ગણવામાં આવે છે. અમે માનીએ છીએ કે એક વર્ષ પછી જયારે રોજગારીનો જરૂરી દર ૧૦.૨ મિલિયન બન્યો ત્યારથી એટલે કે ૨૦૦૪-૦૫ થી આ તારણ માન્ય રહ્યું ન હતું. વર્ષ ૨૦૧૧ સુધીમાં આ જરૂરિયાત ઘટાડીને વાર્ષિક ૧૦.૨ મિલિયન નોકરીઓની કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૧૭માં આ જરૂરિયાત માત્ર ૭.૫ મિલિયન ગણવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨ માટે આ જરૂરિયાત ફરીથી ઘટાડીને ૬.૯ મિલિયન કરવામાં આવી છે. વર્તમાન સરકારે તેની રોજગારી વિસ્તારતી નીતિઓ તરફ દોરી જતા કેટલાક સુધારા હાથ ધર્યા છે. દા.ત. માર્ગ બાંધકામ પ્રવૃત્તિ (શ્રમ પ્રચૂર પ્રવૃત્તિ) ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને મુદ્રા યોજનાની પહેલ (નાના ઉદ્યોગસાહસિકો માટે ધિરાણની જોગવાઈ), નવા કર્મચારીઓને નોકરીએ રાખતા માલિકોને વેતન સબસીડી (પ્રોવિડંડ ફંડમાં માલિકના હિસ્સામાં સરકારનું યોગદાન) નો સમાવેશ થાય છે.

બાંધકામ ક્ષેત્રે જીડીપીના દરમાં વૃધ્ધિ એ નાણાંકીય વર્ષ ૨૦૧૮ માં જીડીપી વૃધ્ધિનું મોટું પ્રેરક બળ બની રહ્યું છે અને આ વધારો છેલ્લા ૬ વર્ષમાં સૌથી વધુ રહ્યો છે. માત્ર બાંધકામ પ્રવૃત્તિ દ્વારા ૧.૭ મિલિયનથી માંડીને ૩ મિલિયન સુધીની નોકરીઓ નાણાંકીય વર્ષ ૨૦૧૮માં ઉમેરાઈ હતી.





**રોજગારીમાં વૃધ્ધિના ''ખાનગી'' અંદાજો**

હાલની સ્થિતિએ રોજગારીમાં વૃધ્ધિ અંગેના ત્રણ અંદાજો અસ્તિત્વ ધરાવે છે. પ્રથમ અંદાજ છે- પ્રાઈવેટ ડેટા કંપની સેન્ટર ફોર મોનિટરીંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE) કે જે મુંબઈ શેર બજારના સહયોગથી કામ કરે છે અને અખીલ ભારતીય સ્તરે રોજગારીના અંદાજો જાન્યુઆરી ૨૦૧૬ થી માસિક ધોરણે પ્રસિધ્ધ કરે છે. આ ડેટા દર્શાવે છે કે મે, ૨૦૧૭ થી એપ્રિલ ૨૦૧૮ સુધીમાં ૩ મિલિયન નોકરીઓનો ઘટાડો થયો હતો. બીજો અંદાજ પુલક ઘોષ (પ્રોફેસર ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, બેંગ્લોર) અને સૌમ્ય ઘોષ (ગ્રુપ ચીફ ઈકોનોમિક એડવાઈઝર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા) એ તેમના અભ્યાસ લેખ "Towards Payroll Reporting in India" અભ્યાસ લેખમાં તેમણે ભારતમાં સૌ પ્રથમ પે-રોલ આધારિત નોકરીઓમાં ફેરફાર અંગેનો અંદાજ રજૂ કર્યો છે. સંસ્થાઓના પે-રોલમાં કર્મચારીઓના પ્રોવિડંડ ફંડમાં યોગદાન અથવા તો સોશ્યલ સિક્યોરિટી પેમેન્ટ (EPFO) માં પ્રદાન દર્શાવાય છે. EPFO સામાજીક સુરક્ષામાં પ્રદાન દર્શાવે છે. તેમણે નોકરીઓ પ્રાપ્ત થવા અંગેનો પ્રથમ અહેવાલ માર્ચ ૨૦૧૮માં બહાર પાડ્યો હતો. તેમાં તેમણે ૭ મિલિયન નોકરીઓ નૉન-ફાર્મ ક્ષેત્રમાં ઉભી થઈ હોવાનો અંદાજ મૂક્યો હતો. તેમના તાજા અંદાજ (૧૮ જુલાઈ, ૨૦૧૮) માં દર્શાવાયું છે કે ઓછામાં ઓછી ૧૦ મિલિયન નોકરીઓ નાણાંકીય વર્ષ ૨૦૧૮માં ઉભી કરી શકાઈ હતી.

ત્રીજો અંદાજ તીર્થ દાસ અને મારા (લેખક) દ્વારા પૂરો પાડવામાં આવ્યો છે, જેમાં નાણાંકીય ૨૦૧૮માં ૧૨.૮ મિલિયન નોકરીઓ ઉભી થઈ હોવાનો અંદાજ છે. અમારા અંદાજમાં મેક્રો ડેટા (એટલે કે ઉપર ચર્ચા થઈ છે તે મુજબ બાંધકામ ક્ષેત્રે જીડીપી વૃધ્ધિ), EPFO ડેટા (૧૮ થી ૨૧ વર્ષની વયના લોકો માટે), વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ના શ્રમ દળના સર્વેક્ષણો અને વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭માં બેરોજગારી અંગેના CMIE ડેટા ઉપયોગમાં લેવાયો છે.

**વસતિ વિષયક પરિબળ ભારતની તરફેણમાં**

વસતિ વિષયક ડિવિડંડ અને વસતિ વૃધ્ધિનો ઉંચો દર હવે ઈતિહાસનો એક હિસ્સો બની ગયા છે. નેશનલ ફર્ટિલિટી રેટના રિપ્લેસમેન્ટ લેવલ (દરેક મહિલા દીઠ ૨.૧ બાળક) અને વસતિનો વૃધ્ધિ દર બે દાયકા પહેલાં ૧.૮ % હતો તે ઘટીને માત્ર વાર્ષિક ૧.૧ % થઈ ગયો છે.

યુવા વયના (૧૫ થી ૨૪) લોકોના સમુદાયમાં આગામી પાંચ વર્ષમાં ૨.૫ મિલિયનનો વધારો થશે (૨૦૧૭માં ૨૩૬.૨ મિલિયનથી વધીને ૨૦૧૭માં ૨૩૮.૭ મિલિયન). યુવા વર્ગની વસતિ અંગે થોડીક વિસ્તૃત વ્યાખ્યા લઈએ તો પણ આગામી પાંચ વર્ષમાં માત્ર ૧૧.૭ મિલિયનનો વધારો થાય છે, જે વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ વચ્ચેના દરની તુલનામાં લગભગ બમણો છે. વર્ષ ૨૦૦૪-૦૫ અને વર્ષ ૨૦૧૧-૧૨ની વચ્ચે શૈક્ષણિક ક્ષેત્રે નોંધણીમાં મજબૂત વિસ્તરણ જોવા મળ્યું છે. આ ગાળામાં અંદાજે ૪૦ મિલિયન લોકો (વય જૂથ>=૧૫ વર્ષ) શાળા કે કોલેજોમાં ગયા હતા. હવે પછીના ૬ વર્ષમાં એવો અંદાજ છે કે શિક્ષણ ક્ષેત્રે નોંધણી વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૦૧ મિલિયન હતી તે વર્ષ ૨૦૧૭માં વધીને ૧૧૨ મિલિયન થઈ છે.

ભારતના શ્રમ દળમાં મહિલાઓની સામેલગિરીમાં ઘટાડો થયો છે ત્યારે આ ઘટાડો બે કારણોથી થયો હોવાની ગેરસમજ ઉભી થઈ છે. આમાંનો અડધો ઘટાડો એ કારણે થયો હતો કે મહિલાઓ વધુ પ્રમાણમાં શાળાઓ (કે કોલેજો) માં જવા માંડી છે અને બીજુ, શ્રમદળમાં મહિલાઓની સામેલગિરીમાં ઘટાડો થયો તેનું કારણ એ છે કે પુરૂષોની સામેલગિરીમાં પણ લગભગ સમાન દરે ઘટાડો થયો છે. મહિલાઓ માટે શ્રમદળમાં સામેલગિરીનો દર ૨૪ વર્ષથી વધુ છે અને તે છેક ૨૦૦૯ થી સ્થિર દર છે. મહિલાઓમાં શિક્ષણ પ્રાપ્ત કરવાનું વધતા જતા પ્રમાણને કારણે પણ શ્રમદળમાં મહિલાઓની સામેલગિરી વધવી જોઈએ અને ભવિષ્યમાં રોજગારીમાં પણ વૃધ્ધિ થવી જોઈએ.

**સંદર્ભો:**


1. Ghosh & Ghosh "Towards a Payroll Reporting In India" , 2018. Available at http://www.iimb.ac.in/sites/default/files/Payroll per cent 20 in per cent 20 India detailed_0.pdf
2. Bhalla, Surjit S. and Tirtha Das, "All you wanted to know about Jobs in India- but were afraid to ask" at www.eacpm.gov.in, also at ssbhalla.org



લેખક ઓક્સસ ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન છે.


**Email:** ssbhalla@gmail.com

# રોજગારી માટેનાં મહત્વનાં પરિબળ
# નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંત સાથે યોજના ટીમની મુલાકાત



**ભારતના યુવાનો માટે રોજગારીની તકો ઉભી કરવા માટેના પડકારો કયા છે ?**

ભારત યુવાનોની સૌથી મોટી વસતિ ધરાવે છે અને તેમાંથી આશરે ૨૭ ટકા જેટલી વસતી ૧૫ થી ૨૯ વર્ષના વય જૂથની છે. ભારત આ યુવાનોની શક્તિનો લાભ લઈને દુનિયામાં કૌશલ્ય માટેની રાજધાની બની શકે તેમ છે, પરંતુ શિક્ષણનું અને કૌશલ્યનું નીચું સ્તર,



શિક્ષણ છોડી દેવાનો ઉંચો દર તેમજ શિક્ષણ છૂટી જવાને કારણે ભારતના યુવાનોની રોજગારપાત્રતાને અને વિવિધ પ્રકારનાં જૂથોને આર્થિક પ્રવૃત્તિઓના ક્ષેત્ર મુજબ વિતરણને અસર થાય છે. પ્રવેશના સ્તરે (૧૫ થી ૧૭ વર્ષની વયે) મોટાભાગના યુવાનો ઓછુ કૌશલ્ય માંગી લેતી નોકરીઓ પસંદ કરે છે અને ખેતી ક્ષેત્રે પ્રવેશ કરે છે અને ત્યાર બાદ બાંધકામ અને મેન્યુફેક્ચરીંગને પસંદ કરે છે, ત્યાર બાદ વેપાર/ ટ્રાન્સપોર્ટ પસંદ કરે છે તેમજ પાછળનાં વર્ષોમાં (૧૮ થી ૨૯) બાંધકામ અને મેન્યુફેક્ચરીંગ પસંદ કરે છે પણ ખેતી એ એક મજબૂત પસંદગી બની રહે છે.

વધુમાં શૈક્ષણિક લાયકાત વધવાની સાથે બેરોજગારીનો દર પણ વધતો જતો હોવાની તરાહ જોવા મળે છે. અર્થાત ગ્રેજ્યુએટ અને તેથી વધુ શિક્ષણ ધરાવનાર વર્ગમાં બેરોજગારીનો દર ૧૮.૪ ટકા જેટલો ઉંચો છે અને પ્રાથમિક શિક્ષણ સુધીનો અભ્યાસ ધરાવનાર વર્ગમાં આ દર ૩ ટકા જેટલો નીચો છે. યુવાનોની ઓછી રોજગારપાત્રતાનુ એક કારણ એ છે કે ૧૫ થી ૨૯ વર્ષની વયના મોટા ભાગના યુવાનો (૮૫ ટકા) સામાન્ય પ્રવાહનુ શિક્ષણ ધરાવે છે અને માત્ર ૧૨.૬ ટકા ટેકનીકલ અથવા તો પ્રોફેશનલ શિક્ષણ પસંદ કરે છે. અને માત્ર ૨.૪ ટકાએ વ્યવસાયિક શિક્ષણ મેળવેલું હોય છે.

ઔપચારિક રોજગારી વધારવાની પણ આવશ્યકતા છે.એનુ પ્રમાણ હાલમાં શ્રમ દળના માત્ર ૮ ટકા જેટલુ છે. આ સંજોગોને કારણે મોટા ભાગના યુવાનોએ ઓછા પગારની નોકરીઓ પસંદ કરવી પડે છે અને ગરીબ રહી જાય છે.

આ બાબત સૂચવે છે કે શાળાઓના ભણતરમાં તથા અભ્યાસક્રમમાં ધોરણ ૬ થી જ વ્યવસાયલક્ષી શિક્ષણનો સમાવેશ કરવો જોઈએ. આવુ થશે તો વિદ્યાર્થીઓ અથવા તો યુવાનોમાં ઔપચારિક શિક્ષણમાં ઘટતી જતી રૂચિ નિવારી શકાશે અને નોકરી માટે કૌશલ્ય પ્રાપ્ત કરવાની તેમની ધગશમાં વધારો

"હાલમાં ભારત જંગી વસતિ વિષયક ક્ષમતાને કારણે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે.જો આ વસતિ વિષયક લાક્ષણિકતાનું યોગ્ય કૌશલ્ય દ્વારા પ્રોડક્ટીવ શ્રમ દળમાં રૂપાંતર કરી શકાય તો તેના દ્વારા જીડીપીની વૃધ્ધિમા વધારો કરી શકાય."

**અમિતાભ કાંત, સીઈઓ,**
**નીતિ આયોગ.**

થશે.

"હાલમાં ભારત જંગી વસતિ વિષયક ક્ષમતાને કારણે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે.જો આ વસતિ વિષયક લાક્ષણિકતાનું યોગ્ય કૌશલ્ય દ્વારા પ્રોડક્ટીવ શ્રમ દળમાં રૂપાંતર કરી શકાય તો તેના દ્વારા જીડીપીની વૃધ્ધિમાં વધારો કરી શકાય."**અમિતાભ કાંત, સીઈઓ, નીતિ આયોગનો યોજના ટીમને આપેલો પ્રતિભાવ**

શાળાના અભ્યાસ પછી કામ તરફ જવાનું હોય ત્યારે યુવાનોને સામાન્ય એજ્યુકેશનને બદલે ટેકનીકલ અથવા તો વ્યવસાયલક્ષી શિક્ષણ પસંદ કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ અને વ્યવસાયિક અથવા તો ટેકનીકલ શિક્ષણ માટેની ફી પ્રોત્સાહક બની રહે તેવી હોવી જોઈએ. મોટા ભાગના આવા ઈન્સ્ટીટ્યુટ ખાનગી ક્ષેત્રમાં આવેલા હોવાથી ઓછી આવક ધરાવતા સમુદાયના યુવાનો માટે ત્યાં શિક્ષણ લેવું મુશ્કેલ બને છે.

**ભારતનું શ્રમદળ વર્ષ ૨૦૨૨ સુધીમાં ૬૦૦ મિલિયન સુધીના આંકડે પહોંચી જશે. આ શ્રમદળ માટે નવી ઉભરતી તકો કઈ છે ?**

હાલમાં ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે અને જંગી વસતિ વિષયક ક્ષમતા ધરાવે છે. વસતિના આ પરિબળને યોગ્ય કૌશલ્યના માધ્યમથી પ્રોડક્ટીવ શ્રમદળમાં રૂપાંતરીત કરી શકાય તો આ વસતિ વિષયક ક્ષમતાનો જીડીપીનો વૃધ્ધિ દર વધારવામાં ઉપયોગ થઈ શકે તેમ છે. ઉદ્યોગોના વર્ષ ૨૦૧૩-૧૪ના વાર્ષિક સર્વેક્ષણમાં જણાવ્યા મુજબ કોક (Coke) અને રિફાઈન્ડ પેટ્રોલિયમ પ્રોડક્ટસ, બેઝીક મેટલ્સ, ફૂડ પ્રોડક્ટસ, કેમિકલ અને કેમિકલ પ્રોડક્ટસ, અને મોટર

વ્હિકલ્સ, ટ્રેઈલર્સ અને સેમી-ટ્રેઈલર્સર જેવા ક્ષેત્રો ઉત્પાદન (Output) મૂલ્યમાં ઓછામાં ઓછુ ૮૦ ટકા યોગદાન આપે છે અને તેનું એકંદર મૂલ્ય મૂડી પ્રચૂર ઉદ્યોગોના કુલ ઔદ્યોગિક ઉત્પાદનના ૫૦ ટકા જેટલું હોય છે.

રાજ્યો પ્રમાણે વિવિધ ક્ષેત્રોમાં રોજગારીના વિતરણમાં ભિન્નતા જોવા મળે છે. કેટલાક રાજ્યોમાં કુલ રોજગારીમાં ખેતીનું પ્રમાણ અખિલ ભારતીય સરેરાશ કરતાં નીચુ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં પ્રાપ્ત થયેલી રોજગારીમાં મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રનો હિસ્સો અખિલ ભારતીય સરેરાશ કરતાં વધુ છે. બાંધકામ ઉદ્યોગ તથા જથ્થાબંધ અને છૂટક વેપાર તેમજ અન્ય સર્વિસ સેક્ટરમાં પણ આ પ્રકારની તરાહ જોવા મળે છે.

ભારતમાં નોકરીઓની એકંદર વ્યવસ્થામાં ફેરફારો થતા જણાઈ આવે છે. ટેકનોલોજી આધારિત ક્ષેત્રોમાં આજીવિકા પ્રાપ્ત કરવાની તકો નવી નોકરીઓ દ્વારા ઉભી થઈ છે અને તેના કારણે હાલની નોકરીને બદલે નવી નોકરીની તક ઉભી થાય છે અથવા તો પ્રક્રિયા ક ટેકનોલોજીમાં ફેરફારને કારણે નવી તકો ઉભી થાય છે. માર્ગો, શીપિંગ, સ્માર્ટ સીટીઝ, રિન્યુએબલ એનર્જી, ટ્રાન્સપોર્ટસ અને રેલવેઝ, એરપોર્ટસ અને ડેડીકેટેડ ભેઈટ કોરિડોર્સને કારણે અર્થતંત્રમાં નોકરીઓ માટેની સુગમતા વધી છે. અટલ ઈનોવેશન મિશન, મુદ્રા, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા અને સ્ટેન્ડ-અપ ઈન્ડિયામાં મહિલા ઉદ્યોગસાહસિકતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હોવાના કારણે નોકરીઓની ઉપલબ્ધિ અને આજીવિકા માટેની તકો ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના ઓછુ કૌશલ્ય ધરાવતા લોકો માટે પણ ઉપલબ્ધ થઈ છે. આ ઉપરાંત માહિતી ટેકનોલોજી, ટેલિકોમ, બેંકીંગ અને ફાયનાન્સિયલ સર્વિસીસ, હેલ્થ કેર, રિટેઈલ, ઓટોમોબાઈલ અને ટુરિઝમ તથા હોસ્પિટાલિટી ક્ષેત્ર પણ રોજગાર નિર્માણની ક્ષમતા ધરાવે છે.

રોજગારી માટે મેન્યુફેક્ચરીંગ અને સર્વિસીસ બંને ક્ષેત્ર ઉપર ઝોક દર્શાવીને વસતિ વિષયક અને શૈક્ષણિક અથવા તો કૌશલ્યના પ્રોફાઈલમાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા વધારો કરીને ભારતમાં નોકરીઓ માટે જે ત્રણ પ્રકારની ઊણપોનો સામનો કરવો પડે છે તેને હલ કરવી જોઈએ. આ ઊણપોમાં (i) એકંદર નોકરીઓની ઘટ (ii) ઔપચારિક નોકરીઓની સંખ્યામાં ઘટાડો અને (iii) મહિલાઓ માટેની નોકરીઓની સંખ્યામાં ઘટાડાની સ્થિતિને હલ કરવા માટે બહેતર વ્યૂહરચના અપનાવી શકાય.

**"ભારતમાં નોકરીઓની એકંદર વ્યવસ્થામાં ફેરફારો થતા જણાઈ આવે છે. ટેકનોલોજી આધારિત ક્ષેત્રોમાં આજીવિકા પ્રાપ્ત કરવાની તકો નવી નોકરીઓ દ્વારા ઉભી થઈ છે અને તેના કારણે હાલની નોકરીને બદલે નવી નોકરીની તક ઉભી થાય છે"**

**તમે કોઈ સ્થળે એવો ઉલ્લેખ કર્યો હતો કે માત્ર ડીગ્રી ઉપર ભાર મૂકવા કરતાં કૌશલ્ય માટે ઝોક દર્શાવીને ભારતના શિક્ષણની પુનઃગોઠવણ કરવી જોઈએ. આ બાબત તમે વિસ્તારપૂર્વક જણાવશો?**

ભારતના શ્રમ બજારમાં ભારે વિરોધાભાસ જોવા મળે છે. કોઈપણ નોકરી ખુલે ત્યારે મોટી સંખ્યામાં લોકો અરજીઓ કરવા માંડે છે. જે નોકરીઓ અલ્પ માત્રામાં કૌશલ્યની જરૂર હોય તેવી નોકરીઓ પણ ભરવાનું મુશ્કેલ બને છે. મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રની આધુનિક નોકરીઓ ખૂબ જ સંકુલ પ્રકારની છે. અગાઉ આવી નોકરીઓમાં માત્ર સરળ એસેમ્બલીંગની કામગીરીની જરૂર પડતી હતી. વર્તમાન સમયના ટેકનોલોજી આધારિત અર્થતંત્રમાં એવી આગાહી કરવાનું મુશ્કેલ છે કે કઈ નોકરીઓમાં વૃધ્ધિ થશે અને કઈ નોકરીઓમાં ઘટાડો થશે. આપણી શિક્ષણ પધ્ધતિમાં એવી તાલીમ ક્ષમતા ઉભી કરવાની જરૂર છે કે જેમાં એક વ્યવસાયમાંથી બીજા વ્યવસાયમાં કૌશલ્ય તબદીલ કરી શકાય અને ચોક્કસ ઉદ્યોગોની જરૂરિયાતોને સમાંતરપણે સંતોષી શકાય. આવી તાલીમ એ મહત્વનો પડકાર એ છે. આ સ્થિતિનો ઉપાય દ્વિપક્ષી અભિગમ દ્વારા હલ કરી શકાય.

(i) એવુ કૌશલ્ય શીખવવું જોઈએ કે જે વિવિધ વ્યવસાયોમાં કામ લાગી શકે (ii) ચોક્કસ ઉદ્યોગ માટે જરૂરી નિશ્ચિત કૌશલ્ય પૂરૂ પાડવું અથવા ચોક્કસ ઉદ્યોગના એપ્રેન્ટીશીપ પ્રોગ્રામના હિસ્સા તરીકે વિવિધ વ્યવસાયનો સમન્વય કરવો.

નોકરીના સ્થળે જરૂરી એવું કૌશલ્ય વિકસાવવા માટે પ્રાથમિક તેમજ માધ્યમિક સ્થળે એવુ કૌશલ્ય પૂરૂ પાડવું તે ચિંતનનો વિષય છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના સ્તરે વિદ્યાર્થીઓને ટેકનીકલ સહિતના વિવિધ પ્રકારના કૌશલ્ય પૂરાં પાડવાની બહેતર સ્થિતિ હોય છે. શાળાઓ જતા વિદ્યાર્થીઓની નોંધપાત્ર સંખ્યાને વ્યવસાયિક શિક્ષણ આપી સક્ષમ બનાવવાથી એવા વિદ્યાર્થીઓ તૈયાર થશે કે જે માધ્યમિક શાળાના સ્તરે જ શ્રમદળમાં પ્રવેશવા માટેનું જરૂરી કૌશલ્ય ધરાવતા હશે. કેટલીક શિક્ષણ પધ્ધતિઓમાં શાળા આધારિત ભણતરમાં કામકાજ માટેનું ભણતર આપવામાં આવે છે. આવુ બેવડુ શિક્ષણ આપવાની પ્રથાનું ઉદાહરણ ઓસ્ટ્રેલિયા, જેક રિપબ્લિક, ડેનમાર્ક, હંગેરી, ધ નેધરલેન્ડ, સોલ્વેક રિપબ્લિક અને સ્વિત્ઝર્લેન્ડમાં જોવા મળે છે. કામકાજ શીખવતું ભણતર પ્રાપ્ત કરીને વિદ્યાર્થીઓ એવું કૌશલ્ય મેળવે છે કે જેમનું કામના સ્થળે મહત્વ હોય છે. કામ આધારિત ભણતર એ જાહેર - ખાનગી ભાગીદારી વિકસાવવા માટેનો એક માર્ગ છે અને સોશ્યલ પાર્ટનર્સ અને નોકરી દાતાઓને આ કામગીરીમાં સામેલ કરીને VET પ્રોગ્રામ હાથ ધરીને અભ્યાસક્રમનું માળખુ ઘડી શકાય.

હરિયાણા, હિમાચલ પ્રદેશ અને કેરાલા જેવા રાજ્યોએ માધ્યમિક શિક્ષણ અને કોલેજના સ્તરે વ્યવસાયલક્ષી શિક્ષણ દાખલ કરીને (B.Voc.ડીગ્રી) જેવી પહેલ હાથ ધરી છે. આ પ્રકારના શિક્ષણને પ્રોત્સાહન આપવું જરૂરી છે, કારણ કે ત્યાં વિદ્યાર્થીને ગ્રેજ્યુએશન પૂર્ણ થાય ત્યાં સુધીમાં સામાન્ય શિક્ષણને સમાંતરપણે નોકરીના બજાર માટે સજ્જ

કરવામાં આવે છે. માનવ સંસાધન વિકાસ મંત્રાલય (HRD) અંડર ગ્રેજ્યુએટસ પ્રોગ્રામમાં 'વ્યવસાયિક' ઘટકના ૧૦૦૦ કલાકનો સમાવેશ કરવા માટે વિચારણા કરી રહ્યું છે. આ ઉપરાંત બેચલર ઓફ આર્ટસમાં સોફ્ટ સ્કીલ્સ, માહિતી ટેકનોલોજી અને કેટલીક વિદ્યાશાખાઓ મુજબનું પ્રોફેશનલ શિક્ષણ તથા બેચરલ ઓફ સાયન્સ અને બેચલર ઓફ કોમર્સમાં પણ આ પ્રકારે નોકરીલક્ષી શિક્ષણ આપવાનું વિચારાઈ રહ્યું છે. નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ પોલિસીનો રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે સમન્વય કરીને શાળાઓમાં નેશનલ સ્કીલ્સ ક્વોલિફિકેશન્સ ફ્રેમવર્ક (NSQF) મારફતે વ્યવસાયિક અભ્યાસક્રમો શરૂ કરી શકાય. અટલ ટીંકરીંગ લેબ્ઝ દ્વારા વિદ્યાર્થીઓને નવતર પ્રકારની વિચારણા માટેની ટેવ વિકસાવવામાં આવે છે અને રૂપાંતરિત થઈ શકે તેવું પ્રેક્ટીકલ કૌશલ્ય પૂરૂ પાડવામાં આવે છે. દરેક શાળામાં એક કાઉન્સેલર માટેની જોગવાઈ અને બાળકમાં કેવી અભિરૂચિ છે તે ચકાસવાની વ્યવસ્થા આવશ્યક છે. આ ઉપરાંત નેશનલ એપ્રેન્ટીશીપ પ્રોગ્રામ સાથે જોડીને ટૂંકા ગાળાના અભ્યાસક્રમો હાથ ધરવા જોઈએ, જેથી વિદ્યાર્થીઓમાં સ્થાનિક જરૂરિયાત મુજબની બહેતર રોજગારપાત્રતા ઉભી થાય.

**કયું ક્ષેત્ર મહત્તમ નોકરીઓ ઉભી કરવાની ક્ષમતા ધરાવે છે ?**

ભારતના લેબર સરપ્લસ અર્થતંત્રમાં અન્ય વિકસીત અર્થતંત્રોની જેમ માળખાગત રૂપાંતરો જોવા મળતા નથી. ટેકનોલોજીકલ ક્રાંતિની રોજગારી ઉપર અસર થવા માંડી તેના ઘણાં સમય પહેલાં આપણે કૃષિ આધારિત વૃધ્ધિ તરફથી સર્વિસ આધારિત વૃધ્ધિ તરફ વળ્યા છીએ. સર્વિસ સેક્ટર દ્વારા ડીજીટલ ટેકનોલોજી અપનાવવામાં આવી છે. યુવા શ્રમદળની ઘણી મોટી સંખ્યા આ ક્ષેત્રમાં નોકરીઓ મેળવવા માટે આશાવાદી છે. કૌશલ્ય અથવા તો પુનઃકૌશલ્ય આપવા ઉપરાંત ભારત જે પડકારોનો સામનો કરી રહ્યું છે તેમાં વસતિ વિષયક લાભનો વિશેષ ફાયદો મેળવવાનો સમાવેશ થાય છે. આ માટે

**"ભારતના લેબર સરપ્લસ અર્થતંત્રમાં અન્ય વિકસીત અર્થતંત્રોની જેમ માળખાગત રૂપાંતરો જોવા મળતા નથી. ટેકનોલોજીકલ ક્રાંતિની રોજગારી ઉપર અસર થવા માંડી તેના ઘણાં સમય પહેલાં આપણે કૃષિ આધારિત વૃધ્ધિ તરફથી સર્વિસ આધારિત વૃધ્ધિ તરફ વળ્યા છીએ."**

નોકરીની વર્તમાન જરૂરિયાતોમાં પણ ફેરફારો દર્શાવવાની જરૂર છે તથા આપણે જેને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ તરીકે ઓળખીએ છીએ તેમાં વર્તમાન ડીજીટલ યુગમાં નવી નોકરીઓની ભૂમિકા ઉભી કરવાની જરૂર છે. ડીજીટલ ટેકનોલોજીનું સંકલન (integration) થવાના કારણે આગામી વર્ષોમાં નોકરીઓ માટેના ક્ષેત્ર મુજબનું વિભાજન ખાસ રહેશે નહીં અને આઈટી સંકલિત નોકરીઓ માટે તકો ઉભી થશે. હાલમાં મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ફેરફારની શરૂઆત થઈ ગઈ છે અને મુખ્ય ઉત્પાદન સિવાયના બાકીના કામકાજ માટે નોકરીઓ આઉટસોર્સ (બહારથી પ્રાપ્ત કરવી) ની પ્રથા શરૂ થઈ છે અને તે રીતે સર્વિસ સેક્ટર તરફનું વલણ જોવા મળે છે.


બીગ ડેટા એનાલિટીક, આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્ટ, રોબોટિક પ્રોસેસ ઓટોમેશન, ઈન્ટરનેટ ઓફ થીંગ્ઝ, ક્લાઉડ કોમ્પ્યુટીંગ અને વર્ચ્યુઅલ રિયાલિટી, બ્લોક ચેઈન અને ઈલેક્ટ્રીક વાહનો જેવા ક્ષેત્રોમાં ઉંચો પગાર આપતી નોકરીઓ ભવિષ્યમાં પ્રાપ્ત થશે. આમ છતાં ઓછું શિક્ષણ ધરાવતા અને ઓછું કૌશલ્ય ધરાવતા શ્રમદળ માટે નોકરીઓની તકો છે તેવા ક્ષેત્રોમાં વસ્ત્ર ઉદ્યોગ, ટેક્સટાઈલ, ચર્મ, પ્રવાસન અને હોસ્પિટાલિટી, બાંધકામ, ઉપરાંત ટેકનોલોજી આધારિત ઉદ્યોગસાહસિકતામાં પણ ગામડાંઓ અને શહેરોમાં ઝડપી વૃધ્ધિ થઈ રહી છે.

સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, મુદ્રા, સ્ટેન્ડ-અપ ઈન્ડિયા, સ્વચ્છ ભારત જેવી સરકારી પહેલને કારણે ઓછુ કૌશલ્ય ધરાવતા વર્ગ માટે પણ નોંધપાત્ર પ્રમાણમાં નોકરીઓ ઉભી થઈ છે. વધુમાં, જે ક્ષેત્રોમાં સરકાર મોટા પાયે રોકાણ કરી રહી છે, અથવા તો નીતિ વિષયક દરમ્યાનગિરી કરે છે અને મૂડી રોકાણને પ્રોત્સાહન આપે છે તેવા ક્ષેત્રોમાં કૃષિ, માળખાગત સુવિધાઓ, ઓટોમોટિવ, ટેક્સટાઈલ અને ચર્મ જેવા વિવિધ ક્ષેત્રોમાં શ્રમદળમાં નવા પ્રવેશનાર લોકો માટે રોજગારીની નવી તકો ઉભી થઈ છે. આ ઉપરાંત વર્તમાન શ્રમદળને પણ પુનઃ કૌશલ્ય પ્રાપ્ત કરીને બહેતર નોકરી મેળવવાની તક રહે છે.

**શું તમને લાગે છે કે નોકરીઓનું સર્જન કરવા માટે અને ઉદ્યોગસાહસિકતાની ભાવના કેળવવા માટે માનસિકતામાં પરિવર્તન લાવવાની જરૂર છે?**

ઉદ્યોગસાહસિકતા એ રોજગાર નિર્માણની તકો ઉભી કરવા અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટેનું એક મહત્વનું પ્રેરકબળ છે અને તે દ્વારા વૃધ્ધિને વેગ મળે છે. ભારતીય સંદર્ભમાં વાત કરીએ તો વસતિ વિષયક લાભ હાંસલ કરવાનું ખૂબ જ મહત્વનું બની રહે છે અને એ દ્વારા નિમ્ન કૌશલ્યો અને ઓછું શિક્ષણ હોવા છતાં રોજગારીની તકો પ્રાપ્ત કરી શકાય છે. વર્ષ ૨૦૧૪ પછી સરકારે મોટી સંખ્યામાં વિવિધ પ્રકારની પહેલ હાથ ધરીને લોકોની માનસિકતામાં પરિવર્તન લાવી ઉદ્યોગસાહસિકતાની ભાવના પ્રેરવા પ્રયાસ કર્યો છે. અગાઉ જે પડકારો હતા તેમાં ધિરાણની ઉપલબ્ધિ, બજાર સાથેનું જોડાણ અને નેટવર્ક તેમજ મેન્ટર્સનો સહયોગ આપવાનો પ્રયાસ થતો હતો. સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, સ્ટેન્ડ-અપ ઈન્ડિયા, મુદ્રા અને અટલ મિશનમાં પણ આ સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ છે.

શિક્ષણ, ઈ-કોમર્સ/ એમ-કોમર્સ, ફાયનાન્સિયલ સર્વિસીસ, માહિતી ટેકનોલોજી આધારિત સર્વિસીસ વગેરે ઉભરતા બજારો છે, કે જે ભારતને વિશ્વની ત્રીજા નંબરની સૌથી મોટી સ્ટાર્ટ-અપ ઈકો-સિસ્ટમ બનાવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો બૈજુની લર્નિંગ એપ્પ જુલાઈ ૨૦૧૫માં શરૂ થઈ હતી અને તે સ્ટાર્ટ-અપ શરૂ થયાના




ત્રણ વર્ષમાં જ વ્યાપક બન્યું છે.

ટેલિ-મેડિસીન કન્સલ્ટેશન ભારતના ગ્રામ્ય અને ખડકાળ વિસ્તારોમાં અમલી બન્યું છે, જેનાથી ટર્શિયરી કેર સેન્ટર્સમાં ભીડ ઘટશે અને ડોક્ટરો/ સ્પેશ્યાલિસ્ટોની ગ્રામ્ય વિસ્તારો તથા નાના શહેરોની તંગીમાં ઘટાડો થશે. આ પ્રકારના પોર્ટલ ચલાવવા માટે આપણને ગ્રામ્ય વિસ્તારોમાં ડીજીટલ સાક્ષરતા ધરાવતા લૅબોરેટરી/ એક્સ-રે ટેકનિશ્યન્સ, ફાર્માસિસ્ટ, નર્સો વગેરેની વધારે જરૂર ઉભી થશે. આ પ્રકારના ઉદ્યોગસાહસિકો ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં રોજ બરોજના જીવનને અસરકર્તા બની રહે છે.

**દેશમાં અટલ ઈનોવેશન મિશન કેવી રીતે રોજગારીની બહેતર તકો ઉભી કરવામાં સહાય કરી રહ્યું છે?**

અટલ ઈનોવેશન મિશન એ ભારત સરકારની નીતિ વિષયક પહેલ છે અને નીતિ આયોગના નેજા હેઠળ દેશભરમાં ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતાની ઈકો-સિસ્ટમ ઉભી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જેનાથી દેશના યુવાનોમાં નોકરીઓ શોધનારા નહીં, પણ નોકરીઓનું સર્જન કરનારા લોકો પેદા થશે. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સમગ્રલક્ષી અભિગમ દ્વારા શાળાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમો અને કોર્પોરેટ

**"ઉદ્યોગસાહસિકતા એ રોજગાર નિર્માણની તકો ઉભી કરવા અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટેનું એક મહત્વનું પ્રેરકબળ છે અને તે દ્વારા વૃધ્ધિને વેગ મળે છે. ભારતીય સંદર્ભમાં વાત કરીએ તો વસતિ વિષયક લાભ હાંસલ કરવાનું ખૂબ જ મહત્વનું બની રહે છે અને એ દ્વારા નિમ્ન કૌશલ્યો અને ઓછુ શિક્ષણ હોવા છતાં રોજગારીની તકો પ્રાપ્ત કરી શકાય છે."**

ઉદ્યોગો દ્વારા અટલ ટીંકરીંગ લૅબ મારફતે વિદ્યાર્થીઓમાં ઈનોવેશન્સને પ્રોત્સાહન આપવામાં આવશે. અટલ ઈન્ક્યુબેટર્સ દ્વારા હજારો સ્ટાર્ટ-અપ્સને વેગ આપવામાં આવશે અને અટલ ન્યૂ ઈન્ડિયા પડકારો દ્વારા પ્રોડક્ટ ઈનોવેશન્સ અને રાષ્ટ્રીય આર્થિક- સામાજીક અસર દ્વારા દેશમાં નવી નોકરીઓનું નિર્માણ કરાશે. હાલની સ્થિતિએ ભારતના ૬૦૦ થી વધુ જીલ્લાઓમાં ૫,૪૪૧ અટલ ટીંકરીંગ લૅબ્ઝ, ૧૦૧ થી વધુ ઈન્ક્યુબેટર્સની રચના થઈ છે, જેના દ્વારા દર ૧૮ મહિને ૨૫ થી ૩૦ જેટલા ઈનોવેટિવ ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ-અપ શરૂ કરવામાં સફળતા પ્રાપ્ત થઈ છે અને કૃષિ, શહેરી આવાસ, પીવાનું પાણી અને સેનિટેશન ક્ષેત્રે ૨૪ થી વધુ અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જીસનો પ્રારંભ કરાયો છે. AIM દ્વારા ટૂંક સમયમાં સ્મોલ બિઝનેસ ઈનોવેશન એન્ડ રિસર્ચ ઈનિશ્યેટીવ (AIM-SBIR) શરૂ કરવામાં આવશે, જે માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમો તેમજ નાના બિઝનેસ અને ઉદ્યોગમાં નવીનતા દ્વારા નવી નોકરીઓનું નિર્માણ કરીને મેક ઈન ઈન્ડિયાની પહેલને ગતિ આપવાની સાથે સાથે આયાત ઉપરનું અવલંબન ઘટાડશે અને ટેકનોલોજી આધારિત નિકાસને વેગ આપશે. AIM ની પહેલ દ્વારા આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્ટસ અને નવા બિઝનેસ મોડલ્સ દ્વારા મોટા શહેરો અને બીજા તથા ત્રીજા વર્ગના શહેરો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ સમગ્રપણે નોકરીઓનું નિર્માણ શક્ય બનશે.

**ટિપ્પણી**

૧. 4 NSSO key Indicators of Social Consumption in India- Education Report,2014

૨. કોક અને રિફાઈન્ડ પેટ્રોલિયમ પ્રોડક્ટસના ક્ષેત્ર કુલ ઉત્પાદનમાં સૌથી વધુ હિસ્સો ધરાવતા રાજ્યોમાં બિહાર (૬૭ ટકા), આસામ (૫૪ ટકા), કેરાલા (૪૬ ટકા), ગુજરાત (૪૧ ટકા), મધ્ય પ્રદેશ (૧૭ ટકા), કર્ણાટક (૧૭ ટકા), મહારાષ્ટ્ર (૧૫ ટકા). બેઝીક મેટલ્સમાં છત્તીસગઢ (૭૨ ટકા), ઓડિશા (૬૭ ટકા), ઝારખંડ (૫૯ ટકા), પશ્ચિમ બંગાળ (૩૦ ટકા), રાજસ્થાન (૩૦ ટકા), ફૂડ પ્રોડક્ટસ- મણિપૂર (૩૭ ટકા), દિલ્હી (૪૭ ટકા), આંધ્ર પ્રદેશ (૨૯ ટકા), યુપી (૨૧ ટકા), પંજાબ (૧૯ ટકા). કેમિકલ અને કેમિકલ પ્રોડક્ટસ- ગોવા (૨૬ ટકા), જમ્મુ અને કાશ્મીર (૨૭ ટકા). મોટર વાહનો, ટ્રેઈલર્સ અને સેમી- ટ્રેઈલર્સ- હરિયાણા (૨૮ ટકા), તામિલ નાડુ (૧૮ ટકા), ઉત્તરાખંડ (૧૩ ટકા).

(**સ્રોતઃ** ASI ૨૦૧૩-૧૪, સેક્શન-૧૧, સ્ટેટમેન્ટ-૧૮)

લેખક નીતિ આયોગના સીઈઓ છે.
**Email**: amitabh.kant@nic.in

# રોજગારીને ગતિ આપતું ભારતીય અર્થતંત્ર

બિબેક દેબ્રોય



વૃધ્ધિ આપણને રોજગાર નિર્માણ તરફ લઈ જતી હોવી જોઈએ. આથી ઉત્તમ બાબત એ છે કે સરકાર (કેન્દ્ર અને રાજ્યની) રોજગાર નિર્માણ થઈ શકે તે માટે વૃધ્ધિ માટેનું યોગ્ય વાતાવરણ પેદા કરે છે.

ભારત હાલમાં બિનઔપચારિક અર્થતંત્ર છે અને ભવિષ્યમાં પણ નોંધપાત્ર પ્રમાણમાં એવું અર્થતંત્ર બની રહેશે. કેટલાક ફેરફારો આવી રહ્યા છે, જેમ કે ગામડાંમાંથી શહેરો તરફ, ખેતીમાંથી બિન ખેતી તરફ, બિનઔપચારિકમાંથી ઔપચારિક તરફ, આજીવિકામાંથી રોજમદારી આપતી નોકરી તરફ, જીવન પર્યંતની નોકરી તરફથી ટૂંકા કરારની નોકરી અને માલિક અને નોકરના સંબંધોમાંથી સ્વરોજગાર તરફના ફેરફારો દેખાઈ રહ્યા છે. આ ફેરફારો કોઈ ચોકક્સ ક્રમમાં નહીં, પણ સમાંતરપણે ચાલી રહ્યા છે અને કેટલીક વખતે તેમાં એક બીજાથી વિરોધી દિશા પણ જોવા મળતી હોય છે. આવું ચોક્કસપણે બની શકે તેવી સમજ ભારત જેવી મોટા અને ભિન્નતા ધરાવતા અર્થતંત્રમાં કે જ્યાં શ્રમ બજાર વિવિધ ક્ષેત્રોમાં વહેંચાયેલું છે ત્યાં જોઈ શકાય છે. જે પ્રદેશોમાં શ્રમિકોનો પૂરવઠો ભરપૂર છે, તે વિસ્તારો જ્યાં શ્રમિકોની તંગી છે તેવા વિસ્તારો સાથે તે સહ-અસ્તિત્વ કેળવી શકે છે. પ્રમાણમાં ઓછુ કૌશલ્ય ધરાવતા લોકો વૈશ્વિક શ્રમ બજારો સાથે સહ-અસ્તિત્વ ધરાવે છે. આવી પરિસ્થિતિમાં એવું સમજી શકાય કે અન્ય દેશોની જેમ ભારતમાં કે જ્યાં ઘણાં લોકો માલિક અને નોકરના સંબંધો ધરાવે છે તેવા એકમોનો સર્વે કરીને રોજગારીના ભરોસાપાત્ર આંકડા મેળવવાનું મુશ્કેલ છે. આવા સર્વેક્ષણો થાય છે અને થતા રહેશે, પરંતુ તેની ઉપયોગિતા મર્યાદિત છે. નોકરીના ભરોંસાપાત્ર આંકડાઓ ઘેર ઘેર સર્વેક્ષણ કરીને મેળવી શકાય. કમનસીબે અધિકૃત અને મોટા સેમ્પલ ધરાવતા પારિવારિક (household) સર્વે થઈ રહ્યા છે. ગયા વર્ષે આપણે વર્ષ ૨૦૧૧-૧૨નો એનએસએસ ડેટા મેળવ્યો હતો.એમાં રોજગારી અંગેના આંકડાઓ સંતોષજનક નથી. આવા આંકડાઓને વર્ષ ૨૦૧૮ના છેલ્લા આંકડાઓ દ્વારા સુધારી લેવા જોઈએ. વાર્ષિક ધોરણે (જે રીતે ૫ વર્ષે ઐતિહાસિક સર્વેક્ષણ થાય છે તે રીતે નહીં) રોજગાર સર્વેક્ષણ દર ત્રિમાસિક ધોરણે અપ-ડેટ થતુ રહેવુ જોઈએ.

વૃધ્ધિ આપણને રોજગાર નિર્માણ તરફ લઈ જતી હોવી જોઈએ. આથી ઉત્તમ બાબત એ છે કે સરકાર (કેન્દ્ર અથવા રાજ્યની) રોજગાર નિર્માણ થઈ શકે તે માટે વૃધ્ધિ માટેનું યોગ્ય વાતાવરણ પેદા કરે છે.

**અમલીકરણના ખર્ચમાં આસાની**

આપણે વર્તમાન સરકારના અમલીકરણ ખર્ચ આસાન કરવાના એજન્ડા તરફથી નજર દૂર લઈ જવી જોઈએ નહીં (અહીં કોર્પોરેટ ક્ષેત્ર કે માત્ર મેન્યુફેક્ચરીંગ અંગેના બિઝનેસમાં આસાનીની વાત નથી). જાહેર ખર્ચ દ્વારા પરિણામો (ભૌતિક અને સામાજીક માળખાગત સુવિધા અંગેના) પ્રાપ્ત થાય તે જરૂરી છે અને તેની સાથે સાથે વૃધ્ધિ, રોજગારી અને ઉદ્યોગસાહસિકતાને વેગ મળવો જોઈએ. દેશમાં ખૂબ જ વિપુલ પ્રમાણમાં ઉદ્યોગસાહસિકતા છે અને આ ઉદ્યોગસાહસિકતા એકમ તરીકેની કાનૂની ઓળખમાં પરિવર્તીત થાય તે જરૂરી નથી. આ સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, સ્ટેન્ડ-અપ ઈન્ડિયા અને મુદ્રા યોજનાની વાત છે. ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે પ્રવેશ તો આસાન થયો જ છે અને બહાર નીકળવાનું પણ આસાન બન્યું છે (આ વખતે સૌ પ્રથમ વાર બહાર નીકળી જવાની જોગવાઈઓનો એકમ(enterprise)માં સમાવેશ કર્યો છે અને તેને વ્યક્તિગત નાદારીથી અલગ ગણવામાં આવ્યું છે.

સરકાર દરેક વ્યક્તિને નોકરી પૂરી

પાડી શકે નહીં. અને દરેક વ્યક્તિએ નોકરી શોધનાર બની રહેવાનો પ્રયાસ પણ કરવો જોઈએ નહીં. એમાં માલિક અને શેઠ વચ્ચેના સંબંધો જીવનપર્યંતના કરારો જરૂરી છે. તેના બદલે ધ્યાન રોજગારી તરફ કેન્દ્રિત થવું જોઈએ અને તે ટૂંકા ગાળાની અથવા તો કરાર આધારિત પણ હોઈ શકે છે.

**ચોકસાઈપૂર્ણ વિગતોની જરૂરિયાત**

વૃધ્ધિ આપમેળે રોજગારી તરફ દોરી જતી નથી તેવું કહ્યા પછી વૃધ્ધિ અંગેનું બંધારણ સમજવું પણ મહત્વનું બની રહે છે. રોજગારી વગરની વૃધ્ધિની ચર્ચા એ કોઈ નવી બાબત નથી. એની વિગતો અગાઉના બે એનએસએસ રાઉન્ડ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૯-૧૦ માં પણ જણાઈ આવી હતી, પરંતુ અભિગમ અંગેનો મુદ્દો યાદ રાખવા જેવો છે. વાસ્તવિક જીડીપીમાં એ વખતે અને અત્યારે પણ વૃધ્ધિ થઈ રહી છે. આપણે કહી શકીએ કે વાસ્તવિક વૃધ્ધિ ૭ ટકાની છે. શું આપણે માની શકીએ કે શ્રમની ઉત્પાદકતામાં ૭ ટકાની વૃધ્ધિ થઈ છે? જો એવું ના હોય તો તે રોજગારીમાં વૃધ્ધિ હશે. તે રાષ્ટ્રીય આવકની ઓળખ નથી, પરંતુ એથી વિપરીત પણ હોઈ શકે છે. આથી સ્પષ્ટપણે આંકડાઓને આધારે જે કાંઈ બની રહ્યું છે તેને પકડી શકાતું નથી. આવુ કહીએ છીએ ત્યારે કૃષિ તમામ નવા પ્રવેશ કરનારાઓનો શ્રમદળમાં સમાવેશ કરી શકે નહીં. કૃષિના વ્યાપારીકરણ અને વિવિધિકરણ છતાં, ખેતી સિવાયની રોજગારીની તકો વધતી જાય છે. આધુનિક ઉત્પાદન પણ અગાઉની જેમ શ્રમ પ્રચૂર રહ્યું નથી. આના જવાબનો મોટો હિસ્સો સર્વિસ સેક્ટરમાંથી પ્રાપ્ત થઈ શકે તેમ છે.

**શ્રમ પ્રચૂર વૃધ્ધિ**

હવે હું એવા કેટલાક મુદ્દાઓ ઉપસાવીશ કે જે વિવાદાસ્પદ નહીં છતાં ચર્ચા માંગી લે તેવા છે. પ્રથમ તો, ભારત શ્રમથી પ્રચૂર છે, મૂડીથી નહીં. આથી જો મૂડી/ શ્રમની પસંદગી તોડવામાં આવે નહીં તો વૃધ્ધિ શ્રમ પ્રચૂર હોવી જોઈએ. આ ઈનપુટની પસંદગી એ શ્રમ અને મૂડીની સંબંધિત કિંમતોનું પરિણામ છે. એવી દલીલો પણ કરવામાં આવે છે કે સંગઠિત ક્ષેત્રમાં શ્રમનો ખર્ચ કૃત્રિમ રીતે ઉંચો લઈ જવામાં આવે છે. તેનું વિશ્લેષણ વેતન ખર્ચ તરીકે કરવું જોઈએ નહીં, પણ કાયદેસરના શ્રમના ખર્ચ તરીકે થવું જોઈએ.



આમ છતાં ૧૯૯૧ પછી આવા અમલીકરણ ખર્ચમાં વધારો થયો નથી, હકીકતમાં ઘટાડો થયો છે (કોઈએ આનો ઉલ્લેખ શ્રમ સુવિધા પોર્ટલ ઉપર કરવો જોઈએ). આથી મૂડી/ શ્રમની પસંદગી શા માટે વધુ કપરી બનવી જોઈએ? આનો જવાબ મૂડીના ખર્ચમાં (કરવેરા માફીને કારણે) જે તુલનાત્મક ઘટાડો થયો છે તેમાં મળી રહે છે. એવું નથી કે વર્તમાન સરકારે નવી રોજગારી માટે સબસીડી આપીને વાતાવરણ સમતોલ કરવા પ્રયાસ કર્યો છે. દેશના કેટલાક ભાગોમાં શ્રમિકોની તંગીના સમાચાર શા માટે આવે છે ? તો બીજી તરફ કેટલાક ભાગોમાં શ્રમિકોનો વધુ પૂરવઠો જોવા મળે છે. આનો અર્થ સ્પષ્ટ છે કે ભાવિ માલિકો અને કર્મચારીઓ વચ્ચેની સમતુલા કાર્યક્ષમ રીતે કામ કરી રહી નથી. લેબર કોન્ટ્રાક્ટર તરીકે રજીસ્ટર્ડ થયા ના હોય તેવા કોન્ટ્રાક્ટરોનું પણ એક પરિબળ છે. વર્તમાન સરકારની એક પહેલ તરીકે નેશનલ કેરિયર પોર્ટલ સર્વિસનો પણ કોઈએ ઉલ્લેખ કરવો જોઈએ. ત્રીજુ, આંકડાઓ ઉપલબ્ધ છે તે મુજબ વર્ક ફોર્સ અને લેબર ફોર્સ વચ્ચેનું અંતર શા માટે વધતું જાય છે? વર્ક ફોર્સની સામેલગિરીનો દર શા માટે ઘટતો જાય છે? આવું માત્ર મહિલાઓ માટે જ નહીં, પુરૂષોના કિસ્સાઓમાં પણ બને છે. મહિલા કામદારોની સામેલગિરીનો દર વધારવો તે કોઈપણ સુધારાના એજન્ડાનો હિસ્સો હોઈ શકે છે. જે ઘટાડો દેખાય છે તે (બિન સંતોષકારક આંકડાઓને કારણે) એક કોયડા સમાન છે. શું આ બાબત ક્ષણિક છે, કારણ કે હાયર સેકન્ડરી એટલે ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ લેનારની સંખ્યા વધી રહી છે? શ્રમ બજારો સહિતનાં બજારોની યોગ્ય કિંમત હોવી જોઈએ. આથી જે વેતનો ઓફર થાય છે તે અપેક્ષાઓ સાથે શા માટે બંધ બેસતા ના હોવા જોઈએ? બીજા શબ્દોમાં કહીએ તો આપણી પાસે સ્પષ્ટપણે સ્વૈચ્છિક વિરૂધ્ધ બિન - સ્વૈચ્છિક બેરોજગારી નથી. ચોથુ, આ બંને વચ્ચેનો જે તફાવત છે તે શિક્ષણ અને કૌશલ્ય વચ્ચે સહ-સંબંધના અભાવને કારણે છે? શિક્ષણ પછી ભલે તે જાહેર ભંડોળ કે ખાનગી ભંડોળ દ્વારા પ્રાપ્ત થતું હોય તો પણ તે ઉંચા વેતનો માટે પ્રોત્સાહિત કરે છે, પરંતુ જે શિક્ષણ આપવામાં આવે છે તેની કિંમતે યોગ્ય નથી તેવું બજારની સમજને આધારે કહી શકાય. પાંચમુ, આ બધુ ધ્યાનમાં ના લઈએ તો પણ કૌશલ્યોની સમસ્યા છે. આથી આપણે નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ મિશનને, નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ એજન્સી સાથે જોડીને નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેનિંગ (DGT) ની આ માળખાના એક હિસ્સા તરીકે રચના કરી છે. જ્યારે ભરોંસાપાત્ર તારીખ પ્રાપ્ત થશે ત્યારે વર્ષ ૨૦૧૮ના અંતમાં આ બધી પહેલ ચોક્કસપણે પરિણામો દર્શાવશે અને તેને રોજગાર વૃધ્ધિ તરીકે ગણવામાં આવશે.

લેખક નીતિ આયોગમાં પ્રધાન મંત્રીના આર્થિક સલાહકાર સમિતિના સભ્ય છે.
**Email:** bibek.debroy@gov.in

# આજીવિકા વિકાસ અને વૈવિધ્યીકરણ

અમરજીત સિંહા



ગ્રામીણ વિકાસ વિભાગના કાર્યક્રમો દ્વારા ગ્રામીણ માળખાકીય ક્ષેત્રમાં સુધારો કરવા, આજીવિકાને વૈવિધ્યતાપૂર્ણ બનાવવા અને ગરીબી નાબૂદ કરીને ગ્રામીણ ગરીબ પરિવારોના જીવન ધોરણમાં સુધારો લાવવાં માટે નાણાકીય સંશોધનોમાં નોંધપાત્ર પ્રમાણમાં વધારો કરવામાં આવ્યો છે. PMAY-G, PMGSY, MGNREGS, DAY-NRLM કાર્યક્રમો ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ અને આજીવિકા વિકાસ માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની રચના માટે મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

ટકાઉ વિકાસ લક્ષ્યાંકે (SDGs) જે બાબત સ્પષ્ટ રીતે દર્શાવી છે તેમ, ગરીબી એ બહુઆયામી બાબત છે અને તેથી તેને નાબૂદ કરવા માટે શ્રેણીબદ્ધ પગલા અને હસ્તક્ષેપની જરૂર છે. આકૃતિ ૧ ગરીબી મૂક્ત ગ્રામ્ય સમુદાયના નિર્માણની દિશામાં રહેલા પડકારોને દર્શાવે છે. બિન કૃષિ આજીવિકા અને બહુવિધ આજીવિકાઓની જરૂર છે જેથી કરીને પરિવર્તન આણી શકાય. તાજેતરમાં સામે આવેલા ડેટામાં જાણવા મળ્યુ છે તે પ્રમાણ, અડધુ અડધ મેનુફેક્ચરિંગ સેક્ટર અને સેવા સેક્ટરનો ત્રીજો ભાગ પહેલાથી જ ગ્રામીણ અર્થવ્યવસ્થાનો ભાગ છે. આજીવિકા વિકાસ ને વૈવિધ્યીકરણ દ્વારા આવક અને રોજગારનું સર્જન એ સ્પષ્ટ રીતે આગળની દિશામાં કૂચ સમાન છે.

છેલ્લા ૪ વર્ષ દરમિયાન ગ્રામીણ વિકાસ વિભાગના કાર્યક્રમો દ્વારા ગ્રામીણ માળખાકીય ક્ષેત્રમાં સુધારો કરવા, આજીવિકાને વૈવિધ્યતાપૂર્ણ બનાવવા અને ગરીબી નાબૂદ કરીને ગ્રામીણ ગરીબ પરિવારોની જીવન સ્થિતિમાં સુધારો કરવા માટે નાણાકીય સંસાધનોમાં નોંધપાત્ર પ્રમાણમાં વધારો કરવામાં આવ્યો છે. ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા ૨૦૧૨-૧૩થી માડી ૨૦૧૭-૧૮ વચ્ચે ખર્ચ કરાયેલી વાસ્તવિક રકમથી માડી નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટેના બજેટ અંદાજ (BEs) વગેરે અહીં કોષ્ટક-I માં દર્શાવેલ છે, જે આ મુદ્દાને સારી રીતે સમજાવે છે.




Figure-1

**કોષ્ટક - I ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા કરાયેલા વાસ્તવિક ખર્ચ**

| વર્ષ | ગ્રામીણ વિકાસ યોજનાઓમાં ખર્ચ (રકમ કરોડ રૂપિયામાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૫૦,૧૬૨ |
| ૨૦૧૩-૧૪ | ૫૮,૬૩૦ |
| ૨૦૧૪-૧૫ | ૬૭,૨૬૩ |
| ૨૦૧૫-૧૬ | ૭૭,૩૨૧ |
| ૨૦૧૬-૧૭ | ૯૫,૦૯૯ |
| ૨૦૧૭-૧૮ | |
| (RE) | ૧,૦૫,૪૪૮* |
| ૨૦૧૮-૧૯ | ૧,૧૨,૪૦૩.૯૨** |

*વર્ષ ૨૦૧૭-૧૮ માટે સંશોધિત કરાયેલો અંદાજ

**વર્ષ ૨૦૧૮-૧૯ માટે બજેટમાં રજૂ કરાયેલો અંદાજ

સ્રોતઃ ગ્રામીણ વિકાસ મંત્રાલય

વર્ષ ૨૦૧૭-૧૮માં વાર્ષિક ખર્ચ વર્ષ ૨૦૧૨-૧૩માં હતો, તેના કરતા બમણા કરતા પણ વધારે છે. સાથે જ આ વાત પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આ સમયગાળા દરમિયાન ગ્રામીણ ગરીબીનું નિરાકરણ આણવા માટે ફન્ડ્સના ચાર વધારાના સ્રોત પણ છે.

૧. કાર્યક્રમ હેઠળ બિન હિમાલયન રાજ્યો માટે વહેંચણીની પેટર્ન ૬૦:૪૦ છે અને હિમાલયન રાજ્યો માટે તે ૯૦:૧૦ છે. પ્રધાન મંત્રી આવાસ યોજના ગ્રામીણ (PMAY-G) હેઠળ, પહેલાના ૭૫.૨૫ની વહેંચણીના પ્રમાણ કરતા અલગ હવે વહેંચણીનું પ્રમાણ ૬૦:૪૦ કરી દેવામાં આવ્યું છે. અને તેમ કરીને ત્રણ વર્ષોમા ભારત સરકારના રૂ.૮૧,૯૭૫ કરોડની જોગવાઇ સામે રાજ્યો પાસેથી રૂ.૪૫,૦૦૦ કરોડ હિસ્સો મેળવાયો છે.. તેવી જ રીતે ડિસેમ્બર, ૨૦૧૫થી રાજ્યોએ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY) હેઠળ પોતાના ૪૦ ટકા અનુદાનને આપવાનો પ્રારંભ કર્યો છે. તે કારણે રાજ્યો પાસેથી તેમના હિસ્સાના રૂપમાં વધારાના રૂ.૮૦૦૦ થી રૂ.૯૦૦૦ કરોડ પ્રાપ્ત થયા છે, જ રકમ પહેલ PMGSYને ઉપલબ્ધ થઇ નહોતી. તેવી જ રીતે પહેલાના ૭૫:૨૫ના સ્થાને જ્યાં હિસ્સાનું પ્રમાણ ૬૦:૪૦ કરાયુ છે તેવા NSAP, DAY-NRLM વગેરે જેવા કાર્યક્રમોમાં પણ રકમમાં સમાન વધારો જોવા મળ્યો છે.



૨. વર્ષ ૨૦૧૭-૧૮થી, હાઉસિંગ કાર્યક્રમ હેઠળ વધારાના બજેટ સ્રોત દ્વારા વધારાના સ્રોતને ગતશિલ કરવામાં આવ્યા છે. પીએમએવાય-ગ્રામીણ યોજના માટે વધારાના બજેટ સ્રોતો (EBRs) દ્વારા વર્ષ ૨૦૧૭ થી ૨૦૧૯ માટે રૂ.૨૧,૯૭૫ કરોડ આપવામાં આવ્યા છે અથવા અપાઇ રહ્યા છે. EBR દ્વારા રૂ.૭૩૨૯.૪૩ કરોડ પહેલા જ ફાળવી દેવામાં આવ્યા છે.

૩. ૧૪માં નાણા પંચ દ્વારા ભંડોળની ફાળવણીમાં ૧૩માં નાણા પંચ દ્વારા કરાયેલા ભંડોળની ફાળવણીની તુલનામાં નોંધપાત્ર પ્રમાણમાં વધારો જોવા મળ્યો છે. તે બાબત અહીં નીચે કોષ્ટક- IIમાં જોઇ શકાય છે.


**કોષ્ટક - II ૧૪માં નાણા પંચ હેઠળ ફાળવણી**

| વર્ષ | કુલ ફાળવાયેલી રકમ (રકમ કરોડ રૂપિયામાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨૧,૫૧૦.૪૬ |
| ૨૦૧૬-૧૭ | ૩૩૮૭૦.૫૨ |
| ૨૦૧૭-૧૮ | ૩૨,૪૨૩.૭૨ |

૪. ચોથું મહત્વનું પરિબળ આ સમયગાળા દરમિયાન મહિલા સ્વયંસહાયતા જૂથો દ્વારા બેન્ક લોન લઇ તેનો ઉપયોગ કરવો છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન મહિલા સ્વયંસહાયતા સમૂહો દ્વારા કુલ રૂ.૧.૬૪ કરોડ બેન્ક લોન પેટે લેવાયા છે. DAY-NRLM હેઠળ બેન્કોની પાકી રહેલી રકમ વર્ષ ૨૦૧૩-૧૪ની રૂ.૩૧,૮૬૫ કરોડ રકમ સામે ૨૦૧૭-૧૮માં તે રકમ બમણા કરતા પણ વધારે વધીને ૬૯,૭૩૩ કરોડ ૫૨ પહોંચી ગઇ છે.

તે ઉપરાંત ગ્રામીણ ગરીબી નાબૂદી કાર્યક્રમો માટે ચોક્કસ સંસાધનોની જોગવાઇ, સ્વચ્છ ભારત મિશન (SBM) પર વિશેષ ભાર અને કૃષિ મંત્રાલય અને ગરીબ વર્ગ માટે અન્ય આજીવિકા અને માળખાકીય સવલતો સંબંધિત કાર્યક્રમો માટે ભંડોળની ફાળવણીમાં વૃદ્ધિ દ્વારા ગ્રામ્ય ભારતમાં કરાયેલું નાણાકીય હસ્તાંતરણ નોંધપાત્ર પ્રમાણમાં અને મોટુ છે. તે રકમનો મોટો ભાગ આવક અને રોજગારના સ્તરને સુધારવા પાછળ ખર્ચવામાં આવ્યો છે.

ગ્રામીણ વિકાસ વિભાગે આ સમયગાળા દરમિયાન ગરીબ પરિવારોની આજીવિકાના વિકાસ અને તેના વૈવિધ્યીકરણ પર ધ્યાન આપ્યુ હતું. જુલાઈ ૨૦૧૫માં પ્રસિદ્ધ થયેલા સામાજિક આર્થિક વસતી ગણતરી-૨૦૧૧ (SECC) ના




આંકડાઓએ વિભિન્ન સરકારી યોજનાઓ માટે વાસ્તવિક લાભાર્થીઓની પસંદગી કરી શકાય તે માટે પુરાવા આધારિત માપદંડ પૂરા પાડ્યા હતા. ઉજ્જવલા યોજના હેઠળ LPGગેસ જોડાણ, સૌભાગ્ય યોજના હેઠળ મફત ઘરેલુ વીજળી જોડાણ અને PMAY-G યોજના હેઠળ લાભાર્થીની પસંદગી અને હવે રાષ્ટ્રીય આરોગ્ય સંરક્ષણ યોજના, આયુષ્માન ભારતના લાભાર્થીઓની પસંદગી કરવામાં આ SECCના માપદંડોની પસંદગીએ સુનિશ્ચિત કર્યુ છે કે વિકાસના ફાયદાઓ સમાજના સૌથી વંચિત અને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેન્ટી યોજના (MGNREGS) હેઠળ રાજ્યો માટે લેબર બજેટની ફાળવણી અને દિન દયાલ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) હેઠળ સ્વયં સહાયતા જૂથો માટે વંચિત પરિવારની તમામ મહિલાઓની નોંધણી પર ભાર માટે SECCના ઉપયોગ સાથે જ આ બાબત પણ સુનિશ્ચિત કરી છે કે ગરીબ પરિવારોની મોટી સંખ્યા સાથે જના ગરીબ ક્ષેત્રોને ગરીબી નાબૂદી માટેના કાર્યક્રમોમાં પ્રાથમિકતા પ્રાપ્ત થાય . કોષ્ટક - III વંચિતતાના પ્રકારને દર્શાવે છે.

ગ્રામીણ વિકાસના તમામ કાર્યક્રમોને આજીવિકા વિકાસ અને વૈવિધ્યીકરણ સાથે જોડી દેવામાં આવ્યા છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેન્ટી યોજના (MGNREGS)નું ધ્યાન ટકાઉ સંપત્તિ અને જળ સંવર્ધન પર છે અને સાથે જ તે આજીવિકા સર્જન  કરતા લોકો ના ફાયદા જેવા કે ખેત તલાવડી, કુવા ખોદવા, બકરી માટે શેડ બનાવવો, મરઘા ઉછેર કેન્દ્ર, હાઉસિંગ સપોર્ટ અને ડેરી શેડ માટે મદદ વગેરેમાં પણ સહાયતા કરે છે. પશુ સંસાધન અને કૃષિ જગત માટે આજીવિકા સર્જનના કાર્યક્રમોને જોડવાને કારણે કૃષિ અને તેની સાથે જોડાયેલા સેક્ટરમાં આવકના સ્તરમાં સુધારો થયો છે. છેલ્લા ચાર વર્ષમાં ફળ અને શાકભાજીના ઉત્પાદનમાં વધારો અને પશુ સંસાધન દ્વારા નોંધપાત્ર વિકાસ આ ગ્રામીણ વિકાસ અને વૈવિધ્યીકરણ કાર્યક્રમને કારણે જોવા મળ્યા છે. પાછલા ૩ વર્ષ દરમિયાન ભરવામાં આવેલા આજીવિકા સર્જન અને આવક તેમજ રોજગાર સર્જનને સમર્થન આપતા વિશેષ પગલાઓ નીચે પ્રમાણે છે:

૧) ૧૪૩ લાખ હેક્ટર જમીનને જળ સંવર્ધન કાર્યના ફાયદા પહોંચાડવામાં આવ્યા છે.

૨) લગભગ ૧૫ લાખ ખેત તલાવડી અને કુવા સિંચાઈ માટે તૈયાર કરાયા છે અને આ સમયગાળા દરમિયાન મોટી સંખ્યામાં જળ સંવર્ધન સામુદાયિક માળખું પણ તૈયાર કરાયુ છે.

૩) આ સમયગાળા દરમિયાન મહિલા સ્વયંસહાયતા જૂથો દ્વારા સંચાલિત સંપૂર્ણ પણે ધમધમતા ૬૨૨૨ કસ્ટમ હાયરિંગ સેન્ટર શરૂ થયા છે.

૪) સ્વયં સહાયતા જૂથો (SHG) પૈકીની ૧૧૦૦૦ બેન્ક સખી અને ૭૭૩ બેન્ક મિત્રોને બેન્કિંગ કોરસ્પોન્ડન્ટ (BCS)તરીકે તાલીમ આપવામાં આવી છે.

૫) ૩૩ લાખ મહિલા ખેડૂતોને બિન રસાયણ આધારિત એગ્રો ઈકોલોજિકલ હસ્તક્ષેપ દ્વારા સહાયતા કરવામાં આવી છે.

૬) ૮૬૦૦૦ ઉત્પાદક જૂથો અને ૧૨૬ ખેત ઉત્પાદક કંપનીઓની સ્થાપના કરવામાં આવી છે.

૭) ગ્રામીણ પરિવહન માટે આજીવિકા ગ્રામીણ એક્સપ્રેસ યોજના (AGEY) હેઠળ ૪૪૯ વાહનો મહિલા ડ્રાઈવરો સાથે રોડ પર દોડી રહ્યા છે.

૮) બિહાર, ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને રાજસ્થાન વગેરે જેવા રાજ્યોના સુદૂરવર્તિ વિસ્તારોમાં ૪૦૦ કરતા પણ વધારે મહિલા સ્વયંસહાયતા જૂથો દ્વારા ૯ લાખ કરતા પણ વધારે સોલર લેમ્પ્સ લગાવામાં આવ્યા છે.

૯) ૬૦૦૦ કરતા પણ વધારે ટેકનિશિયનોને તાલીમ અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે.

૧૦) છેલ્લા ચાર વર્ષ દરમિયાન દિન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DDU-GKY) હેઠળ ૩.૫૪ લાખ ઉમેદવારોને સફળતાપૂર્વક પગાર સાથેના રોજગારમાં મુકાયા છે અને ૧૨.૬૫ લાખ ઉમેદવારોએ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન (RSETIs) દ્વારા સ્વરોજગાર શરૂ કર્યો છે.

૧૧) હાઉસિંગ કાર્યક્રમ હેઠળ ૧૦,૯૪૯ ગ્રામીણ કડિયાઓને તાલીમ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે.

**કોષ્ટક - III SECC૨૦૧૧ અનુસાર વંચિતતા**

| વિગતો | વંચિત પરિવારો |
|---|---|
| કાચી દિવાલો અને કાચા છાપરા સાથે શૂન્ય રૂમ અથવા એક રૂમ (D1) | ૨,૩૭,૩૧,૬૭૪ |
| ૧૬ થી ૫૯ વર્ષની વય જૂથ વચ્ચે પરિવારમાં કોઇ પણ પુખ્ત વ્યક્તિ નથી. (D2) | ૬૫,૧૫,૨૦૫ |
| ૧૬ થી ૫૯ વર્ષની વય વચ્ચે પરિવારમાં કોઇ પુખ્ત પુરુષની ગેરહાજરી હોવાને કારણે મહિલા પરિવારના મોભી છે .(D3) | ૬૮,૯૬,૦૧૪ |
| દિવ્યાંગ સભ્ય અને કોઇ સક્ષમ પુખ્ત વ્યક્તિ નથી (D4) | ૭,૧૬,૦૪૫ |
| એસસી અને એસટી પરિવાર (D5) | ૩,૮૫,૮૨,૨૨૫ |
| ૨૫ વર્ષથી વધુ વયના કોઇ શિક્ષિત પુખ્ત નથી. (D6) | ૪,૨૧,૪૭,૫૬૮ |
| જીમીન વિહોણા પરિવારો જેઓ જાત મજૂરી કરીને પેટીયું રળે છે (D7) | ૫,૩૭,૦૧,૩૮૩ |

અને ૧૬ લાખ પરિવારોનો ગરીબમાં ગરીબ પરિવારો તરીકે આપમેળે સમાવેશ કરવામાં આવ્યો છે.

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક ફાઇનાન્સ એન્ડ પોલિસી (NIPFP)ને પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ (PMAY-G)ની આવક અને રોજગારના સંદર્ભમાં પડેલી અસરનું મૂલ્યાંકન કરવાની વિનંતી કરાઇ હતી. તેના રિપોર્ટમાં કહેવાયુ હતું કે, ૨૦૧૬-૧૭થી સંપૂર્ણ બંધાઇ ગયેલા અને નિર્માણાધીન મકાનોની આવાસ સોફ્ટ અને MoRD પાસેથી મળેલી માહિતીનો ઉપયોગ કરતા અમારો અંદાજ છે કે યોજનાએ રોજ ૫૨.૪૭ કરોડ લોકોને કામ આપ્યું હશે.

ગ્રામીણ માળખાકીય સુવિધાઓ માટે, PMGSY ફ્લેગશિપ કાર્યક્રમ છે અને છેલ્લા ૪ વર્ષ દરમિયાન ૧.૬૯ લાખ કિલોમીટર રોજનું નિર્માણ થયું છે. ૨૦૧૧-૧૨થી અત્યારસુધીમાં રોજ નિર્માણ કરાયેલા સરેરાશ રોડની માહિતી અહીં કોષ્ટક- IVમાં આપવામાં આવેલી છે.

**કોષ્ટક- IV PMGSY હેઠલ નિર્માણ થયેલ કુલ રોડ લંબાઈ પ્રતિ દિવસ**

| વર્ષ | PMGSY હેઠળ રોજ નિર્માણ કરાયેલી રોડની સરેરાશ લંબાઈ (km) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૮૫ |
| ૨૦૧૨-૧૩ | ૬૬ |
| ૨૦૧૩-૧૪ | ૬૯ |
| ૨૦૧૪-૧૫ | ૧૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૧૦૦ |
| ૨૦૧૬-૧૭ | ૧૩૦ |
| ૨૦૧૭-૧૮ | ૧૩૪ |

રોડ નિર્માણ કાર્યક્રમમાં નોંધપાત્ર વધારાએ સાથે જ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારનું પણ સર્જન કર્યુ છે. ગ્રામીણ રોડના નિર્માણના કુલ ખર્ચનો સરેરાશ ચોથો ભાગ કુશળ, અર્ધકુશળ અને અકુશળ કામદારોના રોજગારમાં ખર્ચાયો હતો. સ્પષ્ટ રીતે આ બાબતોએ આ સમયગાળા દરમિયાન આવક અને રોજગારના સર્જનમાં પણ પ્રદાન કર્યુ છે. પાછલા ૩ વર્ષ દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલી કુલ ફાળવણી વધીને રૂપિયા ૧૯૦૦૦ કરોડ થઇ ગઇ છે. તેનાથી રાજ્ય સરકારનો હિસ્સો વધારીને રૂપિયા ૮૦૦૦ કરોડથી રૂપિયા ૯૦૦૦ કરોડ કરી શકાશે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન, રૂપિયા ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ કરોડ માત્ર રોડ નિર્માણ માટે ઉપલબ્ધ હતા. ૨૫%એ સીધા રોજગારનું સર્જન કર્યુ હતું તેથી દેખિતી વાત છે કે ગ્રામીણ વિસ્તારમાં મોટી સંખ્યામાં આવક અને રોજગારનું સર્જન થયું હતું.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના (MGNREGS) આ સમયગાળા દરમિયાન પૂર્ણ પારદર્શકતા સાથે આજીવિકા સુરક્ષાને મજબૂત બનાવવાનો મોટો સ્રોત હતો.

- MGNREGSના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા તેના માટેના બજેટની ફાળવણીમાં સતત વધારામાં જોવા મળી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે યોજના માટે ૫૫,૧૬૭ કરોડ રૂપિયાનું બજેટ ફાળવાયુ હતું. જે યોજનાના પ્રારંભથી અત્યાર સુધીમાં સૌથી વધારે છે.

**કોષ્ટક- V**

| વર્ષ | બજેટ ફાળવણી (રૂપિયા કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૩૩,૦૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૩૭,૩૪૬ |
| ૨૦૧૬-૧૭ | ૪૮,૨૨૦ |
| ૨૦૧૭-૧૮ | ૫૫,૧૬૭ |

- ભંડોળનો ઉપયોગઃ કેન્દ્રીય અને રાજ્યોના ભાગ સાથેના ભંડોળની ઉપયોગિતામાં પૂર્વના નાણાકીય



વર્ષની તુલનામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. નાણા વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ખર્ચ લગભગ ૬૪,૨૮૮ કરોડ રૂપિયા (પ્રોવિઝનલ) હતો જે યોજનાના પ્રારંભ બાદથી અત્યાર સુધીનો સર્વોચ્ચ હતો.

- MGNREGS હેઠળ પ્રતિ વ્યક્તિ-દિવસનું સર્જન છેલ્લા ૩ વર્ષમાં વાર્ષિક ૨૩૫ કરોડની રેન્જમાં હતું. જે મોટાભાગના વર્ષોમાં સર્વોચ્ચ છે. ટકાઉ સંપત્તિ અને વ્યક્તિગત લાભ યોજનાઓ (IBSs) પર અપાયેલા વિશેષ જોરના કારણે યોજનાની સ્થિર રીતે માગ વધી છે. કોષ્ટક-૬માં દર્શાવાયેલા આંકડાઓ MGNREGS ની ટકાઉ સંપત્તિ દ્વારા આજીવિકા સુરક્ષામાં વધારાને અનુમોદન આપે છે.

**કોષ્ટક – VI**

| વર્ષ | પ્રતિ વ્યક્તિ દિવસના કાર્યનું સર્જન (રૂપિયા કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૬૬.૨૧ |
| ૨૦૧૫-૧૬ | ૨૩૫.૧૪ |
| ૨૦૧૬-૧૭ | ૨૩૫.૬ |
| ૨૦૧૭-૧૮ | ૨૩૪.૩ |

ત્રણ રૂપિયા કિલોના ભાવે ચોખા અને બે રૂપિયા કિલો ના ભાવે ઘઉંની જોગવાઈ કરવાની સાથે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો (NFSA) નો વિસ્તાર થવાથી ગરીબ પરિવારો માટે ખાદ્ય સુરક્ષાનો માર્ગ મોકળો થયો છે. કૃષિ શ્રમ માટેના કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સમાં ખાદ્ય વસ્તુઓની નીચી મોંઘવારીને કારણે ઝાઝો વધારો જોવા મળ્યો નથી. કારણ કે એગ્રીકલ્ચર લેબરના કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સની ગણતરી માટે ધ્યાનમાં લેવામાં આવતા સામાન અને સેવાઓમાં મોટી સંખ્યામાં ખાદ્ય વસ્તુઓનો સમાવેશ થાય છે. ચોખા અને ઘઉં પર અપાતી સબસિડી અને ગરીબ પરિવારો માટે ઉપલબ્ધ સસ્તા અનાજને હેતુલક્ષી બનાવવાની જરૂર છે, ખાસ કરીને કૃષિ ક્ષેત્રે મજૂરીના વાસ્તવિક પગારને ધ્યાનમાં લેતા. વીજળીની ખરીદના દર ઊંચા જઇ રહ્યા છે અને ચોખા અને ઘઉં જેવા



અનાજ પર જંગી સબસિડી ચૂકવવામાં આવી રહી છે.

ગ્રામીણ વિસ્તારની ગરીબી વાસ્તવમાં બહુવિધ પ્રકારની છે અને હકારાત્મક અને મોટી અસર પડે તે માટે તેની સામે એકસાથે કાર્યવાહીની જરૂર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કરાયેલા પ્રયાસો ગ્રામીણ વિકાસના પ્રયાસોને ગરીબ પરિવારોની સ્થિતિમાં સુધારો થાય તે દિશામાં પરિવર્તિત કરાયા હતા. આ પ્રયાસો અને પગલાઓએ પરિવારોની ગરીબી અને ભૌગોલિક ગરીબી બંનેને નિશાન પર લીધા હતા. તેને અસર કરનારા પરિબળો નીચે પ્રમાણે છે.

**પરિવારોની ગરીબી:**

- શિક્ષણ અને કૌશલ્યનો અભાવ
- કુપોષણ અને ખરાબ આરોગ્ય
- રોજગારની તકોનો અભાવ
- સંપત્તિ વિહિનતા
- જાહેર સેવાઓ સુધી મર્યાદિત પહોંચ
- વચેટિયાઓ, ભ્રષ્ટાચાર અને નાણાં ધીરનારાઓની જાળ
- મહિલાઓ, યુવાનો અને ગરીબ પરિવારો માટે સામાજીક કેપિટલ પગલાઓની ગેરહાજરી

**ભૌગોલિક ગરીબી:**

- ઉત્પાદો કે પેદાશોની ઓછી કિંમત
- હિંસા કે ગુનાખોરી
- સિંચાઈની સુવિધાનો અભાવ કે ચોમાસાની નિષ્ફળતા
- પાયાની માળખાકીય સુવિધાઓ જેવીક રોડ, વીજળી અને ઈન્ટરનેટનો અભાવ
- બજાર અને રોજગાર સુધી પહોંચનો અભાવ
- બિન કૃષિ તકોનો અભાવ

પ્રાપ્ત ડેટા અને ઊપર દર્શાવાયેલા પગલાઓને જોતાં આ વાત સ્પષ્ટ થાય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ગ્રામીણ ગરીબીને નાબૂદ કરવા માટે જંગી નાણા સંસાધનો લગાવાયા છે અને સાથે જ મહિલા સ્વયંસહાયતા સમૂહોને મોટા પ્રમાણમાં બેન્ક લોન આપવામાં આવી છે. તેના કારણે આજીવિકાના વિકાસ અને વૈવિધ્યીકરણ દ્વારા આવક અને રોજગાર બંનેમાં વધારો થયો છે. આ વૈવિધ્યીકરણના કેટલાક ઉદાહરણો ઉપર જણાવેલા છે. એકંદરે ગ્રામીણ ગરીબીના પડકારોનો અસરકારક રીતે ઉપર દર્શાવેલા શ્રેણીબદ્ધ પગલાઓ દ્વારા મુકાબલો કરવામાં આવી રહ્યો છે. ઈન્સ્ટીટ્યૂટ ઓફ રુરલ મેનેજમેન્ટ, આણંદ (IRMA) દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકને તેવા ગામો DAY-NRLM યોજના હેઠળ મહિલા સ્વયં સહાયતા જૂથો સક્રિય છે, ત્યાં આવક, ઉત્પાદક સંપત્તિ અને ઉદ્યોગમાં વધારો થયો હોવાની વાતને અનુમોદન આપ્યું છે. તેવી જ રીતે MGNREGA હેઠળ કરાયેલા જળ સંવર્ધન કાર્યોના ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઇકોનોમિક ગ્રોથ દ્વારા કરાયેલા અભ્યાસમાં પણ જણાવાયું છે કે આવક, ઉત્પાદક અને પાણીના સંગ્રહણમાં વધારો થયો છે. આ પ્રકારની વૃદ્ધિ નિશ્ચિત રીતે જ મોટા પાયે રોજગારનું સર્જન કરવા બંધાયેલી છે.


લેખક ગ્રામીણ વિકાસ મંત્રાલયના સચિવ છે.
**E-mail:** secyrd@nic.in





**ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં ટેકનોલોજીને કારણે બદલાતા સમીકરણો અને નવી તકનીકોને જોતાં તથા કૃષિ ક્ષેત્રે પણ વધી રહેલ પંત્રીકરણથી ભારતના શહેરી વિસ્તારોમાં નોકરીની વધુ મજબૂત તકો ઉજાગર થશે. ભારત સરકાર પણ હાલ આ જ પડકારોને બહુગામી અભિગમ સાથે ઝીલી રહી છે. આ લેખ શહેરી વિસ્તારોમાં સરકારી નીતિઓ અને નવી-નવી પોલિસીઓને કારણે સર્જાનારી રોજગારીની તકો, શહેરી વિસ્તારોમાં ઉત્તમ આજીવિકા રળવા માટેના સલાહ-સૂચનો અને ભવિષ્ય માટે તૈયાર થતા શહેરી કર્મચારીઓ યુગની રચના ઉપર પ્રકાશ નાખવા માટે લખાયેલ છે.**

# શહેરી વિસ્તારોમાં આજીવિકાની તકો ઉભી કરવી

**દુર્ગા શંકર મિશ્રા**

ભારતની વિશાળ અને હરણફાળ ગતિએ આગળ વધતા અર્થતંત્રને એકધાર્યા કુશળમાનવ શ્રમાની જરૂર છે. ૨૦૧૧ની વસતિગણતરી અનુસાર કુલ જનસંખ્યાના આશરે ૩૧% વસતિ શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે અને ૨૦૫૦ સુધીમાં આ ટકાવારી ૫૦%ને આંબી જવાનો અંદાજ છે. કુલ શહેરોની સંખ્યા પણ વધી રહી છે અને વર્તમાન શહેરોના કદ અને વિસ્તાર પણ દિવસે-દિવસે વધી રહ્યાં છે, તેમ-તેમ આજીવિકાને ટેકો આપવા માટેનું દબાણ પણ વધી રહ્યું છે. અંદાજિત ૧૦ લાખ નવા લોકો કુલ માનવ શ્રમમાં દર મહિને નવા જોડાઈ રહ્યાં છે. (OECD આર્થિક સર્વેઃ ભારત, ૨૦૧૭) મેન્યુફેકચરિંગ અને સેવા ઉદ્યોગોમાં બદલાતા જતા ટેકોનોલોજી માપદંડો અને એગ્રીકલ્ચર સેક્ટરમાં પણ નવા-નવા યંત્રોના પદાર્પણથી અર્બન એરિયામાં રોજગારીની અઢળક તકો પેદા થવા જઈ રહી છે. આગામી બે દશકમાં ભારતભરમં સર્જાનારી કુલ રોજગારીની તકોમાંથી ૭૦% તો માત્ર શહેરી વિસ્તારોમાંથી જ યોગદાન મળશે (Sankhe et all, 2010)

### I. સ્કિલ્સ ઈકોસિસ્ટમ વિકસાવવી

નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ પોલિસી ૨૦૦૯માં બહાર પાડવમાં આવી હતી અને ૨૦૨૨ સુધીમાં ૧૫ કરોડ લોકોને કુશળ-કાર્યક્ષમ બનાવાના હેતુસર નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC)ની રચના કરવામાં આવી હતી. આ સંસ્થાની સ્થાપના પીપીપી મોડલ હેઠળ કરવામાં આવી હતી, જેમાં સરકારનો મહત્તમ હિસ્સો ૪૯% સુધી મર્યાદિત રાખવામાં આવ્યો હતો અને બાકીનો ૫૧% ઈક્વિટી હિસ્સો ૧૦ ચેમ્બર્સ ઓફ કોમર્સ અને સેક્ટર સ્પેસિફિક ઈન્ડસ્ટ્રી ઓર્ગેનાઈઝેશનમાં પ્રાઈવેટ માલિકી પેટે સરખે ભાગે વહેંચવામાં આવ્યો હતો (ચીનોય, ૨૦૧૨).

ભારતમાં સ્કીલ લેન્ડસ્કેપમાં સમયાંતરે નોંધપાત્ર વિકાસ થયો છે. દેશભરમાં ૨૨ મંત્રાલયો વિવિધ પ્રકારના કુશળતા તાલીમ કાર્યક્રમો ઓફર કરે છે. કુશળતા નીતિની દિશા અને કુશળતા પરના દ્રષ્ટિકોણની જરૂરિયાતને પ્રાધાન્ય આપતા ૨૦૧૫માં વડાપ્રધાન દ્વારા 'સ્કીલ ઈન્ડિયા મિશન'ની શરૂઆત કરવામાં આવી હતી. તેમાં ભારતના ભવિષ્યના જરૂરી કુશળ કાર્યબળ માટે વિવિધ મંત્રાલયોને બ્લૂપ્રિન્ટ બનાવવા રજૂઆત કરાઈ હતી. આ નવી યોજના અંતર્ગત અગાઉનો ૧૫ કરોડનો લક્ષ્યાંક સુધારીને ૨૦૨૨ સુધીમાં સરકારે ૪૦ કરોડ લોકોને તાલીમ આપવાનું નક્કી કર્યું છે.

ફોર્મલ ફાઈનાન્શિયલ સર્વિસીસને વધુ વિસ્તૃત કરવા આ સ્કીલિંગ ઈકોસિસ્ટમની સાથે અન્ય અનેક પૂરક પગલાં લેવાયા છે



**મલ્ટી ડાઈમેન્શિયલ લાઈવ્લીહુડ્સ સ્ટ્રેટજીસ**

આ સ્કીમનો મહત્વનો હેતુ સર્વગ્રાહી અભિગમ અને આજીવિકા અપાવીને શહેરી ગરીબી દૂર કરવાનો જ છે.

ત્રણ અલગ-અલગ સ્તરની આ યોજનામાં સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ ઘટકો સામાજિક મૂડી બનાવવાનો પ્રયાસ કર્યો છે. આ ત્રણેય લેવલમાં સેલ્ફ હેલ્પ ગૃપ (SHGs), વિસ્તાર અથવા ઝૂંપડપટ્ટી લેવલ ફેડરેશન અને સિટી લેવલ ફેડરેશનનો સમાવેશ થાય છે.

આ ત્રણેય સ્તરો વિવિધ સમુદાયને સામૂહિક અવાજ આપે છે અને તેમની આજીવિકાને ટેકો આપે છે.

જેથી સ્વયં રોજગારીની તકોને પ્રોત્સાહન આપવા માટે આવશ્યક હતા. જનધન આધાર અને મોબાઈલ આધારિત સર્વિસોને સમાવિષ્ટ કરતા JAM+ સરકારની નાણાંકી ક્ષેત્રની સિદ્ધિ તરફ દોરી જાય છે. આ વર્ષની શરૂઆતમાં જ વર્લ્ડ બેંકે રજૂ કરેલ ધ ગ્લોબલ ફિન્ડેક્સ રીપોર્ટમાં પણ જણાવાયું છે કે સગીર વયના ૩૫% લોકો પાસે ૨૦૧૧માં બેંક ખાતા હતા, જે ૨૦૧૪માં વધીને ૫૩% થયા હતા અને ૨૦૧૭માં તો ભારતના ૮૦% સગીરો પાસે પોતાનું બેન્ક ખાતું છે. આ સિવાય બેંક હોલ્ડર્સના જેન્ડર ગેપમાં પણ ધરખમ ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૧૭ના અંતે ૮૩% પુરૂષો પાસે બેંક ખાતા છે અને ૭૭% સ્ત્રીઓ પાસે અકાઉન્ટ છે. આ સિવાય મુદ્રા યોજના હેઠળ લાભ લેનાર ખાતાઓમાં ૭૫% માત્ર મહિલાઓના જ છે. (વિશ્વ બેન્ક, ૨૦૧૮)

વેતન રોજગારી અને સ્વ-રોજગારી બંનેને સમર્થન માટે એકીકૃત સહકાર એ દીનદયાલ અંત્યોદય યોજના – નેશનલ અર્બન લાઈવ્લીહુડ્સ મિશન (DAY-NULM)નો હિસ્સો છે, જે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) હેઠળ આવે છે. આ મિશન તમામ નગરોમાં ગરીબ અને નિઃસહાય લોકોને આજીવિકા પૂરી પાડવા માટે કામ કરે છે.

દીનદયાલ અંત્યોદય યોજના-નેશનલ અર્બન લાઈવ્લીહુડ્સ મિશન(DAY-NULM)ને આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA)ની ફ્લેગશીપ સ્કીમ ગણવામાં આવે છે. આ સિવાય આ ડિપાર્ટમેન્ટે સ્વચ્છ ભારત મિશન-શહેર (SBM-U), પ્રધાન મંત્રી આવાસ યોજના-શહેરી (PMAY-U), સ્માર્ટ સિટી મિશન (SCM), અટાલ મિશન ફોર રીઝ્યુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT) અને હેરિટેજ સિટી ડેવલપમેન્ટ એન્ડ ઓગુમેન્ટેન્શન યોજના (HRIDAY) યોજનાઓ પણ DAY-NULMને મજબૂત અને રોજગાર નિર્માણ માટે મહત્વની સાંકળ બનાવે છે.

**a). મલ્ટી ડાઈમેન્શિયલ લાઈવ્લીહુડ્સ સ્ટ્રેટજીસ**


આ સ્કીમનો મહત્વનો હેતુ સર્વગ્રાહી અભિગમ અને આજીવિકા અપાવીને શહેરી ગરીબી દૂર કરવાનો જ છે

ત્રણ અલગ-અલગ સ્તરની આ યોજનામાં સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ ઘટકો સામાજિક મૂડી બનાવવાનો પ્રયાસ કર્યો છે. આ ત્રણેય લેવલમાં સેલ્ફ હેલ્પ ગૃપ (SHGs), વિસ્તાર અથવા ઝૂંપડપટ્ટી લેવલ ફેડરેશન અને સિટી લેવલ ફેડરેશનનો સમાવેશ થાય છે.

આ ત્રણેય સ્તરો વિવિધ સમુદાયને સામૂહિક અવાજ આપે છે અને તેમની આજીવિકાને ટેકો આપે છે.

અર્બન લોકલ બોડી (ULB) લેવલે સિટી લાઈફહૂડ્સ સેન્ટર (CLCs) ઈન્ફોર્મલ હાયપર લોકલ સર્વિસિસ સેક્ટરને મદદ કરે છે. સ્વરોજગાર અને ફ્રીલાન્સ સર્વિસ પ્રોવાઈડર્સ જેવા કે ઇલેક્ટ્રીશિયન્સ, સુથાર, પ્લમબર્સ, ચિત્રકારો, દરજીઓ, શિક્ષકો વગેરે CLCs ખાતે નોંધાયેલા છે અને ગ્રાહકો CLCsમાં કોલ કરીને તેમને જરૂરી સેવા લઈ શકે છે. CLCs માઈક્રોએન્ટરપ્રાઈઝને માર્કેટિંગ સપોર્ટ પણ પૂરો પાડે છે.

સ્કીલ ઈન્ડિયા મિશનના એમ્પલોયમેન્ટ Úkúq સ્કીલ ટ્રેનિંગ



**છતીસગઢના અંબિકાપૂરનું એસએચજી ફેડરેશન આજીવિકામાં અને આત્મ નિર્ભર થવા જરૂરી મદદ પૂરી પાડે છે**

અંબિકાપુરમાં શરૂ થયેલ 'Garbage to Gold'નો લક્ષ્યાંક સહકારાની યોજનાથી એક જાતિ આધારિત વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ શરૂ કરવાનો હતો. SHGs સાથે સંકળાયેલ ૫૦૦થી વધુ મહિલાઓ ડોર-ટૂ-ડોર વેસ્ટ કલેકશનના કામ સાથે સંકળાયેલ છે અને અમુક સોલિડ એન્ડ લિક્વિડ રીસોર્સ મેનજમેન્ટ (SLRM)ના કામકાજ સાથે પણ સંકળાયેલ છે. આ કામનું સંચાલન શહેરી વિકાસ નિગમ એક સેન્ટ્રલાઈઝડ કન્ટ્રોલ રૂમ થકી કરે છે અને એક ઓનલાઈન પોર્ટલમાં રોજબરોજ એકત્ર કરવામાં આવેલ કચરાનો કુલ ડેટા પણ દર્શાવાય છે.

એન્ડ પ્લેસમેન્ટ(ESTP)માં માર્કેટને લગતી સ્કીલ ટ્રેનિંગ અને પ્લેસમેન્ટની સેવા પુરી પાડવામાં આવે છે. આ સિવાય નાણાંકીય રીતે સરભર થવા માટે પણ આ યોજના પૂરક બની છે. સેલ્ફ એમ્પલોયડ પ્રોગ્રામ (SEP) આ યોજનાનો સૌથી મહત્વનો અને જરૂરી હિસ્સો છે. આ મિશનમાં ખાસ કરીને સબસિડી વાળા માઈક્રો ધિરાણ સાથે શહેરી ગરીબોને સમાવવા માટે અને તેમને માઈક્રો એન્ટરપ્રાઈઝમાં આર્થિક સદ્ધરતા માટે કામ કરવામાં આવે છે.

મિશનના શહેરી વિસ્તારના શેરી વિક્રેતાઓના સપોર્ટ માટે સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ, ૨૦૧૪ની જોગવાઈ અનુસાર જ રક્ષણ આપવાની માંગ થઈ છે. મુજબ ને રોકવા માગે છે. આ ઘટક અંતર્ગત શેરી વિક્રેતાઓને ૮ લાખથી વધુ આઈડી કાર્ડ આપવામાં આવ્યા છે, જેથી તેમના વ્યવસાયને અને તેમના છૂટક વેપારના સ્થાનને કાયદેસરની માન્યતા મળે. ઘણા શહેરોએ ટાઉન વેન્ડિંગ પ્લાન્સ તૈયાર કર્યા છે, જેમાં અલગ વેન્ડિંગ ઝોન બનાવી છૂટક વિક્રેતાઓને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે વેપાર કરવાની મોકળાશ મળે. વચગાળાના મૂલ્યાંકન પર નજર નાખીએ તો એસએચજી બેંક સાથે લિંકડ ૪% કરતા વધુ લોન માઈક્રો એન્ટરપ્રાઈઝની સ્થાપવા માટે ઉપયોગમાં લેવાય છે

**સિટી લાઈવ્લીહુડ્સ સેન્ટર, જયપુર, રાજસ્થાન**

એસએચજી મહિલાઓ દ્વારા ચાલતા માઈક્રો એન્ટરપ્રાઈઝના પ્રોડકટનું અલગ પ્રકારનું માર્કેટિંગ કરવા માટે આપવામાં આવેલ અલગ પ્રકારના આઈડિયાએ એક ઉત્તમ ઉદાહરણ બેઠું કર્યું છે. એમાઝોન, સ્નેપડીલ, ફ્લિપકાર્ટ અને શોપક્લૂઝ જેવી જાયન્ટ ઈ-કોમર્સ કંપનીઓ સાથ તેમનું ટાઈ-અપ કરવામાં આવ્યું છે.

કુશળ સર્વિસ પ્રોવાઈડર્સ માટે એક કોલ સેન્ટરની પણ સ્થાપના કરવામાં આવી છે, જેમાં આજદિન સુધી ૧૦,૦૦૦ ગ્રાહકોને સેવા આપવામાં આવી છે. સંસ્થા પ્લેસમેન્ટ સપોર્ટ પ્રોગ્રામ પણ ચલાવે છે અને આટલું જ નહિ તેઓ શેરી વિક્રેતાઓ માટે વર્કશોપનું પણ આયોજન કરે છે.

આ સ્કીમને જોરદાર પ્રતિસાદ પણ સાંપડ્યો છે અને સિદ્ધિ પણ હાંસલ થઈ છે. એક રિપોર્ટ અનુસાર ૨૫ લાખ લોકોને રોજગાર માટે પ્રત્યક્ષ સહકાર પુરો પાડ્યો છે.

**b). સ્કીલ ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ થકી રોજગાર આપવી**

શહેરી ગરીબોને નોકરી અપાવાનો હેતુ ESTPમાં ટોચના સ્થાને છે. સ્કીલ ટ્રેનિંગ પ્રોગ્રામ પૂરો કરીને બહાર આવેલ લોકોનાઅ મહેનાતાણાં અને સ્વરોજગાર માટે પ્લેસમેન્ટ પર વધુ ફોકસ કરવામાં આવે છે. ઘરેલું માંગને પહોંચી વળવા માટે આ યોજના કારગર નીવડી કે નહી તે માટે એક સર્વે પણ કરવામાં આવ્યો છે. વિવિધ ઈન્ડસ્ટ્રી માંગ અને વિવિધ બજાર તકોને જોતાં ઈચ્છુક લોકોને તેમના પસંદગીના પ્રોગ્રામ અને વિવિધ સ્કીમો નક્કી કરવાનો વિકલ્પ હોય છે.

૩થી ૬ માસના ટૂંકાગાળાના ટ્રેનિંગ કોર્સ માટે જરૂરી તાલીમ પણ આપવામાં આવે છે. વિવિધ સેક્ટાર્સને લગતા કુલ આશરે ૨૦૦થી વધુ કોર્સ ચાલુ છે, તેમાં સૌથી વધુ IT-ITES, એપર્લ્સ, બ્યુટી એન્ડ વેલનેસ, કન્સ્ટ્રકશન, હેલ્થકેર અને ન્યુટ્રીશિયનના કોર્સ સૌથી વધુ ટ્રેન્ડિંગ છે.

નેશનલ કાઉન્સિલ ઓન વોકેશનલ ટ્રેનિંગ(NCVT) દ્વારા માન્ય ડાયરેકટર જનરલ ઓફ ટ્રેનિંગ(DGT)ના ફ્રેમવર્કમાં આવતા મોડ્યુલર એમ્પ્લોએબલ સ્કીલ્સ (MES) કોર્સ પણ ESTP હેઠળ ચાલી રહ્યાં છે. આ બધા કોર્સ હવે નેશનલ સ્કીલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NSQF)ને સંલગ્ન બનાવામાં આવ્યા છે. NSQF ફ્રેમવર્ક હેઠળ ૩૮ અલગ-અલગ ઈન્ડસ્ટ્રીઓની બોડી બનાવામાં આવી જેને સેક્ટર સ્કીલ કાઉન્સિલ (SSCs) કહેવામાં આવે છે. આ વિવિધ કોર્સ માટેની ગુણવત્તા અને સર્ટિફિકેશન માટેના હાઉસિંગ ધ ક્વોલિફિકેશન પેક (QPs) SSCs નક્કી કરે છે.

**c). સ્વરોજગાર કાર્યક્રમ**

આ યોજના હેઠળ સ્વરોજગારના કોઈપણ કાર્ય માટે ૭%ના

૨.૯૯ લાખ SHGs (પ્રત્યેક ૧૦ સભ્યોમાં)ની રચના કરાઈ
૨.૦૯ લાખ SHGsને રીવોલ્વિંગ ફંડ્સ મળ્યું

૧૧.૭૬ લાખ ઉમેદવારોને ટ્રેનિંગ મળી
૩.૮૬ લાખ ઉમેદવારોને રોજગાર મળી

૩.૦૧ લાખ લોનને માઈક્રો એન્ટરપ્રાઈઝલ લોન ફાળવાઈ
૪.૦૯ લાખ SHGsને બેંક લોન મળી
રૂ. ૨૩,૫૫૪.૬ કરોડની લોનનું વિતરણ થયું

૧૬૨૫ આશ્રયસ્થાનો ફાળવવામાં આવ્યા અને તેમાંથી ૯૯૧ આશ્રયસ્થાનો કાર્યરત બન્યાં

૨૨૧૨ શહેરોમાં ફેરિયાઓનો સર્વે પૂર્ણ કરાયા
૮,૦૩,૪૫૭ શહેરી ફેરીયાઓને ઓળખ કાર્ડ અપાયા.

વાર્ષિક વ્યાજદરે વ્યક્તિગત અથવા સામૂહિક લોન આપવામાં આવે છે. તેમાં કુલ ત્રણ પ્રકારની લોન આપવામાં આવે છે-એક છે વ્યક્તિગત વધુમાં વધુ બે લાખ રૂપિયાની લોન, સામૂહિક મહત્તમ રૂ. ૧૦ લાખની લોન અને SHG બેંક લિન્કેજ લોન ૧:૪ના રેશિયોમાં. (આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ) આ લોનને મંજૂર કરવા માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવે છે - જેમાં બેંકના કર્મચારીઓ અને શહેરી વિકાસ સંસ્થાના અધિકારીઓ શામેલ હોય છ (Urban Local Body). તેઓ SE હેઠળ આવેલ લોનની અરજીઓની ચકાસણી કરે છે.



સમગ્ર દેશમાં ૧,૧૮૭ કૌશલ્ય તાલીમ પૂરી પાડનારા અને ૬,૧૩૬ કૌશલ્ય કેન્દ્રોનું નેટવર્ક DAY-NULM હેઠળ તાલિમ અને રોજગારી પૂરી પાડવા કાર્યરત છે. સૌથી લોકપ્રિય ક્ષેત્રોમાત IT-ITES, એપરેલ્સ, બ્યુટી એન્ડ વેલનેસ, બાંધકામ, હેલ્થકેર અને ન્યુટ્રીશનનો સમાવેશ થાય છે.

બેંકો અથવા અન્ય લેણદાર સંસ્થા દ્વારા ૭%થી વધુ વસૂલાતા વ્યાજને તેમની વ્યાજની સબસીડી તરીકે તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. મહિલાઓના SHGsને નિયમિત ચૂકવણી કરવા પર વ્યાજમાં ૩% છૂટ આપવામાં આવે છે. આંત્રપ્રિન્યોરશિપ વિકાસ કાર્યક્રમ હેઠળ લાભાર્થીઓને નોલેજ અને સ્કીલ્સ આપવામાં આવે છે, જે માઈક્રો એન્ટરપ્રાઈઝ ટકાવી રાખવા અને વિકસાવવા માટે જરૂરી છે.

**d). મિશનની ચકાસણી અને નવી પહેલ**

DAY-NULMના વચગાળાના મૂલ્યાંકને આધારે વ્યાજની સબસિડીઓને ડાયરેક્ટ બેંક ખાતામાં Direct Benefit Transfer (DBT) સ્કીમ થકી આપવા માટે ઓનલાઈન વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. મુદ્રા લોનમાં તો વ્યાજમાં માફી આપવામાં આવે છે અને આ યોજના હેઠળ મુદ્રાની લોન પર વધુ વ્યાજ સબસીડી પણ આપવામાં આવે છે.

વધુ ક્ષમતાવાળા સેક્ટર્સ પર ફોકસ વધારીને, તે ક્ષેત્રના પ્રાઈવેટ પ્લેયર્સ સાથે ભાગીદારી કરીને અને પ્લેસમેન્ટ વધારીને તથા પ્લેસમેન્ટ એજન્સીઓ સાથે કરાર કરીને મિશનને વધુ આગળ વધારવા અંગે જોર કરી રહ્યું છે. પર્સનલાઈઝડ રેપિડ એસેસમેન્ટ સિસ્ટમ(PARAS) લોન્ચ કરવામાં આવી છે, જેમાં તાલીમબદ્ધ વ્યક્તિઓ પાસેથી પ્રત્યક્ષ પ્રતિસાદ લેવામાં આવે છે, જેના આધારે નવા ટ્રેનિંગ પ્રોગ્રામમાં ફેરફાર કરવામાં આવે છે અને જરૂરી સુધારા-વધારા થાય છે.

આ મિશનના પરિણામો અંગે પણ વિવિધ રાજ્યો વચ્ચે સ્પર્ધા કરવા માટે SPARK નામની રેન્કિંગ સિસ્ટમ રજૂ કરવામાં આવી હતી.

**II. મુખ્ય જોખમોને પારખી, દુર કરવા માટેના પગલાં લેવાં**

MoHUA આગામી ભવિષ્ય માટે આ યોજનાને વધુ સક્ષમ બનાવવા ઉભા થનારા મુખ્ય જોખમોને અત્યારથી જ ઓળખીને દુર કરવા માટે કટિબદ્ધ છે. આ મિશનમાં ઉકેલવામાં આવેલ ત્રણ મુખ્ય રિસ્કમાં- a. રોજગારના સામાન્ય જુના માનસભાવમાં ફેરફાર b. માનવશ્રમમાં મહિલાઓનું ઓછું યોગદાન અને c. અમલીકરણ એજન્સીઓની ક્ષમતા મર્યાદિત હોવી.

**a) રોજગારના સામાન્ય જૂના માનસભાવમાં ફેરફાર :**

ભારતના કુલ માનવશ્રમના ૮૧%થી વધુ માત્ર અનૌપચારિક અથવા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. આ સિવાય ૨૦૧૯ સુધીમાં ભારતના ૭૭% કામદારો એક 'સંવેદનશીલ રોજગાર'ના દાયરામાં હશે (ILO, 2018). ટ્રેન્ડ્સ એવું દર્શાવે છે કે, દેશમાં શહેરીકરણનો ઊંચો દર ઔપચારિકીકરણની સપ્રમાણતામાં નથી, જેમાં સાથે શહેરી વિસ્તારોમાં વધુ અનૌપચારિક ઉદ્યોગો ઉમેરાઈ રહ્યા છે. અનૌપચારિક ક્ષેત્રોના પરિણામો શહેરીકરણની આર્થિક અસરમાં પ્રતિત થઈ શકે છે, તેમજ ઔપચારિક ક્ષેત્રમાં દેખાઈ શકે છે (ઘાની, et.al. ૨૦૧૩). શહેરી વિસ્તારમાં મુખ્યત્વે અસંગઠિત કાર્યબળ બાંધકામ અને સેનીટેશન સેક્ટર સાથે જ સંકળાયેલ છે, જેમાં સ્વાસ્થ્ય અને સલામતીની સ્થિતિ તદ્દન નબળી હોય છે.

DAY-NULM આ મુશ્કેલીઓને નિવારવા માટે બે પ્રકારના કામ કરી રહી છે-એક છે પ્રધાન મંત્રી કૌશલ વિકાસ યોજના



**રાયપુર, છત્તીસગઢમાં કોમ્પ્યુટર એપ્લિકેશનમાં તાલીમ**

નેશનલ કાઉન્સિલ ઓન વોકેશનલ ટ્રેનિંગ (NCVT) દ્વારા માન્ય ડાયરેકટર જનરલ ઓફ ટ્રેનિંગ (DGT)ના ળેમવર્કમાં આવતા મોડ્યુલર એમ્પલોએબલ સ્કીલ્સ (MES) કોર્સ પણ ESTP હેઠળ ચાલી રહ્યાં છે. આ બધા કોર્સ હવે નેશનલ સ્કીલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NSQF)ને સંલગ્ન બનાવામાં આવ્યા છે.

(PMKVY)માં રેક્ગનાઈઝેશન પ્રાયોર લર્નિંગ પ્રોગ્રામ(RPL)ને આવરી લેવામાં આવે છે. અવ્યવસ્થિત રીતે જેમણે કૌશલ્ય પ્રાપ્ત કર્યું છે તેમને પદ્ધતિસર, એક જ ઢાંચામા તાલીમ આપીને મેઈન સ્ટ્રીમ લાઈનમાં લાવી શકાય છે. તેમાં ખાસ કરીને કન્સટ્રકશન અને સેનીટરી ક્ષેત્રને પ્રાધાન્ય આપવામાં આવે છે. રોજગાર મેળવનારાઓને તેમના કામની કદર થાય, ગર્વ થાય અને ઉંચા ક્વોલિફિકેશન સાથે આગળ વધે તેવો પ્રયત્ન કરવામાં આવે છે. આ સિવાય મિશનમાં સ્વચ્છ ભારત મિશન અને સેક્ટર કાઉન્સિલ ફોર ગ્રીન જોબ કાઉન્સિલ સાથે મળીને સેનીટેશન સેક્ટરમાં કામ કરતા કામદારો માટે સારા વાતાવરણની પણ સુવિધા પુરી પાડે છે.

બીજું છે સિટી લાઈવલીહૂડસ સેન્ટર(CLCs), જેને DAY-NULM હેઠળ દરેક રાજ્યમાં સ્થાપવા અંગે ચર્ચાઓ ચાલી રહી છે. સીએલસીમાં ફ્રીલાન્સ કામ કરવા ઈચ્છુક કામદારોનો ડેટાબેઝ તૈયાર કરવામાં આવે છે અને મોબાઈલ એપ્લિકેશન થકી અન્ય જરૂરિયાતમંદ એમ્પલોયરને આપવામાં આવે છે. અમુક સીએલસી ઈનફોર્મલ વર્કર્સને એકત્ર કરીને ટ્રેનિંગ આપે છે અને મ્યુન્યુસિપલ કોન્ટ્રાકટ હેઠળ કામ અપાવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો હિમાચલ પ્રદેશના નાહનના સીએલસીમાં વાલ્મિકી વસ્તીના સફાઈ કામદારોને તાલીમ આપવામાં આવી. હવે તેઓને નહાન મ્યુન્યુસિપલ કોર્પોરેશને જરૂરી સેફટી સાધનો અને અન્ય સગવડો સાથે કોન્ટ્રાકટ પર કામે રાખવામાં આવ્યા છે.

### b. શહેરી માનવશ્રમમાં મહિલાઓનું વધતું યોગદાન

દેશના વર્કફોર્સમાં ઘટતી જતી મહિલાઓની સંખ્યા ભારતની ઈકોનોમી અને સામાજિક ક્ષેત્ર માટે વધુ એક ચિંતાનો વિષય છે. વર્ષ ૧૯૯૦થી ૨૦૧૫ સુધીમાં ભારતનો રીયલ જીડીપી પર કેપિટા ૩૭૫ ¯Á.¸. ડોલરથી વધીને ૧૫૭૨ ¯Á.¸. ડોલરના લેવલે પહોંચ્યું છે પરંતુ, ફીમેલ લેબર ફોર્સ પર્ટિસિપેશન રેટ (LFPR) ૩૭%થી ઘટીને ૨૮% સુધી પહોંચ્યો છે. જો ભારત તેના લેબરફોર્સનું સમતુલન જાળવી શકશે તો દેશના જીડીપીમાં ૨૭%ની નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળશે.(IMF, ૨૦૧૩)

નેશનલ સેમ્પલ સર્વે (એનએસએસ) ડેટા મુજબ ઘરેલુ કામકાજ કરતી ૩૧ ટકા મહિલાઓ કોઈક પ્રકારની નોકરી કરવાની ઈચ્છા ધરાવે છે. નોકરી કરવાની ઈચ્છા ધરાવનારી બધી જ મહિલાઓને કામ મળે તો ફીમેલ લેબર ફોર્સ પાર્ટિસિપેશન(FLFPR) ૨૧% વધીને ૭૮% સુધી પહોંચી શકે છે (પાન્ડે, ૨૦૧૭).

DAY-NULM મહિલાઓને સેલ્ફ હેલ્પ ગૃપ સાથે સાંકળીને તેમને સ્વરોજગાર આપી રહી છે. આશરે ૩૦ લાખ સ્ત્રીઓને એસએચજી અને તેની સાથે સંકળાયેલ સંસ્થાઓ જોડાઈ છે. એક જ્ઞાતિ આધારિત મહિલાઓનું સંગઠન કઈ રીતે પોતાના કામથી ઉપર ઉઠીને આગળ વધી શકે છે અને સામાજિક-આર્થિક રીતે પગભર થઈ શકે છે તેનો ખ્યાલ રજૂ કરવામાં આવે છે. જે રાજ્યોમાં સમુદાય આધારિત માળખુ પરિપકવ અવસ્થાએ છે ત્યાં ધ્યાન આગામી પગલાં પર એટલે કે આવક ઉભી કરવાની પ્રવૃત્તિઓ અને ધીરાણ આપીને માઈક્રો એન્ટરપ્રાઈઝિસને સમર્થન આપવા તરફ ખસી રહ્યું છે.

આ મિશનમાં મહિલાઓને પણ મહત્વનું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેમને પણ તાલીમ આપીને કામ યોગ્ય બનાવામાં આવે છે. સ્કીલ ટ્રેનિંગ કોમ્પોનેન્ટ હેઠળ ૭૦%થી વધુ માત્ર મહિલાઓને જ તાલીમ અપાઈ છે અને શરૂઆતમાં આ ક્વોટા માત્ર ૩૦% જ નક્કી થયો હતો.

### c. અર્બન બિલ્ડિંગ કેપેસિટી ઓફ લોકલ બોડિસ (ULBs)

DAY-NULMમાં અર્બન બિલ્ડિંગ કેપેસિટી ઓફ લોકલ બોડિસ (ULBs) પણ મહત્વનું યોગદાન આપે છે. મંત્રાલયે શહેરી ગરીબોને

વધુ શિક્ષણ મળે તે માટે ઈન્ટીગ્રેટેડ કેપેસિટી બિલ્ડિંગ પ્રોગ્રામ (ICBP) પ્રોગ્રામ રજૂ કર્યો છે, જેમાં રોજગાર માટેની તાલીમ અને સ્વરોજગાર માટે પ્રશિક્ષણ આપવામાં આવે છે જેથી કરીને શહેરી મિશનનો અમલ કરી શકાય.

ICBP થકી MoHUA ULB અધિકારીઓ અને ચૂંટાયેલ પ્રતિનિધો માટે ટ્રેનિંગનો કાર્યક્રમ કરે છે. શહેરી યોજનાઓ વચ્ચે સંકલન તપાસવું અને તેની માહિતી લેવી અને બીજો-ત્રીજો તબક્કો આ મિશનની ટેક્નિકલ અને અન્ય સિસ્ટમને સમજવા માટે હોય છે અને તેની પ્રેક્ટિસ કોઈ પણ શહેરમાં કરવાની તક મળે છે.



ભારતીય અર્થતંત્રની સતત વૃદ્ધિને કારણે શહેરી ભારતીયોની વાપરી શકાય તેવી આવકમાં વધારા સાથે જીવનધોરણ સુધર્યું છે ત્યારે નવા ક્ષેત્રો ઊભરી રહ્યા છે, જેમાં રોજગારીની ઊંચી સંભાવનાઓ છે. આ ક્ષેત્રોમાં ઈ-કોમર્સ ડિલિવરી, ઓન ડીમાન્ડ ટેક્સી સર્વિસીસ, ફીટનેસ અને વેલનેસ, વૃદ્ધોની સારવાર, બાળકોની સારવાર, હોમ બેઝ્ડ સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

### III. આગામી લક્ષ્યાંકો

મંત્રાલયના વિવિધ મિશન્સ જેમ કે, PMAY-U, SBM-U, AMRUT, HRIDAY અને SCM શહેરી વિસ્તારોમાં નોંધપાત્ર રોકાણ કરી રહ્યા છે. સામૂહિક ઝડપી પરિવહન પ્રોજેક્ટ્સ દ્વારા શહેરી પરીવહન વ્યવસ્થામાં પણ સુધારો થઈ રહ્યો છે. આ વિકસતું શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સર્જન અને મેઈન્ટેનન્સ રોજગારીની નોંધપાત્ર તકો ઊભી કરે છે, આમ, DAY-NULMના પ્રયાસો પૂરક છે.

તાજેતરમાં સેનિટેશન વેલ્યુ ચેઈન ઉપરાંત ગૌરવપૂર્ણ આજીવિકાની તકો વિકસાવવાના હેતુ સાથે DAY-NULM અને SBM-Uની કન્વર્જન્સ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. અન્ય શહેરી અભિયાનો દ્વારા ઉભી થતી આજીવિકાની ગુણવત્તામાં સુધારા પર કેન્દ્રીત સમાન નીતિવિષયક દરમિયાનગીરીનું સંશોધન કરવામાં આવી રહ્યું છે. નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) સાથે કન્વર્જન્સ પણ શરૂ કરાયું છે, કારણ કે સ્વાસ્થ્ય સંબંધિત ખર્ચ કોઈપણ પરિવારને ગરીબીમાં સપડાવવા માટેના સૌથી મહત્વના કારણોમાંનું એક છે.

MoHUA બાંધકામ સેક્ટરમાં કામદારોના પ્રમાણપત્રને પ્રોત્સાહિત કરી રહ્યું છે, જેમાં આજીવિકા અને જાહેર કામની ગુણવત્તામાં સુધારાના બંને ઉદ્દેશ્યોનો સમાવેશ થાય છે. આ દિશામાં સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (સીપીડબલ્યુડી) દ્વારા તેના પ્રોજેક્ટ્સ માટે ઓછામાં ઓછા ૨૦ ટકા પ્રમાણિત કામદારોની નિમણૂકની શરૂઆત કરવામાં આવી છે.

ભારતીય અર્થતંત્રની સતત વૃદ્ધિને કારણે શહેરી ભારતીયોની વાપરી શકાય તેવી આવકમાં વધારા સાથે જીવનધોરણ સુધર્યું છે ત્યારે નવા ક્ષેત્રો ઊભરી રહ્યા છે, જેમાં રોજગારીની ઊંચી સંભાવનાઓ છે. આ ક્ષેત્રોમાં ઈ-કોમર્સ ડિલિવરી, ઓન ડીમાન્ડ ટેક્સી સર્વિસીસ, ફીટનેસ અને વેલનેસ, વૃદ્ધોની સારવાર, બાળકોની સારવાર, હોમ બેઝ્ડ સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

DAY-NULM આ ઉભરતા ક્ષેત્રો સાથે સંબંધિત અભ્યાસક્રમોને પ્રોત્સાહિત કરી રહ્યું છે અને આ અભિયાન હેઠળ તાલીમ મેળવેલા ઉમેદવારોની આવકની સંભાવનાઓ સુધારવા માટે ખાનગી ક્ષેત્રના એમ્પ્લોયર્સ સાથે ભાગીદારીની શોધખોળ કરે છે.

આ પ્રકારની સ્કિલ્ડ હ્યુમન રિસર્ચ માટે માંગ દેશની બાહર પણ ઉપલબ્ધ છે.આ પ્રકાની વૈશ્વિક માંગ માટે NSDCએ પ્રવાસી કૌશલ વિકાસ યોજના અને ભારત આંતરરાષ્ટ્રીય કૌશલ્ય કેન્દ્રોનું લોન્ચિંગ કર્યું છે.જેની હેઠળ MEAના મદદથી એવા ભારતીયને ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સપોર્ટ આપવામાં આવે છે જે વિદેશમાં નોકરી કરવા ઈચ્છુક હોય.ઉપરાંત NSDC દ્વારા વૈશ્વિક કૌશલ્ય માંગના આધારે કૌશલ્ય તફાવતનો વિગતવાર અભ્યાસ પણ કરવામાં આવે છે.જેથી માંગ અને પુરવઠોની વૈશ્વિક તફાવતને ભરવા દેશના સકારાત્મક લાભાંશને ઉપયોગી બનાવી શકાય.

સંદર્ભોઃ


- Brown, A. & Lloyd-Jones, T., 2002. Spatial planning, access and infrastructure. In: C. Rakodi & T. Lloyd-Jones, eds. Urban livelihoods:

A peoplecentred approach to reducing poverty. s.l.: Earthscan, pp. 188-204.

- Census of India, 2011. Provisional Population Totals Paper 2 of 2011 India Series 1, New Delhi: Office of the Registrar General & Census Commissioner, Government of India.
- Chenoy, D., 2012. Skill Development in India; A Transformation in the Making. India infrastructure report, pp.99-207.
- Ghani, E., Kanbur, R. & O'Connell, S. D., 2013. Urbanization and agglomeration benefits: gender differentiated impacts on enterprise creation in India's informal sector, s.l.: The World Bank.
- International Labour Organization (ILO), 2018, Women and men in the informal economy: a statistical picture (third edition) / International Labour Office – Geneva
- International Labour Organization (ILO), 2018, World Employment and Social Outlook: Trends 2018, International Labour Office – Geneva: ILO, 2018
- IMF (2013) Elborgh-Woytek, Ms Katrin, et al. Women, work, and the economy: Macroeconomic gains from gender equity. International Monetary Fund, 2013.
- OECD (2017), OECD Economic Surveys: India 2017, OECD Publishing, Paris, https://doi.org/10.1787/eco_surveys-ind-2017-en
- Pande, R., 2017, Getting India's Women to the Workforce: Time for a Smart Approach, Ideas for India
- Phillips, S., 2002. Social capital, local networks and community development. In: T. Lloyd-Jones & C. Rakodi, eds. Urban Livelihoods: A People-centred Approach to Reducing Poverty. s.l.: Earthscan, pp. 133-150.



**પ્રવાસી કૌશલ્ય વિકાસ યોજના (PKVY)**
કૌશલ્ય વિકાસ પહેલ છે જેનો હેતુ વિદેશી રોજગારી ઈચ્છતા ભારતીય લોકોને જ તાલીમ અને પ્રમાણપત્ર આપીને તૈયાર કરવાનો છે.

**પ્રવાસી કૌશલ્ય વિકાસ યોજના (PKVY)**

- ટૂંકાગાળાના કાર્યક્રમ (૨ સપ્તાહથી એક મહિના માટે) ઉમેદવારોને આત્મવિશ્વાસ અને આંતરરાષ્ટ્રીય કૌશલ્ય જરૂરિયાતોને પહોંચી વળવા માટે તૈયાર કરવા સાથે વિવિધ દેશોમાં પડકારજનક કામો સોંપવા માટે તૈયાર કરે છે.
- આ કાર્યક્રમ વ્યાવસાયિક કુશળતા મેળવવા અને વિદેશી વેપારમાં કુશળતા મેળવવા માટે કામદારોને મદદરૂપ થઈ શકે છે. ઉપરાંત તેમને વિદેશી ભાષામાં વાતચીત કરવા માટે સક્ષમ બનાવે છે.

- Sankhe, S., Vittal, I., Dobbs, R., Mohan, A. and Gulati, A., 2010. India's urban awakening: Building inclusive cities sustaining economic growth.
- Walker, J., Meikle, S. & Ramasut, T., 2001. Sustainable urban livelihoods: Concepts and implications for policy.
- World Bank (2018) Demirguc-Kunt, A., Klapper, L., Singer, D., Ansar, S. and Hess, J., 2018. The Global Findex Database 2017: Measuring Financial Inclusion and the Fintech Revolution. The World Bank..

લેખક ભારત સરકારના મકાન અને
શહેરી બાબતોના મંત્રાલયના સચિવ છે.
**E-mail :** secyurban@nic.in

## નોકરી ઇચ્છુકો

# રોજગાર સર્જનની ઝડપ વધારવા

**એચ એલ સામરિયા**



ભારત સરકાર રોજગાર સર્જનની ઝડપ વધારવા માટે પ્રતિબદ્ધ છે. તેણે સમાજના ગરીબ અને નબળા વર્ગના લોકો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાની સાથે જ તમામ લોકોની રોજગાર સુધી પહોંચ સુનિશ્ચિત થાય તે માટે બહુમુખી વલણ અપનાવ્યું છે.

આર્થિક અને સામાજિક વિકાસની પ્રાપ્તિ માટે ગુણવત્તાપૂર્ણ રોજગારની જોગવાઇ મહત્વપૂર્ણ છે. પગાર, નોકરી અને સામાજિક સુરક્ષાના સંદર્ભમાં વ્યક્તિવિશેષના જીવન ધોરણને સુધારવા પર તેની સીધી અસર ઉપરાંત રોજગારએ ગરીબી નાબૂદી અને સામાજિક સમરસતાને પ્રોત્સાહન સહિતના વિભિન્ન સામાજિક હેતુઓની પૂર્તિ માટે ચાવી રૂપ છે. ભારત સરકાર રોજગાર સર્જનની ઝડપ વધારવા માટે પ્રતિબદ્ધ છે. તેણે સમાજના ગરીબ અને નબળા વર્ગના લોકો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાની સાથે જ તમામ લોકોની રોજગાર સુધી પહોંચ સુનિશ્ચિત થાય તે માટે બહુમુખી વલણ અપનાવ્યું છે.

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય (MoLE) રોજગાર સંબંધિત સેવાઓનો માર્ગ સુલભ કરવામાં અને કર્મચારીઓના હિત અને કલ્યાણની સુરક્ષા કરવામાં મહત્વની અને કેન્દ્રીય ભૂમિકા ભજવે છે. તે કામદાર વર્ગની સામાજિક સુરક્ષા જરૂરિયાતોનું નિયમન, કામદારોના રોજગારની સ્થિતિ અંગે ડેટા સંગ્રહણ અને તેનું સંકલન, રોજગાર સંબંધિત સેવાઓ પૂરી પાડવી અને શારીરિક રીતે અક્ષમ અને સમાજના નબળા વર્ગના લોકોને કામદાર વર્ગમાં જોડાવા માટે સહાયતા પૂરી પાડવી જેવી તેની મુખ્ય ફરજોને પૂર્ણ કરીને આ કામગીરી કરે છે.

યુવાન વર્ગ માટે રોજગારની તકોની ઉપલબ્ધતા અને તેના સુધી પહોંચ વધારવા માટે ભારતમાં જાહેર રોજગાર સેવાને નેશનલ કેરિયર સર્વિસ (NCS) મંચ દ્વારા પરિવર્તિત કરવામાં આવી છે. આ મંચ પર રોજગાર વાંચ્છુઓ, રોજગાર પ્રદાતાઓ અને તાલીમ પ્રદાતાઓને ઇનફરમેશન ટેકનોલોજીના દક્ષતાપૂર્ણ ઉપયોગ દ્વારા એક મંચ પર લાવવામાં આવ્યા છે. NCSની વિશેષ લાક્ષણિકતાઓ જોઇએ તો તે નીચે પ્રમાણે છેઃ રોજગાર વાંચ્છુઓને કારકિર્દી સંબંધિત સેવાઓ પૂરી પાડવી, કૉલ સેન્ટર્સ, મોડલ કેરિયર સેન્ટર્સ, કારકિર્દી સંબંધિત માહિતી અંગેનો વિશાળ ભંડાર અને ક્ષમતા નિર્માણ અને અન્ય ફેસિલિટેશન (સુવિધા) સેવાઓ. NCS સાથે જ વિભિન્ન રોજગાર સંબંધિત સેવાઓ જેવી કે જોબ મેચિંગ, એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જીસ (રોજગાર કેન્દ્રો)નું ઇ-લિન્કિંગ અને નિયમિત ધોરણે રોજગાર મેળાનું આયોજન જેવા કાર્યો કરે છે.

**યુવાન વર્ગ માટે રોજગારની તકોની ઉપલબ્ધતા અને તેના સુધી પહોંચ વધારવા માટે ભારતમાં જાહેર રોજગાર સેવાને નેશનલ કેરિયર સર્વિસ (NCS) મંચ દ્વારા પરિવર્તિત કરવામાં આવી છે. આ મંચ પર રોજગાર વાંચ્છુઓ, રોજગાર પ્રદાતાઓ અને તાલીમ પ્રદાતાઓને ઇનફરમેશન ટેકનોલોજીના દક્ષતાપૂર્ણ ઉપયોગ દ્વારા એક મંચ પર લાવવામાં આવ્યા છે.**

**સફળતાની વાત**

## શ્રી રાકેશ કુમાર સાહૂ: શારીરિક રીતે અક્ષમ રોજગાર વાંચ્છુ



મૂક અને બધિર એવા ઓડિશાના ઘાટિકલા, ખુરદા વિસ્તારના રહેવાસી એવા ૨૮ વર્ષીય રાકેશ કુમાર સાહૂએ ભૂવનેશ્વર ખાતે નેશનલ કેરિયર સર્વિસ સેન્ટર ફોર ડિફરન્ટલી એબલ્ડ (NCSCDA) ખાતે પોતાની નોંધણી કરાવી હતી. વર્ણનાત્મક થેરપી કાઉન્સેલિંગ સત્ર બાદ, તેઓએ ટેલી વિથ કમ્પ્યુટર ફંડામેન્ટલનો સાડા ત્રણ મહિનાનો કોર્સ કર્યો હતો. જેની બેચ ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ પૂરી થઇ હતી. આ તાલીમ ઓડિશા સરકારના શારીરિક અક્ષમતા સાથેના લોકોની સામાજિક સુરક્ષા અને તેમના સશક્તિકરણ માટે કામ કરતા સરકારી વિભાગ (SSEPD), NCSCDA, ભૂવનેશ્વર દ્વારા અપાઇ હતી અને તેને ઓડિશા કૌશલ્ય વિકાસ પ્રાધિકરણ (OSDA) દ્વારા પ્રાયોજિત કરાઇ હતી.

શ્રી રાકેશ સાહૂ તેવા ૨૮ ઉમેદવારો પૈકીના એક હતાં, જેઓ ઇન્ટરવ્યૂ માટે લાયક ઠર્યા હતા અને તેઓની અંતે પસંદગી થઇ હતી. નોંધનીય છે કે સાહૂ ૭૫ ટકા મૂક-બધિર છે તેમ છતાં તેઓ આજે વિશ્વાસપૂર્વક પોતાની ફરજ સંતોષકારક રીતે બજાવી રહ્યા છે. આ વાત તેમણે સ્વયં જણાવી હતી.

એકસો સાત (૧૦૭) મોડલ કેરિયર સેન્ટર (MCC)ની સ્થાપના કરવામાં આવી છે અને નજીકના ભવિષ્યમાં જ આવા વધારાના ૧૦૦ કેન્દ્રોની સ્થાપના કરવાની સરકારની યોજના છે. આ MCC ખાતે યુવાન વ્યવસાયિકો દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરીને કાઉન્સિલિંગ કરવામાં આવે છે જેથી કરીને રોજગાર પ્રાપ્ત કરવા માગતા લોકો તેમની ક્ષમતા, અભિરૂચિ અને સંતોષ અનુસાર રોજગારની પસંદગી કરી શકે. રોજગાર વાંચ્છુ લોકો અને રોજગાર પ્રદાતાઓની પ્રોફાઇલ ગતિશીલ પ્રકારની હોય છે તેથી તેમાં સતત અપડેટ કરવામાં આવે તેની તાતી જરૂરિયાત રહેલી હોય છે. NCSની મદદથી કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા વિભિન્ન રાજ્ય સરકારો અને અન્ય સામાજિક ભાગીદારોની સાથે સહકાર કરીને દેશભરમાં લગભગ ૨૨૦૦ રોજગાર મેળાઓનું આયોજન કર્યું છે. તે કારણે જૂન, ૨૦૧૮ સુધીમાં ૩૦.૨ લાખ જેટલી નોકરીઓને ગતિશીલ કરવી શક્ય બની હતી.

સરકારની તમામ અન્ય સંબંધિત પોર્ટલોને NCS સાથે એકીકૃત કરી અને જોડાણ કરીને તેને પ્રીમિયર સરકારી પોર્ટલ બનાવવા માટેના પ્રયાસ કરાવાની જરૂરિયાત




### નેશનલ કેરિયર સર્વિસ (NCS) પ્લેટફોર્મ

- આ નેશનલ કેરિયર સર્વિસ પ્લેટફોર્મ છે.
- તે રોજગારવાંચ્છુંઓને કારકિર્દી સંબંધિ સેવાઓ, કાઉન્સેલિંગ સેવાઓ, કોલ સેન્ટર્સ, મોડલ કેરિયર સેન્ટર્સ ઉપલબ્ધ કરાવે છે સાથે જ અહીં કારકિર્દી સંબંધિત માહિતી અને માર્ગદર્શનનો ભંડાર છે. સાથે જ તે ક્ષમતા નિર્માણ અને અન્ય ફેસિલિટેશન સેવાઓ પૂરી પાડે છે.
- તે સાથે જ જોબ મેચિંગ, તમામ રોજગાર કેન્દ્રો (એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જિસ)ના ઇ-લિન્કિગ અને નિયમિત ધોરણે રોજગાર મેળાનું આયોજન જેવી સેવા વિભિન્ન પ્રકારની રોજગાર સંબંધિત સેવા પૂરી પાડે છે.
- NCS પોર્ટલ દ્વારા ૨૨૦૦ રોજગાર મેળાનું આયોજન કરાયુ છે અને ૩૦.૨ લાખ નોકરીઓ અપાઇ છે.
- અહીં સેન્ટર ખાતે યુવાન વ્યવસાયિકો દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરીને રોજગાર વાંચ્છુઓને તેમની ક્ષમતા, અભિરુચિ અને સંતોષ પ્રમાણે તેઓ તેમને અનુકૂળ રોજગાર પસંદ કરી શકે તે માટે કાઉન્સેલિંગ આપવામાં આવે છે
- ૧૦૭ મોડલ કેરિયર સેન્ટર્સ (NCS)ની સ્થાપના કરાઇ છે અને વધારાના ૧૦૦ અન્ય કેન્દ્રો શરૂ કરવાની વિચારણા છે.
- NCS દ્વારા એમઓયૂ કરીને મોટી ખાનગી જોબ પોર્ટલ સાથે જોડાણ કરાયું છે.
- NCS પોર્ટલને સરકારની અન્ય તમામ પોર્ટલો સાથે જોડવામાં આવી છે . ખાસ કરીને માહિતી અને પ્રસારણ મંત્રાલયની એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ પોર્ટલને જોડાઇ છે.
- DG(E) દ્વારા દેશમાં ૨૧ નેશનલ કેરિયર સર્વિસ સેન્ટર્સ ફોર ડિફરન્ટલી એબલ્ડ (NCSC-DA) પર્સન્સ માટે શરૂ કરાયા છે. તેની વિગતો https://labour.gov.in/vrc પર છે.
- DG(E) દ્વારા SC/ST સમુદાયો માટે ૨૫ નેશનલ કેરિયર સર્વિસ સેન્ટર (NCSC -SC/ST) શરૂ કરવામા આવ્યા છે,જેમાં સમુદાયના લોકોને રોજગાર સંબંધિત તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે. વિગતો https://labour.gov.in/cgc પર છે.

## શ્રમ સુવિધા પોર્ટલ





કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયે શ્રમ સુવિધા નામે એકીકૃત વેબ પોર્ટલ વિકસિત કરી છે. આ પોર્ટલ ચાર સંગઠનોની જરૂરિયાતોને પોતાની હેઠળ પૂરી પાડે છે. આ વિભાગો છે. ઓફિસ ઓફ ચીફ લેબર કમિશનર (સેન્ટ્રલ), ડાઈરેક્ટરેટ જનરલ ઓફ માઈન્સ સેફ્ટી, એમ્પ્લોયીસ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન અને એમ્પ્લોયીસ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન.

- શ્રમ સુવિધા પોર્ટલનો પ્રારંભ માનનીય વડાપ્રધાન દ્વારા ૧૬ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ કરાયો હતો.
- આ પોર્ટલ સાઈટ પર જઇ શકાય છે. અને તે EPFO અને ESIC અને CLC(C) જેવા પ્રતિષ્ઠાનો માટે એકીકૃત રજિસ્ટ્રેશન, લાઈસન્સિંગ અને રિટર્ન સુવિધા આપે છે. https://shramsuvidha.gov.in
- પ્રતિષ્ઠાનો અહીં માઈન્સ અને ફેક્ટરી એક્ટ હેઠળ પોતાના વાર્ષિક રિટર્ન પણ અહીં દાખલ કરી શકે છે.
- શ્રમ અનુપાલન એજન્સીઓએ પોર્ટલ શરૂ થઇ ત્યારથી જૂન, ૨૦૧૮ સુધીમાં પોર્ટલ દ્વારા લગભગ ૩.૭૫ લાખ નીરિક્ષણ કર્યા હતા.

છે. આ પોર્ટલે સાથે જ મોટી ખાનગી પોર્ટલો સાથે એમઓયૂ પર હસ્તાક્ષર કરીને તેમને ઈન્ટરલિન્કિંગ સુવિધા ઉપલબ્ધ કરાવી છે જેથી કરીને રોજગાર વાંચ્છુ લોકો અને રોજગાર પ્રદાતાઓના ડેટા બેઝને વધારી શકાય. શારીરિક રીતે અક્ષમ લોકોને આર્થિક રીતે મુખ્યપ્રવાહમાં આણવા માટે, શ્રમ અને રોજગાર મંત્રાલયે ૨૧ નેશલન કેરિયર સર્વિસ સેન્ટર્સ (NCSC)ની દેશના વિભિન્ન ભાગોમાં સ્થાપના કરી છે.આ કેન્દ્રો શારીરિક રીતે અક્ષમ અથવા તો વિકલાંગ લોકોની ક્ષમતાનું મૂલ્યાંકન કરે છે અને તેમના માટે બુનિયાદી તાલીમનો માર્ગ મોકળો કરવાની સાથે જ તેમને રોજગાર મળી રહે તે માટે અથવા તો તેઓ પોતાનો રોજગાર શરૂ કરી શકે તે માટે તેમની સહાયતા કરે છે. આ કેન્દ્રો ગ્રામીણ વિસ્તારો અને ઝૂંપડપટ્ટીમાં રહેતા શારીરિક રીતે અક્ષમ લોકો સુધી મોબાઈલ કેમ્પ દ્વારા પહોંચે છે અને તેમને બુનિયાદી કાઉન્સેલિંગ અને માર્ગદર્શન સેવા પૂરી પાડે છે.


ડાઈરેક્ટરેટ જનરલ ઓફ એમ્પ્લોયમેન્ટ (DGE) દ્વારા સાથે જ અનસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતીના લોકો માટે કોચિંગ, બુનિયાદી માર્ગદર્શન અને તાલીમ જેવા પગલાઓ દ્વારા કલ્યાણકારી યોજના પણ ચલાવવામાં આવે છે. સાથે જ તેની SC/ST વર્ગના લોકો માટે વર્તમાન NCSCમાં નવા કોર્સ શરૂ કરવાની અને અત્યાર સુધી આવરી ન લેવાયા હોય, તેવા રાજ્યોમાં નવા SC/ST વર્ગ માટે નવા NCSCની સ્થાપના કરવાની યોજના છે. SC/ST સમુદાયો માટે તાજેતરના સમયમાં પચીસ નવા NCSCની સ્થાપના કરવામાં આવી છે અને સાથે જ આ કેન્દ્રોના સંચાલનને વધુ સુદ્રઢ કરવા માટે અભ્યાસક્રમમાં આઉટસોર્સિંગ **PMRPY** લાભાર્થીઓ (નવા અને સંચિત) દ્વારા વિશેષ કોચીંગ યોજના અને કમ્પ્યુટર તાલીમનો સમાવેશ કરવામાં આવ્યો છે.




ઉપરોક્ત ચાર્ટ PMRPY ની પ્રગતિ દર્શાવે છે. તે યોજનાનો પ્રારંભ થયો ત્યારથી જૂન, ૨૦૧૮ સુધીની તેની પ્રગતિ EPFO પેરોલ પર ઉમેરાયેલા નવા સભ્યો અને કર્મચારી લાભાર્થીઓના આંકડા અને EPFO પે રોલ પર રહેલા સંચિત નવા સભ્યો અને કર્મચારી લાભાર્થીઓના સંદર્ભમાં થયેલા પ્રગતિના આંકડા દર્શાવે છે. નવા સભ્યો અને લાભાર્થી કર્મચારીઓના આંકડાઓમાં વૃદ્ધિ જોવા મળી રહી છે. ઓગસ્ટ ૨૦૧૬-૧૭ ના ૦.૩૩ લાખસભ્યો કે કર્મચારીઓની સંખ્યાથી વધીને જૂન, ૨૦૧૮ સુધીમાં તે આંકડો વધીને ૫૩.૭૨ લાખ પર પહોંચ્યો હતો.

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય સાથે જ ઉદ્યોગ જગત અને અર્થવ્યવસ્થામાં ઉદ્ભવી રહેલી જરૂરિયાતોની પૂર્તિ માટે પ્રવર્તમાન શ્રમ કાયદાઓમાં સુધારા કરવા પર પણ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે. શ્રમ સુવિધા પોર્ટલ પ્રતિષ્ઠાનોના વૈજ્ઞાનિક અને પારદર્શક રીતે નિરીક્ષણ માટેનો માર્ગ સુલભ કરે છે. સાથે જ તે એમ્પ્લોયીસ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) અને એમ્પ્લોયીસ સ્ટેટ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC) હેઠળ કોમન રજિસ્ટ્રેશન સુવલત ઉપલબ્ધ

**PMRPY યોજના હેઠળ વહેંચાયેલી રકમ (સમયગાળા દરમિયાન અને સંચિત)**




**ઉપરોક્ત ચાર્ટ સરકાર દ્વારા યોજના શરૂ કરવામાં આવી ત્યારથી જૂન, ૨૦૧૮ સુધી વહેંચવામાં આવેલી રકમના સંદર્ભમાં PMRPY યોજનાની પ્રગતિ દર્શાવે છે. ઓગસ્ટ ૨૦૧૬-માર્ચ ૨૦૧૭ સુધીની ૨.૭૬ કરોડની રકમથી વધીને ઉક્ત રકમ જૂન, ૨૦૧૮ના અંત સુધીમાં વધીને ૧૧૪૫.૩૪ કરોડ થઇ ગઇ છે.**

કરાવવાની સાથે જ માસિક ઈલેક્ટ્રોનિક-કમ-ચલણ (ECR) દાખલ કરવાની સુવિધા પણ પૂરી પાડે છે. મંત્રાલયે સાથે જ ૯ કેન્દ્રીય શ્રણ કાયદા અને નિયમો હેઠળ દાખલ કરવા પડતા અને જાળવવા પડતા ૫૬ રજિસ્ટર્સ અથવા ફોર્મ્સની સંખ્યાને ઘટાડીને ૫ કોમન રજિસ્ટર અને ફોર્મ કર્યા છે જેના કારણે સમય અને સંકલનનો ખર્ચ ઘટશે. શ્રમ સુવિધા પોર્ટલ પારદર્શક અને જવાબદેય

અમલીકરણ તંત્ર ઉપલબ્ધ કરાવે છે.તે પારદર્શક શ્રમ નિરીક્ષણ યોજનાઓ ધરાવવાની સાથે જ શ્રમ કાયદાઓ માટે સિંગલ એકીકૃત વાર્ષિક રિટર્ન દાખલ કરવા થકી સરળતાપૂર્ણ અનુપાલનની સુવિધા પૂરી પાડે છે.તેના કારણે દેશમાં બિઝનેસ કરવામાં સરળતામાં પણ વધારો થયો છે, જે બાબત વિશ્વ બેન્કના તાજેતરના રિપોર્ટ, ડૂઇંગ બિઝનેસ ૨૦૧૮: રિફોર્મિંગ ટૂ ક્રિએટ જોબ્સ, માં જોઇ શકાય છે. જેમાં કહેવાયું છે કે ભારત ૧૩૦મા સ્થાનેથી હરણફાળ ભરીને સીધું

**શ્રી મૂન કાચરીઃ યોગ્ય રોજગારની તલાશમાં આસામના કામરૂપ જિલ્લાના ખૂબ જ ગરીબ પરિવારમાંથી આવતા**

શ્રી મૂન કાચરી એવા યોગ્ય અને સન્માનજનક રોજગારની શોધમાં હતા, જે તેમના પરિવારની ભરણપોષણ કરવા તેમને સમર્થ બનાવે. તેમણે NCSCના SC/ST સમુદાય માટેની વિશેષ કોચીંગ સ્કીમનો લાભ લેવાનો નિર્ણય કર્યો હતો અને મે ૨૦૧૬માં તે કોર્સ પૂર્ણ કર્યો હતો. ઉપરોક્ત કોચિંગ સ્કીમમાં ભાગ લેવાને કારણે તેઓ વિભિન્ન સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેવા માટે સમર્થ બન્યા હતા. તેમણે સાથે NCSC દ્વારા SC/ST સમુદાય માટે આયોજીત રોજગાર મેળામાં પણ ભાગ લીધો હતો અને એક્સિસ બેન્ક દ્વારા મે ૨૦૧૬માં રોજગાર મેળામાં તેમની પસંદગી માર્કેટિંગ એક્ઝીક્યુટીવ તરીકે કરવામાં આવી હતી. SC/ST વર્ગ માટેની NCSC, ગુવાહાટીની સહાયતાથી તેમણે સ્પર્ધાત્મક પરીક્ષા પણ પાસ કરી હતી અને તેઓ આસામમાં જિલ્લા અને સત્ર જજ ડિયામ હસાઓના લોઅર ડિવિઝન સહાયક તરીકે પસંદગી પામ્યા હતા.તેઓ ૨૭ જુલાઈ, ૨૦૧૭ના રોજ નોકરી પર ચડ્યા હતા.

## નોકરીઓને કારકિર્દીમાં પરિવર્તિત કરવા માટે બુનિયાદી તાલીમ



કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય કાર્યક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી પર વિશેષ ભાર આપે છે. તેનું ધ્યાન વિભિન્ન સેક્ટરમાં કલ્યાણકારી યોજનાઓ પર રહેશે. પરંતું તેનું મુખ્ય લક્ષ્યાંક આત્મ-નિર્ભરતા અને કારકિર્દીલક્ષી વૃત્તિને પ્રોત્સાહન આપવા પર છે.

ડાઈરેક્ટરેટ જનરલ ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેઈનિંગ (DGET)ના નેજા હેઠળ મહિલા તાલીમ અન્વયે મહિલાઓને કામદાર, સુપરવાઈઝર્સ અને ઉદ્યોગસાહસિક જેવી વિભિન્ન ભૂમિકાઓ ભજવવા માટેની તાલીમ આપવામાં આવે છે. મહિલાઓ માટે કૌશલ્ય તાલીમ વિભિન્ન સામાજિક-આર્થિક ક્ષેત્રે તેમના માટે વધારાની તકો ખોલશે અને સારા ઘર અને પરિવારનું નિર્માણ કરશે.

- મહિલાઓ માટે બુનિયાદી તાલીમ કાર્યક્રમ વિભિન્ન વિસ્તારોને આવરી લે છે
  - ઉદ્યોગમાં પગાર-રોજગાર
  - ઈન્સ્ટ્રક્ટર તરીકે
  - સ્વ-રોજગારને પ્રોત્સાહન
- કાર્યક્ષમ રીતે નીચેની બાબતન સમર્થ બનાવવી અને તેમને શરૂઆત ઉપલબ્ધ કરાવવી, કાર્યક્રમમાં નીચે બાબતો સામેલ છે
  - ક્રાફ્ટ્સમેન ટ્રેઈનિંગ સ્કીમ (CTS) હેઠળ ઔદ્યોગિક કૌશલ્ય તાલીમ
  - ક્રાફ્ટ ઈન્સ્ટ્રક્ટર ટ્રેઈનિંગ સ્કીમ (CITS) હેઠળ ઈન્સ્ટ્રક્ટર કૌશલ્ય તાલીમ
  - માંગ આધારિત ટૂંકા ગાળાના કોર્સ
  - ઈન્સ્ટ્રક્ટર તાલીમ માટે વિશેષ કાર્યક્રમ
  - ઉદ્યોગની માગ અનુસાર વિશેષ કોસ

## પ્રધાનમંત્રી રોજગાર પ્રોત્સાહન યોજના



- સરકાર તમામ નવા લાયક કર્મચારીઓ માટે ૦૧-૦૪-૨૦૧૮થી તમામ સેક્ટરમાં EPS અને EPFમાં રોજગાર પ્રદાતા દ્વારા ચૂકવવા પાત્ર ૧૨ ટકા અંશદાન જમા કરાવાય છે.
- તે ચૂકવણી આગામી ત્રણ વર્ષ સુધી કરાશે અને તમામ નવા કર્મચારીઓ આધાર સાથે લિંન્ક કરાયેલ યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) ધરાવતા હોવા જોઇએ.
- જૂન, ૨૦૧૮૮ સુધી ૫૩.૭૨ લાખ નવા કર્મચારીઓની નોંધણી EPFO દ્વારા કરવામાં આવી છે.
- અત્યાર સુધીમાં આ યોજના પાછળ સરકારે ૧૧૪૫.૩૪ કરોડ ખર્ચ કર્યો છે અને અંદાજ મુજબ PMRPYયોજના હેઠળ વધું ૪,૫૦૦ કરોડ રૂપિયાની જરૂર રહેશે.
- તેને ઓનલાઇન એનરોલમેન્ટ અને આધાર દ્વારા તેને ઓપરેટ કરવી સરળ છે. વિગતો આ સાઇટ www.pmrpy.gov.in પર છે.

૧૦૦માં સ્થાને પહોંચી ગયો છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ભારતને સૌથી વધારે સુધારો કરનારા ટોચના ૧૦ દેશોમાં પણ સ્થાન આપવામાં આવ્યુ છે.

મંત્રાલય હાલ પ્રવર્તમાન વિભિન્ન શ્રમ કાયદાઓને સરળ બનાવી તેમને તર્કસંગત બનાવી એકબીજામાં મેળવીને ચાર શ્રમ સંહિતામાં પરિવર્તિત કરવાની દિશામાં કાર્યરત છે. આ ચાર શ્રમ સંહિતાઓ આ પ્રમાણે છેઃ પગાર સંબંદિત સંહિતા, સામાજિક સુરક્ષા અંગેની સંહિતા અને ઔદ્યોગિક સંબધો અને આરોગ્ય અને કાર્ય કરવા માટેની સ્થિતિ સંબંધિત સંહિતા. પગાર અંગેની સંહિતા (કૉડ ઓન વેજિસ)ને ૧૦ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવી હતી. સીઝનલ જરૂરિયાતો અનુસાર કામદારોને કામે રાખવામાં લચકતા પૂરી પાડવા માટે અને ઉદ્યોગ દ્વારા તેની નિકાસની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા સહિત તે પોતાના ટાર્ગેટને પૂર્ણ કરી શકે તે માટે તેન ેસમર્થ બનાવવા માટે અહીં નિશ્ચિત મુદ્દતના રોજગારની એક કેટગરી સામેલ કરવામાં આવી હતી. સાથે જ તે આ પણ સુનિશ્ચિત કરતું હતું કે કાયમી કર્મચારીને મળતા તમામ સામાજિક સુરક્ષા લાભો અને પગાર અને તેમજ કામની સ્થિતિ પણ આવા ફિક્સડ ટર્મ કર્મચારીને ઉપલબ્ધ કરાવવામાં આવે.

પ્રધાનમંત્રી રોજગાર પ્રોત્સાહન યોજના (પીએમઆરપીવાય) નો પણ વર્ષ ૨૦૧૬-૧૭થી અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજનાનો આશય ઉદ્યોગને રોજગાર સર્જન માટે ઈન્ટેન્સિવ આપવાનો છે. આ યોજના હેઠળ નવા યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) ધરાવતા નવા કર્મચારીઓ જેઓ માસિક ૧૫,૦૦૦ જેટલો પગાર ધરાવે છે, તેમના સંદર્ભમાં એમ્પ્લોયીસ પેન્શન સ્કીમ (EPS)માં રોજગારપ્રદાતાઓ દ્વારા ચૂકવવાનો થતો ૮.૩૩ ટકા ફાળો કર્મચારીની નોંધણી તારીખથી ત્રણ વર્ષ સુધી સરકાર દ્વારા જમા કરાવવામાં આવે છે. આ યોજનાનો આશય રોજગાર સર્જન અને બિનસત્તાવાર કામદારોની મોટી સંખ્યાને સત્તાવાર કરવાનો છે. આર્થિક સર્વેક્ષણ ૨૦૧૭-૧૮ અનુસાર ભારતમાં સત્તાવાર વર્કફોર્સ બિનકૃષિ વર્કફોર્સને સમાન ૩૧ ટકા હતુ. જે સ્પષ્ટ રીતે દર્શાવે છે કે દેશ માને છે તેના કરતા સત્તાવાર પે રોલ દેશમાં મોટો છે.


ટેક્સટાઇલ ઉદ્યોગને વધારે ઇન્સેન્ટિવ આપવા માટે (મેડઅપ અને એપેરલ સેક્ટર) સરકાર પ્રધાનમંત્રી પરિધાન રોજગાર પ્રોત્સાહન યોજના (PMPRPY) યોજના હેઠળ રોજગાર પ્રદાતાના સમગ્ર ફાળાને(૧૨ ટકા અથવા જે સ્વીકૃત હોય તે) એમ્પ્લોયીસ પેન્શન સ્કીમ (EPS) અને એમ્પ્લોયીસ પ્રોવિડેન્ટ ફંડ (EPF) સરકાર દ્વારા જમા કરાવવામાં આવે છે. વધુમાં આ યોજનાના મહત્વને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં સરકારે રોજગાર પ્રદાતાઓના સમગ્ર ફાળા (૧૨ ટકા અથવા જે સ્વીકૃત હોય તે)ને તમામ સેક્ટરમાં ૦૧-૦૪-૨૦૧૮થી લાગુ પડે તે રીતે તમામ લાયક એવા નવા કર્મચારીઓના ઇપીએસ અને ઇપીએફની રકમ ત્રણ વર્ષ સુધી ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.આમા વર્તમાન લાભાર્થીઓના ત્રણ વર્ષ પૂરા થાય ત્યાં સુધી તેમની રકમ પણ સરકાર દ્વારા જ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

સરકારનો અભિગમ રોજગારના ગુણવત્તાપૂર્ણ અને માત્રાત્મક આયામો વચ્ચે સંતુલન સાધવાનો છે, જેથી કરીને રોજગાર ટકાઉ વિકાસ લક્ષ્યાંક (SDG) ૨૦૧૮ને પ્રાપ્ત કરવાની દિશામાં ઉદ્દીપક તરીકે કામ કરે.

લેખક ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના સચિવ છે.
**E-mail:** secy-labour@nic.in

# ભારતના ૩ 'E'નું સંધાન

**મનીષ સબરવાલ**



શિક્ષણ, રોજગાર અને રોજગારક્ષમતા આસપાસની આપણી જૂની નીતિઓ અમુક વસ્તુથી દુર ભાગવા અંગેની હતી. ભારતની નબળી ઉત્પાદકતા અને ગરીબીના ઘણા કારણો છે પરંતુ આખરે આપણી પાસે ઔપચારીકરણ, શહેરીકરણ, ઔદ્યોગીકરણ, આર્થિકીકરણ અને માનવ મૂડીમાં એક ચોક્કસ વ્યૂહરચના ઉપલબ્ધ છે.

શિક્ષણ, રોજગાર અને રોજગારક્ષમતા આસપાસ ફરનારી આપણી જૂની નીતિની વાર્તાઓ અમુક બાબતની નજીક જવાને બદલે તેનાથી દૂર ભાગવા અંગેની હતી અને તે અવારનવાર પોતે જવાબદારી લેવાને બદલે ઓપનીગ બેલેન્સના બાહ્ય પરિબળો ઉપર દોષારોપણ કરનારી હતી. ભારતની નબળી ઉત્પાદકતા અને ગરીબીના ઘણા કારણો છે પરંતુ આખરે આપણી પાસે ઔપચારીકરણ, શહેરીકરણ, ઔધ્યોગીકરણ, આર્થિકકરણ અને માનવ મૂડી માટે વ્યૂહરચના છે."

વર્ષ ૨૦૧૮માં કોઈક વાર ખૂબ ટૂંક સમયમાં ભારતનો વાર્ષિક જીડીપી દર ઇંગ્લેન્ડને (૨.૬ ટ્રીલીયન ડોલર) પાર કરી જશે. શું આ જ તે સીમાચિહ્ન છે જેની આપણે ઉજવણી કરવાની છે ? કે પછી આ તે સીમાચિહ્ન છે જે કે જે ૧.૨ મિલિયન લોકોને ૬૬ મિલિયન લોકોના ઉત્પાદનને પાર કરવામાં ૭૧ વર્ષ શા માટે લાગી ગયા તે અંગે પ્રમાણિક પ્રશ્ન ઉઠાવનાર છે. કવયિત્રી માયા એન્જેલોએ જણાવ્યું છે કે, " બ્રહ્માંડ એ પરમાણુંઓથી નથી બનેલું પરંતુ વાર્તાઓથી તૈયાર થયેલું છે." અને હું માનું છું કે આપણી કંગાળ ઉત્પાદનની પરિસ્થિતિ એ ૧૯૪૭ પછીથી આપણે આપણી જાતને જે મૂર્ખતાપૂર્ણ આર્થિક વાર્તાઓ કહેતા આવ્યા છીએ તેનું ઉત્પાદન છે. આપણી રાજકીય વાર્તાઓને અદભૂત રીતે વર્ણવવામાં આવી છે પરંતુ આપણી આર્થિક વાર્તાઓએ વિકેન્દ્રીકરણ ઉપર અવિશ્વાસ મૂકીને (મજબૂત રાજ્યો નબળા દેશનું નેતૃત્વ કરે છે), સંસ્થાઓનો અનાદર કરીને (ભ્રષ્ટાચાર અને અનૌપચારિકતા એ સાંસ્કૃતિક છે) અને સ્પર્ધાત્મક વાતાવરણ (જાહેર ક્ષેત્રના એકમો અને એકાધિકારો એ ગ્રાહકો માટે વધુ સારા છે) તેનું મોં રૂંધીને

**ભારતના ૩ E – શિક્ષણ, રોજગાર અને રોજગારક્ષમતા – એ આપણી ઉત્પાદકતાને વધારવા માટે અને ગરીબીને તેના મ્યુઝીયમમાં કે જેને તે ખરેખર લાયક છે તેમાં મુકવા માટે ખુબ મહત્વના અંગો છે. અને હું એક ખુબ વિખ્યાત વાર્તાનો પણ વિરોધ કરવા માંગીશ કે જેમાં કહેવામાં આવે છે કે ભારતમાં નોકરીની સમસ્યા છે અને એવી માન્યતા કે આપણો જે અધિકૃત બેરોજગારીનો ૫ ટકાનો દર છે તે કોઈ મિથ્યાભાષણ નથી. દરેક વ્યક્તિ કે જેને નોકરી જોઈએ છે તેની પાસે નોકરી છે બસ તેમની પાસે તે વેતન નથી કે જે તેઓ ઈચ્છે છે અથવા જેની તેમને જરૂર છે.**




ઉત્પાદકતાના રોગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ગરીબીના લક્ષણો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ૧૯૫૫ની અવાદી ક્રાંતિએ આપણને ખરાબ ફોન સેવા આપી, શાળાઓને બદલે કોલેજોને પસંદ કરી, જાહેર ક્ષેત્રને તોડી નાખ્યું અને મૂડી બજારને અપંગ બનાવી દીધું. આ વાર્તાઓએ આપણી ઉત્પાદકતામાં ઝેર ઘોળી નાખ્યું છે; ૧ મિલિયન લોકોની વસ્તી ધરાવતા આપણી પાસે માત્ર ૫૨ શહેરો જ છે, માત્ર ૫૦ ટકા આપણા કામદાર વર્ગો ખેતરની બહાર કામ કરે છે, આપણા કામદાર વર્ગના માત્ર ૨૫ ટકા લોકો જ ઔપચારિક વેતન રોજગારી ધરાવે છે, ૧૪-૧૮ વર્ષની વયના આપણા માત્ર ૪૩ ટકા જ બાળકો ભાગાકારની પાયાની સમસ્યાને ઉકેલી શકે છે, આપણા ૩૦ કરોડ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૫ લાખને જ એપ્રેન્ટીસશીપ મળે છે, જીએસટીના આગમન પહેલા ૬૩ મિલિયન ઉદ્યોગોમાંથી માત્ર ૭ મિલિયન ઉદ્યોગો જ અપ્રત્યક્ષ કર માટે નોંધાયેલા હતા અને વિમુદ્રીકરણ અગાઉ આપણા ૧.૨ બિલીયન નાગરિકોમાંથી માત્ર ૧.૫ ટકા નાગરિકો જ આવક વેરો ભરતા હતા. ભારતની ગરીબી આપણી નીચી ઉત્પાદકતામાંથી આવે છે. ઉત્પાદકતા એ આપણી હવામાં, સંસ્થાઓમાં, માળખાગત બાંધકામોમાં, ફેક્ટર માર્કેટની ચોકસાઈમાં અને માનવ મૂડીમાં જડાયેલી છે.

"ભારતના ૩ ઈ – શિક્ષણ, રોજગાર અને રોજગારક્ષમતા – એ આપણી ઉત્પાદકતાને વધારવા માટે અને ગરીબીને તેના મ્યુઝીયમમાં કે જેને તે ખરેખર લાયક છે તેમાં મુકવા માટે ખૂબ મહત્વના અંગો છે. અને હું એક ખૂબ વિખ્યાત વાર્તાનો પણ વિરોધ કરવા માંગીશ કે જેમાં કહેવામાં આવે છે કે ભારતમાં નોકરીની સમસ્યા છે અને એવી માન્યતા કે આપણો જે અધિકૃત બેરોજગારીનો ૫ ટકાનો દર છે તે કોઈ મિથ્યા ભાષણ નથી. દરેક વ્યક્તિ કે જેને નોકરી જોઈએ છે તેની પાસે નોકરી છે બસ તેમની પાસે તે વેતન નથી કે જે તેઓ ઈચ્છે છે અથવા જેની તેમને જરૂર છે.

મને તે કહેવું ગમશે કે તકો માટેનું આપણું માળખું – ભારતના ૩ ઈ. શિક્ષણ, રોજગારક્ષમતા અને રોજગાર – એ આપણી ઉત્પાદકતાને વધારવા માટે અને ગરીબીને તેના મ્યુઝીયમમાં કે જેને તે ખરેખર લાયક છે તેમાં મૂકવા માટે ખુબ મહત્વના અંગો છે. વધુમાં હું એ પણ માન્યતાનું ખંડન કરવા માંગીશ કે ભારતમાં નોકરીની સમસ્યા છે અને વિશ્વાસ કરો કે આપણો જે અધિકૃત બેરોજગારીનો ૫ ટકાનો દર છે તે કોઈ મિથ્યા ભાષણ નથી. દરેક વ્યક્તિ કે જેને નોકરી જોઈએ છે તેની પાસે નોકરી છે , તેમની પાસે માત્ર એ વેતન નથી કે જે તેઓ ઈચ્છે છે અથવા જેની તેમને જરૂર છે. આ નોકરી વિ. વેતનનું મુલ્યાંકન એ ખુબ મહત્વનું છે કારણ કે જો તમે એવું વિચારતા હોવ કે ભારતની સમસ્યા નોકરીની છે તો તમે હેલિકોપ્ટરમાંથી પૈસા ફેંકશો, ૩ દિવસના નોકરીના અઠવાડિયાની જાહેરાત કરશો, અને કામદારોના પાવડા લઈને તેને બદલે તેમને ચમચીઓ આપશો. પરંતુ જો તમને લાગે છે કે સમસ્યા વેતનની છે એટલે કે ઉત્પાદકતાની તો તમે થોડા નીચે ઉતરશો અને ઔપચારિકરણ, શહેરીકરણ, ઔધ્યોગીકરણ, આર્થિકરણ અને માનવ મૂડીને લગતો બીજો માર્ગ પસંદ કરશો.

ભારતની ઉત્પાદકતા વધારવા માટે કામદાર વર્ગની ઔપચારિક રોજગારી ૫૦ ટકા વધારવાની જરૂર છે (કે જે અત્યારે ૨૫ ટકા છે), એક મિલિયન લોકોની વસ્તી ધરાવતા શહેરોની સંખ્યા ૨૦૦ સુધી વધારવાની જરૂર છે (જે હાલ ૫૦ છે), ખેતરમાં કામ કરતા મજુરોની રોજગારી ૧૦ ટકા સુધી ઘટાડવાની જરૂર છે (જે હાલ ૫૦ ટકા છે), બચતમાં સુવર્ણ અને રીયલ એસ્ટેટને ૫૦ ટકા સુધી ઘટાડવાની જરૂરિયાત છે (જે અત્યારે ૯૦ ટકા છે)



અને આપણી શાળાઓ, કૌશલ્યો અને કોલેજ વ્યવસ્થાઓમાંથી કિંમત, ગુણવત્તા તેમજ જથ્થાના ડીફીકલ્ટ બેલેન્સ પ્રાપ્ત કરવાની જરૂર છે. ચાલો દરેક એકમને અલગથી સમજીએ.

**ઔપચારિકરણ**

ઉપરના સ્તરે ભારતની ઉદ્યોગ સાહસિકતા ઈકોસીસ્ટમ તંદુરસ્ત જણાય છે. આપણા કામદાર જૂથનો ૫૦ ટકા હિસ્સો સ્વ રોજગાર મેળવે છે અને આપણી પાસે પ્રત્યેક ચાર બિન કૃષિ કામદાર માટે એક ઉદ્યોગ એકમ છે. પરંતુ આપણા મોટાભાગના ઉદ્યોગો અવિકસિત છે (ભારતમાં માત્ર ૧૧ ટકા ઉત્પાદન કંપનીઓ ૨૦૦થી વધુ કામદારોને રોજગારી આપે છે, જયારે ચીનમાં તે આંકડો ૫૨ ટકાનો છે), ઉત્પાદનમાં નોંધપાત્ર રીતે પરિવર્તન પામે છે (ઉત્પાદનના કદ દ્વારા ૯૦ અને ૧૦ પર્સેન્ટાઈલ પર રહેલ એકમોની વચ્ચે ૨૨ ગણો ઉત્પાદનનો તફાવત છે) અને આપણા કામદાર વર્ગના જૂથમાં ૪૦ ટકાનો સમાવેશ કાર્યરત ગરીબમાં થાય છે. (એવા લોકો કે જે જીવવા માટે પુરતા નાણા કમાઈ લે છે પરંતુ ગરીબીમાંથી બહાર નીકળવા માટે પૂરતા નાણા એકઠા નથી કરી શકતા).

ભારત ઊંચા વેતન ચુકવવા માટે ઉત્પાદનક્ષમતા ધરાવતા પૂરતા સાહસોનું નિર્માણ નથી કરી રહ્યો. ભારતના કુલ ૬.૩ કરોડ ઉદ્યોગોમાંથી ૧.૨ કરોડ પાસે કોઈ ઓફિસ નથી, ૧.૨ કરોડ ઘરેથી કામ કરે છે, માત્ર ૭૦ લાખ પાસે જીએસટી અગાઉ કરની નોંધણી હતી, માત્ર ૧૪ લાખ જરૂરી કર્મચારી સામાજિક સુરક્ષા ચુકવણી કરે છે, અને માત્ર ૧૦ લાખ કંપની તરીકે જાહેર થયેલ છે. વધુ દુઃખદ વાત એ છે કે ભારતમાં માત્ર ૧૭, ૫૦૦ કંપનીઓ પાસે ૧૦ કરોડ રૂપિયાથી વધુની પેઈડ અપ કેપિટલ છે. ભારતના નિયામક કોલેસ્ટ્રોલે પારંપરિક રીતે ઉદ્યોગોના વિકાસને અને ઔપચારિકતાને સ્થગિત કરી નાખ્યો છે પરંતુ જીએસટી એ મહત્વનું સ્થિતિ પરીવર્તક પરિબળ છે. જયારથી જીએસટી અમલમાં આવ્યું ત્યારથી અપ્રત્યક્ષ કર નોંધણી કરાવનાર ઉદ્યોગોની સંખ્યા ૫૦ ટકા જેટલી વધી ગઈ છે. આ આંકડો ખુબ ટૂંકા સમયમાં ૧૫ મિલિયન સુધી પહોંચવાની સંભાવના છે. વેપાર કરવાની સરળતા સુધરવાથી નવા ઉદ્યોગ એકમોના નિર્માણમાં કેમ્બ્રિયન વિસ્ફોટ જોવા મળશે અને વર્તમાન એકમોમાં બહોળા પાયે ઉત્પાદનમાં વધારો જોવા મળશે. તેની માટે મધ્યમ અને લઘુ ઉદ્યોગોની વિચાર પ્રક્રિયાના વિશ્વને પુનઃકાર્યાન્વિત કરવાની, નોન કોલેટરલ ક્રેડીટ માટે પહોંચ વધારવાની, મજૂર અને ટેક્સ ઇન્સ્પેકટર રાજમાંથી મુક્તિ મેળવવાની, વસ્તુ અને સેવા કર (જીએસટી)ને વધુ સરળ બનાવવાની, વેન્ચર કેપિટલ ઇન્ડસ્ટ્રીને વિકસિત કરવાની અને કર્મચારી સરકારની જરૂર છે. તમામ કાયદાઓને પેપરલેસ, પ્રેઝન્સલેસ અને કેશલેસ બનાવીને ઇન્ટરફેસ કરવાની જરૂર છે.

**શહેરીકરણ**

આ એક એવા અઘરા પ્રશ્ન અંગેનો મુદ્દો છે કે શું ભારત નોકરીને લોકો સુધી લઇ જાય છે કે પછી લોકોને નોકરી સુધી પહોંચાડે છે. રાજકીય કલ્પના અનુસાર તમે હંમેશા નોકરીને લોકો સુધી લઇ જાવ છો પરંતુ વિકાસની વ્યાખ્યામાં મોટા ભાગે લોકોને નોકરી સુધી પહોંચાડવાની વાત હોય છે કારણ કે નોકરીના નિર્માણ માટે ફળદ્રુપ આવાસી ક્ષેત્રોને વિકસાવવા ખૂબ અઘરા હોય છે. ભારતની પાસે ચાઈનીઝ નવ વર્ષની સમકક્ષ નથી – ચાર દિવસનું વિકેન્ડ કે જ્યાં ૨૦૦ મિલિયન લોકો ઘરે જવા માટે ટ્રેનની ટીકીટ ખરીદે છે કારણ કે ચાઈનીઝ મોડલમાં લોકોને નોકરી સુધી લઇ જવામાં આવે છે – દિવાળી, છઠ, ઈદ અથવા નાતાલ ઉપર. ભારતમાં એક મિલીયનથી વધુ લોકોની વસ્તી ધરાવતા

માત્ર ૫૦ શહેરો છે; જ્યારે ચીનમાં તે ૩૭૫ છે. આપણી પાસે ૬ લાખ ગામડાઓ છે જેમાં ૨ લાખ ગામડાઓમાં ૨૦૦થી ઓછા લોકો રહે છે. તે લોકો જોબ મેગ્નેટ બની શકે તેવી કોઈ જ સંભાવના નથી. આ પ્રકારના નીચલા શહેરીકરણના અકારણ પરિણામો એ મોટા શહેરોમાં વાસ્તવિક અને લઘુત્તમ વેતનના મોટા પાયાના તફાવતો છે. ગ્વાલિયર ખાતે રોજગાર ભરતી મેળામાં એક બાળકે મને ગ્વાલિયરમાં દર મહીને ૪૦૦ રૂપિયા, ગુડગાવમાં દર મહીને ૬૦૦૦ રૂપિયા, દિલ્હીમાં દર મહીને ૯૦૦૦ અને મુંબઈમાં દર મહીને ૧૮૦૦૦ આપવા જણાવ્યું હતું. મૂળભૂત રીતે તે મારી પાસેથી પગાર નહોતો માંગી રહ્યો પરંતુ ખર્ચની ભરપાઈ માંગી રહ્યો હતો.

આગામી બે દાયકામાં આપણે વધુ લોકોને દિલ્હી, મુંબઈ કે બેંગ્લોરમાં ના ધકેલવા જોઈએ પરંતુ દિલ્હી નજીક ગુડગાવ, હૈદરાબાદ નજીક ગચીબાવલી, પુણે નજીક મગરપટ્ટા, બેંગ્લોર નજીક વ્હાઈટફિલ્ડ અને ચંડીગઢ નજીક મોહાલીની અંદર નવા જોબ મેગ્નેટ્સનું નિર્માણ કરવું જોઈએ.

**ઔદ્યોગીકરણ**

ભારતમાં ઘણા બધા લોકો ખેતરોમાં (આપણા મજુર વર્ગના ૫૦ ટકા), ઘણા બધા લોકો સ્વ રોજગાર ધરાવનારા (આપણા મજુર વર્ગના ૫૦ ટકા) અને ખૂબ ઓછા લોકો ઉત્પાદનમાં (આપણા મજૂર વર્ગના ૧૧ ટકા) રોકાયેલા છે. આ ત્રણેય ખૂબ નજીકથી સંકળાયેલા છે; બિન કૃષિ નોકરીની અછત હોવાના કારણે ખેતરોમાંથી સ્થળાંતર નથી થતું અને ગરીબોને બેરોજગાર રહેવું પોસાય તેમ નથી એટલા માટે તેઓ સ્વ રોજગાર ધરાવે છે. દરેક વ્યક્તિ ઉદ્યોગ સાહસિક નથી બની શકતો. સ્વરોજગાર ધરાવતા આપણા ૫૦ ટકા લોકો વર્કિંગ ગરીબ છે કે જેઓ વેતન વાળી રોજગારી નથી મેળવી શકતા. ભારતમાં સ્વરોજગાર અને કૃષિ બંને જેને રશિયન અર્થશાસ્ત્રી ચયાનોવ સ્વશોષણ (નાના ખેતરો અનુકુળ છે કારણકે તમારે તમારી પત્ની કે બાળકને વેતનની ચૂકવણી નથી કરવાની હોતી) કહે છે તેનાથી પીડિત છે. પરંતુ ભારતીયો હવે સ્વશોષણથી ત્રાસી ગયા છે અને એટલા માટે બહોળા પાયે વધી રહેલી ઔપચારિક વેતન રોજગારી ઉત્પાદન રોજગારી ખુબ જરૂરી છે.

**આર્થિકીકરણ**

ભારતીયોએ મોટા ભાગે પારંપરિક રીતે ભૌતિક સંપત્તિ જેવી કે જમીન અને રીયલ એસ્ટેટમાં બચત કરી છે અને મોટાભાગે રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી તેમના ઉદ્યોગો માટે મૂડી મેળવી છે. આના કારણે રીયલ એસ્ટેટનું (આપણે કેટલાક એવા દેશોમાંના એક છીએ કે જ્યાં ભાડાના ઉત્પાદનોના શંકાસ્પદ ડીસ્ટીન્કશને બેંકના ધિરાણના દરોને બરાબર નથી કર્યા) અને બોન્ડ માર્કેટની અછત તેમજ એક નાના ખાનગી બેંક ક્ષેત્રનું મોટા પાયે મીસ્પ્રાઈઝિંગ થયું છે. નાણાકીયકરણના સંદર્ભમાં થયેલ એક આમૂલ ભંગાણ એ વિમુદ્રીકરણ હતું કારણ કે તેણે ૧૮ લાખ કરોડ ન્યુ લેન્ડીગ કેપેસિટી, ૧૫ કરોડ નવા માસિક ડીજીટલ ટ્રાન્ઝેક્શન, ૩ લાખ કરોડ નવી નાણાકીય બચત અને હળવા વ્યાજ દરોનું નિર્માણ કર્યું છે.

**માનવ મૂડી**

ભારતને આપણા શિક્ષણ અને રોજગારક્ષમતાના ક્ષેત્રમાં આમૂલ પુનર્ગઠન કરવાની તાતી જરૂરિયાત છે પરંતુ આપણી પાસે વિરોધાભાસી ઉદ્દેશ્યો છેઃ ગુણવત્તા, જથ્થો અને સમાવેશીતા. વિશ્વમાં અને કાર્યના વિશ્વમાં આમૂલ પરિવર્તનોનો અર્થ થાય છે શિક્ષણ અને રોજગારક્ષમતામાં આમૂલ પરિવર્તનની જરૂરિયાત. જાણવા કરતા શીખવું એ હાલના સમયમાં વધુ મહત્વનું બની ગયું છે (ગુગલ બધું જ જાણે છે) અને કાર્યપ્રણાલીના વિશ્વમાં (સ્વસંચાલિત, મશીન લર્નિંગ કૃત્રિમ બુદ્ધિમત્તા વગેરે) પરિવર્તનનો અર્થ થાય છે કે ત્રણ આર (ઇ) – રીડીગ, રાઈટીંગ અને એરીથમેટીક એ નવી નોકરી માટેના ત્રણ પાયાના સ્તંભો છે. રોજગારક્ષમતાની અંદર સંબંધો અને સોફ્ટ સ્કીલના ૪ આર (ઇ)ને ઉમેરવાની પણ આપણે જરૂર છે. જાણવાનું સ્થળાંતર શીખવા તરફ થવું જોઈએ કારણ કે ગુગલ બધું જ જાણે છે. મેટ્રીક્સને ઈનપુટમાંથી આઉટકમમાં ફેરવવાની જરૂર છે કારણ કે માત્ર રૂપિયા જ કામ નથી કરતા.

શિક્ષણ, રોજગાર અને રોજગારક્ષમતા આસપાસની આપણી જૂની નીતિઓ એ અમુક વસ્તુથી દુર ભાગવા અંગેની હતી અને તેના તરફ જવા માટેની નહી અને તે અવારનવાર પોતે જવાબદારી

લેવાને બદલે ઓપનીગ બેલેન્સના બાહ્ય પરિબળો ઉપર દોષારોપણ કરનારી હતી. પરંતુ જેમ કે ગાલિબે કહ્યું છે કે, " ઉમ્ર ભર ગાલીબ યહી ભૂલ કરતા રહા, ધૂલ ચહેરે પર થી ઔર આઈના સાફ કરતા રહા" (ગાલિબે તેના સમગ્ર જીવન દરમિયાન એ જ ભૂલ કરી કે તેના ચહેરા ઉપર ધૂળ જામેલી હતી પરંતુ તે દર્પણ સાફ કરતા રહ્યા). ભારતની નબળી ઉત્પાદકતા અને ગરીબીના ઘણા કારણો છે પરંતુ આખરે આપણી પાસે ઔપચારીકરણ, શહેરીકરણ, ઔદ્યોગીકરણ, આર્થિકીકરણ અને માનવ મૂડીમાં એક ચોક્કસ વ્યૂહરચના ઉપલબ્ધ છે. જેમ કે કાર્લ માર્કસે કહ્યું છે, "તત્વજ્ઞાનીઓએ વિશ્વને હજારો રીતે વર્ણવવાનો પ્રયત્ન કર્યો છે, આમ છતાં મૂળ વાત છે તેને બદલવાની."


લેખક ટીમ લીઝ સર્વિસીસ પ્રા. લિ. ના ચેરમેન છે

**E-mail:**
manish@teamlease.com



**Subscription Form**

**Yojana (Gujarati),** Publications Division, Ministry of Information & Broadcasting, **Ahmedabad**

-----------------------------------------------------------------------------------------------------

[For New Membership / Renewal / Change of Address] (Put a tick mark on any one above)

I want to subscribe Yoj Guj for (select **any one**): 1 Yr : ₹ **230.** / 2 Yr : ₹ **430.** / 3 Yr : ₹ **610.**

Send this subscription form with DD / Cheque / MO in favour of
**'SBI A/c No. 515-08-10 Yojana (Guj.)'** to our office address**, or pay by cash in office**.

Existing subscriber number / or New Subscriber : ______________________________

DD / Cheque / MO No /or Cash: ______________________________Date: __________

Name of Bank: ______________________________Branch, City: ____________

Full Name (in block letters) : ______________________________

Subscriber's profile : Student / Academician / Institution / Library / **Designation:** ______________________

Complete Address (House/flat/Office name, room no, floor no, society, building, lane, road, area, detailed address is MUST) :

______________________________________________________________

Landmark : ______________________________

Pin code (Compulsory): ______________________________

Email ID (Compulsory): ______________________________

Phone No.s :______________________________

For Renewal / Change in address, mail to yojanagujarati@gmail.com and quote subscription number with details.

# વસતિ વિષયક લાભોનો ઉપયોગ કરવો

**કે.પી. ક્રિશ્નન**



પ્રત્યેક ભારતીય કામદારની ગતિશીલતાને સુનિશ્ચિત કરી શકાય તે માટે પ્રધાનમંત્રી કૌશલ કેન્દ્ર (PMKK) ની દેશના ૪૬૦ જિલ્લાઓમાં સ્થાપના કરવામાં આવી છે અને હજુ વધુ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવનાર છે. તેના કારણે કૌશલ્ય આધારિત બજારમાં વધારો થયો છે અને પરિણામે રોજગાર પ્રાપ્તિની તકોમાં પણ વધારો થયો છે.

પ્રત્યેક ભારતીય કામદારની ગતિશીલતાને સુનિશ્ચિત કરી શકાય તે માટે પ્રધાનમંત્રી કૌશલ કેન્દ્ર (PMKK) ની દેશના ૪૬૦ જિલ્લાઓમાં સ્થાપના કરવામાં આવી છે અને હજું વધુ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવનાર છે. તેના કારણે કૌશલ્ય આધારિત બજારમાં વધારો થયો છે અને પરિણામે રોજગાર પ્રાપ્તિની તકોમાં પણ વધારો થયો છે.

ભારત હાલ વસતિને લગતા પરિવર્તનમાં થી પસાર થઇ રહ્યો છે, જે ભારતને સરેરાશ ૨૯ વર્ષની વય સાથે વિશ્વનો સૌથી યુવાન દેશ બનાવે છે. આ બાબત ભારતને ઝડપથી વિકસી રહેલી ઘરેલું અર્થવ્યવસ્થાને જ નહીં પરંતું પશ્ચિમની જરૂ પુરાણી અર્થવ્યવસ્થાઓને કુશલ માનવશક્તિ ઉપલબ્ધ કરાવવાની તક ઉપલબ્ધ કરાવે છે. આર્થિક સર્વેક્ષણ ૨૦૧૬-૧૭ના અનુસાર, ૧૯૫૦ બાદ પહેલીવાર આધુનિક અથવા તો વિકસિત દેશોની સંયુક્ત વર્કિંગ એજ (ઉછ) પોપ્યુલેશન (કામ કરવા લાયક વય ધરાવતી વસતિ) (૧૫-૫૯)માં ઘટાડો થયો છે અને ચીન અને રશિયા વ્યક્તિગત રીતે પોતાની વર્કિંગ એજ પોપ્યુલેશનમાં ૨૦ ટકાના જંગી ઘટાડાનો સામનો કરી રહ્યાં છે. બીજી બાજુ, ભારત હાલ યુવા કેટેગરીમાં ૨૮ ટકા વસતિ ધરાવે છે અને ભારત પોતાની વર્કિંગ એજ પોપ્યુલેશનમાં વૃદ્ધિનું સાક્ષી બની રહ્યું છે જે વર્ષ ૨૦૪૦ સુધીમાં એકદમ વધી જશે. ભારતના વિભિન્ન રાજ્યોની વસતિની પ્રોફાઇલને જોઇએ તો તેમાં ભારે પ્રમાણમાં વૈવિધ્યતા જોવા મળે છે. દ્વિપકલ્પીય ભારત (પશ્ચિમ બંગાળ, કેરળ, કર્ણાટક, તમિલનાડુ અને આંધ્રપ્રદેશ) અને અંતવર્તી ભારત (મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહાર) વચ્ચે સ્પષ્ટ પ્રમાણમાં અંતર કે ભાગલા જોવા મળે છે. દ્વિપકલ્પીય રાજ્યો વિકસિત અર્થવ્યવસ્થા જેવી પેટર્નનું પ્રદર્શન કરી રહ્યા છે,



જ્યારે અંતરિયાળ અથવા અંતર્વતી રાજ્યો પ્રમાણમાં યુવાન, ગતિશીલ છે અને તેમને સતત વધતી વર્કિંગ એજ પોપ્યુલેશનથી વર્ગીકૃત કરી શકાય છે.[1] જોકે, વસતિને સંબંધિત આ સંભાવનાનો ફાયદો મેળવવા અને અર્થવ્યવસ્થાની ઉત્પાદકતા અને સ્પર્ધાત્મકતામાં સુધારો કરવા માટે યુવાન શ્રમ શક્તિને રોજગારલક્ષી કૌશલ્યો અને જ્ઞાનથી સુસજ્જ કરવાની જરૂર છે.

વ્હીબોક્સ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા ઇન્ડિયા સ્કિલ્સ રિપોર્ટ, ૨૦૧૮માં જણાવ્યા પ્રમાણે દેશની અંદર ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાંથી અભ્યાસ પૂર્ણ કરીને બહાર પડતા કુલ યુવાનો પૈકી માત્ર ૪૬ ટકા યુવાનો જ રોજગારને લાયક છે. આ બાબત કૌશલ્યનું અંતર, કૌશલ્યની વિસંગતી અથવા કૌશલ્યની અછતનો મુદ્દો ઉઠાવે છે. સાથે જ વિરોધાભાસી પરિસ્થિતિ પણ છે, કારણ કે એક તરફ તો ઉદ્યોગજગત દ્વારા કુશળ અને કૌશલ્યવાન માનનશક્તિની અછત હોવાની વાત કહેવામાં આવે છે, જ્યારે બીજી તરફ મોટી સંખ્યામાં શિક્ષિત યુવાનોને યોગ્ય રોજગાર પ્રાપ્ત થતો નથી.

NSDC દ્વારા કરવામાં આવેલા સ્કિલ ગેપ સ્ટડી અનુસાર, એક અંદાજ અનુસાર વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશમાં અર્થવ્યવસ્થાના ચોવીસ ચાવીરૂપ સેક્ટર્સમાં ૧૦૯.૭૩ મિલિયન કુશળ માનવશક્તિની જરૂર પડશે.[2] આ બાબત કૌશલ્ય વિકાસને રોજગારની અભિન્ન અંગ બનાવે છે અને સાથે જ આર્થિક વિકાસ રણનીતિઓ રોજગારલક્ષિતા અને ઉત્પાદકતાને સંચાલિત કરે તે બાબતને પણ જરૂરી અને ફરજિયાત બનાવે છે.[3] એક સફળ કૌશલ્ય રણનીતિ, તમામ ક્ષેત્રોમાં ઉદ્યોગ સાહસિકતાની તકો સહિત નોકરીઓના યોગ્ય સર્જન સાથેની હોવી જોઇએ જેથી કરીને આજીવિકાનું સર્જન આર્થિક વિકાસનું પરિણામ બની જાય છે. યુવાન વર્ગની આકાંક્ષાઓ અને મહેચ્છાઓને પૂરી કરી શકાય તે માટે ઉદ્યોગ સાહસિકતા ઇકોસિસ્ટમ (પર્યાવરણ તંત્ર)ને મજબૂત કરવાની તાતી



જરૂરિયાત છે. છેલ્લા દાયકામાં કૌશલ્યોના તંત્રને મજબૂત કરવા માટે સંખ્યાબંધ પગલાઓ ભરવામાં આવ્યા છે જેથી કરીને વસતિની ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરી શકાય અને તેના થકી અર્થવ્યવસ્થા અને યુવાન વર્ગ બંનેની આકાંક્ષા અને મહેચ્છાઓને પૂરી કરી શકાય. જોકે, માનવ સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરી શકાય તે માટે કેટલાક પડકારો

**NSDC દ્વારા કરવામાં આવેલા સ્કિલ ગેપ સ્ટડી અનુસાર, એક અંદાજ અનુસાર વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશમાં અર્થવ્યવસ્થાના ચોવીસ ચાવીરૂપ સેક્ટર્સમાં ૧૦૯.૭૩ મિલિયન કુશળ માનવશક્તિની જરૂર પડશે.[2] આ બાબત કૌશલ્ય વિકાસને રોજગારની અભિન્ન અંગ બનાવે છે અને સાથે જ આર્થિક વિકાસ રણનીતિઓ રોજગારલક્ષિતા અને ઉત્પાદકતાને સંચાલિત કરે તે બાબતને પણ જરૂરી અને ફરજિયાત બનાવે છે.**

છે, જેમનું સમાધાન આણવા માટે તેની તરફ નજર કરવી જરૂરી છે.

**મોટા પડકારો**

કૌશલ્યો માટેના તંત્રમાં રહેલા પડકારો શ્રમ બજારની પરિસ્થિતિઓ અને ઝડપી આર્થિક વિકાસ અને અસરકર્તા ગુણવત્તા, પહોંચ તેમજ તેના દાયરા અને સુસંબધતાના પરિણામે છે. તેમાંના કેટલાક પડકારો આ પ્રમાણે છેઃ

૧. નબળા રીતે શિક્ષિત યુવાનોની મોટી સંખ્યા
૨. કુશળ અને કૌશલ્ય સભર માનવ શક્તિની ઊંચી માંગ અને તેની સામે રોજગારનો ઓછો દર
૩. સત્તાવાર સેક્ટરમાં રોજગાર પ્રાપ્ત કરી શકે તે માટે શાળાનો અભ્યાસ અધવચ્ચે છોડી દેનારા યુવાનોને અંકશાસ્ત્રનું પાયાનું જ્ઞાનસ સાત્રરતા અને સંચાલન સંબંધિત કૌશલ્ય પ્રદાન કરવા માટે બીજી તક આપીને તેમને કુશળ બનાવવા.
૪. તાલીમ ક્ષમતાની મર્યાદિત અને અસમાન વહેંચણી અને યુવાનોની વસતી
૫. તાલીમકર્તાઓના તાલીમ કાર્યક્રમ અને તેમના માટે કારકિર્દીમાં આગળ વધવા માટેના માર્ગ પર ધ્યાનના અભાવને કારણે સારા અને ગુણવત્તાપૂર્ણ તાલીમ પ્રદાતાઓની ઉપલબ્ધતા.
૬. મૂલ્યાંકન અને પ્રમાણન તંત્રમાં વૈવિધ્યતાને કારણે આવતા બિનસાતત્યતાપૂર્ણ પરિણામ અને રોજગાર પ્રદાતાને થતી મૂંઝવણ.
૭. બિનસત્તાવાર અથવા અસંગઠિત ક્ષેત્રની અતિશયતા અને પ્રવર્તમાન કૌશલ્યો અને જરૂરી કૌશલ્યોનું માપન.
૮. વિભિન્ન ક્ષેત્રોમાં સમરૂપતા અને સમન્વયની પ્રાપ્તિ.

આ પડકારો આ વાસ્તવિકતા તરફ સંકેત આપે છે કે વિકસી રહેલી ભારતીય અર્થવ્યવસ્થા પોતાના યુવાનોની જરૂરિયાતો અને આકાંક્ષાઓને તે રીતે પૂરી કરવાની જરૂર છે કે જેથી કરીને તે ઘરેલું અને વૈશ્વિક રોજગાર બજારની કૌશલ્યોની માગ અને પુરવઠાની જરૂરિયાતને પૂરી કરી શકે છે.

**શાસન માળખામાં પરિવર્તન**

પહેલાનું શાસન માળખું અને કૌશલ્ય ઈકોસિસ્ટમ ૨૧ મંત્રાલયો દ્વારા વિભિન્ન માપદંડો, ઈનપુટ્સ, ધારાધોરણો સાથેની ૪૦ યોજનાઓ પર અમલ કરાતો હોવાને કારણે, વિભક્ત હતી તે કારણે ભારતમાં કૌશલ્ય વિકાસ ગતિવિધીઓ માટે એક નોડલ મંત્રાલય તરીકે નવેમ્બર ૨૦૧૪માં, સમર્પિત કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય (MSDE)ની રચના કરવામાં આવી હતી. ડારેક્ટરેટ જનરલ ઓફ ટ્રેઈનિંગ, NSDC અને NSDA જેવી પ્રવર્તમાન કૌશલ્ય વિકાસ તાલીમ સંસ્થાઓ અને તે બાદ પોલિટેકનીક્સ અને જન શિક્ષણ સંસ્થાનો અને જેવી કે NIESBUD અને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ આંત્રપ્રિન્યોરશિપને MSDE ને હસ્તાંતરિત કરાઈ હતી, જેથી કરીને પ્રવર્તમાન કૌશલ્ય વિકાસ સંસ્થાનો અને કાર્યક્રમોનો મહત્તમ ઉપયોગ કરી શકાય. ત્યારબાદથી ઘણા અન્ય નવતર પગલાઓ ભરવામાં આવ્યા છે. નવા માળખાએ તે માટે રેખાંકિત કરેલી નવી નીતિ નીચે પ્રમાણે છે.

**નેશનલ પોલિસી ઓન સ્કિલ ડેવલપમેન્ટ ૨૦૦૯માં સંશોધન કરાયુ હતું અને ઉદ્યોગ સાહસિકતા પર વિશેષ ધ્યાન આપતી એક નવી નીતિ ૨૦૧૫માં રજૂ કરાઈ હતી – નેશનલ પોલીસી ફોર સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ આંત્રપ્રિન્યોરશિપ ૨૦૧૫. આ નીતિએ ઉચ્ચ માપદંડો સાથેની ઝડપી અને દેશમાં તમામ નાગરિકો માટે ટકાઉ આજીવિકા સુનિશ્ચિત થઈ શકે તે માટે સંપત્તિ અને રોજગારનું સર્જન કરી શકે તે માટે ઈનોવેશનની મિનિસ્ટ્રિ ઓફ સ્કિલ્ડ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યોરશીપ**

**બ્રોડ બેઝિંગ નેશનલ પોલિસી[x]**


સંસ્કૃતિને પ્રોત્સાહન આપીને મોટા વર્ગને કુશળ બનાવીને સશક્તિકરણનું વાતાવરણ તૈયાર કરવાના સંદર્ભમાં સ્કિલ ઈન્ડિયાના વિઝનને નવા રૂપે રજૂ કર્યું છે. એક મોટા નીતિગત સુધારા તરીકે, ધ એપ્રેન્ટિસશિપ એક્ટ, ૧૯૬૧માં ૨૦૧૪માં સુધારો કરવામાં આવ્યા હતા. અને ઉદ્યોગજગતની ભાગીદારી પ્રોત્સાહિત કરવા અને એપ્રેન્ટિસના દાયરાને વધારવા માટે ઉદ્યોગજગત પાસેથી ઈનપુટ લીધા બાદ આ સુધારા કરાયા હતા. ધ ૨૦૧૫ નેશનલ પોલિસી ઓન સ્કિલ્સ સાથે જોબ પર જ તાલીમના મહત્વને એપ્રેન્ટિસશિપને વાસ્તવિક કાર્ય વાતાવરણને તમામ કૌશલ્ય વિકાસ પ્રયાસોના આંતરિક ભાગ તરીકે બનાવીને પુર્નસંગઠિત કરે છે.

**તંત્રગત ઈન્ટરવેશન (હસ્તક્ષેપ)**

તાલીમ પ્રદાન કરવામાં અને દક્ષતાને સ્ટાન્ડર્ડાઈઝ કરવા અને માહિતીની ઉપલબ્ધતાને સુધારવા માટે સરકાર દ્વારા ઘણા બધા પગલા ભરાયા છે.

બુનિયાદી તાલીમ યોગ્ય રોજગાર તરફ દોરી જવી જોઈએ. આ બાબત તકોની ઉપલબ્ધતાની માહિતી પર આધાર રાખે છે. પગારના ટ્રેન્ડ, કુશળ માનવશક્તિ માટેના ફોકસ એરિયા, ઓક્યુપેશનલ શોર્ટેજ (કમી) સહિતની માંગ અને સપ્લાય સાઈડની માહિતીઓ એકજ સ્થળે ઉપલબ્ધ થઈ રહે તે માટે લેબર માર્કેટ ઈનફરમેશન સિસ્ટમ (LMIS), નામક એકીકૃત ડેટાબેઝ તૈયાર કરાયો હતો. આ એક વન સ્ટોપ વિન્ડો છે જે તમામ લાભાર્થીઓ અથવા હિતગ્રાહીઓ જેવાકે તાલીમાર્થીઓ, તાલીમ પ્રદાતાઓ, ઉદ્યોગ કે રોજગાર પ્રદાતાઓ, સરકારી એજન્સીઓ, નીતિ નિર્માતાઓ, મૂલ્યાંકન એજન્સીઓ, આંતરરાષ્ટ્રીય એજન્સીઓ, સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સ, લેબર માર્કેટ ટ્રેકિંગ એજન્સીઓ અને પ્લેસમેન્ટ એજન્સીઓ વગેરેની મદદ કરવા માટે છે, જેથી કરીને તેઓ યોગ્ય પસંદગી કરી શકે.

તમામ મંત્રાલયો અને સરકારી વિભાગો અને રાજ્યોમાં કૌશલ્ય વિકાસ યોજનાઓના અમલીકરણમાં સંવાદિતા આણવા માટે સામાન્ય ધારાધોરણો બહાર





પડાયા છે. આ ધારાધોરણો સ્કિલિંગ, રિસ્કિલિંગ, અપસ્કિલિંગ, કૌશલ્ય વિકાસ માટેના પરિણામો, ફન્ડિંગ, ભંડોળનો પ્રવાહસ થર્ડ પાર્ટી સર્ટિફિકેશન વગેરે માટે સમાન ઇનપુટ માપદંડ ફરજિયાત બનાવે છે. આ બાબત સાથે જ તમામ હિતગ્રાહીઓને સમાન ફ્રેમવર્કના સર્જન, ગુણવત્તામાં સુધારો અને સાતત્યતા લાવવા સમર્થ બનાવશે.[૫]

ભારતમાં લાખો-કરોડો લોકો બિન-સત્તાવાર ચેનલો પાસેથી કોઇપણ પ્રકારના પ્રમાણપત્ર વિના કૌશલ્યની પ્રાપ્તિ કરી છે. આ લોકો તેઓ જેને જાણતા હોય છે, તેવા એક મર્યાદિત વિસ્તાર અને સમુદાયમાં જ પોતાના કૌશલ્યનો ઉપયોગ કરી શકતા હોય છે. દક્ષતા આધારિત NSQF ફ્રેમવર્ક હેઠળ આવા કૌશલ્યોની પરીક્ષા કરીને તેમને રિકગ્નીશન ઓફ પ્રાયર લર્નિંગ મારફત પ્રમાણપત્ર આપવામાં આને છે અને તે લાખો કુશળ અને અનુભવી લોકોને તેમના કૌશલ્યની મદદથી આર્થિક અને સામાજિક ફાયદા પ્રાપ્ત કરવા સમર્થ બનાવે છે.[૬]

તમામ તાલીમ કાર્યક્રમોને NSQF ફ્રેમવર્ક સાથે જોડી દેવામાં આવ્યા છે, પરિણામે તે ઉદ્યોગ દ્વારા માન્યતાપ્રાપ્ત હોવા જરૂરી બન્યું છે. ૨,૬૧૧ કરતા પણ વધારે ઊઁ વિકસિત કરાયા છે અને ૨૦૦૦ કરતા પણ વધારે કંપનીઓ દ્વારા તેમને મંજૂરી અને માન્યતા પ્રદાન કરવામાં આવી છે. NSQF દ્વારા સાથે જ દર ત્રણ વર્ષે ઊઁની સમીક્ષા કરવી પણ જરૂરી રહેશે જેથી કરીને તે ઉદ્યોગજગતની જરૂરિયાત પ્રમાણે અપ-ટુ-ડેટ રહે.

શ્રમિક વર્ગની ગીચતા ધરાવતા સેક્ટર્સ જેમ કે બાંધકામ, કૃષિ, ઘરેલું કાર્યો, હેલ્થકેર અને જેમ્સ અને જ્વેલરી સેક્ટ વગેરે તેના સૌથી મોટા લાભાર્થી બને તેવી સંભાવના છે.

**તાલીમ ક્ષમતામાં વધારો**

---

બુનિયાદી તાલીમ યોગ્ય રોજગાર તરફ દોરી જવી જોઇએ. આ બાબત તકોની ઉપલબ્ધતાની માહિતી પર આધાર રાખે છે. પગારના ટ્રેન્ડ, કુશળ માનવશક્તિ માટેના ફોકસ એરિયા, ઓક્યુપેશનલ સોર્ટેજ (કમી) સહિતની માગ અને સપ્લાય સાઇડની માહિતીઓ એકજ સ્થળે ઉપલબ્ધ થઇ રહે તે માટે લેબર માર્કેટ ઇનફરમેશન સિસ્ટમ (LMIS), નામક એકીકૃત ડેટાબેઝ તૈયાર કરાયો હતો. આ એક વન સ્ટોપ વિન્ડો છે જે તમામ લાભાર્થીઓ અથવા હિતગ્રાહીઓ જેવાકે તાલીમાર્થીઓ, તાલીમ પ્રદાતાઓ, ઉદ્યોગ કે રોજગાર પ્રદાતાઓ, સરકારી એજન્સીઓ, નીતિ નિર્માતાઓ, મૂલ્યાંકન એજન્સીઓ, આંતરરાષ્ટ્રીય એજન્સીઓ, સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સ, લેબર માર્કેટ ટ્રેકિંગ એજન્સીઓ અને પ્લેસમેન્ટ એજન્સીઓ વગેરેની મદદ કરવા માટે છે, જેથી કરીને તેઓ યોગ્ય પસંદગી કરી શકે.

---

કૌશલ્ય વિકાસ પર્યાવરણની ક્ષમતામાં વધારો કરવા માટે મહત્વપૂર્ણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ITI ના લાંબા ગાળાની તાલીમ ક્ષમતાને મે, ૨૦૧૪ની ૧૦,૭૫૦ ITI સંસ્થાઓ સામે, મે, ૨૦૧૮માં તેની સંખ્યા વધીને ૧૪,૨૭૬ થઇ ગઇ છે. જે બેઠક ક્ષમતામાં ૫૬ ટકાનો વધારો છે અને બેઠકોની સંખ્યા વધીને ૩૦.૭૩ લાખ પર પહોંચી ગઇ છે. ટૂંકાગાળાના તાલીમ કાર્યક્રમોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે અને તે PMKVY હેઠળ ૨૦૧૩-૧૪ના ૩.૩૪ લાખની સામે નાણા વર્ષ ૨૦૧૭-૧૮માં વધીને ૧૬ લાખ થઇ ગયો છે. PMKVY કેન્દ્રો દેશના વિભિન્ન રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ફેલાયેલા છે. અને દરેક જિલ્લાઓમાં આ તાલીમ સુવિધા ઉપલબ્ધ થઇ રહે તે માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

પ્રત્યેક ભારતીય કામદારની ગતિશીલતાને સુનિશ્ચિત કરી શકાય તે માટે પ્રધાનમંત્રી કૌશલ કેન્દ્ર (PMKK) ની દેશના ૪૬૦ જિલ્લાઓમાં સ્થાપના કરવામાં આવી છે અને હજુ વધુ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવનાર છે. તેના કારણે કૌશલ્ય આધારિત બજારમાં વધારો થયો છે અને પરિણામે રોજગાર પ્રાપ્તિની તકોમાં પણ વધારો થયો છે. આ કાર્યક્રમો સિવાય, DDU-GKY, NULM, ISDS જેવા કાર્યક્રમો પણ ગ્રામીણ અને શહેરી યુવાનોને જેનરિક અને ચોક્કસ સેક્ટરમાં કુશળ બનાવવા માટે તેમના કૌશલ્ય વિકાસ કરીનું ક્ષમતાનું નિર્માણ કરી હ્યા છે. છેલ્લા ચાર વર્ષમી તાલીમ ક્ષમતામાં પણ વધારો થયો છે અને તે વાર્ષિક એક કરોડના સ્તરે પહોંચ્યુ છે.

તે ઉપરાંત ઇ-માર્કેટ પ્લેસ અને એપ આધારિક લાઇબ્રેરી પણ શરૂ કરવામાં આવી છે જેથી કૌશલ્ય સંબંધિત સામગ્રી અને અભ્યાસક્રમ લોકોને પૂરા પાડી શકાય.

**ગુણવત્તા અને ઉપયોગિતામાં સુધારો કરવો**

તાલીમના પરિણામમાં ગુણવત્તા માપદંડોમાં સુધારો કરવો અને તેને લાગુ કરવાની દિશામાં નોંધપાત્ર પ્રમાણમાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેના અનુસંધાનમાં ૫,૦૦૦ કરતા પણ વધારે આઇટીઆઇ સંસ્થાઓ અને ૧૫,૦૦૦ તાલીમ કેન્દ્રોને



માળખાકીય સુવિધાઓ, ઉપકરણો, તાલીમપ્રદાતાઓ અને ભૂતકાળમાં તેમનું પ્રદર્શન, ઉદ્યોગ સાથે જોડાણ સહિતના માપદંડોના આધારે ગ્રેડ અપાયા હતા આ માપદંડોના આધારે જે-તે સંસ્થાન અન્ય સંસ્થાનથી કેવી રીતે અને કેટલા પ્રમાણમાં અલગ પડે છે, તેની ઓળખ કરવામાં આવે છે. આ બાબત સંભવિત તાલીમાર્થી માટે સારી પસંદગીનો માર્ગ મોકળો કરશે અને સ્પર્ધાનું નિર્માણ કરશે. આઇટીઆઈઓ માટે એક્રિડેશન અને જોડાણ અંગેના ધારાધોરણોએ તાલીમ માળખામાં સુધારો કર્યો છે.

વધુમાં તાલીમની ગુણવત્તાની જાળવણી માટે મોનિટરિંગ માટે સ્માર્ટ પોર્ટલનો પ્રારંભ કરાયો છે. કેન્દ્રોના નિરીક્ષણ અને વિઝિટના મોનિટરિંગ તેમજ મૂલ્યાંકન વગેરે માટે એપ સહિત ટેકનોલોજીનો સઘન રીતે ઉપયોગ કરવામાં આવે છે. જેથી યોજનાઓનું વાસ્તવિક અને સમયસર મોનિટરિંગ કરી શકાય.

સુધારાયેલી ગુણવત્તા માટેના પ્રયાસોને કારણે યોજનાના ઓપરેશનના સ્તરને ઊંચુ કરાવવા છતાં પણ ફી આધારિત અને ગ્રાન્ટ આધારિત તાલીમ ક્ષેત્ર બંનેમાં અનુક્રમ ૨૬ ટકાથી ૫૦ ટકા અને ૧૭ ટકાથી ૬૦ ટકાના સ્તર સુધી લઈ ગઈ છે. ખાનગી સેક્ટર સારા ઔદ્યોગિક જોડાણ માટે આઈટીઆઈઓ સાથે જોડાઈ રહ્યું છે અને સ્થાનિક ઉદ્યોગોને આધારિત તાલીમ કાર્યક્રમો આયોજીત કરે છે.

વધુમાં ગુણવત્તામાં સુધારો કરવા માટે તાલીમ પ્રદાતાઓની તાલીમ પર પણ વિશેષ ભાર આપવામાં આવી રહ્યો છે. આ સંદર્ભમાં તાલીમ પ્રદાતાઓ માટેની પ્રક્રિયાને સ્ટાન્ડર્ડાઇઝ કરવા માટે દિશાનિર્દેશો અને માપદંડો લવાયા છે. તાલીમપ્રદાતાઓ અને મૂલ્યાંકનકર્તાઓ માટે તક્ષશિલા પોર્ટલનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

૫,૦૦૦ કરતા પણ વધારે આઇટીઆઇ સંસ્થાઓ અને ૧૫,૦૦૦ તાલીમ કેન્દ્રોને માળખાકીય સુવિધાઓ, ઉપકરણો, તાલીમપ્રદાતાઓ અને ભૂતકાળમાં તેમનું પ્રદર્શન, ઉદ્યોગ સાથે જોડાણ સહિતના માપદંડોના આધારે ગ્રેડ અપાયા હતા આ માપદંડોના આધારે જે-તે સંસ્થાન અન્ય સંસ્થાનથી કેવી રીતે અને કેટલા પ્રમાણમાં અલગ પડે છે, તેની ઓળખ કરવામાં આવે છે. આ બાબત સંભવિત તાલીમાર્થી માટે સારી પસંદગીનો માર્ગ મોકળો કરશે અને સ્પર્ધાનું નિર્માણ કરશે.

**બિનસત્તાવાર કૌશલ્યોને સમર્થનઃ રિકગ્નિશન ઓફ પ્રાયર લર્નિંગ (RPL) અને એપ્રેન્ટિસશિપ**

ભારતમાં, લગભગ ૯૩ ટકા લોકો બિનસત્તાવાર ક્ષેત્રે રોજગાર પ્રાપ્ત કરે છે. તેમાના મોટાભાગના લોકો પાસે સત્તાવાર અને પાયાની બુનિયાદી તાલીમ હોતી નથી. પરિણામે તેમની પ્રગતિનો માર્ગ રૂંધાય છે. આ કામદારોની સુગમતા માટે અને બિનસત્તાવાર સેક્ટરની કૌશલ્યોની જરૂરિયાતોને માપવા માટે રિકગ્નિશન ઓફ પ્રાયર લર્નિંગ નામક એક કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જ્યાં કામદારના કૌશલ્યની ચકાસણી કરવામાં આવે છે અને તેને પ્રમાણિત કરવામાં આવે છે. PMKVY હેઠળ હજું સુધીમાં ૯ લાખ લોકોને કૌશલ્ય સભર કરાયા છે. કૌશલ્યના મૂલ્યાંકન અને તેના પ્રમાણન મારફત તાલીમાર્થી માટે સત્તાવાર સેક્ટરમાં રોજગારની તકોમાં વધારો થાય છે. કેટલાક ચોક્કસ આરપીએલમાં પ્રમાણપત્રોએ કામદારોને સારા પગાર માટે વાટાઘાટો કરવામાં મદદ કરી છે અને સાથે જ તેમના માટે કારકિર્દીમાં આગળ વધવાની સંભાવનાઓ પણ વધારી છે. લગભગ તમામ કેસોમાં તાલીમાર્થીઓએ પોતાના કૌશલ્યના પ્રમાણપત્રની ૭ પ્રાપ્તિ બાદ વિસ્તૃત આત્મ-વિશ્વાસ અને ગર્વનું પ્રદર્શન કર્યુ છે.

કૌશલ્યોના હસ્તાંતરણમાં આપણી યુગો જૂની ગુરુ –શિષ્ય પરંપરા મહત્વની રહી છે. જોબ પર જ તાલીમ પ્રદાન કરીને કૌશલ્ય વિકાસની આ પ્રથા સમયની પરીક્ષામાં પાસ થઇને ટકેલી છે અને તેને વિભિન્ન દેશોના કૌશલ્ય વિકાસ કાર્યક્રમોમાં સ્થાન પ્રાપ્ત છે. એપ્રેન્ટિસશિપ મોડલને કારણે ઉદ્યોગ જગતમાં કામ માટે તૈયાર માનવશક્તિનું સર્જન કર્યુ છે. વિશ્વના મોટાભાગના દેશોએ આ એપ્રેન્ટિસશિપ મોડલને અમલમાં મુક્યુ છે. જાપાનમાં ૧૦ મીલિયન કરતા પણ વધારે એપ્રેન્ટિસ છે, જ્યારે જર્મનીમાં તેમની સંખ્યા ૩ મિલિયન છે, યૂએસએમાં ૦.૫ મિલિયન એપ્રેન્ટિસ છે જ્યારે ભારતમાં એપ્રેન્ટિસની સંખ્યા ૦.૩ મિલિયન છે. ભારતની વસતીના પ્રમાણને જોતા આ સંખ્યા પ્રમાણમાં ખૂબ જ નીચી છે. કારણ કે બારતની ૩૦૦ મિલિયન વસતી ૧૮-૩૫ વર્ષની વય જૂથ વચ્ચેની છે.

જેમ પહેલા કહ્યું તેમ, એપ્રેન્ટિસશિપને કૌશલ્ય વિકાસના પ્રારૂપ તરીકે વિકસિત કરવા માટે એપ્રેન્ટિસશિપ એક્ટ, ૧૯૬૧માં ૨૦૧૪માં

**ઉદ્યોગસાહસિક બનવા માટે યોજનાઓ :**

| યોજનાનું નામ | લાયકાત | સહાયતાનો પ્રકાર |
|---|---|---|
| દીન દયાલ ઉપાધ્યાય અંત્યોદય યોજના – સુક્ષ્મ-એકમો માટે સ્વરોજગાર અને ઉદ્યોગ સાહસિકતાને પોષના માટે ગ્રામીણ સ્વ-રોજગાર તાલીમ સંસ્થાન (RSETIs)<br>- આજીવિકા ગ્રામીણ એક્સપ્રેસ યોજના<br>- સ્ટાર્ટઅપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ કાર્યક્રમ | ગ્રામ્ય બીપીએલ પરિવારો- લાભાર્થીના ૫૦ ટકા એસસી અને એસટી વર્ગ માટે,૧૫ ટકા લઘુમતિઓ અનેડ ટકા પીડબલ્યૂડી, ખાસ કરીને મહિલાઓ જેઓ પરિવારને ચલાવતી હોય, માનવીય ગેરકાયદે હેરફેરનો ભોગ બનેલા મહિલાઓ અને એકલા રહેતા મહિલાઓ વગેરે. | NRLM જાહેર ક્ષેત્રની બેન્કોને જિલ્લાઓમાં RSETIs ની સ્થાપના કરવા પ્રોત્સાહિત કરે છે જેથી ગ્રામ્ય યુવાનોને જરૂરિયાત આધારિત પ્રયોગાત્મક લર્નિંગ કાર્યક્રમ મારફત વિશ્વાસવાન સ્વરોજગાર ધારક આંત્રપ્રિન્યોરમાં પરિવર્તિત કરી શકાય<br>ઓળખ કરાયેલા દરેક ગ્રામીણ ગરીબ પરિવારથી ઓછામાં ઓછાં એક સભ્ય, ખાસ કરીને મહિલાને આ SHG નેટવર્ક હેઠળ લવાશે. |
| પ્રધાનમંત્રી મુદ્રા યોજના | માઇક્રો ફાઇનાન્સ એકમો, CBs, RRBs, NBFCs વગેરેને રિફાઇનાન્સ. | ₹ ૫૦,૦૦૦થી ૧૦ લાખ સુધીની બેન્ક લોન |
| સ્ટેન્ડઅપ ઇન્ડિયા | મહિલાઓ, એસસી અને એસટી ઉદ્યોગ સાહસિકો દ્વારા સંચાલિચ ગ્રીન ફિલ્ડ સાહસો | ₹ ૧૦ લાખથી ૧ કરોડ સુધીની બેન્ક લોન |
| PMEGP | ૧૮ વર્ષથી વધુ વયના લોકો, સહકારી સોસાયટીઓ સ્વસહાયતા જૂથો ટ્રસ્ટ, નવા પ્રોજેક્ટ માટે જ લોન અપાશે અને તે પણ જેમને કોઇ સરકારી સબસીડી ના મળતી હોય | મેનુફેક્ચરિંગ એકમ માટે ₹ ૨૫ લાખ્ને સર્વિસ એકમ માટે ₹ ૧૦ લાખ. માર્જિન મની પહેલા લાભાર્થીને ₹ ૫ લાખ કરતા વધારેના પ્રોજેક્ટ માટે ૧૦ દિવસની EDPતાલીમ અને ₹ ૫ લાખ સુધના પ્રોજેક્ટ માટે ૬ દિવસની તાલીમ આપવી ફરજિયાત રહેશે. ₹ ૧૦ લાખ સુધીના પ્રોજેક્ટ કોલેટરલ સિક્યોરિટીથી મુક્ત રહેશે |
| ASPIRE | બિઝનેસની સ્થાપના માટે જેથી લાયક યુવાનોને વિભિન્ન કૌશલ્યોમાં જોડી શકાય અને તેમને પોતાનો બિઝનેસ સ્થાપિત કરવાની તક આપી શકાય. | આજીવિકા બિઝનેસએક વાર માટે જમીન અને માળખાકીય સુવિધાઓ સિવાય પ્લાન્ટ અને મશીનરી માટે ૧૦ ટકા ગ્રાન્ટ. અથવા તો ૧૦૦ લાખ રૂપિયા જે ઓછું હોય તે અને જો પ્રાજેક્ટ પીપીપી ધોરણે સ્થાપિત કરાયો હોય તો પ્લાન્ટ અને મશીનરીના ખર્ચના ૫૦ ટકા. અથવા ₹ ૫૦ લાખ જે ઓછું હોય તે. ટેકનોલોજી બિઝને સ માટે પ્લાન્ટ અને મશીનરી માટે ૫૦ ટકા અથવા ૩૦ લાખ રૂપિયા જે ઓછા હોય તે અપાશે. |
| SFRUTI | પરંપરાગત ઉદ્યોગો અને કલા-કસબીઓને જૂથમાં સંગઠિત કરીને તેમને સ્પર્ધાત્મક બનાવી તેમને લાંબા ગાળા માટે સમર્થન ઉપલબ્ધ કરાવવું | હેરિટેજ ક્લસ્ટર (૧૦૦૦-૨૫૦૦ કલાકારા) :<br>₹ ૮ કરોડ<br>મેજર ક્લસ્ટર (૫૦૦ – ૧૦૦૦ કલાકાર) :<br>₹ ૩ કરોડ<br>મીનિ ક્લસ્ટર (૫૦૦ જેટલા કલાકારો):<br>₹ ૧.૫ કરોડ |
| કોઇર ઉદ્યમી યોજના (કોઇર ઉદ્યોગ માટે SFRUTI) | પરંપરાગત ઉદ્યોગો અને કલા-કસબીઓને જૂથમાં સંગઠિત કરીને તેમને સ્પર્ધાત્મક બનાવી તેમને લાંબા ગાળા માટે સમર્થન ઉપલબ્ધ કરાવવું | પ્રોજેક્ટની મહત્તમ સ્વીકાર્ય ખર્ચ મર્યાદા ₹ ૧૦ લાખ છે. તે સિવાય કાર્યશીલ મૂડી જે પ્રોજેક્ટના કુલ ખર્ચ ના ૨૫ ટકા કરતા વધારે ના હોવી જોઇએ. |

**કોષ્ટક-૧ સરેરાશ માસિક આવક**

| ₹ | સ્વરોજગાર | કાયમી પગાર ધારક | કરાર આધારિત કામદાર | છૂટક કામદાર |
|---|---|---|---|---|
| માનવ શ્રમદળની વ્યક્તિ | ૪૬.૬ | ૧૭.૦ | ૩.૭ | ૩૨.૮ |
| ૫૦૦૦ સુધી | ૪૧.૩ | ૧૮.૭ | ૩૮.૫ | ૫૯.૩ |
| ૫૦૦૧ – ૭૫૦૦ | ૨૬.૨ | ૧૯.૫ | ૨૭.૯ | ૨૫.૦ |
| ૭૫૦૧ – ૧૦,૦૦૦ | ૧૭.૪ | ૧૯.૦ | ૨૦.૩ | ૧૨.૦ |
| ૧૦,૦૦૧ – ૨૦,૦૦૦ | ૧૧.૧ | ૨૩.૬ | ૧૧.૦ | ૩.૫ |
| ૨૦,૦૦૧ – ૫૦,૦૦૦ | ૩.૫ | ૧૭.૭ | ૨.૧ | ૦.૩ |
| ૫૦,૦૦૧ – ૧,૦૦,૦૦. | ૦.૪ | ૧.૪ | ૦.૧ | ૦.૦ |
| ૧,૦૦,૦૦૦ની ઉપર | ૦.૧ | ૦.૨ | ૦.૦ | ૦.૦ |

સ્રોતઃ વાર્ષિક રોજગાર –બેરોજગારી સર્વે ૨૦૧૫-૧૬, લેબર બ્યૂરો

સુધારો કરવામાં આવ્યો હતો જેથી કરીને બિન-ઈજનેરી વેપારોમાં પણ એપ્રેન્ટિસ માટેની સંભાવના વધારી શકાય અને સાતે જ ઉદ્યોગને વૈકલ્પિક ટ્રેડ ઉપલબ્ધ કરાવી શકાય છે. વધુમાં, નેશનલ એપ્રેન્ટિસશિપ પ્રમોશન સ્કીમ મારફત, તંત્રગત હસ્તક્ષેપ મારફત સ્ટાઈપેન્ડની શેરિંગના રૂપમાં નાણાકીય સહાયતા (માસિક ૧,૫૦૦) અને પાયાની તાલીમનો ખર્ચ (૭,૫૦૦) રોજગાર પ્રદાતાને આપવામાં આવે છે.

યૂઝર માટે વપરાશ માટે એકદમ સરળ એવી ઓનલાઈન પોર્ટલ www.apprenticeship.gov.in નો પ્રારંભ કરાયો હતો. જેનો આશય સમગ્ર એપ્રેન્ટિસશિપ સાઈકલના સરળ પ્રોસેસિંગ અને યોજનાના અસરકારક વહીવટ તેમજ તેની પર મોનિટરિંગનો હતો. પોર્ટલ રોજગાર પ્રદાતાને રજિસ્ટ્રેશન અને દાવા સબમિટ કરવા માટે ખાલી વેકેન્સીનો ઉલ્લેખ કરવા માટેની એન્ડ-ટુ-એન્ડ સર્વિસ ઉપલબ્ધ છે, જ્યારે એપ્રેન્ટિસ માટે અહીં રજિસ્ટ્રેશનથી માડી ઓનલાઈન રીતે ઓફર લેટર્સ પ્રાપ્ત કરવાની સુવિધા છે.[૮]

MSDE રોજગાર પ્રદાતાઓને ઈન્સેન્ટીવ આપવા અને કંપનીઓને પ્રોત્સાહિત કરવા માટે નિયામક માળખાના સર્જન માટે સ્કિલિંગ ઈકોસિસ્ટને પ્રોત્સાહન આપવાની દિશામાં કામ કરે છે. એનએપીએસ જેવા પગલાથી ઉદ્યોગ માટે તૈયાર માનવ શ્રમદળની રચના થઈ શકે છે અને સાથે તે ભારતને વિશ્વની કૌશલ્ય રાજધાનીમાં પરિવર્તિત કરવામાં પણ મદદ કરી શકે છે.

**કૌશલ્ય પ્રાપ્તિને મહાત્વાકાંક્ષા બનાવવી**

સામાજિક માન્યતાને કારણે કૌશલ્ય પ્રાપ્તિ પ્રત્યે લોકોમાં વધુ રસ હોતો નથી.ૈ .ક્ર કારણ કે તેમાં આકર્ષક પગારનો અભાવ હોય છે અને રોજગાર માર્કેટમાં પણ સારુ સ્થાન હોતું નથી.આ બાબતો બુનિયાદી તાલીમ લેતા રોકે છે. તેથી NSQF મારફત એવા કાર્યક્રમ શરૂ કરાયા છે જેથી કૌશલ્યો અને શૈક્ષણિક શિક્ષણ તંત્ર વચ્ચે ગતિશિલતાને જાળવી શકાય.

---

યૂઝર માટે વપરાશ માટે એકદમ સરળ એવી ઓનલાઈન પોર્ટલ www.apprenticeship.gov.in નો પ્રારંભ કરાયો હતો. જેનો આશય સમગ્ર એપ્રેન્ટિસશિપ સાઈકલના સરળ પ્રોસેસિંગ અને યોજનાના અસરકારક વહીવટ તેમજ તેની પર મોનિટરિંગનો હતો. પોર્ટલ રોજગાર પ્રદાતાને રજિસ્ટ્રેશન અને દાવા સબમિટ કરવા માટે ખાલી વેકેન્સીનો ઉલ્લેખ કરવા માટેની એન્ડ-ટુ-એન્ડ સર્વિસ ઉપલબ્ધ છે, જ્યારે એપ્રેન્ટિસ માટે અહીં રજિસ્ટ્રેશનથી માડી ઓનલાઈન રીતે ઓફર લેટર્સ પ્રાપ્ત કરવાની સુવિધા છે.

---

વર્લ્ડ સ્કિલ કોમ્પિટિશન અને પ્રાદેશિક સ્તરની સ્કિલ કોમ્પિટિશનમાં ભાગીદારીએ ઓળખ પ્રાપ્તિ માટે પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. અને શ્રેષ્ઠતા દર્શાવી છે. તાજેતરમાં અબૂધાબી ખાતે યોજાયેલી વર્લ્ડ સ્કિલ્સ કોમ્પિટિશનમાં એક્સિલન્સના ૯ ચંદ્રક, સિલ્વર અને કાંસ્ય ચંદ્રકો ભારતીય યુવાનોએ જીત્યા હતા.[૯]

પહેલીવાર જ આઈટીઆઈ અને કૌશલ્ય કેન્દ્રો ખાતે ગ્રેજ્યુએશન કાર્યક્રમો આયોજીત કરાયા હતા. યુવાનો અને તેમના સમુદાયને પ્રોત્સાહિત કરવા માટે અને કૌશલ્યને તેમની કારકિર્દી માટે વિકલ્પ બનાવવા માટે કૌશલ્ય મેળાઓનું આયોજન કરાયુ હતું. યુવાનોને રોજગારની સારી તક મળી રહે તે માટે રોજગાર મેળાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું. ઉદ્યોગ સંસ્થાઓને રીતે જોડાઈ છે કે જેથી રોજગાર સુધી પહોંચ મળે, જેમ કે સેન્ચુરિયન યુનિવર્સિટીના કેસમાં જોડાણ કરાયુ હતું. જેમાં યુવાનો માટે રોજગાર સુધી સારી પહોંચનો માર્ગ મોકળો બન્યો હતો.

**ભારતને વિશ્વની કૌશલ્ય રાજધાની બનાવવી**

ભારતીય કામદારો રોજગાર માટે દેશ છોડીને વિદેશમાં જતાં હોય છે, ખાસ કરીને મધ્ય-પૂર્વના દેશોમાં તેઓ આવી શ્રમિક તરીકેના રોજગાર માટે જાયછે. તેઓ અહીં મુખ્યત્વે બાંધકામ અને રિઈલ ક્ષેત્રે કામ કરે છે, જ્યારે યુરોપના દેશોમાં જતાં ભારતીયો પોતાના ટેકનીકલ કૌશલ્યોને આદારે કામ કરે છે. પ્રમાણમાં સદ્ધર રાજ્યો કર્ણાટક અને કેરળ જેવા રાજ્યોની સાથે જ હવે બિહાર અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોના લોકો પણ વિદેશમાં કામે જવા લાગ્યા છે, પરિણામે ઈમિગ્રેશનના ટ્રેન્ડમાં પરિવર્તન જોવા મળ્યું છે. ઉત્તર પ્રદેશમાં આ માઈગ્રેશનનું સૌથી ઊંચુ પ્રમાણ જોવા મળ્યુ હતું.

દેશમાંથી માઈગ્રેટ થયેલા કુલ સ્કિલ્ડ અને અનસ્કિલ્ડ માનવ શ્રમદળમાં ઉત્તર પ્રદેશની ટકાવારી ૨૫ ટકા હતી.[૧૦]

ભારતીય કામદારોની વૈશ્વિક સ્તરે ગતિશીલતાનો માર્ગ સુગમ બનાવવા માટે એમએસડીઈએ એમઈએ સાથે મળીને ઇન્ડિયા ઇન્ટરનેશનલ સ્કિલ સેન્ટરની સ્થાપના કરી છે જેથી કરીને વિદેશ જતા કામદારોને રવાનગી પહેલા પ્રી ડિપાર્ચર ઓરિએન્ટેશન અને પાયાના ભાષાકીય કૌશલ્યનું જ્ઞાન આપી શકાય છે. આ IISC ખાતે ઉમેદવારોને તેઓ વૈશ્વિક સ્તરે કામ કરી શકે તે માટે તેમને આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. તે ઉપરાંત કામચલાઉ રોજગારની તકોની પણ ઓળખ કરાઇ છે જેથી આંતરરાષ્ટ્રીય એક્સપોઝર મળી શકે અને તેમના માટે શીખવાની તકોનું પણ સર્જન કરાયું છે જેમ કે જાપાન સાથે મળીને તૈયાર કરાયેલ ટેકનીકલ ઇન્ટર્નશિપ એન્ડ ટ્રેઇનિંગ પ્રોગ્રામ (TITP) જ્યાં ભારતથી ટેકનીકલ ઇન્ટર્નને ત્રણ વર્ષ માટે તાલીમ માટે જાપાની કંપનીઓમાં મોકલવામાં આવે છે. [૧૧]

**હજુ ઘણી યોજનાઓ શરૂ થવાની છે**

વસતીના ફાયદાની ક્ષમતાનો આર્થિક વિકાસ માટે લાભ લેવા લોકોની રોજગાર સુધી પહોંચ વધે અને ઉત્પાદકતામાં વધારો થાય તે માટે યોગ્ય કૌશલ્યોનો વિકાસ જરૂરી છે. ભારતમાં આ સંભાવનાનો પૂરો લાભ લેવાની બાબત એક જંગી ફરજ છે કારણ કે અહીં અસમાનતા અને માનવ શ્રમદળમાં શિક્ષણનું સ્તર નબળું છે. અલબત સરકારે નીતિઓ અને સંસ્થાગત માળખું અમલમાં મૂક્યું છે પણ આ એજન્ડાને વાસ્તવિક રીતે અમલમાં મુકવા માટે તમામ હિતગ્રાહીઓની સક્રિય ભાગીદારી જરૂરી છે. જેમ કે સરકાર, તાલીમ પ્રદાતાઓ, રાજ્ય અને જિલ્લા સત્તાધિશો અને ઉદ્યોગ તેમજ સભ્ય સમાજ. છેલ્લા ૩ વર્ષ દરમિયાન કૌશલ્ય વિકાસ પર્યાવરણે લાંબી મજલ કાપી છે ખાસ કરીને સંસ્થાકીય માળખા અને નીતિગતના સુધારાના સંદર્ભમાં અને તે બાબત સારી ગુણવત્તા તરફ દોરી ગઇ છે.તેમ છતાં, હજું પણ કેટલાક પડકારો છે જેમનું નિરાકરણ આણવું જરૂરી છે.

**માઇક્રો ઇન્ડસ્ટ્રીઝને માર્કેટપ્લેસમાં એકીકૃત કરવી**

માઇગ્રેશન જેવા જ મોટા પડકારો સતત આજીવિકા માટે મોટો અવરોધ છે. ટેકનોલોજીની મદદથી ગ્રામ્ય સ્તરથી મોટા માર્કેટપ્લેસ સુધી વધુ માઇક્રો ઉદ્યોગની સ્થાપના અને તેમના એકીકરણથી માઇગ્રેશનની સમસ્યા મર્યાદિત થઇ શકે છે અને તેનાથી સતત આજીવિકા મળતી રહેવાની સંભાવના પણ વધી શકે છે. રાજ્યોને પીએમકેવીવાયના રાજ્ય પરિબળનો ફાયદો મેળવવા માટે પ્રોત્સાહિત કરવાની જરૂર છે જેથી કરીને તેઓ સ્થાનિક સ્તરે યોગ્ય તાલીમ કાર્યક્રમ અપનાવી શકે.

**સ્કિલ વેજ પ્રીમિયમ**

કુશળ શ્રમિકો માટે વેજ (પગાર) પ્રીમિયમ ભારતીય ઉદ્યોગોમાં વાસ્તવિકતા નથી, ભારતના ઉદ્યોગ વધુ પ્રમાણમાં ખર્ચ પર કેન્દ્રીત છે અને તેથી તેઓ કુશળ માનવ શ્રમદળ ફાયદાને સમજી શકતા નથી. પગારના ફાયદાના અભાવને કારણે એક તરફ વિદ્યાર્થી અકુશળ શ્રમિક તરીકે રોજગાર સ્વિકારવા માટે તૈયાર થાય છે અને તે નોકરી પર જઇને કામ શીખે અને તે કૌશલ્ય વિકાસ કાર્યક્રમને અપનાવતો નથી. બીજી બાજુ, કુશળ ઉમેદવારે બેરોજગાર રહેવું પડે છે અથવા તો પછી પોતાની લાયકાત કરતા ઓછા સ્તરના રોજગારને અપનાવવો પડે છે કારણ કે રોજગારની તકો ઓછી હોય છે.

**બિનસત્તાવાર અને અસંગઠિત અર્થવ્યવસ્થા**

બિનસત્તાવાર સેક્ટરની કૌશલ્ય જરૂરિયાતોના નિરાકરણ માટે જિલ્લા સ્તરે કૌશલ્ય સંબંધિત અભ્યાસ મારફત કૌશલ્યોની માગ, રોજગારની તક અંગે સચોટ માહિતી એકત્ર કરવાની જરૂરિયાત હોય છે.

**ખાનગી સેક્ટરના ફન્ડિંગને પ્રોત્સાહન આપવું**

પાછલા દાયકામાં ઉદ્યોગોને કૌશલ્ય વિકાસ પ્રવૃતિઓ માટે અનુદાન આપવા માટે પ્રોત્સાહિત કરવાના પ્રયાસો છતાં, આ પ્રયાસોનો પ્રતિભાવ ખાસ ઉમળકાભેર જોવા મળ્યો નથી. કુશળ માનવશક્તિનો સીધો લાભ ઉદ્યોગોને જ મળતો હોવા છતાં પણ દેશાં કૌશલ્યો અંગેના પગલાને સરકાર દ્વારા જ નાણાકીય સહાયતા આપવામાં આવી રહી છે. આપણે પ્રદાનની ભરપાઇ, કર અથવા ફરજિયાત સેસ નાખવા જેવા વિભિન્ન પગલાઓ પર વિચારણા કરવાની જરૂર છે જેથી કરીને ઉદ્યોગ જગતને સ્વૈચ્છિક રીતે કૌશલ્ય વિકાસ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રેરિત કરી શકાય.

અહીં સામે આવતી વાત એ છે કે કૌશલ્ય વિકાસ એકલું જ પુરુતું નથી. ગુણવત્તાપૂર્ણ રોજગારની ઉપલબ્ધતા પણ જરૂરી છે અને સાથે જ તમામ મેક્રો અને શ્રમ નીતિઓના એકીકરણ તેમજ તમામ સેક્ટરમાં સર્જિત રોજગારના પગાર કે સ્વરોજગારના માપનની જરૂરિયાત છે જેથી કરીને ઉદ્યોગની જરૂરિયાતોને અનુસાર કૌશલ્ય વિકાસ કાર્યક્રમને સતત અપગ્રેડ કરી શકાય.

**એન્ડ નોટ્સઃ**


1. Economic Survey 2016-17
2. National Skill Development Coordination Board, Planning Commission
3. National Skill Development and Enterpreneurship Policy 2015
4. National Skill Development Policy, 2009
5. Common Norms Gazette Notification 2014
6. National Skill Qualification Framework, 18 March 2015-PIB
7. Rajesh Agrawal, 6 February 2017 – PMKVY: A perspective - PIB
8. Rajiv Pratap Rudy, 27 January 2017 – National Apprenticeship Promotion Scheme - PIB
9. Ministry of Skill Development & Entrepreneurship Felicitates World Skills 2017 Winners from India, 28 December, 2017 - PIB
10. Global Skill Gap Study – Grand Thornton
11. Signing of Moc on Technical Intern Training Programme (TITP) between India & Japan, 18 October 2017, PIB



લેખક ભારત સરકારના સ્કિલ ડેવલપમેન્ટ અને એન્ટરપ્રેન્યોરશીપ મંત્રાલયના સચિવ છે.

**E-mail :** secy-msde@nic.in



**મુદ્રા**

# માઈક્રો એન્ટરપ્રેન્યોરશીપ અને રોજગારીમાં વિકાસનું ઈંધણ


**રાજીવ કુમાર**

**માઈક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ એન્ડ રીફાઈનાન્સ એજન્સી લિમિટેડ (મુદ્રા)ની સ્થાપના દેશમાં માઈક્રો એન્ટરપ્રાઈઝ (અતિ નાના ઉદ્યોગો)ને 'ભંડોળ ન મળતુ હોવાથી ભંડોળ આપવા' માટે કરવામાં આવી હતી. મુદ્રા એવી તમામ બેંકો, માઈક્રો-ફાઈનાન્સ સંસ્થાઓ (એમએફઆઈ) અને અન્ય ધીરાણ સંસ્થાઓને રીફાઈનાન્સ કરશે જેઓ મેન્યુફેક્ચરિંગ, ટ્રેડિંગ અને સર્વિસને લગતી પ્રવૃત્તિઓમાં સંકળાયેલા માઈક્રો/ નાના ઔદ્યોગિક એકમોને ધીરાણ કરે છે. આમ, મુદ્રા વર્તમાન રીફાઈનાન્સ અને અન્ય વિકાસ સમર્થન દ્વારા છેલ્લા સ્તરે કામ કરતી આર્થિક સંસ્થાઓને વધુ મજબૂત બનાવશે અને તેમની પહોંચ વધારશે. તેનાથી, સમગ્ર દેશમાં ફેલાયેલા તમામ પ્રકારના માઈક્રો વ્યવસાયોને ઘણી મદદ મળી રહેશે. મુદ્રાના મેન્ડેટમાં માઈક્રો એન્ટરપ્રાઈઝ ક્ષેત્રનો વ્યવહારુ આર્થિક ક્ષેત્રમાં વિકાસ કરવાનું પણ સમાવિષ્ટ છે જેના માટે આર્થિક/ વ્યવસાય જ્ઞાન કાર્યક્રમો સહિત વિવિધ વિકાસાત્મક હસ્તક્ષેપોનું આયોજન કરવામાં આવ્યું છે.**

નાના ઉદ્યોગોના એકમો ખૂબ જ મોટી સંખ્યામાં છે અને અનૌપચારિક ક્ષેત્રમાં અંદાજે ૫.૭૭ કરોડ નાના ઉદ્યોગ એકમો હોવાનું માનવામાં આવે છે. આ એકમો મોટાભાગે મેન્યુફેક્ચરિંગ, ટ્રેડિંગ અથવા સર્વિસ ઉદ્યોગોમાં પ્રોપરાઈટરીઝ ધરાવે છે અને તેમને ઔપચારિક સિસ્ટમમાંથી ધીરાણ લેવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે. આવા એકમોની ચેનલો ઔપચારિક ધીરાણ સુધી સરળતાથી પહોંચી શકે તે માટે અગાઉ સંખ્યાબંધ પહેલ કરવામાં આવી છે અને છતાં પણ હજુ ઘણો મોટો અને નોંધપાત્ર વર્ગ એવો છે જેમના સુધી આવી સુવિધાઓનો લાભ પહોંચ્યો નથી. મોટા કોર્પોરેટ અને ઔદ્યોગિક એકમો વિકાસને આગળ ધપાવવામાં ઘણી મહત્વની ભૂમિકા ભજવે છે, પરંતુ તેમણે પણ મહત્તમ રોજગારી ઉભી કરતા અનૌપચારિક ક્ષેત્રોની યોગ્ય સહાયની જરૂર પડતી જ હોય છે.


જોકે, આવા માઈક્રો એન્ટરપ્રાઈઝિસ પાસે તેમની કામગીરીના ખર્ચનું વહન કરવા માટે ભંડોળ એકત્ર કરવા કદાચ સામાન્ય સ્રોતો ઉપલબ્ધ ન હોય તેવું બની શકે છે અથવા તેમના વ્યવસાયમાં ફરી રોકાણ માટે પણ સ્રોતો ન હોવાની શક્યતા રહેલી છે. તેઓ મોટાભાગે અનરજિસ્ટર્ડ (નોંધણી થયા વગરના) એન્ટરપ્રાઈઝિસ તરીકે કામ કરતા હોય છે. માઈક્રો એન્ટરપ્રાઈઝિસ વિભાગને પડતી સૌથી મોટી સમસ્યાઓમાંથી એક પુરતા ધીરાણની ઉપલબ્ધતાનો અભાવ છે જેના કારણે તેમણે નાણાં ધીરનારાઓ (ખૂબ ઊંચા વ્યાજે ધીરાણ કરે છે) જેવા અનૌપચારિક સ્રોતો પાસેથી ભંડોળ લેવું પડે છે અથવા મર્યાદિત આંતરિક સ્રોતો પર આધાર રાખવો પડે છે, અને તેના કારણે આ ક્ષેત્રના વિકાસમાં અડચણો આવે છે.


પ્રધાનમંત્રી મુદ્રા યોજના(PMMY) વર્ષ ૨૦૧૮માં ૮ એપ્રિલના રોજ શરૂ કરવામાં આવી હતી. તેનો મૂળ આશય જેમને ભંડોળ નથી મળી શક્યો તેવા એકમેનો ભંડોળ આપવાનો હતો. PMMY લોન ધીરાણ સંસ્થાઓ એટલે કે બેંકો, માઈક્રો ફાઈનાન્સ સંસ્થાઓ (MFIs) અને




સ્ત્રોત : મુદ્રા પોર્ટલ (www.mudra.org.in)

નોન બેંકિંગ ફાઈનાન્સિઅલ કંપનીઓ (NBFC-MFIs) ના સહકારથી વધુ વિસ્તરિત કરવામાં આવી છે જેથી આવક ઉભી કરવાની પ્રવૃત્તિઓ માટે રૂપિયા ૧૦ લાખ સુધીની લોનની ફાળવણી થઈ શકે. આ લોન અલગ અલગ પ્રકારની ત્રણ શ્રેણીમાં આવે છે જેમાં શીશુ (રૂ. ૫૦, ૦૦૦ સુધી), કિશોર (રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૫ લાખ સુધી) અને તરુણ (રૂ. ૫ લાખથી ૧૦ લાખ સુધી) આવે છે. યુવા, શિક્ષિત અથવા સારું કૌશલ્ય ધરાવતા કામદારો જો તેમના પ્રથમ પેઢીના ઔદ્યોગિક એકમનો પ્રારંભ કરવા માંગતા હોય તો તેમને ઉપલબ્ધ તકોમાં વધારો કરવા ઉપરાંત આ લોન હાલમાં અસ્તિત્વમાં હોય તેવા નાના ઉદ્યોગોને વિસ્તરણ માટે પણ મદદરૂપ થાય છે અને તેના પરિણામે એકંદરે રોજગારી નિર્માણમાં વધારો થાય છે.




આ યોજનાનો આરંભ થયો ત્યારથી તા. ૦૬-૦૭-૨૦૧૮ સુધીમાં આ યોજના હેઠળ ૧૩.૧૬ કરોડ લોન આપવામાં આવી છે અને તેના માટે રૂપિયા ૬.૧૯ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે. તેના કારણે ધીરાણના પિરામીડમાં સૌથી પાયાના સ્તરે ધીરાણમાં

શ્રીમતી અનિતા સોની, રાજસ્થાનના ભીલવાડાના રહેવાસી છે. તેઓ તેમના ઘરેથી લેડીઝ ગારમેન્ટનો વ્યવસાય ચલાવતા હતા. તેઓ પોતાના ઉદ્યોગને ઉપરના સ્તર સુધી લઈ જવા માટે અસમર્થ હતા. જોકે, તરુણ શ્રેણીમાં રૂપિયા ૧૦ લાખની લોન લીધા પછી, તેમણે "લાડલી કલેક્શન" નામથી તેમનો કાયમી સ્ટોર શરૂ કર્યો છે. ધીમે ધીમે તેમના ગ્રાહકોની સંખ્યા અને આવકમાં વધારો થયો છે.
સ્ત્રોતઃ મુદ્રા પોર્ટલ
(www.mudra.org.in)

વિસ્તરણ થયું છે. આ યોજનાનો પ્રારંભ થયો ત્યારથી વાર્ષિક લક્ષ્ય ખૂબ સરળતાથી તેનો આંકડો પાર કરી ગયું છે. આ વર્ષે અત્યાર સુધીમાં રૂપિયા ૩ લાખ કરોડની લોનની ફાળવણી કરવામાં આવી છે.

PMMY લોનથી ધીરાણ લેવા માટે બેંકિંગ સિવાયની ચેનલો પર આધાર રાખતા માઈક્રો એન્ટરપ્રાઈઝિસ અને અનૌપચારિક ક્ષેત્રો કે જેમના કારણે બોન બેકિંગ ધીરાણ પણ ભંડોળના સ્રોત તરીકે સમાન મહત્વનું બન્યું છે તેવા એકમોને લોન આપવાની નવી ઈકોસિસ્ટમનું મૂલ્યાંકન કરવામાં યોગદાન મળ્યું છે.


આ યોજનાના આરંભ પછી ધીરાણ લેનારાઓની સંખ્યામાં થઈ રહેલો વધારો અને લોનની સરેરાશ રકમમાં થયેલી વૃદ્ધિ પ્રતિત કરે છે કે આ યોજના શરૂ કરવા પાછળનો હેતુ ખરા અર્થમાં સિદ્ધ થઈ રહ્યો છે. આજે, માત્ર ૧૧૦ બેંકો જ નહીં પરંતુ ૭૨ MFI અને ૯ NBFC પણ PMMY લોન આપી રહ્યા છે. આ લોન લેવા માટે ઓનલાઈન કરવાની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ અરજી www.udyamimitra.in પોર્ટલ પરથી કરી શકાય છે.

**રોજગારી પર અસરઃ**

PMMY લોનના કારણે પિરામીડના પાયાના સ્તરે ધીરાણની ઉપલબ્ધતામાં વધારો થયો છે. તેના કારણે વર્તમાન માઈક્રો અને નાના ઔદ્યોગિક એકમોને મજબૂત બનાવવામાં અને તેનું વિસ્તરણ કરવામાં નોંધપાત્ર મદદ મળી શકી છે અને તેનાથી નવા એન્ટરપ્રાઈઝિસને પણ વેગ મળ્યો છે. આમ તેના કારણે એકંદરે રોજગારનું નિર્માણ વધ્યું છે. અંદાજે કુલ લોનમાંથી ૯૦ % લોન શીશુ શ્રેણી હેઠળ લેવામાં આવે છે. અનૌપચારિક ક્ષેત્રો પર તેનો પ્રભાવ ઘણો નોંધપાત્ર છે અને તેના પરિણામે છેવટે રોજગારી અને વિકાસને ઘણો વેગ મળ્યો છે.

'દ્વરા'[૧] રિસર્ચ દ્વારા હાથ ધરવામાં આવેલા એક અભ્યાસમાં ટાંકવામાં આવ્યું હતું કે,

**મહિલાઓનું સશક્તિકરણ**




૧ એપ્રિલ ૨૦૧૫થી ૩૧ માર્ચ ૨૦૧૮

શ્રીમતી હેમા રાઠોડ જયપુરના મહિલા ઉદ્યોગ સાહસિક છે. પુત્ર અને પતિનું ત્રણ મહિનાના સમયમાં જ અવસાન થયું ત્યારે, તેમણે આશા ગુમાવી દીધી હતી. તેમણે પોતાની વિધવા પુત્રવધૂ અને ચાર પૌત્રી-પૌત્રોનું ભરણપોષણ કરવાનું હતું. Oufu, આ યોજના હેઠળ લોન લઈને તેઓ પોતાના પતિની ડ્રાઈવિંગ સ્કૂલ ચાલુ રાખવામાં સફળ રહ્યા અને હવે દર મહિને રૂપિયા ૧.૫ લાખ કમાય છે.


**ધીરાણ લેવામાં સરળતા**

**માઈક્રોસેવ (સપ્ટેમ્બર ૨૦૧૬)[૬] દ્વારા હાથ ધરાયેલા સર્વેક્ષણમાં ટાંકવામાં આવ્યું હતું કેઃ**

- ધીરાણ લેનારાઓ મુખ્યત્વે PMMYના ત્રણ લક્ષણોની કદર કરે છે, જે ગેરેન્ટર અથવા જામીનની જરૂરિયાત ન હોવી, સરળ દસ્તાવેજી કરણ અને ઝડપી પ્રક્રિયા છે.
- પહેલી વખત લોન લેનારાઓને ઓળખવામાં અને તેમને લોન આપવામાં બેંકો સક્રીય છે અને નાણાં ધીરનારાઓના સકંજામાંથી તેમને છોડાવે છે. ઈન્ટરવ્યુ લેવામાં આવેલા પૈકી ૯૭ ટકા બેંક ગ્રાહકોએ પહેલી વખત PMMY હેઠળ ઔપચારિક સંસ્થાઓમાંથી ધીરાણ લીધુ હતું જ્યારે તેની તુલનાએ MFI ગ્રાહકોની સંખ્યા ૭૪ ટકા છે.
- બેંકમાંથી PMMY લોન લેનારા ગ્રાહકોએ નોંધ્યું હતું કે તેમણે ક્યારેય બેંકનો સંપર્ક કર્યો જ નહોતો અને કલ્પના પણ નહોતી કરી કે બેંકમાંથી લોન લઈ શકે છે.




**PMMY નવા ઉદ્યોગો અને રોજગારી નિર્માણને સહાય કરે છેઃ** શ્રી એન.એસ.કે. સુભાણી વિજયવાડામાં રહેલા કુશળ સુથાર છે અને તેમનું સપનું હતું કે તેઓ પણ લાકડાનું ફર્નિચર બનાવવાનું એક એકમ શરૂ કરીને પોતાના ધંધાની શરૂઆત કરે. તેમણે આ યોજના હેઠળ રૂપિયા ૫ લાખની લોન લીધી અને આ સપનું સાકાર કર્યું અને હાલમાં ૩ લોકોને રોજગારી આપી છે.




સ્રોતઃ PMJDY પોર્ટલ

PMMY ના કારણે નાના અને મધ્યમ એન્ટરપ્રાઈઝિસ (MSMEs)ને ધીરાણ કરતી બેંકોની પ્રગતિમાં નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને, રૂપિયા ૨ લાખથી ઓછી લોન લેતા એકમનો ધીરાણ કરતી બેંકોની ઘણી પ્રગતિ થઈ છે. આવી રૂપિયા ૨ લાખથી ઓછી રકમની લોન લેનારાઓ સુધી પોતાની પહોંચ વધારવા માટે MFI હાલમાં કામ કરી રહ્યા છે. શીશુ શ્રેણી હેઠળ આપવામાં આવતી સરેરાશ લોનની સંખ્યામાં વર્ષ ૨૦૧૬- ૧૭માં નોંધપાત્ર વધારો (અંદાજે ૫૦ ટકા) જોવા મળ્યો છે. ઉપલબ્ધ ડેટા એવું સુચવે છે કે, ક્લાયન્ટ્સ મોટી લોન લેવાનું વધુ પસંદ કરે છે. MFI માટે લોનની રકમમાં વધારો કિશોર શ્રેણીમાં જોવા મળ્યો છે.

એક હકીકત એ પણ છે કે આ ધીરાણ લેનારાઓમાંથી લગભગ ૫૫ ટકા લોકો એસસી/ એસટી/ ઓબીસી વર્ગમાંથી આવે છે જે સૂચિત કરે છે કે, વંચિતોને પ્રાથમિકતા આપવાના સામાજિક હેતુઓ પણ આ લોનના કારણે પરિપૂર્ણ થઈ રહ્યા છે.

PMMY લોન મહિલાઓને ધીરાણ આપવામાં અને શ્રમ બજારમાં તેમની સહભાગીતા વધારવામાં પણ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે.

ફાળવવામાં આવેલી કુલ લોનમાંથી, ૭૪ ટકા લોન એવી મહિલાઓને આપવામાં આવી છે જેઓ બંગડી બનાવવાના એકમો, બ્યૂટી સલૂન, અગરબત્તી બનાવવાના એકમો, સિલાઈકામ, વણાટકામ ઉદ્યોગો, ઈલેક્ટ્રોનિક ગેઝેટ્સ રિપેરિંગ સેન્ટર,

**સફળતાની વાત**

### સફળતાની દિશામાં ડ્રાઈવિંગ - સુરેન્દ્રસિંહ

સુરેન્દ્ર તેમના ઘરમાં કમાનાર એકમાત્ર વ્યક્તિ છે અને તેના મિત્રની ઓટોરીક્ષા ચલાવીને પોતાના પરિવારના ભરણપોષણમાં મદદ કરે છે. તે પોતાના મિત્રને દર મહિને ભાડુ ચુકવે છે અને પરિવારને જીવવા માટે માત્ર ખર્ચ પહોંચી શકાય એટલું કમાય છે.

તેમના બંને સંતાનો હવે મોટા થઈ રહ્યા હોવાથી, પરિવારના અન્ય ખર્ચની સાથે તેમના ભણવાના ખર્ચમાં પણ વધારો થયો છે. તેમને લાગ્યું કે તેમની આવકમાંથી લગભગ અડધી કમાણી તો રીક્ષાનું ભાડુ ચુકવવામાં જતી રહે છે. સુરેન્દ્રને પોતાની રીક્ષા ખરીદવાની ઈચ્છા હતી. આથી તેણે લોન માટે બેંકનો સંપર્ક કર્યો. તેને લાગતું હતું કે લોનને મંજૂરી મળવાનું કામ ખૂબ જ અઘરૂ થઈ પડશે કારણ કે તેની પાસે જામીન પેટે મુકવા માટે કોઈ મિલકત, સોનુ એવું કંઈ જ નહોતું અને માત્ર એક પ્રમાણિક વ્યક્તિ તરીકે તેના વચનનો વિશ્વાસ હતો. તેણે બેંકનો સંપર્ક કર્યો તો, તેમને મુદ્રા લોન યોજના વિશે માહિતી આપવામાં આવી અને તેમણે તુરંત કિશોર લોન માટે અરજી કરી. બેંકના કર્મચારી સાથે કેટલીક મુલાકાત પછી તેમની લોન મંજૂર થઈ ગઈ અને તે પોતાની રીક્ષા કરી શક્યા. અત્યારે તે પોતાનો પરિવાર આરામથી જીવી શકે તેટલું કમાય છે અને પરિવારની વધતી જરૂરિયાતોને પહોંચી વળે છે. તે હજી પણ એક રીક્ષા ખરીદવા માંગે છે, જેથી બીજાને રીક્ષા ભાડે આપીને વધુ કમાણી કરી શકે અને કોઈ બેરોજગાર વ્યક્તિને રોજગારી આપી શકે. પોતાનું આ લક્ષ્ય સિદ્ધ કરવા માટે તે સખત મહેનત કરે છે અને આશા છે કે ભવિષ્યમાં પણ તેને પ્રધાનમંત્રી મુદ્રા યોજનાથી સહકાર મળી રહેશે.

કોમ્પ્યૂટર ટ્રેનિંગ સેન્ટર સહિત અન્ય એકમોમાં તેમનું કૌશલ્ય ખીલવવા માટે સમર્થ છે. મહિલાઆના વડપણ હેઠળ ચાલતા એન્ટરપ્રાઈઝિસની સંખ્યા ૧૩.૪ ટકા (વર્ષ ૨૦૧૩ – ૧૪માં, છઠ્ઠી આર્થિક ગણતરી)[૨] થી વધીને ૧૯.૫ ટકા (વર્ષ ૨૦૧૫ – ૧૬માં, NSSO ૭૩મો રાઉન્ડ)[૩] થઈ છે. આ સ્પષ્ટ દર્શાવે છે કે, PMMY દ્વારા ખાસ કરીને મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત વધી રહી છે.

નવા ઔદ્યોગિક એકમોને પૂર્ણ સ્તરે કામ કરવા માટે પણ PMMYના કારણે યોગ્ય મંચ મળી શક્યો છે. અંદાજે ૨૮ ટકા PMMY લોન નવા એન્ટરપ્રાઈઝિસને ફાળવવામાં આવી છે. આવા પોતાની માલિકીના એન્ટરપ્રાઈઝિસની સંખ્યા ૩.૦૧ ટકા (વર્ષ ૨૦૧૩ – ૧૪માં, આર્થિક ગણતરી)[૪] થી વધીને ૫.૩૩ ટકા (વર્ષ ૨૦૧૫ – ૧૬માં, NSS ૭૩મો રાઉન્ડ)[૫] થઈ ગઈ છે. સામાન્યપણે આવા એકમો નિયમિત ધોરણે કોઈ કામદારોને રાખતા ન હોવા છતાં આ વૃદ્ધિ જોવા મળી છે. આવા ઔદ્યોગિક એકમોની સંખ્યામાં વધારો થઈ રહ્યો હોવાથી, PMMY તેમના વિકાસ અને વિસ્તરણ માટે નજીકના ભવિષ્યમાં સુવિધા પૂરી પાડી શકે છે.

**મુદ્રાપ્રોન્યોર્સને સુવિધા આપતું JAM ઈન્ફ્રાસ્ટ્રક્ચર**




સ્રોતઃ PMJDY પોર્ટલ

### નાણાંથી પણ કંઈક વિશેષઃ સકારાત્મક ધીરાણ ઈકોસિસ્ટમનું નિર્માણ

PMMYના કારણે પિરામીડના પાયાના સ્તરે લોનની સંખ્યા વધારવામાં મદદ મળવા ઉપરાંત તેના કારણે આવી લોનો માટે ઈકોસિસ્ટમના ઔપચારિકિકરણમાં આવેલા પરિવર્તનના કારણે તેના નિર્ણાયક યોગદાનથી આ યોજના અર્થતંત્રમાં ગેમ ચેન્જર પુરવાર થઈ છે. તેના પરિણામે, આ યોજના રોજગારી નિર્માણમાં મુખ્ય ચાલકબળ (ઉત્પ્રેરક) તરીકે ભૂમિકા ભજવી રહી છે.

નીચે દર્શાવેલા કેટલા ઘટકોના કારણે જ આ શક્ય બન્યું છેઃ

- **પોર્ટફોલિયો ધીરાણ ગેરેંટીઃ** PMMY લોન માટે, ૫૦ ટકા નુકસાન કવરેજ સાથે પોર્ટફોલિયો ધીરાણ ગેરેંટીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. દર્શાવેલી મર્યાદા સુધી પહેલું નુકસાન ધીરાણકર્તાએ ભોગવવાનું રહેશે. ધીરાણ કરનારાના રેટિંગમાં પ્રિમિયમ દરો લાગુ પડી શકે છે અને નોન પરફોર્મિંગ એસેટ્સ પરફોર્મન્સ (NPA) કારણ કે તેનાથી ધીરાણની પ્રક્રિયામાં શિસ્ત અને પ્રોફેશનલીઝમ સુનિશ્ચિત થાય છે.

- **રીફાઈનાન્સઃ** PMMY માટે મુદ્રા લિમિટેડ દ્વારા ઓછા દરે રીફાઈનાન્સ કરવામાં આવે છે અને તેમાં ધીરાણના દરોમાં મર્યાદા બાંધેલી હોય છે અને ઘટતા વ્યાજદરો ધીરાણ લેનારને લાગુ પડે છે. ધીરાણ ગેરેંટીની જેમ, રીફાઈનાન્સિંગ રેટિંગ આધારચિહ્નોને હાંસલ કરી શકે તેવા ધીરાણકર્તાઓને જ ઉપલબ્ધ હોય છે જેના પરિણામે ધીરાણકર્તાઓ દ્વારા પ્રોફેશનલ ધીરાણને પ્રોત્સાહન મળે છે.

- **મુદ્રા કાર્ડ :** આ એક રૂપે ડેબિટ કાર્ડ છે જે એક અનોખી પ્રોડક્ટ છે અને રોકડ ધીરાણ/ ઓવરડ્રાફ્ટના રૂપમાં કાર્યકારી મૂડીની સુવિધા આપે છે તેમજ પીઓએસ મશીન ખરીદવા માટે એટીએમ અથવા બીસીમાંથી રોકડ ઉપાડવા માટે પણ તેનો ઉપયોગ થઈ શકે છે. રજાના દિવસો તેમજ બેંકિંગના કામકાજના કલાકો સિવાયના સમયમાં પણ તે કામ કરે છે. જો એક જ દિવસમાં નાણાં ઉપાડીને પાછા જમા કરાવી દેવામાં આવે તો તે રકમ પર કોઈ જ વ્યાજ લેવામાં આવતું નથી.

- **ધીરાણ ઈતિહાસઃ** PMMY હેઠળ આપવામાં આવતી લોન ક્રેડિટ બ્યૂરો દ્વારા કેપ્ચર કરવામાં આવે છે જેથી આવા ઉદ્યોગ સાહસિકોના ઔપચારિકિકરણમાં મદદ મળે છે, અને રોજગારીમાં વધારો થાય છે.

- **MFI સ્પેસમાં ઉત્પ્રેરક પરિવર્તનઃ** PMMYની સંરચના, રીફાઈનાન્સ અને ધીરાણ ગેરેંટી દ્વારા થાય છે, અને તે

પરફોર્મન્સ (કામગીરી) સાથે સંકળાયેલ છે. જેથી તે MFIને વળતર આપે છે અને પ્રોત્સાહિત કરે છે.

- **લોન, ગ્રાન્ટ નહીં :** દરેક ગ્રાહકો ધીરાણ લેનાર હોય છે અને તેઓ PMMY હેઠળ લાભાર્થી નથી હોતા. આ લોનમાં સાથે જ રીકવરી સમાવિષ્ટ હોવાથી, તેમાં કોઈ સબસીડી આપવામાં આવતી નથી, તેનાથી શિસ્તપૂર્ણ ઋણ અને ધીરાણ સુનિશ્ચિત થાય છે, અને સકારાત્મક ઈકોસિસ્ટમ માટે ધીરાણ થતું હોવાથી "મુદ્રાપ્રેન્યોર્સ" બને છે.

**વેલ્યૂ ચેઈન્સ સાથે જોડાણ કરવું:**

તેનાથી વધુ આગળ વધીએ તો, PMMY લોન અંતર્ગત મુખ્ય ધ્યાન ઉદ્યમશીલતા પર અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ તેમજ એકત્રીકરણ કરનારાઓ દ્વારા જેના પર કબજો જમાવવામાં આવ્યો છે તેવી વેલ્યૂ ચેઈન્સ તેમજ સપ્લાય ચેઈન્સ પર કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેના કારણે મોટા ઉદ્યોગો સાથે સંકળાયેલા "મુદ્રાપ્રેન્યોર્સ"નું નિર્માણ થશે અને PMMY લોન દ્વારા તેમને આધાર મળતો હોવાથી સમગ્ર વેલ્યૂ ચેઈન્સમાં રોજગારીની નવી તકોનું સર્જન થશે.

ભારતમાં, ખૂબ જ વિપુલ પ્રમાણમાં સંભાવનાઓ છે, અને બજાર પણ ઘણું મોટુ છે જેથી નવા ઉદ્યોગોનું નિર્માણ તેમજ વર્તમાન ઉદ્યોગોનું વિસ્તરણ શક્ય છે. PMMY આ દિશામાં એક મોટું પગલું છે. જન ધન આધાર મોબાઈલ (JAM) ટ્રિનિટી દ્વારા આર્થિક સમાવેશ કાર્યક્રમનું વિસ્તરણ કરવાથી PMMY દ્વારા સંસ્થાકીય ધીરાણમાં નોંધપાત્ર સંખ્યામાં વધારો કરવા માટે યોગ્ય માળખું તૈયાર થયું છે.

ફીનટેક જેવા નવા અને નાવીન્યપૂર્ણ ઉકેલો આવવાથી, સંપર્ક વગરે જ ધીરાણની પરિકલ્પના સામે આવી છે. વિવિધ ડેટા સંગ્રહ પોઈન્ટ્સ જેમકે ટ્રેડ રિસિવેબલ્સ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમ (TReDS), ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM), જીએસટી, આઈટી રિટર્ન્સ વગેરે વચ્ચે આંતરિક જોડાણના કારણે, ધીરાણ લેવાની ઔપચારિકતા અને સુનિશ્ચિતતા વધુ સરળ બન્યા છે. આ સાહસમાં જેમ જેમ વધુ ભાગીદારોનો સહયોગ વધે છે, તેમ તેની ઉદ્યોગ સાહસિકતાનો જુસ્સો વધુ મજબૂત થશે અને દેશમાં રોજગારી નિર્માણ વધુ પ્રબળ થશે.

અનૌપચારિક અને ધીરાણ ન મેળવી શકનારાઓને ધીરાણ આપવાની ઔપચારિકતાપૂર્ણ કરવામાં PMMY એ મહત્વની ભૂમિકા ભજવી છે. આ યોજનાએ ખાસ કરીને સમાજમાં વંચિત લોકોના વર્ગને ભંડોળ આપવાની માંગ સંતોષવાાં ખૂબ જ મદદ કરી છે. તેનાથી પ્રથમ પેઢીના ઉદ્યોગ સાહસિકો કે જેઓ નવો વ્યવસાય શરૂ  કરવા માંગે છે અને એવા વર્તમાન ઉદ્યોગ સાહસિકો કે જેઓ તેમના વ્યવસાયમાં વિસ્તરણ કરવા માંગે છે પરંતુ અનુકૂળ ઈકોસિસ્ટમ સુધી તેમની પહોંચના અભાવે અટકેલા છે તેમને પ્રોત્સાહિત કરવામાં અને તેમનો આત્મવિશ્વાસ મજબૂત કરવામાં મદદ મળી છે.

**એન્ડ નોટ્સઃ**


૧. ઈન્સ્ટિટ્યુટ ફોર ફાઈનાન્સિઅલ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ અર્લી – સ્ટેજ એસેસમેન્ટ ઓફ પ્રધાન મંત્રી મુદ્રા યોજના રિસર્ચ ઈનસાઈટ્સ ઓન ડિઝાઈન એન્ડ ઈમ્પીલમેન્ટેશન

૨. ૬ઠ્ઠી આર્થિક ગણતરી, ૨૦૧૩ - ૧૪

૩. NSSO ૭૩મો રાઉન્ડ, ૨૦૧૫ - ૧૬

૪. ૬ઠ્ઠી આર્થિક ગણતરી, ૨૦૧૩ - ૧૪

૫. NSSO ૭૩મો રાઉન્ડ, ૨૦૧૫ - ૧૬

૬. માઈક્રોસેવ પોલિસી બ્રીફ # ૧૯ શીર્ષક પ્રધાન મંત્રી મુદ્રા યોજનાઃ બિહાઈન્ડ ધ નંબર્સ



લેખક ભારત સરકારના નાણાં મંત્રાલયમાં આર્થિક સેવાઓ વિભાગના સચિવ છે.

**E-mail:** secy-fs@nic.in


મુદ્રા મિત્ર એક મોબાઈલ ફોન એપ્લિકેશન છે જે ગૂગલ પ્લે સ્ટોર અને એપ સ્ટોર પર ઉપલબ્ધ છે. આ એપમાં માઈક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ એન્ડ રિફાઈનાન્સ એજન્સી (MUDRA) વિશે તેમજ તેની વિવિધ પ્રોડક્ટ્સ / યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી છે. તે લોન લેનારને પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY) હેઠળ MUDRA લોન લેવા માટે કેવી રીતે બેંકનો સંપર્ક કરવો તેના વિશે માર્ગદર્શન આપે છે. વપરાશકારો લોનની અરજીના સેમ્પલ સહિત લોન સંબંધિત ઉપયોગી મટિરિયલ પણ મેળવી શકે છે.

## ગતિ આપનાર પરિબળ



**માઈક્રો, લઘુ અને મધ્યમ કદનાં એકમો આપણાં દેશની કુલ ઔદ્યોગિક પ્રવૃત્તિમાં નોંધપાત્ર પ્રદાન કરે છે અને રોજગાર નિર્માણને વેગ આપવામાં મહત્વની ભૂમિકા બજાવે છે. હાલમાં ૭ કરોડથી વધુ MSMEs દ્વારા અંદાજે ૧૨ કરોડ જેટલી રોજગારીનું નિર્માણ વિવિધ પ્રકારના એકમોમાં થઈ રહ્યું છે. આ ક્ષેત્ર કૃષિ ક્ષેત્ર પછી સૌથી વધુ સ્વ-રોજગારની સાથે સાથે વિવિધ પ્રકારની નોકરીઓની તકો પૂરી પાડે છે. આ ઉપરાંત MSMEs ક્ષેત્રે શ્રમ- મૂડીનો ગુણોત્તર ઘણો ઉંચો રહે છે**

# MSMEs: વૃધ્ધિ અને રોજગારીના નવા એન્જીન

**અરૂણ કુમાર પાંડા**

માઈક્રો, લઘુ અને મધ્યમ કદનાં એકમો (MSME) ક્ષેત્ર ભારતના એકંદર આર્થિક- સામાજીક વિકાસમાં નોંધપાત્ર રીતે હકારાત્મક યોગદાન પૂરૂ પાડતું રહ્યું છે. દરેક એકમ નોંધપાત્ર મૂલ્ય ધરાવે છે, કારણ કે તે સ્વ-રોજગાર તો પૂરો પાડે જ છે, પણ સાથે સાથે નોકરીઓનું નિર્મામ કરવાની વધુ ઝડપથી રોજગારીનું નિર્માણ કરે છે. નાનામાં નાનું એકમ પણ વૃધ્ધિની મોટી ભારતીય કથા સર્જે છે. આથી MSMEs ક્ષેત્રને ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ તરીકે ઓળખવામાં આવતી હોવાથી કોઈ અચરજ થતું નથી. માઈક્રો, લઘુ અને મધ્યમ કદનાં એકમોનું મંત્રાલય (M/o MSME) દ્વારા કેટલાક પથદર્શક પગલાં લઈને આ ક્ષેત્રને વધુ પ્રોત્સાહિત કરીને ઉદ્યોગસાહસિકતાની ભાવના તથા સ્વ-રોજગારની વ્યાપક તકોનું નિર્માણ તેમજ રોજગાર નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ રીતે, મંત્રાલય દેશના સમાન આર્થિક- સામાજીક વિકાસમાં યોગદાન આપી રહ્યું છે.

### MSME ક્ષેત્રઃ રોજગાર નિર્માણ

માઈક્રો, લઘુ અને મધ્યમ કદનાં એકમો આપણાં દેશની કુલ ઔદ્યોગિક પ્રવૃત્તિમાં નોંધપાત્ર પ્રદાન કરી રહ્યા છે અને રોજગાર નિર્માણને વેગ આપવાની મહત્વની ભૂમિકા બજાવી રહ્યા છે. હાલમાં ૭ કરોડથી વધુ MSMEs અસ્તિત્વ ધરાવે છે અને અંદાજે ૧૨ કરોડ નોકરીઓનું વિવિધ પ્રકારના એકમોમાં નિર્માણ કરી રહ્યા છે. આ ક્ષેત્ર સ્વ-રોજગાર માટે વિવિધ પ્રકારની તકો પૂરી પાડવાની સાથે સાથે કૃષિ ક્ષેત્ર પછીની સૌથી મોટું રોજગાર નિર્માણ કરે છે. આ ઉપરાંત MSMEs ક્ષેત્રમાં શ્રમ- મૂડીનો ગુણોત્તર વધુ ઉંચો રહે છે.

ઐતિહાસિક પરિસ્થિતિ તરફ નજર માંડીએ તો વિકાસની પ્રક્રિયામાં લોકો કૃષિ ક્ષેત્ર તરફથી મેન્યુફેક્ચરીંગ અને સર્વિસીસ જેવી બિન ખેતી પ્રવૃત્તિઓ તરફ વળી રહ્યા છે. આના કારણે મેન્યુફેક્ચરીંગ અને સર્વિસીસ દેશના વૃધ્ધિ, વિકાસ અને રોજગારીના એજન્ડામાં મહત્વની ભૂમિકા બજાવે છે દેશ જ્યારે આગામી વર્ષોમાં નોંધપાત્ર વસતિ વિષયક વૃધ્ધિ અને કામ કરવાની વય ધરાવતી વસતિમાં

અભૂતપૂર્વ વિસ્તરણની અપેક્ષા રાખે છે ત્યારે MSME ક્ષેત્ર આ શ્રમદળને સમાવી લેવાની મહત્વની૧ ભૂમિકા બજાવે તે જરૂરી છે.

આ ક્ષેત્રમાં રોજગાર નિર્માણ એટલું મહત્વનું છે કે માનવ મૂડીના નિર્માણમાં અને ટ્રાન્સપોર્ટ ઈક્વિપમેન્ટ અને ઈલેક્ટ્રીકલ મશીનરી, કાસ્ટ, ચર્મ અને ચર્મ ઉત્પાદનો, પેપર, ટેક્સટાઈલ્સ અને હસ્તકલા વગેરે જેવા કેટલાક મેન્યુફેક્ચરીંગ ઉદ્યોગો કે જે ખૂબ જ શ્રમ પ્રચૂર છે તેમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાનું રહે છે.

### કામગીરી માટેનો એજન્ડા

MSME ક્ષેત્ર અર્થતંત્રની વૃધ્ધિ માટે ખૂબ જ મહત્વનું છે. આવી સ્થિતિ એટલા માટે છે કે આ ક્ષેત્ર અર્થતંત્રના અન્ય ક્ષેત્રોમાં અતિ ગુણિત (multiplier) અસર ઉભી કરે છે. મેન્યુફેક્ચરીંગ ક્ષેત્ર અર્થતંત્રના અન્ય ક્ષેત્રોમાંથી કાચો માલ અને સેવાઓ પ્રાપ્ત કરે છે અને ત્યારબાદ તે ફીનીશ પ્રોડક્ટસ પૂરી પાડે છે. આ રીતે આ ક્ષેત્ર કાચા માલથી માંડીને ઈન્ટરમિડિયેટ ગુડ્ઝ સુધીની માંગને વેગ આપે છે. નેશનલ મેન્યુફેક્ચરીંગ પોલિસી (NMP) માં દર્શાવ્યા મુજબ મેન્યુફેક્ચરીંગ ક્ષેત્ર વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦૦ મિલિયન લોકોને રોજગારી પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે. આમ છતાં આવી સ્થિતિ હાંસલ કરવા માટે કેટલાક ફેરફાર કરાય તે ખૂબ જ આવશ્યક છે, જેના દ્વારા રોજગારીના નિર્માણને વેગ આપી શકાય તેવા કેટલાંક સૂચનો નીચે મુજબ છે:

(i) શ્રમપ્રચૂર ઉદ્યોગોમાં રોજગારીને પ્રોત્સાહન આપવું

(ii) શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં ઈનોવેટિવ લેબ્ઝની સ્થાપના કરીને તાલીમની ગુણવત્તામાં સુધારો કરવો

(iii) ઉત્તમ પ્રણાલિઓને અનુસરીને શ્રમિકોની ઉત્પાદકતામાં વધારો કરવો

(iv) સમયસર ધિરાણ પ્રાપ્ત થાય તેની ખાત્રી રાખવી

(v) સારો બજાર સંપર્ક પ્રાપ્ત થાય તેવી સુવિધા પૂરી પાડવી

### સરકાર દ્વારા હાથ ધરાયેલી વિવિધ પહેલ

આ ક્ષેત્ર વૃધ્ધિની આંતરિક ક્ષમતા ધરાવતું હોવા છતાં કેટલાક પડકારો પણ અસ્તિત્વ ધરાવે છે જે ઉત્પાદકતા અને વૃધ્ધિને અસર કરી રહ્યા છે અને મોડા કે વહેલા રોજગારી અથવા સ્વ-રોજગારને પણ અસર કરે છે. દા.ત. ઉત્પાદન ખર્ચ, મૂડી પ્રચૂરતા વધારવી, ટેકનોલોજીકલ પરિવર્તન, કૌશલ્ય ધરાવતા શ્રમદળની માંગ વગેરે જેવા પરિબળો સમગ્ર વ્યવસ્થા તંત્રને અસર કરી રહ્યા છે.

### કેન્દ્રિત અભિગમ

ભારત નોકરી શોધનારનો નહીં, પરંતુ રોજગારીનું નિર્માણ કરનાર રાષ્ટ્ર બને તેવા વિઝનને સાકાર કરવા માટે માઈક્રો, લઘુ અને મધ્યમ એકમોનું મંત્રાલય ઉદ્યોગસાહસિકતાને ટેકો આપવા માટે કેન્દ્રિત અભિગમ અપનાવી રહ્યું છે. હાલમાં જે અવરોધો છે તે અંગે સરકાર જાણકારી ધરાવે છે અને આ ક્ષેત્રને ધમધમતું કરવા માટે તથા આર્થિક પ્રવૃત્તિઓનું સ્તર વધારવા માટે અને એ દ્વારા દેશમાં વધુ રોજગાર નિર્માણ માટે પ્રયત્ન કરી રહી છે. આથી જ આ ક્ષેત્રના અપગ્રેડેશન અને વિકાસ માટે સરકારે દેશભરમાં સફળતાપૂર્વક અમલી બનાવી છે. આ યોજનામાં સરકારના કેટલાક ફ્લેગશીપ પ્રોગ્રામોનો સમાવેશ થાય છે. આ યાદીમાં સમાવેશ પામતી યોજનાઓમાં પ્રધાન મંત્રી રોજગાર નિર્માણ કાર્યક્રમ (TMEGP) અને MUDRA, પરંપરાગત ઉદ્યોગોના નવનિર્માણ માટે ભંડોળની યોજના (SFURTI), ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ જેવી અન્ય ઘણી યોજનાઓ અમલી બનાવી છે.

આ ઉપરાંત ખાદી અને ગ્રામોદ્યોગ (KVIs) તથા શણ ઉદ્યોગનું સંચાલન અનુક્રમે ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન (KVIC) અને કોયર બોર્ડનો સમાવેશ થાય છે અને તે રોજગાર નિર્માણમાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે.



**MSME મંત્રાલય મોટાપાયે વ્યવસાયલક્ષી અને ઉદ્યોગસાહસિકતા વિકાસના કાર્યક્રમો હાથ ધરી રહ્યું છે અને તેનું નિયમિતપણે આયોજન કરીને યુવાનોની પ્રતિભાને પોષક બનીને તેમને ઔદ્યોગિક પ્રવૃત્તિમાં સામેલ થવા માટે MSEs સ્થાપવા માટે જરૂરી વિવિધ પાસાંઓ અંગે માહિતગાર કરવામાં આવે છે.**

**બજાર ઉપલબ્ધ કરવું**

માઈક્રો અને લઘુ કદનાં એકમોનો બજાર સંપર્ક વધારવા માટે તથા સમાજના હાંસિયામાં રહેલા ક્ષેત્રોના ઉત્કર્ષ માટે, ભારત સરકારની પબ્લિક પ્રોક્યોર્મેન્ટ પોલિસી (PPP) માઈક્રો અને લઘુ એકમોને અગ્રતા દ્વારા ઉદ્યોગસાહસિકતાને વેગ પૂરો પાડી રહી છે. આ આદેશમાં જણાવવામાં આવ્યું છે કે CPSEs, કેન્દ્ર સરકારના મંત્રાલયો અને અન્ય સરકારી વિભાગો તેમની કુલ ખરીદીનો ૨૦ ટકા હિસ્સો માઈક્રો અને લઘુ એકમો (MSEs) પાસેથી ખરીદશે. આમાં ૪ ટકા જેટલા અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિની માલિકીના માઈક્રો અને લઘુ એકમોનો સમાવેશ થશે. મંત્રાલયનું MSME સંબંધ પોર્ટલ અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિના ઉદ્યોગસાહસિકોને માલ-સામાન અને સર્વિસીસની જાહેર ખરીદીમાં સામેલ થવા માટે પ્રોત્સાહિત કરી રહ્યું છે. આ રીતે રોજગાર નિર્માણને વેગ આપવામાં આવી રહ્યો છે.

અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિના ઉદ્યોગસાહસિકો કાર્યક્ષમ રીતે PPP ના આદેશનું પાલન કરીને સિધ્ધિ પ્રાપ્ત કરી શકે તે માટે પ્રધાન મંત્રી દ્વારા ઓક્ટોબર ૨૦૧૬માં **નેશનલ શિડ્યુલ કાસ્ટ/ શિડ્યુલ ટ્રાઈબ હબની** રચના કરવામાં આવી હતી. આ હબ સ્પષ્ટપણે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સમુદાયોમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહિત કરવા માટેનો સ્પષ્ટ કેન્દ્રિત અભિગમ ધરાવે છે.



**એ બાબત નોંધવી પણ મહત્વની બની રહે છે કે નોકરીઓનું નિર્માણ કરતી વખતે સામાજીક સમાવેશીતા ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે. PMEGP યોજના હેઠળ ૩૦ ટકા એટલે કે ૪.૩૪ લાખ લાભાર્થીઓ મહિલાઓ હતી.**

માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમોનું મંત્રાલય પણ મોટા પાયે વ્યવસાયલક્ષી અને ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમોનું નિયમિતપણે આયોજન કરી રહ્યું છે, જેનું નિયમિતપણે આયોજન કરીને યુવાનોની પ્રતિભાને પોષક બનીને તેમને ઔદ્યોગિક પ્રવૃત્તિમાં સામેલ થવા માટે MSEs સ્થાપવા માટે જરૂરી વિવિધ પાસાંઓ અંગે માહિતગાર કરવામાં આવે છે. ઉદ્યોગસાહસિકતા કૌશલ્ય વિકાસ કાર્યક્રમ (ESDP) નો ઉદ્દેશ સંભવિત ઉદ્યોગસાહસિકોના કૌશલ્યનું અપગ્રેડેશન, મેનેજમેન્ટ ડેવલપમેન્ટ કાર્યક્રમો (MDPs) નો ઉદ્દેશ મેનેજમેન્ટ પ્રણાલિઓ અંગે તાલિમ આપીને સક્ષમ ઉદ્યોગસાહસિકો વગેરેની નિર્ણય લેવાની ક્ષમતામાં વધારો કરવાનો છે.

માઈક્રો, લઘુ અને મધ્યમ એકમોના મંત્રાલય હેઠળ કામ કરતું નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (NSIC) નામનું જાહેરક્ષેત્રનું એકમ માઈક્રો, લઘુ અને મધ્યમ એકમો માટે ધિરાણનો પ્રવાહ સુગમ બનાવવામાં, ખૂબ જ સ્પર્ધાત્મક રીતે કાચો માલ પૂરો પાડવામાં અને તાલીમ અને ઈન્ક્યુબેશનની સુવિધા પૂરી પાડવામાં મહત્વની ભૂમિકા બજાવે છે.

**સમયસર ધિરાણની ઉપલબ્ધિ**

ઉદ્યોગસાહસિકોને સમયસર ધિરાણ પ્રાપ્ત થાય તે બાબત હંમેશા પડકારજનક બની રહેતી હોય છે. આ તાતી જરૂરિયાતને પારખીને સરકાર દ્વારા માઈક્રો, લઘુ અને મધ્યમ કદનાં એકમોના વ્યવસ્થા તંત્રને સહાયરૂપ થવા કેટલાંક પાયાના પગલાં ભરવામાં આવ્યા છે. જ્યાં સુધી માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમોના મંત્રાલયને સંબંધ છે ત્યાં સુધી PMEGP હેઠળ અંદાજપત્રિય ફાળવણીમાં ૮૦ ટકા જેટલો વધારો કરીને વર્ષ ૨૦૧૭-૧૮માં ૪૮,૩૯૮ માઈક્રો એકમોને સહાય કરીને અંદાજે ૩ લાખ વ્યક્તિઓ માટે રોજગારીની તકો ઉભી કરવામાં આવી છે.

એવું માનવામાં આવે છે કે ૨૦૧૮-૧૯ દરમ્યાન આશરે ૫ લાખ વ્યક્તિઓને રોજગારીની તકો પૂરી પાડવામાં આવી છે. MD ગુરગાંવ દ્વારા હાથ ધરાયેલા એક સ્વતંત્ર મૂલ્યાંકનમાં તાજેતરમાં એવું જણાવવામાં આવ્યું છે કે આ ફ્લેગશીપ પ્રોગ્રામ હેઠળ દરેક એકમ માથાદીઠ માત્ર રૂા.૯૬ હજારના રોકાણમાં સરેરાશ ૭.૬૨ વ્યક્તિઓને રોજગારી આપે છે.

વર્તમાન સરકારમાં મુદ્રા યોજના એક ફ્લેગશીપ પ્રોગ્રામ બની રહી છે અને તે માઈક્રો એકમોના વ્યવસ્થા તંત્રમાં ધિરાણનો અભૂતપૂર્વ પ્રવાહ પૂરો પાડી રહી છે. કેન્દ્ર સરકારના અંદાજ પત્રમાં જાહેરાત કરાયા મુજબ આ પ્રોગ્રામ હેઠળ રૂા.૩ લાખ કરોડના ધિરાણનો લક્ષ્યાંક મૂકવામાં આવ્યો છે અને આશરે ૫ કરોડ ખાતાઓને ધિરાણ પૂરૂ પાડવામાં આવશે. સરકારની આ પહેલને કારણે માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમોમાં ભારે તફાવત સર્જી શકાયો છે અને તેના કારણે રોજગાર નિર્માણમાં અને ઉદ્યોગસાહસિકતા વિકાસમાં અદ્દભૂત યોગદાન થયું છે.

ભારત સરકારની MSME ક્ષેત્ર માટેની વધુ એક પહેલમાં રૂા.૨૫૦૦ કરોડથી રૂા.૮૦૦૦ કરોડ સુધીના **ક્રેડિટ ગેરંટી ફંડ (CGTMSE)** નો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ માઈક્રો અને લઘુ એકમોને વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન અભૂતપૂર્વ ધિરાણો પૂરાં પાડવામાં આવ્યા છે. આ સંબંધે ક્રેડિટ ગેરંટી છેલ્લા થોડાંક વર્ષોમાં રૂા.૧૯૦૦૦ કરોડથી રૂા.૨૦,૦૦૦ કરોડનો આંક વટાવી રૂા.૪૦,૦૦૦ કરોડ સુધી પહોંચી છે.

માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમોના મંત્રાલય દ્વારા એક નવી યોજના **મિશન સોલર ચરખા** નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પહેલ હેઠળ પ્રથમ તબક્કામાં ૫૦ ક્લસ્ટરની સ્થાપના કરીને અંદાજે ૧ લાખ લોકોને ગ્રામ વિસ્તારોમાં અને ખાસ કરીને મહિલાઓને રોજગારી આપવામાં આવશે.

ઉપર દર્શાવેલી વિવિધ પ્રકારની પહેલ અને યોજનાઓ મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકોને નવા એકમો સ્થાપવા માટે પ્રોત્સાહન આપી એકમ સ્થાપવાનું શક્ય બનાવશે. આ યોજનાઓ જંગી, સામાજીક સંદર્ભ ધરાવે છે, કારણ કે જે બહુમતિ વર્ગને લાભ થવાનો છે તેમાં મહિલાઓ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ જેવા સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોનો સમાવેશ થાય છે.

**ઝોક**

ભારત સરકાર દ્વારા તથા વિવિધ વિભાગો અને મંત્રાલયો તથા ખાસ કરીને માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમો દ્વારા જે ઝોક દાખવવામાં આવ્યો છે તેના કારણે આ ક્ષેત્રમાં છેલ્લા ૪ વર્ષમાં ભારે હરણફાળ ભરી શકાઈ છે.

સરકાર દ્વારા હાથ ધરાયેલી આ ગતિવિધિને નાણાંકીય દ્રષ્ટિકોણથી તપાસીએ તો જણાશે કે ૨૦૧૦ થી ૨૦૧૪૨ ની તુલનામાં ૨૦૧૪ થી ૨૦૧૮ દરમ્યાન અંદાજપત્રિય ફાળવણીમાં જે વધારો થયો છે તેમાં જોઈ શકાય છે. આ ગાળા દરમ્યાન ખાદી અને ગ્રામોદ્યોગ ક્ષેત્ર ૧૪૧ લાખ વ્યક્તિઓ માટે રોજગારીનું નિર્માણ કરીને મોખરે રહ્યું છે. CGTMSE, PMEGP, SFURTI જેવી યોજનાઓએ અનુક્રમે ૫૧.૧૧ લાખ, ૧૪.૭૮ લાખ અને ૦.૬૦ લાખ જેટલી વ્યક્તિઓને રોજગારી પૂરી પાડી છે.

એ બાબત નોંધવી પણ મહત્વની બની રહે છે કે નોકરીઓનું નિર્માણ કરતી વખતે સામાજીક સમાવેશીતા ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે. PMEGP યોજના હેઠળ ૩૦ ટકા એટલે કે ૪.૪૩ લાખ લાભાર્થીઓ મહિલાઓ હતી. આ ઉપરાંત આ પ્રોગ્રામ હેઠળના ૪ વર્ષ દરમ્યાન અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) અનુક્રમે ૧.૭૪ લાખ અને ૧.૩૧ લાખ વ્યક્તિઓને રોજગારી આપવામાં આવી છે.

માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમોના મંત્રાલય દ્વારા દેશભરમાં વધુ ૧૫ અદ્યતન ટેકનોલોજી સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. તેનાથી વધુ સંખ્યામાં ઉદ્યોગસાહસિકો અને નોકરીઓ શોધનારને સહાય થશે. હાલમાં નોકરીઓ શોધતા ૧.૫ લાખ વ્યક્તિઓને આ ૧૮ ટુલ રૂમમાં તાલીમ આપવામાં આવી છે. આમાંના કેટલાકે પોતાના એકમો સ્થાપ્યા છે, પરંતુ તેમાંની ખૂબ મોટી સંખ્યાની નોકરીઓ મળી છે. તાજેતરમાં ભારતના માનનીય રાષ્ટ્રપતિ દ્વારા ''MSME સંપર્ક'' પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ ડીજીટલ પ્લેટફોર્મ પર નોકરીઓ આપનાર માટે વધુને વધુ સંખ્યામાં પ્રતિભાશાળી અને તાલીમ પામેલું માનવબળ પ્રાપ્ત થશે અને તેમને પ્લેસમેન્ટમાં સુવિધા પ્રાપ્ત થશે.

**સમાપન**

છેલ્લા NSSO સર્વેક્ષણ અનુસાર દેશમાં આશરે ૬.૩૪ કરોડ માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમો છે. આ એકમો ધીમે ધીમે ઔપચારિક આર્થિક સિસ્ટમ તરફ સ્થળાંતર કરીને પોતાની નોંધણી જીએસટી નેટવર્કમાં કરાવી રહ્યા છે. GSTN હેઠળ નોંધણી કરાવનાર ખૂબ મોટી ટકાવારી ધરાવતા એકમો માઈક્રો, લઘુ અને મધ્યમ કદના છે. આ એકમો તેમની વૃધ્ધિ માટે સહયોગ મેળવવાને પાત્ર છે.

આ પ્રકારની વિવિધ પહેલ દ્વારા ભારતના અર્થતંત્રમાં એક નવું મોજુ સર્જાયુ છે અને MSME ક્ષેત્ર વૃધ્ધિ અને રોજગાર નિર્માણનું

**સફળતાની ગાથા**

### વિડિયોગ્રાફી ક્ષેત્રે પ્રવેશઃ કલ્પના બેન ત્રિવેદી



કલ્પનાબેન ત્રિવેદી અને તેમના પતિ અભિષેક ત્રિવેદી બંને સારૂ ઉદ્યોગસાહસિક કૌશલ્ય ધરાવતા હતા. કલ્પનાબેનને ફોટો એડીટીંગ, મિક્સીંગ વગેરે અંગે સારૂ જ્ઞાન અને સારી નિપુણતા હતી. એક શોખ તરીકે અભિષેક ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી શિખી રહ્યો હતો. એ બંનેએ પોતાના કૌશલ્યનો લાભ લઈને પોતાનું નાનું એકમ સ્થાપીને પ્રિન્ટીંગ/ ફોટો એડીટીંગનું જોબ વર્ક લેવાનું શરૂ કર્યું અને કાચો ડેટા અન્ય લેબોરેટરીમાં પ્રોસેસીંગ માટે મોકલવા માંડ્યા. પરંતુ આ યુનિટ તેમને પૂરતી આવક આપી શકતું ન હતું, કારણ કે તેમનું યુનિટ ઓછા સાધનો ધરાવતું નાનું એકમ હતું. તે પોતાનો સ્ટુડિયો બનાવીને તમામ પ્રકારના એડીટીંગ સોફ્ટવેર, ઈક્વિપમેન્ટ વગેરે  રાખવા માંગતા હતા. આ માટે તેમને નાણાંકીય સહાયની જરૂર હતી. PMMY ની જાહેરાત પછી કલ્પનાબેને નાણાંકીય સહાય માટે  બેંકનો સંપર્ક કર્યો. બેંક મેનેજરે તેમને મુદ્રા લોન અંગે માહિતી આપી અને તેમને રૂા.૯ લાખનું ધિરાણ આપીને પોતાનો સ્ટુડિયો કમ વિડિયો લૅબ સ્થાપવા માટે તમામ આવશ્યક માળખાગત સુવિધાઓ પૂરી પાડી.

આજે તેમનું સાહસ સફળ પૂરવાર થયું છે અને તેમને નજીકના વિસ્તારોમાંથી લગ્ન તથા અન્ય સમારંભોની વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફીના સારા ઓર્ડર્સ મળી રહ્યા છે અને તેઓ સારી આવક પ્રાપ્ત કરી રહ્યા છે.

સ્રોતઃ મુદ્રા પોર્ટલ (www.mudra.org.in)

નવું એન્જીન હોવાનું સ્વીકાર્યું છે. માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમોના મંત્રાલય દ્વારા નવી તકો હાંસલ કરવા માટે જરૂરી ગતિશીલતા પૂરી પાડવામાં આવે છે, જેથી નૉન-ફાર્મ સેક્ટરમાં અર્થપૂર્ણ રોજગારીનું નિર્માણ થાય.  આ પ્રક્રિયાથી મહત્વાકાંક્ષી માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમો માટે અપેક્ષાઓના દ્વાર તો ખૂલશે જ, પણ સાથે સાથે ભારતના અર્થતંત્રના નિર્માણ તથા ન્યાયી વૃધ્ધિ માટે પણ મદદરૂપ બનશે.

Endnotes :

૧. લેબર બ્યૂરોના રોજગારી અંગેના ત્રિમાસિક અહેવાલ મુજબ મેન્યુફેક્ચરીંગ ક્ષેત્ર એ વર્ષ ૨૦૧૭-૧૮ના બીજા ત્રિમાસિક ગાળામાં અંદાજે ૮૯,૦૦૦ નોકરીઓ ઉમેરી છે.

૨. http://pib.nic/newsite/PrintRelease.aspx-reid=176114


લેખક માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમોના મંત્રાલયના સચિવ છે.
**E-mail:** secretary-msme@nic.in


## આગામી આકર્ષણ

## ઓક્ટોબર-૨૦૧૮

## WOMEN EMPOWERMENT

## મહિલા સશક્તિકરણ




**માર્ગ વિકાસ**

# અપ્રત્યક્ષ રોજગારીની તકો

**યુધવીર સિંઘ મલિક**

ભારતમાં ૧,૨૬,૦૦૦ કિમીની લંબાઈ સાથેના રાષ્ટ્રીય ધોરીમાર્ગો એ ભારતીય અર્થતંત્રની જીવાદોરી સમાન છે. જો કે તેઓ દેશના કુલ માર્ગ નેટવર્કના માત્ર ૨ ટકા ભાગમાં જ આવેલા છે પરંતુ તેમ છતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો દેશના મુસાફર ટ્રાફિકના ૭૦ ટકા અને માલવહનના ૯૦ ટકાનો ભાર વહન કરે છે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસ કાર્યક્રમ (એનએચડીપી) કે જે ૧૯૯૮માં ગોલ્ડન ક્વોડ્રીલેટરલ સાથે શરુ થયો હતો અને ત્યારબાદ ૨૦૦૦માં ઉત્તર દક્ષિણ અને પૂર્વ પશ્ચિમ કોરીડોરની રચના થઈ હતી તે છેલ્લા દોઢ દાયકામાં ભારતીય ધોરીમાર્ગોની સફળતાનો મુખ્ય આધાર રહ્યા છે. ૧૯૯૮થી ૨૦૧૭ સુધીમાં એનએચડીપીએ કુલ આઠ તબક્કાઓમાં પ્રગતિ કરી હતી જયારે સરકારે ભારતમાળા પરિયોજના તરીકે ઓળખાતો બીજો એક મોટા મહત્વાકાંક્ષી અમ્બ્રેલા રોડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ શરુ કરવાનું નક્કી કર્યું. ભારતમાળા પરિયોજનાનો પ્રથમ તબક્કાને ૨૪મી ઓક્ટોબર ૨૦૧૭ના રોજ આર્થીક બાબતોની કેબીનેટ કમિટી દ્વારા તેમની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી.




આ કાર્યક્રમ ગંભીર માળખાગત બાંધકામમાં પડેલ તિરાડોને ભરીને સમગ્ર દેશમાં મુસાફરો અને માલસામાનની હેરફેરની ચોકસાઈને વધુ સારી બનાવવા ઉપર ભાર મૂકે છે. પ્રથમ તબક્કામાં કુલ ૨૪,૮૦૦ કિમીના નવા ધોરીમાર્ગના

પટ્ટાને નક્કી કરવામાં આવ્યો છે કે જે ૨૦૨૧-૨૨ સુધીમાં થઇ જશે. આ ઉપરાંત રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસ કાર્યક્રમ (એનએચડીપી) અંતર્ગત ૧૦૦૦૦ કિલોમીટરના બેલેન્સ રોડના કાર્યને આ સમયગાળા દરમિયાન હાથમાં લેવાનું આયોજન કરવામાં આવ્યું છે, અને આ રીતે વર્તમાન નેટવર્કની અંદર વધારાના ૩૪,૮૦૦ કિલોમીટરની લંબાઈ ધરાવતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનો ઉમેરો કરવામાં આવ્યો. ૩૪,૮૦૦ કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગ (૨૪૮૦૦ કિલોમીટર ભારતમાળા પ્રથમ તબક્કા માટે અને ૧૦૦૦૦ કિલોમીટર બેલેન્સ એનએચડીપીનો) માટે કુલ અંદાજીત રોકાણ ૫,૩૫,૦૦૦ કરોડ રૂપિયા છે. આ ઉપરાંત, ૧,૫૭,૩૨૪ કરોડ રૂપિયાના અંદાજીત ખર્ચે અન્ય યોજનાઓ અંતર્ગત (જેમ કે એનએચ(ઓ), એસએઆરડીપી – એનઈ, ઈએપી અને એલડબ્લ્યુઈ) ૪૮,૮૭૭ કિલોમીટરના માર્ગોને પૂરા કરવા માટેની દરખાસ્ત પણ મુકવામાં આવી છે. ભારતમાળા અને અન્ય તમામ વર્તમાન યોજનાઓ માટેનું કુલ મૂડીરોકાણ સાથે મળીને અંદાજીત ૬,૯૨,૩૨૪ કરોડ રૂપિયાના ખર્ચે ૫ વર્ષ માટે મંજૂર કરવામાં આવ્યું છે.

ઉપર જણાવ્યા અનુસાર માર્ગ વાહનવ્યવહાર અને ધોરીમાર્ગ મંત્રાલયનો માર્ગ વિકાસ કાર્યક્રમ એ આ ક્ષેત્રમાં નોંધપાત્ર રીતે રોકાણને ગતિ આપવાની સંભાવના છે અને ધોરીમાર્ગ બાંધકામની સંપૂર્ણ મુલ્ય શ્રુંખલાની અંદર મોટા પાયે રોજગારીની તકોનું નિર્માણ કરે તેવી આશા છે. આ ક્ષેત્રમાં વધેલ રોકાણ એ ડીઝાઇન અને નિરીક્ષણમાં કૌશલ્ય ધરાવતા માનવબળ, સિવિલ એન્જીનીયરથી લઈને સ્ટ્રકચરલ એન્જીનીયર અને ડીઝાઇન કન્સલ્ટન્ટ, ક્વોલીટી કંટ્રોલ અને લેબ પર્સોનેલ તથા સાથે સાથે બાંધકામ કરનારા વ્યક્તિઓ જેમાં મીકેનીક્સ, ઈકવીપમેન્ટ ઓપરેટર્સ, ફેબ્રીકેશન વર્કર્સ, લેબ ટેક્નીશયન, સર્વેયર અને સેમી સ્કીલ્ડ કન્સ્ટ્રકશન વર્કર્સનો સમાવેશ થાય છે તેવી પ્રત્યક્ષ રોજગારીના સંદર્ભમાં રોજગારીની અભૂતપૂર્વ તકોનું નિર્માણ કરવાની અપેક્ષા ધરાવે છે. વધુ ચોકસાઈપૂર્ણ પ્રોજેક્ટ ડીઝાઇન માટે ડીપીઆરને તૈયાર કરવામાં લીદાર (લાઈટ ડિટેકશન એન્ડ રેંજ) જેવી ટેકનોલોજી પર વધારે પડતો ભાર મુકવાથી પણ રીમોટ સેન્સીગ એપ્લીકેશનમાં નિષ્ણાત હોય તેવા તાલીમ પામેલ માનવબળની માંગમાં ઉછાળો આવ્યો છે. તેની અસર હેઠળ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નિર્માણના ઉપરોક્ત તબક્કા દરમિયાન અંદાજીત ૧૪.૨ કરોડ માનવ દિવસની નોકરીનું નિર્માણ થવાની શક્યતા છે.



વધુ ચોકસાઈપૂર્ણ પ્રોજેક્ટ ડીઝાઇન માટે ડીપીઆરને તૈયાર કરવામાં લીદાર (લાઈટ ડિટેકશન એન્ડ રેંજ) જેવી ટેકનોલોજી પર વધારે પડતો ભાર મૂકવાથી પણ રીમોટ સેન્સીગ એપ્લીકેશનમાં નિષ્ણાત હોય તેવા તાલીમ પામેલ માનવબળની માંગમાં ઉછાળો આવ્યો છે. તેની અસર હેઠળ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નિર્માણના ઉપરોક્ત તબક્કા દરમિયાન અંદાજીત ૧૪.૨ કરોડ માનવ દિવસની નોકરીનું નિર્માણ થવાની શક્યતા છે.

માર્ગ નિર્માણની મટીરીયલ એન્ડ ઇકવીપમેન્ટ સપ્લાયર્સ અને અન્ય પ્રેરિત રોજગારી નિર્માણ જેવા સહાયક ઉદ્યોગોની અંદર અપ્રત્યક્ષ રોજગારીની તકોના સંદર્ભમાં અનેકગણી અસર જોવા મળે છે. સાથે સાથે જ રાષ્ટ્રીય ધોરીમાર્ગો શહેરી બજારો સુધીની વધુ સારી પહોંચના કારણે સ્થાનીય અર્થતંત્રને ગતિ આપે અને વધેલ જોડાણોના પરિણામ સ્વરૂપે વધુ સારી રોજગારીની તકોનું નિર્માણ કરે તેવી સંભાવના છે. મંત્રાલય પણ ધોરીમાર્ગ અને વાહનવ્યવહાર ક્ષેત્રની અંદર તાલીમ અને અપગ્રેડેશન માટેની યોજનાઓ અમલમાં મૂકી રહી છે. કૌશલ્ય અને ઉદ્યોગ સાહસિકતા વિકાસ મંત્રાલયના નેશનલ સ્કીલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક અનુસાર રીકગ્નીશન ઓફ પ્રાયર ર્લનિંગ (આરપીએલ) એ આમાંની જ એક પહેલ છે.

આરપીએલ એ ૨૦૨૦ સુધીમાં ૧૦ મિલિયન યુવાનોને તાલીમ આપવા માટે કૌશલ્ય વિકાસ અને સાહસિકતા

મંત્રાલય દ્વારા અમલમાં મૂકવામાં આવેલ એક ફ્લેગશીપ યોજના પીએમકેવીવાયનો જ એક ભાગ છે. મંત્રાલય વિવિધ પ્રકારના છ વેપારો જેવા કે સ્કેફોલ્ડીંગ, શટરીંગ, મેસનરી, બાર બેન્ડિંગ, પેઈન્ટીંગ અને પ્લમ્બિંગમાં ડાયરેક્ટર જનરલ ટ્રેનીંગ (ડીજીટી)ના નોંધણી કરાયેલા તાલીમ આપનારાઓના માધ્યમથી બાંધકામની સાઈટો ઉપર વર્કમેન માટે તાલીમનું પણ આયોજન કરે છે. યોજનાના એકમોની અંદર તાલીમનો ખર્ચ, ટુલ કીટ્સ, મુલવણીની ફી અને બાંધકામની સાઈટ ઉપરથી તાલીમાર્થીઓને લાવવા અને લઇ જવા માટે વાહનના ખર્ચનો સમાવેશ થાય છે. સફળ ઉમેદવારોને રાષ્ટ્રીય કાઉન્સેલ ઓફ વોકેશનલ ટ્રેનીગ (એનસીવીટી) કે જે બેવડી માન્ય પ્રમાણપત્ર આપતી સંસ્થા છે તેના દ્વારા પ્રમાણપત્રો આપવામાં આવે છે. આ યોજનાના માધ્યમથી મંત્રાલય ૧ લાખ કારીગરોને કૌશલ્ય પૂરું પાડવાનો લક્ષ્યાંક ધરાવે છે. અત્યારસુધીમાં આ તાલીમ માટે ૬૩૦૦૦ કારીગરોની નોંધણી કરી દેવામાં આવી છે જેમાંથી ૩૩,૦૨૩ કારીગરોની તાલીમ પૂર્ણ કરી દેવામાં આવી છે જયારે ૧૧,૦૧૧ કારીગરો વર્તમાન સમયમાં તાલીમ લઇ રહ્યા છે.

મંત્રાલયે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ઈન્સ્ટીટ્યુટસ ઓફ ડ્રાઈવિંગ ટ્રેનીગ એન્ડ રીસર્ચ (આઈડીટીઆર)ના મોડલ સંસ્થાનો ઉભા કરવાની યોજના પણ ઘડી કાઢી છે. આઈડીટીઆરની રચના દેશમાં વૈજ્ઞાનિક ટેકનીકોના માધ્યમથી ડ્રાઈવરની વર્તણુંકને હકારાત્મક અસર પહોંચાડીને દેશમાં માર્ગ સુરક્ષાનું પરિદ્રશ્ય સુધારવા ઉપર લક્ષિત છે. વધુમાં, મંત્રાલયે હાલની તારીખ સુધીમાં તાલીમ કેન્દ્રો કે જ્યાં બેરોજગાર યુવાનોને હેવી કમર્શિયલ વિહીક્લ્સ ચલાવવા માટેની તાલીમ આપી શકાય તેના નિર્માણ માટે રાજ્યોને ૧૫૦ કરોડ રૂપિયા મંજુર કરી આપ્યા છે. આનાથી તેમની રોજગારીની સંભાવનામાં તીવ્ર ગતિ આવશે કારણ કે દેશમાં ટ્રક ચાલકોની મોટી અછત રહેલી છે.

ભૂતકાળમાં, માર્ગ ક્ષેત્રમાં સંકળાયેલા લોકોની સંખ્યાનો અંદાજો લગાવવા માટે અને આ ક્ષેત્ર જે રોજગારી ક્ષમતા પૂરી પાડે છે તેની માટે અનુમાન લગાવવા માટેનો કોઈપણ પદ્ધતિસરનો પ્રયત્ન કરવામાં આવ્યો નહોતો. આથી, મંત્રાલયે હવે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ક્ષેત્રમાં રોકાણ દ્વારા ઉત્પન્ન થતી રોજગાર ક્ષમતા અને માર્ગ નિર્માણ ક્ષેત્રની અંદર કૌશલ્ય વિકાસની જરૂરિયાતની મુલવણી કરવા માટે એક અભ્યાસ હાથ ધર્યો છે. આ અભ્યાસના તારણો અને સૂચનો મંત્રાલયને આગળ જતા માર્ગ નિર્માણ અને વાહનવ્યવહાર ક્ષેત્રની અંદર માનવ સંસાધનના કૌશલ્ય વિકાસ અને અપગ્રેડેશન માટે વ્યૂહરચનાઓના અમલીકરણ માટે એક વ્યુહાત્મક માળખું અને એક્શન પ્લાન ડીઝાઇન કરવા માટે મદદ કરશે.


લેખક માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના સચિવ છે.

**E-mail:** secy-road@nic.in



## અગત્યની સૂચના

**યોજના ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી તેમજ કુરુક્ષેત્ર અંગ્રેજી અને હિન્દીનું લવાજમ ઓનલાઈન ભરી શકાશે. આ માટેની વિગતો નીચેની વેબસાઈટ પરથી મળી રહેશે :**

(1) http://yojana.gov.in/
(2) http://publicationsdivision.nic.in/Subscription.aspx
(3) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana



**યોજના વાંચો યોજના વંચાવો યોજના વસાવો**



**ભારત સરકાર વિવિધ પ્રકારની બહુવિધ દરમિયાનગીરી દ્વારા શ્રમ બજારની સ્થિતિ સુધારવા ઉપર ખૂબ જ ભાર મૂકી રહી છે, જેમાં નોકરીઓનુ વિપુલ પ્રમાણ હોય તેવા મૂડી રોકાણોને પ્રોત્સાહન, સામાજીક સુરક્ષાના પગલાંના વ્યાપમાં વધારો કરવો અને શ્રમ સુધારાનો સમાવેશ થાય છે.**

# ભારતીય શ્રમ બજારનાં વિવિધ પરિમાણો

**પ્રવિણ શ્રીવાસ્તવ**

સદરેક દેશને વર્ષ ૨૦૦૮-૯ની મંદીમાંથી બહાર નિકળવા માટે તેમના દ્વારા અપનાવવામાં આવેલી અને ખાસ કરીને કટોકટીની સ્થિતિ અને શ્રમ ઉપર થનારી તેની અસરો હલ કરવા માટે સામાજીક-રાજકીય આર્થિક વ્યૂહરચનાની એક ગાથા હોય છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના વર્ષ ૨૦૧૫ માટેના આઉટલૂકમાં એવો દ્રષ્ટીકોણ રજૂ કરવામાં આવ્યો હતો કે આગામી પાંચ વર્ષમાં નોકરીઓના ક્ષેત્રે સ્થિતિ કથળશે. જેમાં આર્થિક વિકાસમાં વૃધ્ધિ સાથે નોકરીઓમાં વૃધ્ધિ કદમ નહી મેળવે. બેરોજગારીનુ સ્તર ૨૦૧ મિલિયન સુધી રહેશે, જે કટોકટી ચાલુ થયાના સ્તર કરતાં ૩૧ મિલિયન વધુ રહેશે. વર્ષ ૨૦૧૫માં વૈશ્વિક બેરોજગારીમાં પણ ૩ મિલિયન જેટલો વધારો થવાની અને એ પછીના ચાર વર્ષમાં વધુ ૮ મિલિયનનો ઉમેરો થવાની ધારણા વ્યક્ત કરવામાં આવી હતી. ગ્લોબલ એમ્પલોયમેન્ટ ગેપ (અછત) ના સંદર્ભમાં વર્ષ ૨૦૧૯ સુધીમાં વધારાની ૨૮૦ મિલિયન નોકરીઓ ઉભી કરવાની જરૂરિયાત દર્શાવવામાં આવી છે.

વૈશ્વિકીકરણ થવાના કારણે તથા આંતરરાષ્ટ્રીય બજારો સાથેનો સંપર્ક વધવાના કારણે જે પ્રતિકારની સ્થિતિ રહેતી હતી તે નાબૂદ થઈ હતી. સ્થાનિક શ્રમ બજારમાં અનિવાર્યપણે જે અસરો થવાની હતી તે અંગે સંકલનના પ્રયાસો હાથ ધરીને જી-૨૦, બ્રીક્સ જેવા દેશોએ વિશ્વની જીડીપીના લગભગ ૪૨ ટકા દ્વારા વૈશ્વિક જરૂરિયાતો પૂરી કરવામાં વિવિધ પ્રકારે ક્ષમતા દર્શાવી હતી, જેમાં ખાસ કરીને ટેકનીકલ સ્ત્રોતોનો સમાવેશ થાય છે. ભારતે પણ આર્થિક વિકાસનો બીબાઢાળ માર્ગ અપનાવીને પ્રાથમિક ક્ષેત્ર (કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો) ના યોગદાન ૧૯૫૦-૫૧માં બાવન ટકા જેટલું હતું તેમાં ૨૦૧૭-૧૮માં ૧૭ ટકા સુધી પહોંચીને ભારે ઘટાડો નોંધાવ્યો હતો. એકંદર ઘરગથ્થુ ઉત્પાદન (જીડીપી) ક્રમશઃ વધીને ૩૫ ટકા (૧૯૫૦-૫૧) થી ૫૪ ટકા (૨૦૧૭-૧૮) નું યોગદાન આપ્યું હતું.



નેશનલ સેમ્પલ સર્વે (એનએસએસ) ના રોજગારી અને બેરોજગારી સર્વેક્ષણ ૨૦૧૧-૧૨ના અંદાજો મુજબ ૪૮૪.૭ મિલિયન કામદારો એક અલગ સ્થિતિનો સામનો કરી રહ્યા હતા અને તેમાંના ૪૯ ટકા લોકો હજુ પણ પ્રાથમિક (કૃષિ) ક્ષેત્ર સાથે જોડાયેલા હતા. તે પછી ૨૭ ટકા લોકો સર્વિસીસના ક્ષેત્રમાં હતા અને ૨૪ ટકા લોકો ઉદ્યોગોમાં હતા (NSSO EUS SURVEY ૨૦૧૧-૧૨). આ શ્રમદળ મુખ્યત્વે ગ્રામ્ય (૭૪ ટકા), ઔપચારિક (૯૩ ટકા), સ્વ-રોજગાર (૫૨ ટકા) અને મહિલા શ્રમિક વર્ગની સામેલગિરી ૨૨ ટકા જેટલી હતી. ખેતી ક્ષેત્રના શ્રમદળમાં જે ઘટાડો થયો તે બાંધકામ ક્ષેત્રની વૃધ્ધિને કારણે સરભર થયો હતો. જીડીપીમાં યોગદાનના સંદર્ભમાં ઔદ્યોગિક વૃધ્ધિ, એકમોની સંખ્યા અને શ્રમદળ અસરકારક રહ્યું હતું અને આ ગાળામાં બમણું થયું હતું. આમ છતાં ૯૮ ટકા જેટલા એકમો ૧૦ થી ઓછા લોકોને રોજી આપતા હતા. નાના એકમોમાં જે અનિશ્ચિતતાઓ અને સ્થળાંતર હતું તેના કારણે રોજગારીનું બજાર વધુ સંકુલ પ્રકારનું બન્યું હતું. આ માપદંડ ભારતના શ્રમ બજારના વિવિધ પરિમાણો દર્શાવે છે.

વર્ષ ૨૦૦૪-૦૫ થી વર્ષ ૨૦૧૧-૧૨ સુધીના ગાળામાં દર વર્ષે શ્રમદળમાં ૧.૮ મિલિયન લોકો જોડાયા અને લગભગ સમાન સંખ્યાના લોકોને નોકરીઓ મળી હોવાથી રોજગારીનો દર લગભગ ૨.૨ ટકા જેટલો સ્થિર રહ્યો હતો. ભારતે આ રીતે વૈશ્વિક આર્થિક મંદી સામે રોજગારના બજારમાં ટકી રહેવાનું વલણ દર્શાવ્યું હતું. આમ છતાં ભારત જંગી વસતિ વિષયક ડિવિડન્ડ ધરાવે છે અને એનએસએસના અંદાજ મુજબ તેના ઉત્સાહી યુવા સમુદાયની બેરોજગારી આશરે ૬ ટકા જેટલી જણાઈ હતી.

ઉપર દર્શાવી છે તે પશ્ચાદભૂમિકામાં ભારત સરકાર ભિન્ન પ્રકારની દરમ્યાનગિરી દ્વારા શ્રમ બજારની સ્થિતિમાં સુધારો કરવા ઉપર ખૂબ જ ભાર મૂકી રહી છે. તેમાં વિપુલ પ્રમાણમાં નોકરીઓ હોય તેવા મૂડી રોકાણોને પ્રોત્સાહન, સામાજીક સલામતિનાં પગલાંનો વ્યાપ વધારવાનો તથા શ્રમ સુધારા વગેરે પગલાંઓનો સમાવેશ થાય છે. આમાંથી કેટલાક પગલાંઓ અંગેની વિગતો નીચે દર્શાવી છે:

**ઉદ્યોગોમાં ખાનગી મૂડી રોકાણને પ્રોત્સાહિત કરવું**

તાજેતરના વર્ષોમાં એક એવી નીતિ વિષયક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે, કે જે (i) મેક ઈન ઈન્ડિયા (ii) સ્કીલ ઈન્ડિયા(iii) ડીજીટલ ઈન્ડિયા (iv) નેશનલ મેન્યુફેક્ચરીંગ પોલિસી ૨૦૧૫ (v) બિઝનેસ કરવામાં આસાની (vi) અટલ ઈનોવેશન મિશન (vii) ૧૦૦ સ્માર્ટ શહેરો અને ૫૦૦ અમૃત સીટીઝ પ્રોજેક્ટસ (viii) સ્ટાર્ટ-અપ ઈન્ડિયા (ix) સ્ટેન્ડ-અપ ઈન્ડિયાની આસપાસ રહી છે. આ તમામ પહેલને કારણે રોજગાર નિર્માણમાં ગતિશીલતા આવી છે. આ નીતિ વિષયક વ્યવસ્થાના રોજગાર નિર્માણ માટેનાં બે પાસાં છે, જેને સપ્લાય સાઈડ અને ડિમાન્ડ સાઈડ તરીકે ઓળખવામાં આવે છે. ડિમાન્ડ સાઈડમાં જે ગતિશીલતા આવે છે તે મેક ઈન ઈન્ડિયા અને નેશનલ મેન્યુફેક્ચરીંગ પોલિસીના કારણે આવે છે અને તેને સ્માર્ટ સીટી પ્રોજેક્ટ, ડીજીટલ ઈન્ડિયા, સ્ટાર્ટ-અપ અને સ્ટેન્ડ-અપ ઈન્ડિયા જેવી વિવિધ પહેલનો સહયોગ પ્રાપ્ત થયો છે. ડિમાન્ડ સાઈડની વાત કરીએ તો ખેતી આધારિત ઉદ્યોગો, ટેક્સટાઈલ અને ચર્મ ઉદ્યોગ જેવા શ્રમ પ્રચૂર ઉદ્યોગો, શિક્ષણ અને આરોગ્ય વગેરે ક્ષેત્રે જાહેર મૂડી રોકાણમાં વધારા જેવા પગલાંઓથી બળ પ્રાપ્ત થયું છે.

**કૌશલ્ય આધારિત શ્રમદળમાં વધારો કરવો**

ભારત સરકારે નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ મિશનની શરૂઆત કરી છે અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયની સ્થાપના કરી છે અને એ દ્વારા કૌશલ્ય આધારિત શ્રમ દળમાં વધારો કરવાના પ્રયાસો સુસંકલિત રીતે હાથ ધર્યા છે. ૧૨,૦૦૦ ઔદ્યોગિક તાલીમ ઈન્સ્ટીટ્યુટસ (IITs) દ્વારા ૧૨૬ ટ્રેડ અંગે પ્રોફેશનલ ટ્રેનીંગ (TVET) આપવામાં આવી રહી છે, જેની કુલ બેઠક ક્ષમતા ૧.૭૧ મિલિયન છે. ટેકનીકલ અને વ્યવસાયલક્ષી તાલીમની ગુણવત્તા વધારવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. એપ્રેન્ટીશીપ ટ્રેનીંગનું નોંધપાત્ર પ્રમાણમાં વિસ્તરણ કરવામાં આવ્યું છે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય હેઠળની નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ એજન્સી (NSDA) કૌશલ્ય વિકાસના પ્રયાસોનું સંકલન અને સંવાદિતા દ્વારા સરકારને પ્રયાસોને સહાયરૂપ બને છે. માંગ સાથે જોડાયેલો કૌશલ્ય વિકાસ હાથ ધરીને કુશળ શ્રમિકોની માંગ અને પૂરવઠા વચ્ચે અસમતુલા ના રહે તે પ્રકારે કામ કરવામાં આવે છે.

**નૉન-ફાર્મ રોજગારીની તકો વધારવાનો પ્રયાસ**

ગ્રામ્ય વિસ્તારના શ્રમદળને કૌશલ્ય પૂરૂ પાડવા માટે નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (RKVY), કસ્ટમ હાયરીંગ સેન્ટર્સ, એગ્રી ક્લિનીકની સ્થાપના એગ્રી બિઝનેસ

સેન્ટર્સ (ACABC), નાના ખેડૂતોના એગ્રી બિઝનેસ કોન્સોર્ટિયમ (SFAC), નેશનલ ક્રિએટીવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) તથા મહિલા સહકારી મંડળીઓના વિકાસની કામગીરી હાથ ધરવામાં આવી છે.



**પબ્લિક એમ્પલોયમેન્ટ સર્વિસ (PES) નું આધુનિકીકરણ**

નેશનલ કેરિયર સર્વિસની પહેલનો ઉદ્દેશ ટેકનોલોજીનો ઉપયોગ કરીને રોજગાર સેવાઓના રૂપાંતર દ્વારા સેવાઓ આપવાની પધ્ધતિ અને ગુણવત્તામાં સુધારો કરવાનો છે. www.NCS.gov.in નામનું નેશનલ પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે, જે નોકરી શોધનાર વર્ગ અને નોકરી આપનાર તથા તાલીમ પૂરી પાડનારને એક સામાન્ય પ્લેટફોર્મ પર લાવે છે, જૉબ મેળવવા અંગે માહિતી આપે છે અને તાલીમ અને પુનઃકૌશલ્ય પ્રાપ્ત કરવાની તકો અંગે માહિતી પણ પૂરી પાડે છે.

**શ્રમ કાયદામાં સુધારાઓ**

શ્રમ કાયદાઓમાં સુધારાઓનો વ્યાપક ઉદ્દેશ કામદાર કાનૂનોમાં અનિશ્ચિતતા અને સંકુલતા ઘટાડવા સહિત મજબૂત અને ઘનિષ્ઠ હક્કો બાબતે તથા વિવાદો ઉકેલવાની આધુનિક પધ્ધતિઓ અને સારા શાસન માટેની અમલીકરણ વ્યવસ્થા ઉભી કરવાનો છે. હાલના શ્રમ કાયદાઓને તેની ઉપયોગિતાને આધારે લેબર કોડઝમાં વહેંચવામાં આવ્યા છે. ચાર લેબર કોડ છે, જેમાં વેતનો, ઔદ્યોગિક સંબંધો, સામાજીક સુરક્ષા અને કલ્યાણ તથા સલામતી અને કામ કરવાની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને સરળ બનાવીને મુસદ્દો તૈયાર કરાયો છે, જે કેન્દ્ર સરકારના શ્રમ કાનૂનો અંગેની સંબંધિત જોગવાઈઓનું તાર્કિકીકરણ અને એકીકરણ કરે છે.

**મહિલા શ્રમ દળની સામેલગીરીમાં વધારો**

જે ચિંતાના વિષયો છે, તેમાં રોજગારીના બજારમાં નિમ્ન સ્તર અને મહિલા શ્રમ દળની ઘટતી જતી સામેલગિરીનો સમાવેશ થાય છે. આ માટે વ્યૂહરચનાઓ ઘડી કાઢવાની અને આ સમસ્યાનું નિવારણ કરવાની જરૂર છે. વર્ષ ૨૦૦૪-૦૫માં શ્રમદળમાં વ્યક્તિઓનું પ્રમાણ ૪૩ ટકા હતું તે વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ઘટીને ૩૯.૫ થયું છે. મહિલાઓની સામેલગિરીનું પ્રમાણ ૨૯ ટકાથી ઘટીને સમાનગાળામાં ૨૨.૫ ટકા થયું છે. આ બાબત એક ચિંતાનો વિષય છે. સરકારે શ્રમદળમાં મહિલાઓની સામેલગિરી વધારવા માટે સ્વદ્રઈચ્છ, કૌશલ્ય વધારવા માટે વ્યવસાયલક્ષી તાલીમ વગેરે જેવી યોજનાઓ હાથ ધરી છે. સરકારે મહિલા સરકારી કર્મચારીઓને સુગમતા થાય તથા તેમના બાળકોની સંભાળ માટે બે વર્ષની રજાઓની જોગવાઈ કરીને કાયદાઓમાં સુધારા કર્યા છે. ખાનગી ક્ષેત્ર દ્વારા પણ કૌટુંબિક બાબતોને ધ્યાનમાં લઈને નોકરીઓ છોડી દેતી મહિલાઓને નોકરીમાં ચાલુ રહી શકે તે માટે પ્રોત્સાહિત કરવા પગલાં લેવાયા છે અને વિવિધ કાર્યક્રમો દ્વારા તે નોકરીમાં ફરીથી જોડાઈ શકે તે માટે વ્યાપક ક્ષમતા ધરાવતી યોજનાઓને વિસ્તારવામાં આવી છે.

રોજગારી મેળવતા લોકોમાંથી બાવન ટકા લોકો સ્વરોજગાર દ્વારા આજીવિકા પ્રાપ્ત કરે છે, જેમાં મહિલા કામદારો અને મુખ્યત્વે ઘરે કામ કરતી મહિલાઓનો સમાવેશ થાય છે, જે દર્શાવે છે કે મહિલા શ્રમદળમાં સામેલગિરી વધે તેવી લક્ષિત નીતિઓ હોવી જોઈએ.

**મુખ્ય પ્રવાહમાં ઔપચારિકતા**

બિન ઔપચારિકતામાંથી રૂપાંતર કરીને ઔપચારિકતા તરફ જવાની પ્રક્રિયા આ ક્ષેત્રના મોટા કદને કારણે સમજવી જરૂરી બને છે. સૌ પ્રથમ તો, ક્ષેત્રની ઓળખ માટે (છૂટાછવાયા કે રહ્યા સહ્યા નહીં) પણ લક્ષિત પ્રયાસો કરવામાં આવ્યા છે. એપ્રેન્ટીશીપ યોજનાનો વ્યાપ વધારીને તેને નાના અને મધ્યમ કદના એકમોમાં આવરી લેવાની બાબત એ આ દિશાનું મહત્વનું કદમ છે. સામાજીક સુરક્ષાના લાભ વધારવા તે બીજુ એક કદમ છે.

સરકારે વીમા અને પેન્શન ક્ષેત્રે ત્રણ સામાજીક સુરક્ષા યોજાનાઓ જાહેર કરી છે, જેમાં પ્રધાન મંત્રી જીવન વીમા યોજના (PMJJBY), પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) અને અટલ પેન્શન યોજના (APY) જે સાર્વત્રિક સામાજીક સુરક્ષા તરફનું કદમ છે, જેમાં ખાસ કરીને ગરીબો અને વંચિત લોકોને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. આ યોજનાઓ તમામ નાગરિકોને સુગમ પધ્ધતિથી આવશ્યક અને પોસાય તેવી સામાજીક સુરક્ષા પૂરી પાડે છે અને તેને બેંકના ખાતાઓની ઓટો-ડેબીટ પધ્ધતિ સાથે જોડવામાં આવ્યા છે. આ યોજનાઓ દ્વારા જીવનના ઓછા કવરેજ અને અકસ્માત વીમાનો મુદ્દો તથા દેશમાં વૃધ્ધ વયે આવકની સલામતિની

**કોઠો-૧: સક્રિય શ્રમ બજાર નીતિઓ (ALMPS) - પ્રકાર પધ્ધતિ**

| રોજગારી માટે અવરોધ | ALMP નો પ્રકાર | કાર્યક્રમનો ઉદ્દેશ |
|---|---|---|
| કૌશલ્યોની અસમતુલા | તાલીમ (નોકરીમા, વર્ગખંડમાં) | રોજગાર પાત્રતા વધે |
| માહિતીનું અસમપ્રમાણ | વચગાળાની સેવાઓ, નોકરીઓની શોધમાં સહાય અને કાઉન્સેલીંગ | રોજગાર પાત્રતામાં વધારો અને નોકરીઓનું નિર્માણ |
| શ્રમની અપૂરતી માંગ | વેતન સબસીડી, પબ્લિક વર્કસ પ્રોગ્રામ/ રોજગાર ગેરંટી યોજનાઓ, સ્વ-રોજગાર અને કામની વહેંચણી (વર્ક શેરીંગ) | નોકરીઓના નિર્માણને પ્રોત્સાહન |

Source: adapted from Angel-Urdinola, D.F and Leon Solano, R.E (2013) 'A reform agenda for improving the delivery of ALMPs in the MENA region', IZA Journal of Labor Policy, 2:13

સમસ્યા હલ કરશે. હાલમાં જે યોજનાઓ પ્રવર્તમાન છે તેમાં મેડિકલ ઈન્સ્યોરન્સ (ESIC) અને પ્રોવિડન્ડ ફંડ /પેન્શન (EPFO) જેવી યોજનાઓ વિસ્તારીને બાંધકામ ક્ષેત્રના કામદારો અને કોન્ટ્રાક્ટ ઉપરના કર્મચારીઓ વગેરે અસંગઠીત ક્ષેત્રના લોકોને સમાવી લેવાનો પ્રયાસ કર્યો છે.

EPFO પાસેથી ઉપલબ્ધ માહિતી મુજબ સપ્ટેમ્બર, ૨૦૧૭ થી જૂન ૨૦૧૮ સુધીમાં ૮૬૦૦ થી વધુ એકમોનું માસિક ધોરણે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે અને ૮૫,૦૦૦ થી વધુ નવા કર્મચારીઓ આ ગાળા દરમ્યાન દર મહિને આ સંસ્થાઓમાં જોડાયા છે. એકંદર સ્તરે વાત કરીએ તો ૧૦,૦૦,૦૦૦ થી વધુ નવા યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) સાથે જોડાયેલા કર્મચારીઓ દર મહિને સપ્ટેમ્બર ૨૦૧૭ થી માર્ચ ૨૦૧૮ સુધીમાં EPFO વ્યવસ્થા તંત્રમાં સામેલ થયા છે. આ આંકડાઓના અર્થઘટનની મર્યાદા હોવા છતાં તે શ્રમદળને ઔપચારિકતા તરફ લઈ જવાનું એક મોટું કદમ છે.

**સક્રિય શ્રમ બજાર નીતિઓ (ALMPS)**

નોંધપાત્ર ધ્યાન ખેંચી લે તેવું એક ક્ષેત્ર એક્ટીવ લેબર માર્કેટ પોલિસીઝ (ALMPS) ના ફાયનાન્સીંગ અને અમલીકરણનું છે, જેમાં જાહેર રોજગાર સેવાઓનો સહયોગ, સ્વ-રોજગારી અને તાલિમ કાર્યક્રમો, પબ્લિક વર્કસ અને/ અથવા એમ્પલોયમેન્ટ ગેરંટી યોજનાઓ, વેતન સબસીડીઓ અને ઘણાં બધાં પગલાં જરૂરી છે. થિયરીની દ્રષ્ટિએ આ પગલાં એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે કે જેથી તે રોજગારીના ચોક્કસ પડકારો જેવા કે કૌશલ્ય અંગે અસમતુલા, શ્રમની અપૂરતી માંગ અને અન્ય મુદ્દાઓને પ્રતિભાવ આપી શકે.

સક્રિય શ્રમ બજાર નીતિઓ (ALMPS) માટે પૂરતુ ભંડોળ ફાળવાય તે આવશ્યક છે અને ઈચ્છનીય છે, કારણ કે વિવિધ અભ્યાસોમાં જણાયું છે કે આનાથી રોજગાર નિર્માણ[1] થાય છે.

વર્ષ ૨૦૦૦ આસપાસના અંદાજો સૂચવે છે કે અન્ય ઉભરતા અર્થતંત્રની જેમ બ્રીક્સ દ્વારા સામાન્ય રીતે ALMPS માટે નમ્રપણે રકમ ફાળવાય છે. આ બાબતે પૂરતી સંભાળ રાખવાની જરૂર છે, કારણ કે ALMPS ના વિવિધ મૂલ્યાંકનોમાં જણાયું છે કે ALMPS ની અસરકારકતા દરમ્યાનગિરીના પ્રકાર ઉપર અને દેશ જેનો સામનો કરે છે તેવા ચોક્કસ આર્થિક સંજોગો ઉપર આધાર રાખે છે. દા.ત. એક અભ્યાસ કે જેમાં વિકસેલી, વિકસતી અને વચગાળાની સ્થિતિ ધરાવતા અર્થતંત્રોમાં ૧૫૨ અસરોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું જેના ઉપરથી નીચે મુજબનાં તારણો મળ્યા છે.[૨]

- રોજગાર માટેની સેવાઓ અને કૌશલ્યોની તાલિમની રોજગારની ક્ષમતા બાબતે તેમજ કમાણી બાબતે ખૂબ જ હકારાત્મક અસરો થાય છે.
- જાહેર રોજગાર કાર્યક્રમોના પરિણામો વિવિધ દેશોમાં મિશ્ર પ્રકારના જોવા મળ્યા છે.
- વેતન અને રોજગારની સબસીડીઓ સામાન્ય રીતે નકારાત્મક હોય છે.
- સ્વ-રોજગાર/ નાના બિઝનેસ માટે સહાય કાર્યક્રમો અંગે ભરોંસાપાત્ર તારણ ઉપર આવી શકાય તેવા પૂરતા પૂરાવા મળતા નથી.

આ રીતે અસર અંગે જે મૂલ્યાંકનો થાય છે તે પૂરાવા આધારિત અભિગમ દ્વારા નીતિ નક્કી કરવા માટે મહત્વનાં નીવડે છે.

**સમાપન**

ભારત જેવા મોટા દેશમાં કે જ્યાં વસતિ વિષયક ડિવિડંડ મજબૂત છે ત્યાં સમયાંતરે સર્વેક્ષણ હાથ ધરીને વહીવટી આંકડાઓને પૂરક બને તેવા પ્રયાસો હાથ ધરાવા જોઈએ. એમ્પલોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO), એમ્પલોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (ESIC) અને નેશનલ પેન્શન સ્કીમ (NPS) જેવી સંસ્થાઓ દ્વારા ઔપચારિક ક્ષેત્રના કામદારોની યોજનાઓના

લાભાર્થીઓનું કદ ધ્યાનમાં લઈ શકાય છે. એનએસએસઓ દ્વારા સમયાંતરે લેબર ફોર્સ અંગે સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે, જે રોજગારીના માળખામાં વાર્ષિક ધોરણે જે ફેરફારો થાય છે તે અંગે સારી રીતે ખ્યાલ આપી શકે તેમ છે.

એવી નીતિઓ વિકસાવવી જોઈએ કે જેથી આર્થિક વિકાસનું શ્રમદળનું વધતી જતી વસતિ અને સારી રોજગારીમાં રૂપાંતર થઈ શકે તે ખૂબ જ મહત્વનું બની રહે છે. (EPFO) અને (ESIC) નો વ્યાપ અન્ય ક્ષેત્રોમાં પણ વિસ્તારવો જોઈએ કે જેથી અર્થતંત્રને અને શ્રમ બજારને ઔપચારિક સ્વરૂપ આપવામાં સુગમતા રહે. મહિલાઓ માટે જેમ જેમ નોકરીઓની ઉપલબ્ધિ વધતી જશે તેમ તેમ અને વેતન મળે તેવી તેમની રોજગારી ઘરમાં કે બહાર પ્રાપ્ત થશે તો તેનાથી મહિલા શ્રમદળની સામેલગિરીમાં વધારો થશે અને વેતન સલામતી, રોજગાર સલામતી અને સામાજીક સલામતીની સાથે સાથે ઔદ્યોગિક વિકાસન માટે પ્રેરક વાતાવરણ પેદા થશે. બદલાતા જતા સંદર્ભો ઓળખવા અને તેને કામકાજનુ ઔપચારિક સ્વરૂપ આપવાથી (ટૂંકી મુદતની રોજગારી દ્વારા) રોજગાર બજારને સુદ્રઢ કરવામાં સહાય થશે. બીજુ એક પગલું રોજગારીના પડકારોને હલ કરવા માટે નવતર પ્રકારના ઉપાયો શોધવાનું છે. આ રીતે શ્રમ બજાર અંગેનો ડેટા એકત્ર કરવાની તથા ઉદાહરણ આધારિત વર્ગીકરણ અને સંશોધનની પધ્ધતિને પ્રોત્સાહિત કરવી જરૂરી છે.

**ટીપ્પણી**


1. Hengge, Matsumoto, M and Islam (2012) ‘Tackling the youth employment crisis : a macroeconomic perspective’ ILO Working Paper no. 124
2. Betcheman, G (2008) ‘ Active Labor Market Programs: Overview and International Evidence on What Works’, World Bank. April



લેખક ભારત સરકારના આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હેઠળની સેન્ટ્રલ સ્ટેટીસ્ટીક્સ ઓફિસમાં એડિશનલ ડિરેકટર જનરલ અને સંયુક્ત સચિવ છે.

**E-mail:** pravin.srivastav@nic.in



**“યોજના”**
**ગુજરાતી માસિક**
**છેલ્લા ૪૩ વર્ષથી પ્રકાશિત થાય છે.**

# યોજના

**વિકાસને સમર્પિત માસિક**
**યોજનાનું લવાજમ**
**આજે જ ભરો**

‘યોજના’ માસિકમાં વિકાસાત્મક લેખો સહિત સામાજિક, આર્થિક અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવે છે. યોજના માસિકમાં જુદા જુદા વિષયોના તજજ્ઞો દ્વારા અભ્યાસપૂર્ણ તેમજ માહિતી સભર લેખો પ્રકાશિત કરવામાં આવે છે.
યોજના માસિક વિદ્યાર્થીઓ અને જે તે વિષયના તજજ્ઞો માટે બહુ ઉપયોગી છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે યોજના સામાયિક વસાવવું જરૂરી છે.

**લવાજમના દર**

| | |
|---|---|
| છુટક નકલ | ₹. ૨૨.૦૦ |
| વિશેષાંક | ₹. ૩૦.૦૦ |
| એક વર્ષનું લવાજમ | ₹. ૨૩૦.૦૦ |
| બે વર્ષનું લવાજમ | ₹. ૪૩૦.૦૦ |
| ત્રણ વર્ષનું લવાજમ | ₹. ૬૧૦.૦૦ |

લવાજમ મનીઓર્ડર, ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ, એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯. ના સરનામે મોકલવું. મનીઓર્ડર, ચેક, ડિમાન્ડડ્રાફ્ટ દ્વારા લવાજમ મોકલનારે કવરીંગ લેટરમાં પૂરું નામ, સંપૂર્ણ સરનામું, પીનકોડ નંબર, મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ સુવાચ્ય અક્ષરોમાં લખીને ઉપરના સરનામે મોકલવું.
યોજના ગુજરાતીનું ઓનલાઈન લવાજમ ભરવા માટે :
**(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana**
**(2) http://yojana.gov.in/**
**(3)http://publicationsdivision.nic.in/Subscription.aspx** વેબસાઈટ પરથી પણ ભરી શકાશે. યોજના માસિકની વધુ માહિતી મેળવવા માટે **yojanagujarati@gmail.com**_પર ઈમેલ કરવો.

Government of India

# ગરીબો સુધી પહોંચતો વિકાસ

# તમામને માટે બહેતર જીવનની ખાત્રી



તમામ ગામોનું વિજળીકરણ થયું છે,
હવે ૪ કરોડ પરિવારોને વિજળી મળશે.

ઉજ્જવલા યોજના દ્વારા ૩.૮ કરોડ પરિવારો
ધૂમાડા મુક્ત જીવન જીવી શકશે.

જન ધનથી જન સુરક્ષા:
ગરીબો બેંકના ખાતા અને વીમા કવચ મેળવે છે.

સ્વચ્છ ભારત ક્રાંતિ દ્વારા ૭.૨૫ કરોડથી
વધુ ટોઈલેટ્સનું બાંધકામ કરવામાં આવ્યું છે.

પીએમ આવાસ યોજના હેઠળ
૧ કરોડ ગરીબ પરિવારોને ઘર મળ્યા.



*દેશનો વધતો જતો વિશ્વાસ...*

**સાફ નિયત**
**સહી વિકાસ**

વધુ માહિતી માટે કૃપયા **48months.mygov.in** ની મુલાકાત લો.

પ્રકાશન તા. ૨૭ ઑગસ્ટ, ૨૦૧૮
પોસ્ટિંગ તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૮

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2018-2020
VALID UPTO 31-12-2020 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. PMG/HQ/051/2018-20 VALID UPTO 31-12-2020

**YOJANA (GUJARATI), September 2018** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ
એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની,
ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની
બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ,
થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯. ગુજરાત.



Printed & Published by Dr. Sadhana Rout, D.G. and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.
Regional Office : Yojana Office, Publications Division, Ministry of Information & Broadcasting, Government of India, A-2/3 & 2/4, Akashdarshan Colony, B/h. Bhaikaka Nagar, B/s, Asopalav Bungalows, Nr. Janseva Kendra Thaltej, Somvilla Bungalows Road, Thaltej, Ahmedabad - 380059. Gujarat.
For business queries/subsciption, please e-mail at yojanagujarati@gmail.com or call on (079) 26588669.
Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Gujarat.